સુરતીલાલા.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग

अनुक्रमांक ૫૮૭૮- वर्गांक

पुस्तकनुं नाम સુર[illegible]

विषय [illegible]

રાગી કે ત્યાગી દરેકને ઉપયોગી

સુરમો ઉર્ફે નેત્રાંજન.

આ નેત્રાંજનઃ-આંખની છારી, પાણીનું ગળવું, ઝાંખ મારવી તથા લાલાશ તથા ગરમીને દુર કરી આંખને ઠંડક આપી આંખના તેજને વધારે છે. જે લોકોને અભ્યાસ તથા ઘણીવાર લખવાથી તમ્મર ચડીને આંખ તપી આવે છે. તેને શાંત કરી આરામ કરે છે. કી. શીશી ૧ નાં ૦-૮-૦ પોષ્ટેજ તથા વી૦ પી૦ ખર્ચ જુદુ

બનાવનાર

જવરારી ફાર્મસી

સેતાનપૂળીઆ-સુરત.

નેત્રાંજન માટે શું અભિપ્રાય છે?-

શારદાપીઠ દ્વારકા સંસ્થાનના જગદગુરૂ શંકરાચાર્ય મહારાજ શ્રીની આજ્ઞાથી માહરે મુંબઇ જવાનુ થયું હતું તે વખતે મહારા મસ્તકમાં તથા નેત્રમાં દરદ થતું હતું મે ઘણીજ દવા કરેલી પરંતુ આરામ થયો નહીં. પરંતુ સુરત નિવાશી ડાકટર ભૂખણદાસની સલાહથી નેત્રાંજન આંખમાં આંજવાની સુરમાની શીશી લીધી તેથી મસ્તક તથા નેત્રનું દરદ નિવૃત થયું છે. અને એ નેત્રાંજન વિધાર્થી તથા જે લોકોને મગજ કસવુ પડે છે તેના ઉપર ઘણુંજ અકશીર છે.

દા. સ્વામી શ્રી અચ્યુતાશ્રમજીના નારાયણ સ્મરણ.

रु. १०० इनाम.

मनहर वाला पिल्स अथवा बाळागोळी.

छोटे बच्चों के लिये. सर्वोतम खोराक, इशके: सेवनसे. बच्योंको बदन, मजबुत और रुष्ट, पुष्ट, होता हे, कोइबी, झेरी या केफी चीज से नीराळी मात्र ए-एकही ऊत्तम दवाइ हय, अगर जो कोइभी, महाशय एशी खात्री करा वायगा के इस्मे झेरी वस्तु हय तो उनोकु, बेलाशक उपर लीखा हुवा. रु. १०० इनाम.

सब बच्यों के मा बापको, हम भलामण करते हय के तुमरा बच्यांको, जो तुम सुद्रढ बांधेदार ओर, मजबुत पहेलवान शरीखे शारीर वाले, बनानेकी खाइश रखते हो ? अगर जो, तुम तुमारे बच्याके हमेशां निरोगी रखने चाहते हो. तो, एक वखत, जरुर अजमाइश करो.

खात्री रख्खो के, बचेंओंके, लीये यह एकही संपुर्ण भरोशेदार इलाज हय.

ए सब गुणसे युक्त हय छतां कीमतमें बेहद, सस्ती हय.

१५० सो गोळीकी पेक सीसीकी कीमत, सीर्फ. रु. ०-४-० चार आने डाक महसुल जुदा.

मिलनेका पत्ता,

मनहर, एजन्सी, लीमडाचोक, सुरत.

દરેકે દરેક ઘરમાં આ ત્રણ વસ્તુઓ અવશ્યજ જોઇએ?

૧. કૈલાસ બિંદુ

દુઃખ નામને દફે કરનાર કીં. ૧-૪-૦

૨. કામધેનું ગુટીકા

શક્તિની દવાઓમાં રાજારૂપ કીં. ૧-૪-૦

૩. કુમુદ ફુડ

બચ્ચાંઓ માટે ઉત્તમ ખોરાક કીં. ૧-૪-૦

વધુ માટે પત્રવ્યહવાર કરો, લખોઃ—

શ્રી લક્ષ્મી નારાયણ ઔષધાલય

ના માલેક જોગ—

અંબાજીરોડ—સુરત.

આઠ ભાગમાં પ્રગટ થતી.

કુંદન અને કુસમ.

દોહરો.

કહ્યાગરો છે દીકરો, ગુણવંતી છે નાર;
જેના ઘરમાં તે વસે, ધન્ય તેનો અવતાર.

આ રસભરી જીવનકથામા સંસાર વ્યવહારની અવનતીના કારણ રૂપે મનાતાં બાળલગ્ન, વૃદ્ધલગ્ન, દ્વિત્રિયાલગ્ન, કન્યાવિક્રય અને પુનર્લગ્નના વિષયોના કેન્દ્ર બિન્દુના કલ્પના પ્રદેશમા **કુંદન અને કુસુમ** પાત્રો કલ્પી તે દ્વારા સુધારાના સપાટા, કુળ મોટાઇના કઠાપા, જમા નાના ઝપાટા, પ્રેમની શૂળી ને દયાની હોળીના આચાર વીચાર ઘણી સરસ ભાષામાં ખુબીભરી રીતે આબેહુબ બતાવવામાં આવ્યા છે. તે સાથે આધુનિક આર્ય સંસારનુ પ્રતિબિંબ સારી રીતે પાડવામાં આવ્યુ છે.

આ નવલકથા એટલીબધી રસિક છે કે તેનાં થોડાક પાનાં વાચતાંજ વાંચકોના મનમાં પૂરેપુરી વાંચવા જીજ્ઞાસા ઉત્પન્ન થશેજ એમ અમે ખાત્રીથી કહીએ છીએ. એક વખત મગાવીને વાંચવા અમારી ખાસ ભલામણ છે. **પ્રથમ ભાગ સચીત્ર છે.**

ભાગ ૧-૨-૩-૪-૫ તૈયાર છે. ભાગ ૬ ઠો છપાય છે.

દરેક ભાગની કીં. રૂ. ૦-૧૨-૦ ટપાલ ખર્ચ જુદું.

મળવાનું ઠેકાણું

શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર્સ.

લીમડાચોક-સુરત.

ગુજ્જર સાહિત્યમાં એક અનુપમ દર્શન આપ-
નાર સચિત્ર નવલકથા.

લત્તા અને લલિતા.

ભાગ ૧—૨—૩.

આજકાલ ઘણી નવલકથાઓ બહાર પડેલી છે, પરંતુ ભાગ્યેજ કોઇએ 'સરસ્વતીચંદ્ર'ના જેટલી પ્રીતિ શંપાદન કરી હશે જે રશ સરસ્વતીચંદ્રમા છે તેનીજ પધ્ધતિએ **લત્તા અને લલિતાની** નવલકથા પણ રશમય બનાવવામાં આવી છે. અને તે એટલી રસીક છે તેનુ એક પ્રકરણ વાંચ્યા પછી તેનાં બીજા પ્રકરણો વાંચ્યા સીવાય સ્વસ્થ રહી શકાશેજ નહિ. આધુનિક શમયનો સંપૂર્ણ ચિતાર આ નવલકથામાં આપવામાં આવ્યો છે છેવટ શ શારનો સુલભ માર્ગ દર્શાવવામાં આવ્યો છે. ફોટા બ્લોક વિગેરે ખાશ તૈયાર કરવામાં આવેલા સુંદર ચિત્રો દરેક ભાગમાં ચાર ચાર આપી દરેક ભાગ ક્ર રોયલ ૧૬ પેજી પૃષ્ઠ ૨૦૦ ઉત્તમ સોનેરી બાઇડીંગ છતાં દરેક ભાગની કીમત ૧૨ આના રાખી છે, પોષ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર્શ.

લીમડાચોક—સુરત.

નામ નોધાવો !   છપાય છે.   અમુલ્ય તક !!

ગુર્જર સાહિત્યમાં નવિન પ્રકાશ.

બંગાળાના સુપ્રસિદ્ધ નવલકથાકારની સુપ્રસિદ્ધ વાર્તાનો અનુવાદ.

ઊમા-સુંદરી

આપે અનેક નવલકથાઓ અને વાર્તાઓ વાંચી હશે, પરતુ **ઉમા સુંદરી** તે સર્વને ભુલાવશે. કારણ કે આર્ય સંસારની અટપટી **ખટપટો** સ્વાર્થી રાજમંત્રીઓની **પ્રપંચજાળ**, સાચા સ્નેહની કસોટી, આખરે સત્ય અને શુદ્ધ સ્નેહનો વિજય વિગેરે અનેક વિષયો એવીતો લલિત્ય વાણીમાં આલેખવામાં આવ્યાં છે, કે આપ તે વાંચી સરૂ કર્યા બાદ અધુરી છોડશોજ નહિ, કસ્તુરીની સુવાસને સર્ટીફીકેટની જરૂર નથી. તેમ ઉક્ત વાર્તાને ઝાઝી પ્રસંસાની જરૂર નથી. ગુર્જર સાહિત્યમાં તે એક આદર્શ નવલ કથા નિવડશે તો શું નવિન પ્રકાશ નથી. આખા પુસ્તકના સાત વિભાગમાં છાંસઠ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. લગભગ ૪૦૦ પૃષ્ટ ઉંચા ગ્લેઝ કાગળ પાકું પુંઠું સુનેરી નામ છતાં કી. ફક્ત રૂ. દોઢ પણ

અગાઉથી ગ્રાહક થનાર પાસે રૂપીયો એક.

તે ગુર્જર સાહિત્યમાં અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારનુ સુબારક નામ પુસ્તકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. વધુ હકીકત માટે પુસ્તકમાં આવતાં પ્રકરનાં લીષ્ટ સાથેનુ મોટું હેંડબીલ તથા ઓડર ફોરમ બે પૈસાની ટીકીટ બીડી મંગાવો. નામ નોધાવવવાનું ઠેકાણું.

શાહ ચુનીલાલ મગનલાલ બુકસેલર્સ

લીમડાચોક—સુરત.

સુરતીલાલ

અથવા

મીત્ર ધર્મનું દીગ્દર્શન કરાવનાર
સચિત્ર રસીક નૉવેલ.

લેખક-શ્રીયુત નગીનદાસ મંછારામ ઘેલાભાઈ.

પ્રકાશક.

શા. ચુનીલાલ મગનલાલ
બુકસેલર્સ એન્ડ પબ્લીસર્સ.
ઠે. લીમડાચોક-સુરત.

નવી આવૃતી પ્રત ૧૫૦૦.
સને ૧૯૧૫ શંવત ૧૯૭૧

કીંમત એક રૂપીઓ.

આ બુક સંબંધી સર્વ હક્ક. પ્રથમ પ્રગટ કર્તા મી. મગનલાલ કીકાભાઇ દેશીમિત્ર વાળા પાસેથી વેચાણ લઇ પ્રકાશકે પોતાને સ્વાધીન રાખ્યા છે; માટે પ્રકાશકની લેખીત પરવાનગી વગર કોઇએ છાપવી છપાવવી નહિ.

અમદાવાદ

સુરત જુની મુંબઈ બેન્કવાળા મકાનમાં આવેલા
દેશી મિત્ર એનજીન પ્રીન્ટીંગ પ્રેસમાં
મગનલાલ કીકાભાઇએ છાપી.

આ પુસ્તક પ્રગટ કરવાનુ ઠેકાણું.
મનહર પુસ્તકાલય,
લીમડાચોક—સુરત.

એક ભલામણ

સારાં અને સસ્તા પુસ્તકો ખરીદવાં હોય તો ? ફકત ઉપર લખેલાં પુસ્તકાલયનું શરનામું તમારી ડાયરીમાં નોંધી રાખો.

શ્રીયુત શા. ચુનીલાલ જગજીવનદાશ [illegible]
[illegible] - સુરત.

અર્પણ પત્રિકા.

રા. રા. શ્રીયુત્ શેઠ,

શા૦ ચુનીલાલ જગજીવનદાશ

મુ૦ સુરત.

મુરબ્બી સાહેબ:—

આપ મારા તરફ ઘણાં લાંબા વખતથી અતુલ સ્નેહપૂર્ણ દૃષ્ટિથી જોતા આવ્યા છો. આપ શ્રીએ મને સંસારીક અને વ્યવહારીક કાર્યોમાં અનેક પ્રકારની સહાયતા કરી છે. આપ બોલેલા બોલ પાળવામાં ઘણુંજ મક્કમ મન ધરાવો છો, તેમજ આપે આપનાં ધંધામાં પણ પ્રમાણિકપણું રાખી આમ વર્ગમાં સારી છાપ બેસાડી છે, આપનાં એ સર્વ સદ્ગુણથી આકૃષાઇ આ પુસ્તક આપશ્રીનેજ સવિનય સ્નેહપૂર્વક સમર્પણ કરૂ છું, એ સ્વીકારી મને કૃતકૃત્ય કરશો.

લી૦ હું છુ

આપનો નમ્ર સેવક,

શા૦ ચુનીલાલ મગનલાલ.

અનુક્રમણીકા.

બાળા ગોળીની જાહેરાત બાળકો માટે સ્વોંતમ દવા.

કુંદન, અને કુશમ,ની }
લત્તા અને લલીતા,ની } વાંચવા લાયક ઉત્તમ પુસ્તક.

નવું પ્રગટ થનારૂ પુસ્તક ઉમા સુંદરી સંબંધી જાહેરાત.

ધરામાં ધન્ય તે મિત્રોને }
વર્ષોત્સવે અંતરોત્સાહ } કાવ્ય.
પ્રારભે પ્રભુ પ્રાર્થના }

પ્રકરણ	વિષય	પ્ર૦ પૃ૦
૧ લુ	—સુરત સોનાની મુરત	૧
૨ જુ	—ગયા આવ્યાં ને ગયા...	૨૧
૩ જું	—મુબઇમાં પહેલું પગથીયું	૪૦
૪ થુ	—મુબઇનો બહાર	૬૧
૫ મું	—પ્રપચની પથારી	૮૧
૬ હું	—સટ્ટાનો સનેપાત...	૯૯
૭ મું	—વિનાશકાળે વીપરીત બુદ્ધી	૧૨૨
૮ મુ	—લુંટ ફાટ...	૧૪૫
૯ મું	—ચંડાળ ચોકડી	૧૬૮
૧૦મું	—વાત વંઠી	૧૯૦
૧૧મુ	—સુધારાની શફાઇ અને ફેશનની ભવાઇ	૨૧૭
૧૨મું	—નાટકની નસિહત અને મુશીબતનાં મોજાં ...	૨૪૦
૧૩મું	—મોહન મળ્યો અને સુરતીલાલ તર્યો	૨૫૭
૧૪મું	—વડીલોનો અસ્ત અને પ્રગટલાલનો ઉદય ...	૨૯૫
	પ્રભુપદ પામતાં ઉત્તમ મીત્રો	૩૧૩

પ્રસ્તાવના.

પ્રિય ગુર્જર સાહિત્ય શોખીનો !

આપના કર કમળમાં **આ મુરતીલાલ** નામનુ સસારનું આબે-હુબ ચિત્ર દર્શાવનારૂ પુસ્તક મુકતાં મને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. કારણ કે આ નવલકથાના જમાનામાં અસંખ્ય પ્રેમ નૉવેલો પ્રગટ થતી જાય છે. પરન્તુ સંસારનુ તાદ્રષ્ય સ્વરૂપ વાંચકબંધુઓ સમક્ષ રજુ કરી તેમાંથી સદુપદેશ પ્રાપ્ત થાય એવાં નૉવેલોની ગુર્જર સાહિત્યમાં અછત છે એ સર્વને માન્ય રાખવુંજ પડશે.

ઉક્ત નૉવેલના લેખક શ્રીયુત્ નગીનદાશ મછારામ ઘેલાભાઇ કે જેઓ અગાઉ સુપ્રસિદ્ધ થએલાં **ભીમસેન** અને **ગગડાટ** પત્રોનાં અધિપતિ અને **ચરિત્રમાળા, નટવર, તારા,** વિગેરે લોકપ્રિય પુસ્તકોના લેખક છે. કે જેમની લેખીનીથી કોઇપણ ગુર્જર સાહિત્ય શોખીન અજાણ નથી; સને ૧૯૦૯ <u>ની સાલ</u>માં ઉક્ત પુસ્તક શ્રીયુત્ મગનલાલ ઠીકાભાઇએ "**દેશી મિત્ર**" ના ગ્રાહકોને ભેટ તરીકે આપ્યુ હતું. ત્યારબાદ તેની ઊપરા ઉપરી માગણીઓ થવાથી આ નવીન આવૃતિ છપાવી હમોએ વાંચક મહાશયો સમક્ષ રજુ કરી છે.

આજકાલ ગુજર સાહિત્યની શુ અવસ્થા છે, તે હમારા વાંચક મહાશયોથી અજાણ તો નહીંજ હોય. અર્થાત્ કોઇપણ પુસ્તકની બીજી (નવી) આવૃતિ ભાગ્યેજ પ્રગટ થાય છે. તેવા સમયમાં આ પુસ્તકની બીજી આવૃતિ પ્રગટ કરવી પડે એજ તેની ઉત્તમ વસ્તુ સંકલના તથા લોકપ્રિયતાની મોટી સાબીતી છે.

આ બુક હમારા ધારવા કરતાં ઘણીજ મોટી થઇ ગઇ છે તેમજ તેમાં મોટા ખર્ચે **૧૬ ચિત્રો** વાંચકોને વધુ સુગમતા અને રસિકતા કરી આપવા મુકયાં છે. પ્રથમ હમારો વિચાર ફક્ત ૭ ચિત્રો મુકવા નો હતો પરંતુ હમારા કેટલાક સ્નેહી મહાશયોની ભલામણથી વધુ ખર્ચ કરી ૧૬ ચિત્રો આપ્યા છે એટલે આ સસ્તા સાહિત્યના જમા નામાં લગભગ ૩૫૦ પૃષ્ટ ગ્લેઝ ૪૦ રતલી કાગળ, પાકુ બાઇડીંગ અને કીંમત ફક્ત એકજ રૂપીઓ રાખી છે જે ઉપરથી હમારા વાંચક બંધુઓ જોઇ શકશે કે **હમોએ** આ નૉવેલમાં કમાવાની આશા રાખી નથી. પણ **ફક્ત આવા એક ઉત્તમ નોવેલનો પ્રચાર થાય, આ, સુધારાને નામે પ્રવર્તતા કુધારાનો પ્રચાર કરતા જમાનામાં ઉછરતા યુવાનોને આવું બોધક અને રસીલું વાંચન મળે અને તેમાંથી તેઓ યોગ્ય ધડો લે એજ હમારી હાર્દીક ઇચ્છા છે.**

ઉક્ત પુસ્તકની વસ્તુ સકળના કલ્પિત છે તથાપિ તે વાચકો સમક્ષ સસારનુ તાદ્રષ્ય સ્વરૂપ ઉભન્ન કરે છે. વતમાન જમાનો સાંસાર સુધારાનો છે. સુધારાને નામે આજકાલ ઘણાં નૉવેલો પ્રગટ થાય છે તેમાંથી વાંચકોપર કયા નૉવેલે અશર ઉભન્ન કરી છે તે જોવાનુ કામ હમારૂ નહિ પણ વાંચકોનુજ છે. તેવીજ રીતે આ પુસ્તક વાંચી તેમાંથી યોગ્ય ધડો લેવો તે કામ પણ વાંચકોનુજ હોવાથી તેમના પર સપૂર્ણ ભરોસો મુકતાં હું બીલકુલ અચકાતો નથી.

આજકાલ ચાર પૃષ્ટની ચોપડી લખનાર પણ પ્રારભમાં પ્રસ્તા-વના લખે છે તેવાં નજીવા પુસ્તકોને પ્રસ્તાવનાની જરૂર છે કે નહીં એ વાત વિવાદાસ્પદ છે પરતું આવા મોટા ને બોધક પુસ્તકને પસ્તા

વર્તાની ખાશ જરૂર છે. એનો નિર્વિવાદ છે કારણ કે પ્રસ્તાવના એ પુસ્તકનો સાર છે અને તે જો પ્રારભમાંજ હોય તો પુસ્તક વાચકને અમુક પુસ્તકમા શું છે તે જોઇ વાંચવાની સુગમતા અવશ્ય પ્રાપ્ત થાય છે. એ શિવાય પ્રસ્તાવનાનો બીજો અર્થ હમો કરી શકતા નથી જેથીજ આ પ્રસ્તાવના લખવી હમે વ્યાજબી ધારી છે. ટુંકમાં ઉક્ત પુસ્તકમાં, **સટ્ટાથી થતી** ખરાબીઓ, **વ્યભીચારીની દુર્દશા, સ્વાર્થી મિત્રોની કપટજાળ, અર્ધદગ્ધ યુવકોની માઠી હાલત કુસગતથી ઉપ્તન થતી કમબખ્તી,** અને આખરે **સદાચાર** અને **સત્સંગથી થતી લીલાલ્હેર** વિગેરે વિષયો અતિરસભરી વાણીમાં આલેખાયલા હોવાથી તે મનનપૂર્વક વાંચી જવા હમારા વાંચક મિત્રોને હમો સહષ ભલામણ કરીએ છીએ. અતમાં અમો આશા રાખીએ છીએ કે ગુર્જર સાહિત્ય વિલાસી બંધુઓ તરફથી હમને યોગ્ય ઉત્તેજન મળશેજ અને હમારી એ આશા સફળ થશે તો બીજા આવાજ શીક્ષાપ્રદ પુસ્તકો પ્રગટ કરી હમો વાચક મહાશયોની અને ગુજર સાહિત્યની સેવા બજાવતા રહીશું.

આ બુકમાં કેટલીક ઠેકાણે અશુદ્ધી રહેલી છે જે મહેરબાની કરી સુધારી વાંચવા કૃપા કરવી. હવે પછીની આવૃતિ વખતે યોગ્ય સુધારો કરવામાં આવશે.

જે મહાશયોએ પ્રથમથી ગ્રાહક થઇ હમને આશ્રય આપ્યો છે તે બંધુઓનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માની અત્રે વિરમુ છું, ૐ શાંતિ, શાંતિ, શાંતિ.

હીમડાચોક–સુરત. } શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.

ધરામાં ધન્ય તે મિત્રોને

(કવ્વાલી.)

ખલકમાં તે ખરા પ્રેમી ખરો જે સ્નેહ રાખે છે.
કરે નિત શુભ સ્નેહીનું, ધરામાં ધન્ય તે મિત્રોને,
ધરે નિત્ય ધ્યાન મિત્રોનું, ઉપાસના એક જે મનમાં
અવરશુ ન ધ્યાન સ્વપાનમાં, ધરામાં ધન્ય તે મિત્રોને,
કરે નિત્ય મિત્રની ભાકત, અહોનીશ શ્રેષ્ટ માનીને.
ચહે નિત્ય શ્રેય સ્નેહીનું, ધરામા ધન્ય તે મિત્રોને,
જગતમાં જન્મીને જેણે, સંતોષ્યાં સ્નેહીહયોને.
ગણી ભક્તિ સર્વોતમ એહ, ધરામાં ધન્ય તે મિત્રોને,
વ્યાધી કે વિપતીમાં સદા છે, સ્નેહ એક સરખો.
ધરે અંતર એહવું વ્હાલ, ધરામાં ધન્ય તે મિત્રોને,
જગતમાં ધન્ય તે મિત્રોને, ખરી તે ખુબી સ્નેહીની.
થજો સૌ સ્નેહીઓ એવાં, 'ચુની'ની યાચના એવી,

પ્રકાશક.

વર્ષોત્સવે અંતરોત્સાહ

કરી દુર દુઃસહ દુઃખ સૌ, આશીષ દ્યો વિભુ હવે,
માંગુ કૃપાળુ તુજ કૃપા, દીન બનિ વર્ષોત્સવે.
અતિ મ્હેર ત્હારી મુજ પરે, તુજથકી ક્રની આતો સ્રવે
કર કરવધુ તું કંઇ દયા, યાચુ તને વર્ષોત્સવે.
દાતાર મ્હારો તું ખરે, ભિક્ષુક ત્હારો હું હવે,
ભિક્ષાજ દે તું તો અરે, કૃપા તણી વર્ષોત્સવે.
યદી ભુલ અતૂલ્યો હશે, બક્ષોજ માફી તે હવે,
દ્વી કર જોડીને ચહું, માફી એ વર્ષોત્સવે.
સૌ સુખ અર્પો હે પિતુ, સ્વબંધુ ગણ સાથે હવે
દ્યો સૌઉ 'ખડાયતા જ્ઞાતિ'ને જય, એ યાચના વર્ષોત્સવે.

વિક્રમાર્ક ૧૯૭૧
કૃષ્ણ અષાઢી
સપ્તમી.

પ્રકાશક

પ્રારંભે પ્રભુ પ્રાર્થના

સારંગ.

તુંજ...ગતિ—અકળીત—વિભુ....વર,
ઘટ ઘટ વ્યાપક—હે ? સચરા....ચર
શ્રીકર ...ગીરીધર........શ્રી મુરલી....ધર—તુંજ.
દુઃખહર....ચક્રધર....હે? લક્ષમિવ....ર,
અજર....અમર.........વંદિત....વિશ્વશ્વવર,
'ચુની' સ્તુતિ ઉર ધર... હે ?....ભુવનેશ્વર—તુંજ
વર્ષાવ....કૃપા....અમપર....વિશ્વં....ભર
રટે જગત....અખિલ........શ્રી રાધાવર
મગન સુત....શીર..કરધર હે?....પરમેશ્વર—તુંજ

વિક્રમાર્ક
અષાઢી
કૃષ્ણ સપ્તમી

સુર્યપુર
મનહર-મંદીર.
લીમડાચોક

સુરતીલાલ

તાલમ તાલ ને લાલમ લાલ !

પ્રકરણ ૧ લું.

દોહરા.

સુરતીલાલ સુહામણો, સુરતનો શણગાર;
શૂરો સદ્ગુણ શોભતો, સંપાદિત સત્કાર.
સજ્જન સુહૃદ સુભાગિયો, સત્સંગી સહવાસ;
સત્કર્મી, સન્માર્ગી, વિક્રમી સુયશસુવાસ.

"સુરત સોનાની મુરત"

પિતાજી ! મ્હારે તો મુંબઇ જવું છે." એક પ્રભાતમાં સુરતીલાલે પોતાના પવિત્ર પિતાજી પ્રત્યે કહ્યું "આપની આજ્ઞા હોય તો જાઉ."

"કેમ વારૂ ? હમણાં મુંબઇ જવાની જરૂર છે કંઇ ?" ત્હેના પિતાએ પુછ્યું.

"જરૂર શું વળી ? માત્ર ધંધા-રોજગારને માટે."

“ ધંધા તો આપણાં સુરતશેહેરમાં પણ કયાં નથી ? અને તું પોતે પણ અત્ર ધંધામાંજ રોકાયલો છુંને ? પછી મુંબઇ જવાનું કંઇ કારણ નથી. ”

“ પણ મારો વિચાર એવો છે કે, મુંબઇ જઇને કોઇ વધારે સારા ધંધા-ધાપામાં પડવુ, અને કોઇ પણ રીતે જગતમાં નામ કહાડવું. મુંબઇ શેહેર મહાન્ મોહનગર છે, તે ‘ અલબેલી નગરી ’ તરીકે આજકાલ આખા હિંદમાં વિખ્યાત છે, અને વેપારની ધમાલનું તે અલૌકિક ધામ છે તો ત્યાં, હામ, દામ સાથે નામ થતાં વિલંબ લાગનાર નથી. આવા હેતુથી મ્હારો તો તે નગરીમા જઇ નિવાસ કરવાનો વિચાર છે. માટે વાંધો નહીં લેતાં આપ હા પાડો તો સારૂ. ”

“ મારા વિચાર પ્રમાણે પ્રારબ્ધ પ્રબળ હોય તો ત્હારાં મનની ઉમેદ અત્ર પણ પાર પડવામાં વાંધો આવે તેમ નથી. આપણું આ પુરાણું શેહેર પણ ‘ સુરત સોનાની મુરત ’ તરીકે સુપ્રસિદ્ધ છે, અને જો ભાગ્યદેવી બળવાન્ હોય તો આ નગરમાં તારી ઇચ્છા પાર પડેજ; પણ જો ભાગ્યદેવી તારી વિરૂદ્ધજ હશે તો પછી તું ગમે ત્યાં જશે, તોપણ ‘ નસીબ તો બે ડગલાં આગળનું આગળ ! ’ તેજ કહેવતઅનુસાર થશે; તેટલા માટે આમ એકદમ પડીને ટાંટીયો ભાંગવાની સલાહ હું તો આપતો નથી. જો દીકરા ! ‘અતિ લોભ તે પાપનું મૂળ’ એ જે વડીલોની કહેવત છે તે તું લક્ષમાં લખી રાખ. સુરત શેહેરમાં મેં તને સારા કામ ધંધામાં નાંખ્યો છે, અને તેમાં તને દરેક વાતે આગળ વધારી તારી વિખ્યાતિ પણ વિસ્તારી છે, માટે તેવી ચાલતી રોજીને ઠેસ મારીને તેમજ શેરને મુકી સવાશેરને વળગવા જવાની તું બ્હોસ કરે છે, તે મારા અનુભવી મત પ્રમાણે તો વાજબી ભાસતું નથી, તેથીજ હું તને સુરત છોડવાની સલાહ પણ આપતો નથી.

પછી તો જેમ તારી મરજી! તું મ્હોટો થયો તેથી હવે તને હું મારી મર્યાદામાં રહીનેજ કંઇ પણ કહી શકું, પણ વધારે દબાણ કરીને કે તતડાવીને કહેવામાં હુ શોભા સમજતો નથી. તેમ છતાં આ પ્રસંગે મ્હારે તને કહેવું જોઇએ કે તુ ગમે તેટલો ખંતી, સાહસિક, હોંસીલો ને ઉદ્યમી છે, છતાં જરા ઉછાંછળો છે, અને યુવાવસ્થાનો ઉન્મત્તવાયુ તારા મગજમાં ઘૂમતો હોવાથી તું એકદમ ઉછાળીને ટાંટીયો ઉપાડવામાં અચકાતો નથી, એજ કોઇવાર તને ઠોકર ખવાડશે ને તેથી તું પસ્તાશે! માટે હવે સમજી વિચારી શાંતિ અને ઠરેલપણુ ગ્રહણ કરશે તોજ ભવિષ્યમાં તું વધારે સુખી થઇશ, અને નહીંતો જરૂર પસતાઇશ. એજ મ્હારાં તને અંતઃકરણનાં બોધવચનો છે.

આ સાંભળીને સુરતીલાલનો ચ્હેરો ઊતરી ગયો, અને તેની ઊમેદને તેના પિતાજી તરફથી ઉત્તેજન નહીં મળવાથી તે ગ્લાનિ પામી ત્યાંથી ઉઠીને તાબડતોબ અંદરના ઓરડામાં જઇને એક શેત્રંજી પર તકીયો ગોઠવેલો હતો, ત્યાં તે મ્હોંનો દાથરો ચઢાવીને પડયો.

સુરતીલાલનો પિતા પવિત્રદાસ મનમાં સમજી ગયો કે "છોકરાને ખરી શીખામણની વાત કહી તેથી તેને રીસ ચઢી છે." તોપણ તેણે તે વિષે વધારે દરકાર નહીં કરતાં ન્હેની વધારે કનવા પણ કરી નહીં.

સુરતીલાલની માતા, ભક્તિબાઇ આ વખતે છેક અંદરના ઓરડામા હતી; તે નીકળી દીવાનખાનામાં આવી ત્યારે સુરતીલાલને ઉદાસ વદને પથારીમાં પડેલો જોઇ તેની પાસે જઇ તેને પૂછયું "કેમ બેટા, આજે સ્હવારના પહોરમાં કેમ પડયો છે? કંઇ ન્યુસપેપર વાંચતો નથી શુ?"

પણ સુરતીલાલે તે સવાલનો કશો ઉત્તર નહીં આપતાં પોતાની આંખોમાંથી ટપટપ આંસુ પાડવા માંડયાં!

આ જોઇ માતાનો જીવ અધીરો થઇ ગયો, અને તેની પાસે

તે બેસી જઇને તેને છાતી સાથે દાબી પૂછવા લાગી " કેમ, રડે છે કેમ? શું થયુ મ્હારા વ્હાલા? તારા બાપાએ તને કંઇ ઠપકો આપ્યો છે કે શું?"

તેમ છતાં સુરતીલાલે તો ત્હેનો કશો પ્રત્યુત્તર આપ્યોજ નહીં, જેથી માતાએ તેને વધારે પુછપરછ નહીં કરતાં તે પોતાના પતિ પાસે જઇને પૂછવા લાગી, " કેમ વારૂ, છોકરાને તમે કંઇ ઠપકો આપ્યો છે કે શું? તે રડે છે કેમ?"

પવિત્રદાસે જણાવ્યું કે,–" શું છે તે રડે છે? એ તત્તારોની! શીખામણની વાત કહી તેટલામાં છોકરીની માફક તે રડવા બેઠો! વાહરે વાહ!

" પણ તમે ત્હેને શું શીખામણની વાત કહી, નાથ?"

" અરે વાત એમ બની કે—" કહીને પવિત્રદાસે જે વાત બની હતી તેનો સાર પોતાની પત્ની પ્રત્યે કહી સંભળાવ્યો. અને પછી તે બોલ્યો,–" આટલુજ હું બોલ્યો તેમાં તે રડવા મંડી પડયો કે! ત્હેમાં મ્હેં શુ ખોટું કર્યું?"

ભક્તિબાઇ પણ વિચારમાં પડી ગઇ, અને શોક કરતાં બોલી " છોકરાને વળી મુંબઇનો ચડસ કયાંથી લાગ્યો! એ તો નવાઇની વાત! ઠીક છે, હું તેના મનની મતલબ તો જાણી લઉં" કહીને તે તરતજ સુરતીલાલ પાસે ગઇ, અને તેને શાંત પાડી પૂછ્યુ,–"ભાઇ, મુંબઇ જઇ રહેવાનું મન વળી તને કયાંથી થઇ આવ્યુ? શું ત્યાં કંઇ વધારે લાડવો દાટેલો છે કે મારા ભાઇ? ટ્હાડા લોહીનો રોટલો સુરતમાંજ મળે છે તો તેજ સુખે ખાઇને ચેન કરની કે થયું. મુંબઈ જઇને શું સાર કહાડશો? અહીં તો તું લાખનો છે, અને મુંબઇમાં કોણે જાણ્યું કે લાખનો થશે કે કોડીનો થશે! વળી અહીં તું જે સાહ્યબી ભોગવે છે તે મુંબઇમાં શું તું ભોગવવા પામશે કે? મુંબઇ

તો માત્ર સ્વાર્થીનું શેહેર છે, અને ત્યાં કોઇ કોઇની દરકાર પણ કરતાં નથી. તેને માટે તો કહેવત છે કે 'ત્રણ પચ્ચીસે તાલેવંત' એવા શેહેરમાં તારે વળી શા માટે જવુ જોઇએ? બેટા! એ તો ત્હને ખોટો ચડસ લાગ્યો છે."

"ત્યારે પેલાઓ મુંબઇ જઇને કેવા માલદાર અને સુખી થયા?"

"તે તારૂ કહેવુ ખરૂ છે, પણ પારકો દાખલો તો તારે લેવાનોજ નથી. તેઓ તો અત્રે નિરૂદ્યમી હતા, ધંધો રોજગાર અત્રે તેમને હાથ કઇ લાગ્યોજ નહીં ને નોકરી ચાકરી પણ તેમને મળી નહીં, માટેજ તેઓ ત્યાં ગયા; પણ તું તો અત્યારે અહિ ધંધાસર છે ને તારા બાપાના પ્રતાપે તારી પ્રતિષ્ઠા પણ અહીં સારી જામી ગઇ છે. માટે તારે મુબઇ જવાંની કંઇ જરૂર નથી."

"પણ મુંબઇ જઇને મારે વધારે પૈસા મેળવવાની હોંસ છેની!"

"પૈસા તો ભાગ્યમાં હશે તો અહીં પણ મળશે. નકામાં ફાંફાં શા માટે મારે છે? પરમેશ્વરે સુખનો રોટલો આપ્યો છે તો ખાઇ પીને સંતોષ રાખની કે થયું! લાખ મેળવી લખેશ્વરી થવાનો મમત કરવા કરતાં ઇશ્વર જે આબરૂભેર શેર બાજરી આપે છે, તેનેજ નિભાવી રાખવાનો ભાવ રાખશે તો બસ તેમાંથી ભગવત વધારે લાભ આપશે. તેમ વળી 'સંતોષી નર સદા સુખી' એ વાત તારે ખાસ ગોખીજ રાખવી, તારા પિતાજીની સલાહ ઘણીજ વાજબી છે, માટે તે બાબતમાં તારે રીસ ચઢાવીને રડવું–કકળવું એમાં કંઇ તારૂ ડહાપણુ ગણાય નહીં. તું આવો ડાહ્યો છે છતાં તને આ અવળો રસ્તો કયાંથી સુઝયો! અરે ઘેલા! સુખનો જીવ દુઃખમાં નાખવાના વળી તું કયાં પછાડા મારે છે! ભાઇ! મુંબઇ જવાનો હડખવાજ તાર મગજમાંથી કહાડી નાંખ."

" ઠીક છે." સુરતીલાલે ગુસ્સામાં જવાબ આપ્યો, અને વળી બોલ્યો " તુ ને બાપા મને મારાં સાહસમાં કદી આગળ વધવા દેવાનાંજ નથી, એ મ્હારી ખાત્રી છે. જ્યારે ને ત્યારે તમે મારી કંઇ પણ સાહસિક ઉમેદ ભાંગીજ પાડો છો ! ભલે ! જેવી ઇશ્વરની મરજી ! મારાં નસીબમાં હશે તેમ થશે ! નસીબમાં મુબઇની ભાખરી સરજેલી હશે તો કોઇ પણ પ્રકારે ત્યાં જઇશ, અને નહીં સરજેલી હોય તો મારો કઇ ઉપાય નથી ! બસ, હવે એ પચાત જવા દે."

" ત્યારે એમજ કહેની કે તારા મગજમાં હજી પણ મુંબઇજ ઠસી ગયું છે ! અરે ભગવાન ! તને હવે વધારે શું કહેવું ! "

" પણ મુંબઇ નથી જવુ " સુરતીલાલ ગુસ્સામાં બોલ્યો " ભલે સુરતમાંજ જેમનો તેમ પડી રહીશ. હવે તો થયુ ? નાહક શું કરવા પંચાત વધારો છો ? એ વાત હવે આટલેથીજ પતાવો નકામી કુથલી જવાદો."

માતાએ જોયુ કે " અત્યારે એનું મગજ ઠેકાણે નથી, " તેથી તે પણ વધારે વાત નહીં લબાવતાં ત્યાંથી ઉઠી ગઇ.

હવે સુરતીલાલ સ્વતઃ વિચાર કરવા લાગ્યો કે, મારાં માત પિતાની મરજી મને અહીંજ રાખી મૂકવાની છે, અને તેઓ મને અહીંથી જવાની રજા કદી નહીંજ આપશે, એ તો ચોક્કસ છે; માટે હવે તેમને ઠેકાણે લાવવા માટે કંઇ બીજેજ રસ્તો લેવો જોઇએ." આમ ઉંડાણુ વિચાર કરી તે મનન કરવા લાગ્યો, છેવટ તેણે મનમાં ઠરાવ કીધો કે " ઠીક છે. કઇ જુદાજ પ્રકારની તદબીર ચલાવીને પણ આખરે મારાં મનની ઉમેદ તો હું પારજ પાડીશ. "એવો નિશ્ચય કરીને હાલ તરત તેણે પણ તે બાબત પડતીજ મૂકી.

ભોજન કીધા પછી સુરતીલાલે કેટલોક વિચાર કરીને મુંબઇમાં

પોતાની સાસુ નવીનબાઈ ઉપર નીચે પ્રમાણે પત્ર લખ્યોઃ—

માતુશ્રી તુલ્ય નવીનબાઈશ્રીની સેવામાં.

વિનંતિ વિશેષ કે હાલમાં તમારો પત્ર નથી, માટે કૃપા કરી લખશોજી. બીજુ મારો વિચાર હાલ મુંબાઇમાં આવીને વસવાનો, અને મુંબાઇમાં કોઇ સારો રોજગાર આદરવાનો છે. આ બાબતમાં મારા પિતાજીની પરવાનગી માંગતાં તેમણે તો સાફ ના પાડી. અને તેવીજ રીતે મારાં માતુશ્રીએ પણ નાજ પાડી છે; પરંતુ મારા મનમાં તો મુબઇજ રમી રહ્યુ છે, અને તેથી હવે મારા માતપિતાને સમજાવવાની જરૂર છે. મારા માતાજી તો કોઇ પણ રીતે કદાચ માની જશે, પણ મારા પિતાજી મારાથી સમજી શકે તેમ નથી, તેથી તેમને જો તમારા જેવાં કોઇ સમજાવે તોજ તેઓ માને; માટે જો તમો તેમને ગળે ઉતરે તેવી વાત બરાબર હીકમતથી પત્રદ્વારાએ લખો તો જરૂર મારાં મનની ઉમેદ પાર પડે, ને તેથી તમારી આંખો આગળ હું આવીને રહી શકુ. મને મુંબઇ રહેવા આવવાની અત્યંત હોંસ છે, તો તે હોંસ પૂરી પાડવાને ઉપર પ્રમાણે મારે ખાતર તમો પ્રયત્ન કરશો, એવી આશા છે. સુરતથી તો હું તદ્દન કંટાળીજ ગયો છું, અને હવે કોઇ પણ પ્રકારે હું અત્રે રહેવા ચાહતોજ નથી, પણ હરેક પ્રકારે મુંબઇ આવવાનીજ તદબીર શોધું છું. હું ધારૂં છુ કે મારી આ ઇચ્છાને તમો પણ પસંદજ કરશો ને તમે મારા પિતાજીને જરૂર ભલામણ કરવાની ચૂકશો નહીં, વળી મને ખાત્રી છે કે મારો નિવાસ મુબઇમાં થવાથી તમે પણ ખુશીજ થશો ને તમારી આંખો આગળ હું રહેવાથી તમારા આત્માને પણ ટાઢકજ થશે. સુરતમાં અમારો ધંધો તો છે, પણ મને તેનું ભવિષ્ય સારૂં લાગતું નથી, અને તેથી મોડે કે વહેલે મારે મુંબઇમાં નવો ધંધો શરૂ

કીધા વગર છુટકોજ નથી; તેટલા માટે આગળ જતાં તેવી ઉપાધિમાં પડવાનોજ જ્યારે સભવ છે ત્યારે તે માર્ગ અત્યારથીજ લેવો વધારે ડહાપણ ભરેલો મને તો ભાસે છે, અને તે માત્ર આ ગમચેતીનીજ નિશાની છે. આ તમામ બાબત ધ્યાનમાં લઇ, અને પુખ્ત વિચાર કરી, જરૂર મારી મરજી સાચવવાને, અને મારૂં હિત ચાહીને મારા પિતાજીને ભલામણ કરશો કે તેઓ મને મુંબઇ મોકલવાને કશી પણ આનાકાની કરે નહીં. આ પત્રનો ઉત્તર તુરત લખશોજી."

"અત્રે સરવે ખુશી આનંદમાં છે. તમારી ક્ષેમ કુશળતાના સમાચાર લખશોજી, એજ વિનંતિ."

લી૦ સ્નેહાધીન સેવક

સુરતીલાલના દંડવત્ પ્રણામ-

સેવામાં સ્વીકારશોજી.

એ પત્ર ટપાલમાં નંખાવી મોકલ્યા બાદ સુરતીલાલ વળી પાછો પોતાનાં મનમાં વિચાર કરવા લાગ્યો કે, " મને તો ખાત્રી છે કે મારા પત્રનો સંતોષકારક ઉત્તર મારાં સાસુ મને મોકલશે. તેમનો ચાહ મારા પર ઘણોજ છે ને તેઓ મને મુંબઇમાં પોતાની નજર આગળ રાખવાને અવશ્ય આતુર થશેજ. આજે કાગળ લખ્યો છે તો તે તેમને આવતી કાલે મળશે, અને તરતજ જવાબ મોકલશે તો પરમ દિવસે તે મને મળશે. વચમાં ફક્ત એકજ દિવસ છે. " આમ વિચાર કરતાં તેને નિદ્રા આવી ગઇ, પણ એટલામાંજ તેની સુશીલ પત્ની ઓરડામાં દાખલ થઇ. તેના પગનો અવાજ સંભળતાંજ સુરતીલાલની આંખો ઉઘડી ગઇ, અને પોતાની પ્રિયાને તેણે કહ્યું. "લગાર પીવાનું પાણી આપ તો. મને તરશ લાગી છે."

"આપું છું નાથ!" કહી તેણે ત્યાં ભરી રાખેલી ગોળીમાંથી પાણીનો લોટો ભરી આપ્યો, અને તેણે પૂછ્યું આજે કઇ આપે નિદ્રા લેવા માંડી! દિવસે સુવાની તો આપને મુદ્દલ ટેવ જ નથી, પ્રાણુનાથ! તેમ વળી રાતનો ઉજાગરો પણ નથી!"

"એ તો જરાક અમથો પડયો હતો તેટલામાં આંખ મળી ગઇ." કહીને સુરતીલાલે પોતાનુ મ્હોં ધોઇ નાંખી તેજ લોટાથી થોડુંક પાણી પીધું, અને પછી લોટો નીચે મુકીને તેણે પોતાની પત્ની પ્રત્યે પ્રથમ તો આનંદ બતાવતા વાતનો પ્રારંભ કીધો, "જો વહાલી! તારૂ નામ પ્રેમવતી છે, અને તે નામ સુરતને છાજતું નથી, પણ મુંબઇને છાજતું છે. ખરૂં કેની ?"

"એમ કેમ બોલો છો પ્રાણનાથ! સુરતમાં એ નામ કેમ નહી છાજે ?"

"કારણ કે સુરતમાં એવાં નામ ઘણું કરીને હોતાં નથી, પણ મુંબઇમાંજ એવાં સુધરેલાં નામો વિશેષ કરીને હોય છે"

"તેથી શું થયું ? એથી કંઇ શોભા ઓછી થાય ખરી કે ?"

"શોભા ઓછી થાય કે વધતી થાય તે સવાલ નથી, પણ તારૂં નામ સુધારાને છાજતું હોવાથી મુંબઇ જેવા સુધરેલા શહેરનેજ તે વધારે યોગ્ય ગણાય."

"પણ હું પોતે સુધરેલી ફુલ ફટાક નથી ને ? હું તો બિચારી સીધી સાદી છું."

"મુંબઇમાં જો તુ રહે તો તું પણ સુધરેલી બની જાય ને ફેશનની ચીશીયારીનો ભપકો રાખતાં શીખે, તેમાં તો જરા પણ શક નહીં."

"એતો બધી મ્હોની વાતો છે. મને એવી ખોટી ચીશીયારી

ગમતીજ નથી."

"વારૂ, ઠીક છે. આપણે મુંબઇમાં રહીએ તો બધીએ ખબર પડે. તે વખત હવે નજીકજ આવે છે, અને તે વખતે હું પણ તને બતાવીશ કે મારી વાત ખરી છે કે ખોટી.!"

"એટલે? મુંબઇમાં રહેવાનો વખત નજીક શી રીતે આવેલો આપ કહો છો?"

"કેમકે હવે થોડા દહાડામાંજ મારો વિચાર મુંબઇ રહેવા જવાનો છે."

"હેં! એ આપ શુ બોલો છો? તમે તો મ્હારી મશકરી કરો છો!"

"મશકરી નથી કરતો, પણ ખરૂંજ કહું છું. એમાં જરા પણ શક સમજતી નહીં. મારો પાકો ઠરાવ છે કે હવે મુંબઇ જઇનેજ વસવું, અને ત્યાં કોઇ નવો ઉધમ ધંધો કરવો."

"જાઓ! જાઓ! એમ તે કંઇ બને કે? તમારો આવો સારો આબરૂભરેલો ધંધો અહીં ચાલે છે, તે મુકી દઇને તમે મુંબઇ શું વધુ કમાવા જાઓ છો?"

"હવે એ તકરાર અને તોડ જોડ કરવાની હાલ જરૂર નથી; પણ હું તને એટલુંજ પૂછું છુ કે જો આપણે મુંબઇ જઇ રહીએ તો તું પોતે તો રાજી થાય ખરી કેની?"

"મને તો મુંબઇ કરતાં અહીં સુરતમાંજ વધારે ગમે છે."

"શું! તને તારી માની આંખો આગળ રહેવાનું મળે, તો તુ વધારે રાજી નહીં થાય?"

"રાજી તો થાઉં, પણ જે સુખને મજાહ સુરતમાં છે તે કંઇ મુંબઇમાં મળે ખરી કે? પ્રથમ તો ત્યાં આટલી બધી જગાજ વાપ-

ચીત્ર નં. ૧ સુરત લાલ અને પ્રેમવતી

ચં આપણુ બોલાજો! તમે તો મારી મશકરી કરોછો (પા ૧૦

રવાની મળે નહીં ! આટલી મ્હોટી જગા જો મુંબઇમાં ભાડે લેવા જાઓ તો, મહિને દહાડે પાંચસો રૂપિયા ભાડું ખરચતાં પણ થાક નહીં લાગે ! તેમજ મુંબઇના બીજા ત્રીજા ખરચો પણ ઘણા ભારી થઇ પડે ! મુંબઇ શહેર તો ફક્ત પૈસાદારોનેજ માટે છે, પણ ગરીબોને માટે મુબઇ નથી. તેમ તમારો જે ભપકો, રોફ અને દોરદમામ અહિં છે તે શું મુંબઇમાં તમને મળશે કે ?"

"ઠીક છે. હમણા તો કંઇ નથી." કહીને સુરતીલાલે તે વાત ઉડાવી દીધી,

"વારૂ પણ તમારા પિતાજી તમને મુંબાઇ જવા દેશે ખરા કે !"

"હવે હમણાં તે વાતની પચાત શા માટે જોઇએ ? આગળ જતાં જેવો વખત તેવી વાત, આજે તો કઇ મુંબાઇ જતા નથી," કહીને સુરતીલાલ એક ન્યુસપેપર હાથમાં લઇને વાચવા બેઠો, અને પ્રેમવતી તરતજ ત્યાંથી ચાલી ગઇ.

"વાહ; આ પણ શુ ચમત્કાર !" સુરતીલાલ મનમાં વિચાર કરવા લાગ્યો "મારી સ્ત્રી પણ મારા વિચારથી વિરૂદ્ધજ છે; ત્હેને પણ જાણે સુરતમાંજ દાટયું છે; પણ હમણાં મારે પણ તેને શા માટે વધારે સમજાવવી જોઇએ ? જ્યારે મુંબાઇ જવાનું ચોક્કસ થશે ત્યારે તેને મારા મત સાથે એકત્ર કરતાં કઇ વાર લાગનાર નથી," આમ વિચાર કરીને સુરતીલાલ હાલ તરત તો શાંતજ રહયો.

પ્રિય વાંચનાર! હવે આપણા આ સુરતીલાલને તેનાં સહકુટુંબ સહપરિવાર તમો સન્મુખ પૂરે પૂરો ઓળખાવ્યા પછીજ તેની વાત આગળ લંબાવીશું, કે જેથી આગળ ચાલતાં વાંચનની સમજમાં વિચિત્ર ગુંચવાડાથી આપના વિચાર તરંગો તરેહવાર મુંઝવણમાં પડે નહીં.

સુરતીલાલ કોણ છે? તે શુ કોઇ લક્ષાધિપતિ શેઠીઆનો છોકરો છે? નહીં, તેવું માનશોજ નહીં. તે તો એક સાધારણ સ્થિતિના પુરૂષનો પુત્ર છે, તેના પિતા પવિત્રદાસની પ્રખ્યાતિ સુરતમા, અને ગુજરાત કાઠિયાવાડમાં અતિશય છે, અને તે માત્ર ધંધાને અંગેજ છે; તેમ તે પિતાની ખાનગી રેહેણી કરણી, રીતિ નીતિ તથા માન મરતબો પણ સ્તુતિપાત્ર છે, અને તે પિતાએ પોતાના આ સુરતીલાલ પુત્રને પણ પોતાનાજ ધધામાં કેળવીને આગળ પાડેલો હોવાથી, તેમજ સુરતીલાલમાં પણ સ્વાભાવિક કુશળતા સારી હોવાથી, તે પોતે પણ અત્યારે પોતાના પિતાની નામના સાચવી રાખવાને તેમજ પોતાના પિતાનો ધંધો દીપાવવાને યોગ્ય ગણાય છે, અને સુરતની પ્રજામાં તેની નામના ધીમે ધીમે આગળ વધવા માંડી છે. તેના પિતા પોતાના પુત્રને વિજય પામતો જોઇ સ્વાભાવિક રીતેજ સંતોષ પામે છે, તોપણ પિતા પુત્ર વચ્ચે કેટલાંક કારણોથી જોઇએ તેવો બનાવ નથી, એજ મ્હોટામાં મ્હોટો વાંધો છે! આટલી ઓળખ હાલ તરત તેમની બાબતમાં કરેલી બસ થશે, અને તેથી હવે આપણી વાસ્તા આસ્તે આપણે રહીને આગળ લંબાવીશુ.

પાછલા પહોરના ચાર વાગવાનો સમય થયો છે. સુરતીલાલ પોતાના ખાનગી ઓરડામાં ઇઝીચેરપર લાંબા ટાંટિયા કરીને વિચારમાંજ પડયો છે. એટલામાંજ તેનો એક તનબદન મિત્ર મી. સંત્યશંકર આવી લાગ્યો.

"આવો મહારાજ પધારો. આજે અત્યારે ક્યાંથી!"

"આ તરફ કંઇક કામે આવ્યો હતો, તેથી તમને મળવાને આવ્યો. કેમ, શી ખબર છે?"

"ખબર તો સારી છે, પણ આજ કાલ મારા ગ્રહભાવ કેમ

ચાલે છે તે તો જરા જૂઓ" કહીને સુરતીલાલે કબાટમાથી પોતાની જન્મપત્રિકા કહાડીને તે સત્યશંકરના હાથમાં આપી.

સત્યશંકરે તે ઉથલાવી જોઇ, અને કેટલીક ગણત્રી આંગળીના વેઢાપર કરીને ધીમે રહીને ટુંક ફળાદેશ કહેવા માંડ્યુ કે "ગ્રહ તો સારા છે, પણ લગાર ચિંતા કરાવનારા ગ્રહો પડેલા જણાય છે, તેથી આજકાલ તમે ચિંતા વિશેષ કરતા હોવા જોઇએ."

"ખરૂ છે મહારાજ, એમજ ચાલે છે." કહીને સુરતીલાલે વળી થોડીક મિનિટ મનમાં ડોળાડોળ કરતાં પૂછ્યુ,-"વારૂ, કોઇ એવો યોગ જણાય છે કે જેથી સુરત છાડવું પડે ને બીજે કોઇ સ્થળે નિવાસ કરવાની જોગવાઇ થાય? તેવું કઇ લાગે છે?"

"હા. તેવો પણ યોગ છે ખરો, અને યોગસ્થાન ભ્રષ્ટ કરે તેવો સભવ છે."

ઠીક, ત્યારે તો મારા મનની ઉમેદ જરૂર ગ્રહના યોગ પણ પાર પડવીજ જોઇએ."

તમારા મનમા શુ એવી કઇ ઉમેદ છે? કોઇ બીજે સ્થળે જવાનો વિચાર રાખો છો?"

"એમ છે તો ખરૂં, પણ તે પાર પડે ત્યારે! તમારા કહેવા પ્રમાણે ગ્રહનો યોગ પણ તેવોજ છે તો મને આશા છે કે કદાચ મારી ઉમેદ પાર પણ પડે"

"મારૂ ધારવુ તો છે કે આ રાહુ તમને જરૂર સ્થાનભ્રષ્ટ કરાવ્યા વગર નહીં રહે; પણ તમારા મનમાં તમે ક્યાં જવાનો વિચાર કીધો છે ભાઇ?"

મારો વિચાર તો એવો છે કે મુંબઇ જઇને રહેવુ, અને કોઇ સારો ધધો ઉભો કરવો. અત્રે અમારા ધંધામાં હવે પ્રથમ જેટલો

માલ નથી. તેથી અત્રે મારો જીવ ગોઠતો પણ નથી. પછી તો જેમ પરમાત્માની મરજી."

"મુંબઇ જઇને શુ ઉદ્યમ કરશો તેની કઇ ગોઠવણ કરી છે?"

"તે તો ત્યાં જવાનુ નક્કી થાય, તો ત્યાં ગયા પછી તજવીજ કરાય."

"હા, એ પણ બરાબર છે. કોઇ પણ સારો ધંધો હાથ લાગે તો સારી વાત, અને તોજ સુરત છોડવાનુ સાર્થક પણ ગણાય; માટે જે કરો તે પાકો ને પુખ્ત વિચાર કરીને કરજો, એટલીજ મારી ભલામણ છે. તમો સમજુ છો એટલે તમને વિશેષ કહેવાની જરૂર નથી. તમે કઇ કાચા નથી, એ તો મારી ખાત્રી છે, પછી તો ભાવી કઇ મિથ્યા થનાર નથી."

"હા. તે તો છેજ મહારાજ; પણ મ્હારા પિતાજી મુંબઇ જવાની રજા આપતા નથી!"

"તો તેમની મરજી વિરૂધ્ધ તો જવુજ નહીં, પણ તેમની રાજી ખુશીથી જવુ."

"પણ તેઓ રાજી ખુશીથી રજા નહીં આપે તો શુ મારા ગ્રહને યોગે મને જવા વગર ચાલશે કે? શું ગ્રહો પોતાના ભાવ ભજવ્યા વગર રહેશે?"

"તે તો છેજ, તોપણ હુ તો માત્ર તમને સુચના કરૂ છુ કે વડીલનો આશીર્વાદ મેળવીને જો કામ કરો તો તે કામમાં જય થાય, મારા કહેવાનો ભાવાર્થ તમે સમજ્યાની?"

"સમજ્યો, તમારી સૂચના યોગ્ય છે, અને તેને માટે તમને એક મ્હારે અરજ કરવાની છે. તમે મારા પિતાજીને યોગ્ય રીતે સમજાવવાની તસ્દી મારે માટે લેશો કે?"

"હા. ઘણી ખુશીથી; પણ તમારા પિતાજી બહુજ દૃઢ સ્વભાવના છે. તેથી તેઓ મારા સમજાવવા છતાં પોતાની દૃઢતા એમ એકાએક મૂકે એમ હું ધારતો નથી."

"તે પણ તમારૂં કહેવું ખરૂં છે. ઠીક ત્યારે હાલ વાત છેડશો નહીં. પછી વળી જરૂર જણાશે તો થઇ રહેશે. તેમ છતાં તેમની સાથે કઇ વાત નીકળતાં જો તેઓ પોતેજ કઇ વાત કહાડે તો તમને જેમ યોગ્ય લાગે તેમ મારી તરફદારી કરજો."

તેમાં કંઇ મને કહેવું પડે તેમ નથી; પણ ભાઇ, હું તમને પૂછું છું કે આપણું શહેર 'સુરત સોનાની મુરત' જેવું ગણાય છે તો તેના કરતાં મુબાઇ કંઇ વધ્યું કે?"

"અલબત 'સુરત સોનાની મુરત' તરીકે ગણાય છે ખરૂં, પણ હાલ સુરતમા શું બચ્યું છે? હાલમાં તો સુરતની બદસુરત થયલી મનાય છે! છે કઇ ધધા રોજગારમાં સાર? વેપારને નામે તો અંધારૂં વળ્યું છે ને નાણાવાળાઓ પણ રોજગાર વગર રડે છે! મહારાજ! મુબાઇની તો બડી બલીહારી છે! તેની ખુબી તો ઓરજ છે!"

"એમ કે! ત્યારે તો ઘણી સારી વાત" કહીને સત્યશંકર ત્યાંથી વિદાય થયા.

મુરતીલાલ સ્વતઃ વિચારવા લાગ્યો કે સુરત ભલે નામ ચિન્હ નગર છે, તોપણ અત્યારે તો તેની નામના કુચ્છ કામની નથી, પણ ઉલટું નામ મ્હોટાં ને દર્શન ખોટાં જેવા હાલહવાલ સુરતના છે, જ્યાંને ત્યાં ધુળ ઉડે છે! તેવોજ ધધો રોજગાર ધુળધાણી ને વા પાણી' જેવો થઇ ગયો છે, વેપારમાં માલ નહી તેથી વેપાર પણ શાનો કરાય! એતો એજ કે સુરતનો ત્યાગ કરી મુંબઇ જઇનેજ વસવું. એજ સારો રસ્તો છે. હવે આવતી કાલે મુંબઇથી શું જવા-

બ આવે છે તે પછી વાત" આમ વિચાર કરી મુંબઇના કાગળ ઉપર આશા રાખીને ધીરજધારીને સુરતીલાલ શાંત રહ્યો.

બીજે દિવસે પ્રભાત થતાંજ નવીનબાઇનો પત્ર પોસ્ટમાં આવ્યો, જે પત્ર સુરતીલાલે ઉકેલીને વાંચવા માંડયો, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતુ:—

"સદા હિતકારી ચિ. સુરતીલાલ,"

જત તમારો પત્ર મળ્યો છે, વાંચી બીના જાણી છે. બીજું તમે મુંબઇ આવી વસવા વિષે લખ્યું તે જાણીને મને અત્યંતનવાઇ લાગે છે, કે 'સુરત સોનાની મુરત' નો ત્યાગ કરી તદ્દન પીતળ રૂપ અને ઉપાધિખોર મુંબઇ શહેરમાં આવીને વસવાનુ તમે કેમ પસંદ કરો છો ? મુંબઇમાં મારો રોજગાર આદરવાનું તમો જણાવો છો, પણ મુંબઇમાં તમારા સુરતના હાલના માનવંત ધધા કરતા વધારે સારો ધધો મળશેજ તેની તમને શું ખાત્રી છે ? આ બાબતમાં તમારાં પૂજ્ય માતા તથા પીતાજી પરવાનગી આપતાં નથી તો તેમની સલાહ તમારા ભવીષ્યના હીતની માનીને તે સલાહનોજ સ્વીકાર કરવો ઘટે છે. તેમને હું પોતે ખરી રીતે તો સમજાવી શકુ તેમ નથી, અને ખોટી રીતે સમજાવવાની કોશીપ જો હુ કરૂં તો તમારૂ ભવીષ્ય બગડવા જેવુજ મેં કરેલુ કહેવાય; કેમકે વડીલોની મરજી ઉલંઘન કરવાથી ભવીષ્ય બગડેજ, અને તેવી રીતે આપનાં ભવિષ્યનો બગાડ કરવામાં હું જો ભાગ લઉં તો તે મને તમારા એક અંતઃકરણના શુભેચ્છકને શોભાકારક ઘણાયજ નહીં, તમે મુબઇ આવી મારી આંખો આગળ રહો તેથી અલબત મને તો આનંદજ ઉપજે, પણ તમારૂં હીત બગાડીને તેવો ઉપરનો આનંદ લેવાને હું કદી પણ પ્રય

ળ કરૂજ નહીં. તમો તમારા સુરતના ધંધાનુ ભવીષ્ય સારૂં ધારતા નથી, પણ જેમ તમે પોતે ધારો છો તેમ તમારા પીતાજી તો નહીંજ ધારતા હોય; કેમકે જો તેઓ પણ તમારી માફકજ ધારતા હોય તો તેઓ પણ અગમચેતી વાપરીને તમને બીજા ધંધામાં નાંખવાને મુંબઇ મોકલવાને આનાકાની કરેજ નહીં, માટે તમારી તેવી ધારણાને માટે મને તો મોહટો શકજ છે. વળી તમે સુરતથી કંટાળી ગયા છો પણ તે કંટાળો માત્ર તમારા મનનુંજ કારણ હોવું જોઇએ, અને એવી રીતે મનને નાદાનીપણામાં નહીં દોરવતા તમારાં વડીલની પુખ્ત, સલાહનેજ આધીન રહેવાનો નિશ્ચય રાખશો, એજ મારી તમને ભલામણ છે. હુ જાણું છું ને સુરતમાં હુ પોતે આવી ત્યારે મેં નજરોનજર જેયું પણ છે કે સુરતમાં તમે, રાજા સરખાં સુખ અને માન આબરુમાં રહો છો, તો તે પડતું મૂકી મુંબઇમાં ટકાના ત્રણ શેર થવા નહીંજ આવશો. એજ મારી તમને શુદ્ધ અંતઃકરણની સલાહ છે, છેવટ મારે લખવાનુ એટલુજ છેકે તમારા વડીલની આજ્ઞામાં રહી તેમની ઇચ્છાનુસાર ચાલશો તો તેથીજ તમે ભવીષ્યમાં વધારે સુખી થશો તમે મને માતા સમાન માનો છો તેથીજ આટલી વાત હુ તમને સાફ દીલથી લખુ છુ, હાલ એજ. કામકાજ લખશો ને સરવેને બોલાવશો. ચી૦ પ્રેમવતીને બોલાવશો.

લી૦ શુભેચ્છક

નવિનબાઇનાં આશિર્વાદ વાંચશો.

ઉપલો પત્ર વાચતાજ **સુરતીલાલ** સ્તબ્ધ થઇ ગયો, અને નીરાશ થઇ ખુરસી પર ઢળી પડી વિચાર કરવા.લાગ્યો કે "આ પણ નશિબની નબળાઇનોજ નમુનો છે ! આજકાલ ગ્રહભાવ એવા વાંકા ચાલે

છે કે, જે પણ કામ હું મનમાં ધારૂં છુ તે તો મુદલ થતુંજ નથી, ઓર ઉલટુંજ થાય છે! એટલું બધું નસીબ વાંકુ વરતે છે! કે માતા તથા પીતા મારા મનની વીરૂધ પડયા, ” મારી પોત્તાની પત્નિ પણ મારા મનની વીરૂદ્ધ, મારો દીલોજાન મીત્ર સત્યશંકર પણ તેવીજ રીતે વીરૂદ્ધ,—અને છેવટે મારી સાસુ ઉપર મેં જે મુખ્ય આધાર રાખ્યો હતો તે પણ પાર નહીજ પડયો! હવે મારે શુ કરવુ; અને શું રસ્તો લેવો તેની મને સમજ પડતી નથી! મારા વાહાલા સાસુનું હેત મારા પર અપાર છે, અને તેઓ મને કોઇ પણ વાતે નારાજ કરે તેવાં નથી. પણ પ્રભુ જાણે કે તે કેવાંક વિચારપર દોરવાઇ ગયા, અને તેમણે તદન આડુંજ વેતર્યું! હવે મારે કયા પ્રકારની તદબીર કરવી, અને સુરત છોડવાને માટે કયો ઘાટ ઘડવો? ‘ **સુરત સોનાની સુરત** ’ ના મહાન નામ ઉપર બધા મોહિ રહ્યાં છે, પણ તેમને ભાન નથી કે તે સુરત તો બદસુરતની બદનામીએ પોહોંચ્યું. છે! હવે તો મારે માટે એજ રસ્તો છે કે, મારા પિતાજીને જુદાજ પ્રપંચથી સમજાવી તેમની પાસે પરાણે હા ભણાવી એકદમ મુબઈ ચાલ્યા જવું. ત્યાં ગયા પછી મારા સાસુને તો ગમે તેમ સમજાવી દઇશ, અને તેમની આંખો આગળ જઇને પડીશ તો પછી તેમને મારી વ્યવસ્થા કર્યા વગર છુટકો થનારજ નથી. એજ છેવટનો રસ્તો છે.” આમ વિચાર કરતાં વળી તે કપાળે હાથ મુકીને થોડીક મિનિટ સુધી શાંત રહી વળી તે વિચારવા લાગ્યો કે “ એકદમ પિ-તાજી સાથે વાત કરવા કરતાં એક વાર મુબઇ આંટો મારી આવવો અને ત્યાં મારા સાસુને સમજાવવા. તે પછી વાત” આવો ઠરાવ કરીને તેણે તુરતાતુરત મુંબઇ પોતાની સાસુ ઉપર પત્ર લખ્યો, જેમાં

એટલીજ મતલબ દરશાવી કે "તમારો પત્ર મળ્યો છે, અને હું કંઇક કામસર આજની મેલમાં અત્રેથી નીકળેલો આવતી કાલે પ્રભાતમાં તમારી તરફ આવીશ. મુંબઇમાં હું મારા એક મિત્રને ત્યાં અથવા કોઇ સગાંને ત્યાં ઉતરીશ, અને તે પછી તમને મળવાને તમારે મકાને આવીશ." આ પ્રમાણેનો પત્ર લખી તે પોષ્ટમાં નંખાવ્યો, અને તે પછી તે પોતાના પિતાજીની પાસે જઇ બોલ્યો "પિતાજી, આજે રાતના મારો વિચાર મુબઇ જવાનો છે. એક બે દિવસમાં પાછો આવીશ."

"કેમ વારૂ? ત્યાં શું કઇ ખાસ કામ છે કે?"

"હા, પિતાજી, મારાં એક મિત્રનો પત્ર આવ્યો છે, અને તેણે મને કંઇ ખાસ કામસર બોલાવ્યો છે, માટે ગયા વગર ચાલે તેમ નથી."

"ઠીક છે; જજે; પણ બનતાં સુધી વધારે રોકાતો નહીં"

"અરે ઘણું તો બે દિવશ લાગશે, અને જો બનશે તો કાલે રાતની ગાડીમાં તો ત્યાંથી પાછો નીકળીશ. વધારે રોકાવવાની કઇ જરૂર નથી."

"એક દાહાડો કદાચ વધારે થાય તો કઇ હરકત નહીં, પણ વધારે દાહડા રોકાતો નહીં, એટલુજ મારૂ કહેવું છે."

"બહુ સારૂ," કહીને સુરતીલાલ પોતાના ખાનગી ઓરડામાં ગયો, અને ત્યાં પોતાની સ્ત્રીને બોલાવીને તેણીને પણ તે વાત કહી.

"મુંબઇ એકાએક જવાનું કંઇ કારણ છે કે પ્રાણનાથ?" પ્રેમવતીએ પુછયું. "હા જરૂરનું કામ છે. એક બે દિવસમાં પાછો આવીશ." સુરતીલાલે કહ્યું.

" ઠીક, મારી બાને મારૂં પગે લાગણું કહેજો ને કેહેજો કે હું સારી પેઠે છું." "સારૂં" કહીને સુરતીલાલે પોતાની ટ્રંક તૈયાર કરાવી, અને પોતાની માતાને પણ તે સમાચાર સંભળાવી તેજ રાતના સુરતીલાલ મુંબઇ જવા ઉપડયો.

" છોકરો એકદમ મુંબઇ શા માટે ગયો છે વારૂ ?" ભક્તિબાઇએ પોતાના પતિ પવિત્રદાસ પ્રત્યે પૂછયું "કયાં કામ ને માટે ઓચિંતો ગયો છે તેનો ભરમ મને તો શમજાતો નથી ! એની સાસુએ એને તેડાવ્યો હશે."

" કંઇ સમજાતું નથી ! એનુ મન હમણાનું સુરતપરથી ઉઠયું છે, તેથી મને તો લાગે છે કે તે મુબઇ જઇ રહેવાની ગોઠવણ કરવાનેજ ગયો હોય !"

" મને પણ તેમજ લાગે છે. છોકરાને અવળી મતિ શુજી છે !

" આપણે શું કરશું ? જેવાં તેના નસિબ !"

" પણ મુબાઇથી આવ્યા પછી ત્યાં જવાની વાત કરે તો તમે તેને રોકજો, "ઠીક છે, તે પાછો આવ્યા પછી શું વાત કરે છે તે પર વિચાર. હમણાં આપણે કંઇ પણ મત બાધવો, તે ફોગટ છે."

બાદ ભક્તિબાઇ તરતજ ત્યાંથી ચાલી ગઇ, અને પવિત્રદાસ હાથમાં માળા લઇ ભગવત સ્મર્ણ કરતાં બેઠા. આ વખતે રાત્રીના સુમારે શાડાં અગિયાર વાગ્યા હતા.

પ્રકરણ ૨ જું

દોહરો

સુંબઇ મનહર શેહેર છે, વડું વ્યાપારનું સ્થાન;
સુરતીલાલ તત્રે જઈ, ગયા સાસુને ધામ.
સાસુને સમજાવિયા, વાત કરી વિશાળ;
સુરતમાં પાછા વળ્યા, સુંદર સુરતીલાલ.

ગયા, આવ્યા ને ગયા,

પ્રભાત થતાંજ સુરતીલાલ મુંબાઇ પહોંચ્યો, અને ગ્રાંટરોડના સ્ટેશનથી ઉતરીને તરતજ પોતાના એક ઓળખીતાને ત્યાં જઇ સુકામ કીધો, ત્યાં ભોજન કીધા પછી શુમારે અગિયાર વાગતે તે પોતાની સાસુને મળવા માટે તેણીને ઘેર ગયો. સુરતીલાલને જોતાંજ નવિનબાઇએ પ્રફુલ્લિત મને આદર આપી બોલાવ્યો, અને બેસવાનુ આસન આપી ખબર અતર પુછી. તે સઘળો વિવેક થઇ રહ્યા પછી નવિન બાઇએ પૂછ્યુ "કેમ મારો કાગળ તો તમને બરાબર મળ્યો હતો, કે ?"

"હા તે તો ટાઇમસરજ મળ્યો હતો અને તેને માટેજ હું ત્યાં રૂબરૂ તમોને કેટલોક ખુલાસો કરવાને ખાસ આવ્યો છુ"

"ભલે આવ્યા, એ બહાને મળ્યાં તો ખરા. હુ હમણા સેવા કરી પરવારીને તમારી સાથે વાતચીત કરૂ છું. તેટલામાં તમે

દિવાનખાનામાં જરા આડા પડો. ગાડીમાં તો રાતનાં ઉજાગરો થયો હશે, માટે જરા આરામ લો."

"બહુ સારૂ, હું દિવાનખાનામાં છું. તમો પરવારીને ત્યાં આવજો. નિરાંતે તમારી સેવા પૂજા આટોપજો. ઉતાવળ કરવાની જરૂર નથી, જમી ખાઇ પરવારી પણ લેજો કે કલાક વધારે વાતચીતમાં રોકાઇએ તોપણુ હરકત નહી. મને કંઇ ઉતાવળ નથી."

"બહુ સારૂ, તમને દિવાનખાનામાં બીછાનુ નંખાવી આપું?"

નારે ના, બીછાની કંઇ જરૂર નથી." કહી સુરતીલાલ દિવાનખાનામાં જઇ હીંચકાપર ઝુલતો બેઠો.

નવીનબાઇએ દેવપૂજા લગાર ઉતાવળથી પૂર્ણ કરી જમી ખાઇ પરવારિને તરતજ દિવાનખાનામાં પોતાના જમાઇની સામે શેત્રંજી પર જઇને બેઠી, અને બોલી "તે વારનાં બેસીજ રહ્યા છો થોડીક ઉંઘતો કહાડવી હતી, રાતનો ઉજાગરો હશે, જરા આરામ લીધો હોત તો ઠીક થાત?"

"કંઇ નહીં ટ્રેનમાં કાલે કંઇ ભીડ નહોતી તેથી નિરાંતે બિછાનું પાથરીને સૂતો હતો–ઠીક ઉઘ આવી હતી તેથી ઉજાગરા જેવું લાગતું નથી."

"વારૂ સુરતમાં મારી છોકરી છે તો ખુશીમાંની?"

"હા. તેણી સુખસાતામાં છે ને ખાઇ પી ચમન કરે છે."

"ત્યારે તમે આવ્યા તો તેણીને પણ તમારી સાથે લાવવી હતીની?"

"મારે માત્ર એકજ દિવસ રહેવાનું છે તેથી તેણીને નહીં લાવ્યો, તમારી સાથે કેટલીક વાતનો વિચાર કરવાનો છે. તે કરીને બનતાં સુધી આજે રાતની ગાડીમાંજ પુનઃ સુરત જઇશ. વધારે રોકાઇ શકું તેમ નથી."

"ઠીક. વારૂ મારો કાગળ વાંચીને તમને કંઇ ખોટું તો લાગ્યું નથીની ?"

"ખોટું તો લાગ્યું નથી, પણ મેં જે પત્ર તમને લખ્યો હતો તેનો જવાબ હું જેમ ધારતો હતો તેમ મને નહીં મળતાં જુદીજ રીતનો મળ્યો, માટે તમારી સાથે જાતોજાત ખુલાસાવાર વાત કરવાનેજ આવ્યો છું. તમારો મત એવો છે કે, મારે સુરત છોડવુંજ નહીં ! પણ સુરતમાં મારા જીવને કેટલો પરિતાપ રાતને દિવસ રહ્યા કરે છે તે તમે જાણતા નથી. પ્રથમ તો મારા પિતાજી સાથેજ મને બનતી રાશ આવતી નથી, અને તેથી તેમની પાસેથી ખસીને હું રહેવાનો મેં ઠરાવ કીધો છે."

"પણ તમારા પિતાજી સાથે તમને નહીં બનવાનું કારણ શું?"

"કારણ એજ કે ધંધા રોજગારની બાબતમાં મતભેદ થયા કરે છે."

"મતભેદ રાખવોજ નહીં, પણ તેમનાં મતનેજ માન આપવું ધંધા રોજગારમાં જેટલો અનુભવ તેમને છે તેટલો તમોને તો નથીજ, તો પછી તેમના મત પ્રમાણેજ ચાલવું, એજ ખરૂ ડહાપણ ભરેલું ગણાય ?"

"પણ મતભેદનાં બીજાં પણ ઘણાંક કારણો છે, જે તમે જાણતાં નથી, અને તે અમારા ઘરખુણાની ખટપટો છે, માટે તે હું ઉઘાડી પાડવા માંગતો પણ નથી. સારમાં સાર એટલોજ કે ત્યાં રહેવું તેના કરતાં મરવું વધારે સારૂં ! કોઈ પણ પ્રકારે સુરતમાં તો હું રહેવાનોજ નથી, અને તેમ છતાં જો કદાચ રહીશ તો હું ત્યાં મુંઝાઇને આખરે મરી જઇશ ! આટલું કહેતાં સુરતીલાલની આંખો માંથી ટપટપ આંસુ પડવાં લાગ્યાં.

“ મુઝાઓ નહીં. જીવ શા માટે બાળો છો ? તમને મારા સમ છે.” કહીને નવીનબાઇએ તેને શાંત પાડયો. અને પછી વિચારવા લાગી કે “ હવે એમને સુરતમાં રહેવાનેજ વધારે દબાણ કરવું એ ઠીક નથી.” આમ વિચારી તેણી બોલી “ તમને જ્યારે સુરતમાં ઘણીજ મુંઝવણ થાય છે ત્યારે તો હુ તમને વધારે કહી શકતી નથી.”

જો મુંબઇને માટે તમે હા પાડો તોજ હું આવું, અને નહીં તો ગુજરાત-કાઠિયાવાડમાં જઇને નિવાસ કરૂં ! ત્યાં કોઇ નોકરી ચાકરી કરીશ મહિનાના પચાસેક રૂપિયાની નોકરી તો મને સેહેજે તે તરફ મળી શકશે.” સુરતીલાલે અહિ સુકીજ ઠોકી.

“ પણ તેવી નોકરી કરવાની શી જરૂર છે ? તમે બેલાશક આવો. મુંબઇ મોહોટું વેપારનુ સ્થાન છે, તો તમને ધંધો રોજગાર તો શહેજે મળી શકશે. મહિનાના સોએક રૂપિઆ કમાવા તમારા જેવાને માટે કઇ મુશકેલ નથી. એટલુ તો ગમે તે પ્રકારે પણ મળી શકશે. ”

“ તો મારે તેથી વધારે મેળવવાની દરકાર પણ નથી. મને મારા ખરચના નિભાવ જેટલુ મળશે તો હુ સતોષ માની લઇશ. ”

“ રીતસર ચાલશો તો એટલુ તો ઘણી ખુશીથી મળી શકશે; પણ તમારા પિતાજી તમને મુંબઇ મોકલવાની ના પાડે છે તેનુ કેમ કરશો?”

“ તેમને હું ગમે તેમ સમજાવી દઇશ મારા હાથમાં તે ચાવી હવે આવી છે, અને તેથી તેમને કડવું નહીં મનાવતાં હુ સુરત છોડીશ.”

“ મારૂં કહેવું એજ છે કે-તેમને માઠું નહિં લાગે તેમ કરજો. તેમને પણ તમે એકના એકજ છો. અને તેમને તમારા શિવાય બીજું કોઇજ નથી તો દુનીયામાં તમારૂં ખરાબ દેખાય નહીં તેમ કરજો. અને તેમને રાજી કરી તેમનો આશિર્વાદ લઇનેજ અહીં આવજો,

કે શુખી થાઓ. માબાપનો આશિર્વાદ લેવો, એ દરેક પુત્ર પુત્રીનો ધર્મ છે. તમ સમજુ છો, તેથી તમને વધારે કહેવાની કંઇ જરૂર નથી, પણ મારા કહેવાની મતલબ માત્ર એટલીજ છે કે, કોઇ પણ રીતની નાદાની કરશો નહી, પણ તમારા પિતાજીની સાથે સલાહ સંપ રાખીનેજ ઘરમાંથી પગ બાહાર કહાડજો."

"તે તમારૂ કહેવું હું માથે ચઢાવું છું, સુરતીલાલે આનંદ પામતા કહ્યું.

"બસ તો તેટલું કરીને ભલે તમે મુંબઇ આવો. મુંબઇમાં હું છું ત્યાં સુધી તો તમને કોઇ વાતે મુઝાવા નહીજ દઉ, એ ખાત્રી રાખજો. મને પણ તમારા વગર બીજું કોણ છે? તમારા અત્રે રહેવાથી મને તો ઉલટો વધુ સંતોષ ઉપજશે."

"મુંબઇમાં મુખ્ય આધાર તો તમારોજ છે ને, તમારી સાહ્યતાથીજ મુંબાઇમાં હુ આગળ વધવાની હિમત પણ કરૂ છુ."

"મારાથી બનશે તેટલું તમારાં ભલાં માટે કરવાને હુ બધાયલીજ છુ"

"તેતો છેજ." આટલુંજ કહીને સુરતીલાલ ત્યાંથી ઉઠતાં બોલ્યો" હવે હુ આજેજ રાતની ગાડીમાં પાછો સુરત જઇશ, અને ત્યાં ગયા પછી મારા પિતાજીને સમજાવી તેમની પરવાનગી લીધા પછી સારો દાહડો જોઇને હું ત્યાં આવીશ."

"ભલે બહુ સારૂં" કહીને નવીનબાઇ પણ ઉઠીને ઉભી થઇ, અને સુરતીલાલને દાદર સુધી વળાવવા ગઇ, સુરતીલાલ પણ હોંસભેર સાસુની રજા મેળવી આનદ પામતો નિકળ્યો.

નવીનબાઇ મનમાં વિચાર કરવા લાગી કે "મારો જમાઇ પોતાના બાપને મુકી અહીં રહેવા આવવા માંગે છે, પણ મને તો

ભય છે કે તેમાંથી તેનું ભવિષ્ય બગડશે! પણ મારો કંઇ ઉપાય નથી! હું જો અહીં આવવાની ના પાડત તો વળી તેને ખોટું લાગત, અને સુરત છોડવાનો તેનો પાકો ઠરાવ છે, તો તે અહિં નહીં તો બીજે કોઇ ઠેકાણે પણ જાત તો ખરાજ, માટે બીજે કોઇ સ્થળે જઇને અથડાય તેનાં કરતાં તો અહી આવેલાજ ભલા" આમ વિચાર કરી તેણી પછી પોતાનાં ઘર કામમાં રોકાઇ.

સુરતીલાલ તેજ રાતના મુંબઇથી નીકળીને બીજે દિવસે સુરત આવ્યો, અને પછી જમી પરવારી બપોરના પોતાના પિતાજીની પાસે બેઠો જે સમયે ભક્તિબાઇ પણ પાસેજ બેઠી હતી, તેમની આગળ સુરતીલાલે આસ્તે રહીને પોતાનાં મનની વાત પાર પાડવાની શરૂઆત કરતાં કહ્યું "પિતાજી! મુંબઇ જેવો ધંધો રોજગાર તો બીજે કશે પણ નહીં હો!" સુરતીલાલે શફાઇથી વાતની શરૂઆત કરી.

"કારણ કે હિંદુસ્તાનમાં તે એક મોટામાં મોટું બંદર છે."

"ત્યાં સેહેજવારમાં લક્ષાપતિ થતાં પણ વાર નહી લાગે હો!"

"તેવીજ રીતે જોત જોતામાં ભીખારી થતાં પણ વાર નહીં લાગેની!"

"કુનેહથી ચાલે તો કઇ ભીખારી થવાયજ નહી."

"પણ મુંબાઇ શહેર એવુ છે, અને તે ધરતીના પ્રતાપ પણ એવા છે કે ભલભલાઓ ત્યાં છપ્પર ખાધા વગર રેહેજ નહીં! પછી તો જેનાં જેવાં ભાગ્ય!"

"એટલું તો ખરૂ કે મુંબાઇમાં ભાગ્યોદય થાય તો ન્યાહાલ થવાના અનેક રસ્તાઓ છે, આપણાં સુરત શેહેરમાં તેવો એકે રસ્તો નથી! સુરત તો તદનજ રડાઇ ગયું છે, અહીં વેપાર વૃદ્ધિનાં સાધનો નથી, તેમજ ઉદ્યમીને માટે ઉદ્યમ પણ નથી. આ શેહેર 'ધીમે

ધીમે ધસાતું જાય છે, "હાં આઠ વાર ને નવ તેહવાર" એવી જે લોક વાણી આ શેહેરને માટે ચાલે છે તે પણ કાંઇ ખોટી નથી! 'ખાવું પીવું અને મોજ કરવી' એજ મુખ્ય ધંધો સુરતીઓમાં પ્રવેશ્યો છે, અને તેથી આગળ જતાં સુરતનાં લોકો વધારેને વધારે નિર્ધનતા પામશે, એમજ મને તો લાગે છે! મારો એક મિત્ર છે તે મુંબઇમાં એવો સારો ધંધો ચલાવે છે કે માત્ર ટુંક પુંજીમાં દર વરશે સેહેજે બે ત્રણ હઝાર રૂપિયા પેદા કરી ચમન કરે છે. તેણે મને પોતાના રોજગારની તમામ હકીકત કહી, અને તેણે કહ્યું કે 'તારા જેવો એક ભાગીદાર મારી સાથે ધંધામાં ભળે ને માત્ર દશ હઝાર રૂપિયાજ રોકે તો બાર માસે ભાગ ખાતે કમમાં કમ પાંચથી છ હઝાર રૂપિયા તો ખુશીથી પેદા કરી શકાય; આ સાંભળીને મને નવાઇ લાગી અને તેના વેપારનો તમામ હિસાબ મેં તપાસી જોયો તો મારી ખાત્રી થઇ કે તે ધંધો તો કાચા સોનાંની ખાણ જેવો છે, અને તેવી ખાત્રી પછી મારૂં મન પણ તેમાં જોડાવવાને લલચાયું છે. આપ જાણો છો કે, આપણા અત્રેના ધંધામાં કઇજ સાર હવે રહ્યો નથી. ને દિન પરદિન તે ધસાતો જાય છે તેથી આગળ જતાં તો આપણે ધંધો છોડવોજ પડશે, અને તેમાં વળી આપની વૃદ્ધાવસ્થા થઇ છે, જતે દહાડે હું સુરતમાં એકલો પડી જઇશ તેવારે મારે મુંબાઇ તો જવુંજ પડશે; માટે આપની હયાતિમાંજ હું મુંબાઇ જઇને તે મારા મિત્ર સાથે જોડાઉં ને સારે રસ્તે લાગી જાઉં તો તેથી આપની છાતીને પણ ટાઢક વળે, માટે આપજો ખુશી થઇને રજા આપો તો હું મુંબઇ જઇને રહું ને ધારેલા કાર્યમાં મંડી પડું. હું તમામ ગોઠવણ કરીનેજ આવ્યોજ છું, પણ માત્ર આપની આજ્ઞાની ખોટી છે." સુરતીલાલે લંબાણથી શમજાવતાં કહ્યું.

પવિત્રદાસ વિચારમાં પડયો, અને તે મનમાં વિચાર કરવા લાગ્યો કે " છોકરાનું મન મુંબઇ જવાનેજ તલપી રહ્યું છે, માટે હવે એને રોકવામાં સાર નહીં. તેમ છતાં જો ના પાડીશ ને રોકીશ તો એનો જીવ અહીનાં કામ ધધાપર તો લાગશેજ નહી ! માટે એને રોકવાથી તો ઓર એનું ભવિષ્ય બગડશે ! તેમ વળી અહીના ધધામાં સાર નથી, એ પણ એનું કહેવું ખરૂં છે, અને તેથી આગળ જતાં એ મુંબઇ તો જવાનોજ ! તેનાં કરતા હમણાંથીજ ત્યાં જઇ મારા છતાં કામ ધધે લાગી જાય તો તે વધારે સારૂં તો ખરૂંજ. આમ વિચાર કરીને તે બોલ્યા. " ઠીક છે, તારી ખુશી તેમ છે તો તેમ કર મને તેમાં કશો વાંધો જણાતો નથી.

" તમે પણ શુ હા પાડો છો ' ભક્તિબાઇ ધુરકી ઉઠી બોલ્યા એ તો નાદાન છે, પણ તમે શુ તેની સાથે નાદાન બનો છો કે ? મુંબઇ જવાયજ કેમ ? આપણા એકના એક છોકરાને આપણી નજર આગળથી કાઢ્યજ કેમ ? તમે ભલે પરવાનગી આપો. પણ હુ તો કદી હા પાડનાર નથી.

" પણ એ ભાઇનુ મન અહીથી ઉપડયુ છે તો હવે દબાણ કરીને અહીં રાખવાથી એનું ભવિષ્ય ઓર બગડવાની મને ધાસ્તી રહે છે ! માટે મારા મત પ્રમાણે એને રોકેલો કામનો નહી. તેમ વળી ધધા રોજગારની બાબતમાં પણ એની કહેલી વાત ખોટી નથી. હું તને પાછળથી બધું સમજાવીશ,

" અરે બા ! તમોને તો સમજ નથી ! મુંબઇમાં જઇને હું સુખીજ થઇશ. મારા પિતાજીનાં મગજમાં મારી વાત ઠસી ગઇ છે, અને તેઓ તને બધુ સમજાવશે. કહીને સુરતીલાલ ત્યાંથી ઉઠી જઇ પોતાના ઓરડામાં ગયો.

(ચીત્રનં.૨) પવિત્રદારા ભક્તિ બાઇ અને. સુરતીલાલ.

તમે પણ શું હા પાડો છો-ભક્તિબાઈ-ધુરકીઉઠી. (પા-૨૮

"પવિત્રદાસે પોતાની સ્ત્રી ભક્તિબાઇ પ્રત્યે કહ્યુ "છોકરો કહે છે તે તો ખરૂંજ છે, સુરતમાં ધંધો રોજગાર ખરાબ થઇ ગયો છે, અને આગળ જતાં પણ સુરતમાં છોકરો રહેવાનોજ નથી, એ પણ ચોકસ છે: માટે હમણાં ભલે મુંબઈ જાય, અને એકાદ વરસ ધંધાની અજમાયશ કરે, પછી જો ત્યાં તેને પાલવશે તો રહેશે અને નહીં પાલવે તો અહી પાછો આવશે. અહીનો ધંધો હુ હાલ આટોપીશ નહી, પણ મુંબઇમાં છોકરો ઠરી ઠામ થયા પછીજ અહીનો ધંધો હું આટોપી નાંખીશ, મારા વિચાર પ્રમાણે છોકરાનો વિચાર કઇ રદ બાતલ કરવા જેવો નથી.

"પણ ત્યાં એની સાથે હું રહીશ તોજ મારા જીવને ધિરજ વળશે.

"ભલે તેમ કરશે તો વળી વધારે સારૂ, તેને માટે કઇ તે વાંધો તો નહીજ લે.

"ઠીક ત્યારે, હું તેની સાથે વાત કરૂ છુ." એમ કહીને તરતજ તે સુરતીલાલની પાસે જઇને બોલી ' દીકરા તારા પિતાજીએ મને તમામ વાત સમજાવી, અને હવે તને મુંબઇ મોકલવાને હુ પણ હા પાડુ છુ; તેમ હુ પણ તારી સાથેજ ત્યાં આવી રહીશ કેમકે તને દુર રાખતાં મારો જીવ નહીં ચાલે."

"તેમ તું કરશે તો મને વધારે સંતોષ થશે તારે વડે મારૂ ઘર પણ સચવાશે; માટે તને મારી સાથે રાખવાને હુ ઘણોજ ખુશી છું."

"તો હું આવીશ. હવે તારે જવાનો દીવસ નક્કી કરજે કે થયુ,"

જેમ બનશે તેમ જવાનું વહેલુંજ ઠરાવીશ"

કોઇ જોષી પાસે સારો દિવસ જોવડાવજે કે ધાર્યું કામ ફતેહમંદ

થાય."

"ખાલી ઢોંગ છે. એમાં શું. સારૂં મુહુર્ત તો માત્ર ઇશ્વરનું નામ !"

"તે તો છેજ, તો પણ સારો દહાડો જોઇને કઇ પણ શુભ કામ કરવું, એ આપણાં વડીલોની આજ્ઞા છે. તેને માન આપવુંજ જોઇએ. વડીલોની આજ્ઞા પ્રમાણે ચાલવાથીજ સુખી થવાય !

"ભલે તેમ, હું પેલા મારા મિત્ર સત્યશંકરની પાસેજ સારૂં મુહુરત જોવડાવી લઇશ. અને પછી તે કેહશે તે દહાડે મુંબઇ જઇશું."

"હા. તે વિદ્વાન પણ સારો છે, "કહીને ભક્તિબાઇ પોતાના પતિ પાસે પાછી ગઇ, અને બોલી " પ્રાણનાથ ' છોકરાની સાથેજ મારે પણ જવાનુ દરશે, અને તેમાં છોકરો પોને રાજી છે.

"બહુ સારૂ, એ જાણી મને વધારે સંતોષ થયો છે. તું તેની સાથે હશે, તો વહુ દીકરાની સભાળ પણ બરાબર લેવાશે અને તેમનો સસાર પણ સચવાશે "

"પણ અહી તમે એકલા પડશો તેની મને ફકર થાય છે તેનુ કેમ ?"

"મારી ફકર કરવાની જરૂર નથી, મને એકલા રહેવાનો સહવાસ પડી ગયો છે, તેમજ ખાદ્ય ખોરાકીને માટે પણ ભિન્ન ભિન્ન સ્વાદનો ચટકો મને નથી, અને વળી આપણાં માણસ ચાકરો ઘણાજ નિમકહલાલ છે, જેઓ મારી સેવા ચાકરી પણ મનમાનતી કરશે. એટલે પછી મને શું વાંધો છે ? હું તો અત્રે ઘણી ખુશી ખુશાલીમાં મારી પાછલી અવસ્થા નિર્ગમન કરીશ, તેમ વળી સુરત અને મુંબઇ વચ્ચે કંઇ ઘણો તફાવત નથી, અને તેથી કદાચ મને જરૂર જણાશે. તો તરતજ હું તમને બોલાવીશ, કે તરત બાર કલાકમાં તમો અત્રે

હાઝર થઇ શકશો, તો મારે મુંઝાવાનુ કે ગભરાવવાનું પણ શું છે?

"તે તો ખરૂં છે. પણ અમારો જીવ તમને એકલા મુકતાં ઉંચોજ રહેની?"

"તેમ સમજવું નહીં, પણ ધીરજ રાખી છોકરાનાં ભલાંનો રસ્તો લેવો વધારે વાજબિ છે, મારે હવે કાંઇ ગયા તેટલાં વરશ કાઢવાનાં નથી; પણ છોકરાને તો લાંબી જીંદગી પસાર કરવાની છે, માટે તેનું જેમ ભવિષ્ય સુધરે તેમ કરવું સારૂં છે, હવે બીજા વિચાર પડતાં મુકીને, મુંબઇ લઇ જવા માટે જે સરસામાન જોઇએ તે બાધવા વગેરેનો બંદોબસ્ત કરો ને તમામ ચીજો તમારી સાથેજ લેતાં જાઓ. મારે એકલાને જોઇતા વાસણો, અને માત્ર એક કબાટ રાખીને બાકીના તમામ કબાટો, ટેબલ, ખુરશી. પલગ તમામ વાસણો અને સર્વ રાચરચીલું તમારી સાથે લઇ જાઓ."

"ભારે વસ્ત્રાલકાર તો અત્રેજ રહેવા દઇશુની?"

"શા માટે? મારે તેની શી જરૂર છે? મારા નિર્વાહને માટેનાં સાધનો મારે માટે અત્રે મન માનતાં છે, અને તેથી ત્રિજોરી વગેરે તમામ જે કંઇ છે તે તમેજ લઇ જાઓ."

"વારૂ ત્યારે તમારાં કપડા એક કબાટમાં ગોઠવી દઇશ."

"હા. તે પણ પેલું જુનું કબાટ છે તેમા ગોઠવજે. નવા ને ભપકાદાર કબાટો છે તે સઘળા તમે મુંબઇ રાખજો. મારે ભપકાની હવે શી જરૂર છે? મારે તો હવે 'બહોત ગઇ ને થોડી રહી' માટે હવે મને રજોગુણ નહી જોઇએ. મારી પાછલી અવસ્થા માત્ર નિવૃત્તિથી ધાર્મિકપણામાં પસાર કરવાનોજ મારો વિચાર છે, અને અહોનિશ ભગવત સ્મર્ણમાં હું મારા પાછલા દહાડા પસાર કરવા ઇચ્છું છું. આ સંસારની માયા ને મમતા હવે મારે જોઇતી નથી.

એતો "ભલું થયું કે ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ." ઇશ્વરે જેવું મનમાં હતું તેવુંજ કર્યું છે. એ પણ આનંદનીજ વાત છે."

ભક્તિબાઇની આંખોમાં આંસુ આવ્યાં, અને તેણી બોલી "ભગવાન આપનાં પેહેલાંજ મને ઉપાડી લે, એટલુંજ હું પણ માંગું છુ."

"તે તો જે ભાગ્યમાં હશે તે થશે. જન્મ ને મરણ કંઇ કોઇના હાથમાં નથી. પણ તે તો માત્ર શ્રીહરીના હાથમાં છે, માટે તેનુજ સ્મર્ણ કરવુ કે તેજ સર્વ પ્રકારે કૃપાળુ થઇ આપણા જીવનું કલ્યાણ કરે."

આવી રીતે ધીરજ અને શાંતિની વાતો કીધાં પછી ભક્તિબાઇ પોતાનાં ઘરના કામકાજમાં ગુંથાઇ, અને પવિત્રદાસ એક ધારમિક પુસ્તક લઇ વાંચવા બેઠા.

સુરતીલાલ પોતાના ઓરડામાં પોતાની પ્રિયા સાથે મુંબઇનીજ વાતો કરતો બેઠો છે. તે પ્રેમવતી પ્રત્યે કહેવા લાગ્યો "તને મુંબઇમાં ઠીક મઝાહ પડશે જો !"

"હુ તો ત્યાં મઝાહ માનતીજ નથી, પણ સુરતમાંજ મઝાહ માનુ છુ, અને મારૂ જો ચાલતુ હોય તો હુ કદી પણ સુરતને છોડુંજ નહીં. જે સુખ સુરતમાં છે તે શું મુંબઇમાં મળનાર છે કે ? અરે મુંબઇનો તો માત્ર આપને મોહ છે, પણ ત્યાં ગયા પછી આપ પોતેજ સુરતને નહીં શભારો તો મારૂં નામ નહીં !"

"અરે પણ તું તારી માના મ્હોં આગળ જશે તો તેથી શું તને આનંદ નહી ઉપજે કે ? તું પણ શું વિચિત્ર વિચાર જણાવે છે !"

"મા તો જન્મનીજ માત્ર આપનારી છે પણ તેણી કંઇ જીંદગીની સાથી નથી, પણ જીંદગીના સાથી તરિકે તો માત્ર આપજ છો, તો મારે માત્ર આપનીજ નજર આગળ નિવાસવામાંજ આનંદ

ાનવાનો છે. જો આપ મુબઇ નહીં જતાં અત્રેજ રહો તો તેથી
ારા મનને અધિક આનંદ થાય, એ આપ ચોક્કસ માનજો
ાણનાથ !"

"સમજ્યો, ત્યારે એમજ કે મુંબઇ જવાનું તારૂં મન નથી !"

"એમજ; કેમકે સુરતમાં જે સુખ ને સંતોષ છે તે મુંબઈમાં
દી પણ પ્રાપ્ત થવાની આશા હું તો રાખતીજ નથી ! મુંબઇ તો
વે પ્રકારે અસંતોષનું સ્થાન છે. તેમાં પણ અમો સ્ત્રીઓને તો ત્યાં
રેટલે બધો વાંધો નહીં આવે; કેમકે ભટ, ચાકર વગેરે ઘરમાં હોવાથી
મારે તો પગપર પગ ચઢાવીને નિરાંતે બેસવાનું, પણ તમોને રાત
દિવસ ઘાંચીના બળદ માફક કામ કાજમા પીલાવાનું ! મુંબાઈમાં
રૂષોના જીવને તો શાંતિ કે સુખ હોતાંજ નથી."

"ઓહો ફક્ત એટલુંજ કેની ? મને શુખ નહીં મળે, પણ તને
ખ મળશે તોપણ શુ ખોટું છે ? તું ને હુ એકજ છીએ, અને
ાપણે બને પરસ્પર સુખ દુઃખના ભાગિયાજ છીએ, માટે તને સુખ
ળે કે મને મળે તો તે એક સરખુંજ સમજવાનું છે."

"પણ ત્યારે મુંબઇ જવાને આપ શા માટે કુદી રહ્યા છો ?"

"ત્યા જઇ કોઇપણ સારો ને સુખી થવાનો ધંધો કરવા માટે."

"તેવો સારો ને સુખી થવાનો ધંધો તો આપ અહીં પણ
રોજ છો."

"અહીંનો, હાલનો ધંધો જોઇએ તેવો સંતોષકારક ચાલતો
થી !"

"પણ રોટલા ખરચ તો ખાશી રિતે મળે છેની ?"

"તે તો મળે છે, પણ વધારે બચાવી શકાતું નથીને !"

"વધારે બચાવી શકતાં નથી તો થોડું તો બચાવોજ છોની ?"

"હા. અત્રે ખાતાં પીતાં ખરચ કહાડતાં બાર માસે આસરે ૫૦૦ રૂપરડી બચાવી શકાય છે. તે ઉપરાંત વધારે બચાવી શકાતું નથી."

"એટલા બચાવો છો તો તે પણ શું આજના વખતમાં ઓછા છે? અરે આવા કપરા કાળમાં તો રોટલા મળે ને માથે કરજ નહીં હોય તો તેના જેવા સુખી બીજા કોઇજ નહી. તમે તો ઇશ્વરનો ઉપકાર માનો કે ખરચ કહાડતાં પણ દર વરસે સુમારે પાંચસો રૂપિયા પણ બચાવો છો, જ્યારે બીજાં કેટલાકો તો રોટલા માટે પણ રડે છે! તમારી પાસે જે રોકડ, દાગીના અને કીમતી કપડાં લત્તાં, સુંદર રાચરચીલો છે. તે તમે તમારા હાલના ધંધામાંથીજ મેળવ્યું છે? તો તે શુ ખોટુ છે કે, ચાલતી રોજીને ડેસ મારીને તમે મુંબઇ જવાનુ પસદ કરો છો? અહી તો તમે ગાડી, ઘોડે ફરી બાદશાહી ભોગવો છો, અને મુંબઇમાં તેવી બાદશાહી મેળવતાં ઘણી વાર લાગશે વાર! અરે અહીં તો ભલભલા ધનવાનો ને મોહટા મોહટા ઓદ્દેદારો પણ તમોને ભાઇ સાહેબ, ભાઇ સાહેબ, કરતાં તમારે બારણે આવે છે, અને મુંબઇમાં તો એવા લોકો છે કે ગમે તેવા શેઠીયાની પણ કોઇ દરકાર કરે નહી! ત્યાંનાં લોકો–ગરીબો કે તવંગર–સૌ પોતપોતાનાં મનમા પોતાને બડેખાં સમજે છે, અને તેઓ કોઇ કોઇની દરકાર કરતા નથી. તેવા સ્થાનમાં જઇને રહેવું, એ તો મારા વિચાર પ્રમાણે સુખનો જીવ દુઃખમાં નાંખવા બરાબર છે, અને હાથે કરીને એક નકનાં દ્વારમાં મ્હોં ઘાલવા સમાન છે! સમજ્યા! પ્રેમવતિએ મુંબઇને ધીક્કારતાં લબાણથી કહ્યું.

"સમજ્યો, બધું સમજ્યો. તારી વાતનો સાર એજ છે કે

તને પોતાને મુંબઇ જવાનુ ગમતુ નથી તેમાં તુ તરેહવાર પથરા નાંખ્યા કરે છે! પણ એવા તારા પથરાઓને હું કઇ ગણકારવાનો નથી. હું તો મારૂં ધારેલુંજ કરીશ, અને મુંબાઇ જઇશ. તને જો નહીં આવવું હોય તો મને કંઇ તારી જરૂર નથી. તું મારા પિતાજીની પાસે અહી ભલે રેહેજે." સુરતીલાલે બેદરકારી બતાવતાં કચ્યુ.

"આપ આ શું બોલો છો! આપ ત્યાં જાઓ, અને હું અહીં રહું કે? એ તે બને ખરૂં કે? એ તો જ્યાં આપ ત્યાં હું. મારે મારાં પોતાના સુખનાં કરતાં પ્રથમ આપનું સુખ વિચારવાનું છે, અને આપનાં સુખને ખાતરજ મુંબઇ કરતાં સુરતને હું વધારે પસંદ કરૂં છું. આપ તો મારાં બોલવાનો તદનજ અવળો અર્થ ઉડાવો છો! પણ તેવો અવળો વિચાર કરવા કરતાં સવળો અર્થ ઉડાવો તોજ આપને મારાં કહેવાનો ખરો મર્મ સમજાશે. મને તો મુબઇમા સર્વ પ્રકારે સુખજ થશે ને તેમાં વળી મારી માતાની નજર આગળ હું રહીશ તેથી મારા સુખનો પારજ રહેશે નહીં, પણ જે પરિતાપ છે તે આપનેજ વેઠવાનો છે, અને તેનેજ માટે મને સંતાપ થવાથી હું આપને આટલી બધી વાતે વિનવું છું. હજી પણ હુ અરજ કરૂ છું કે આપ સમજી વિચારીને મુંબઇ જવાનો મોહ મુકી દો, તોજ સારૂં પછી તો આપ મોહટા છો! આપને જેમ યોગ્ય લાગે તેમ કરવાને આપ મુખત્યાર છો! હવે આપને વિશેષ કહેવાની કે રોકવાની મારી શક્તિ નથી, માટે મારાં કહેવાથી જો આપને ખોટું લાગ્યુ હોય તો માફ કરશો. સાધ્વી પ્રેમવતિએ શુદ્ધ અ:તકરણથી પતીભક્તિનુ દીર્ઘ દર્શાણુ કરાવતાં કહ્યુ.

"હવે હું તારૂં વધારે ભાષણ સાંભળવા માંગતોજ નથી, સુરતીલાલે છેલ્લે પાટલે બેસતાં કહ્યું."

"તો ભલે! જેમ આપની મરજી! હવે એક શબ્દ પણ

નહીં બોલું."

"બસ, તેજ સારી વાત! વધુ બોલવાની જરૂરજ નથી."

"ઠીક" એટલું કહીને પ્રેમવતિ શાંતપણે તે ઓરડામાંથી પાછલા ઓરડામાં ગઇ. મુરતીલાલ સ્વતઃ વિચાર કરવા લાગ્યો કે "મારી પ્રિયાના મગજમાં તો કોણ જાણે સુરતમાંજ મોહટો લાડવો દાટેલો હોય એમ સમજાય છે. તેણીને સુરતમાંથી ખસવું મરવા જેવુ લાગે છે, અને મને પોતાને સુરતમાં રહેવું તે મરવા જેવું લાગે છે! આ પિડા પણ જબરી! તોપણ હરકત નહીં. તેણીને મુંબાઇ લઇ ગયાં પછી સારી રીતે તેણીની મરજી સાચવીને વરતિશ એટલે તેણી સુરતને ભૂલી જશે ને પછી રાજી થશે. તેણીનામાં એક એટલો ગુણ છે કે, મનમાં મેલ નથી ને ખુલ્લા દિલનો તેણીનો સ્વભાવ છે, તેથી તેણીના મગજમાંથી સુરતનો મોહ કાહાડતાં કઇ વધારે વાર લાગનાર નથી. વળી તેણી મારી આજ્ઞાને પણ અનુસરીને ચાલનારી છે, જેથી તેણી મારે માટે અમતોપી તો રહેનારજ નથી. તેમ છતાં બૈરાંઓના જીવ છે, તે ઉપલક સમજમાં ગમેતેમ દોરવાઇને ગમે તેવા વિચારને વશ થાય, એ સ્વભાવિ છે. થઇ રહેશે, તેણીને તો ગમેતેમ મનાવી દેવાશે," આગ વિચાર કરતાંજ પ્રેમવતિ કંઇક લેવાને તે ઓરડામાં આવી તેને જોતાંજ મુરતીલાલે તેણીને કહ્યું "કેમ વાહલી, હવે કંઇ તારા મનનો ગુસ્સો ઉતર્યો કે હજી મગજમાં રોષ ભરાયલો છે?"

"વાહલા! આપ એ શું બોલો છો! આપને માટે મને કદી રોષ હોયજ નહીં. એ તો આપને ખાલી વહેમ છે. રોષ શા માટે રાખવો? જેમાં આપ રાજી તેમાંજ હું રાજી ને મારો આત્મા પણ રાજી."

"ત્યારે હવે આપણી તમામ ચીજોનાં પોટલાં ને પેટીઓ તૈયાર

કરવાં છે તે તું ક્યારથી કરવા માંડશે? આજથી કે કાલથી?"

"જ્યારે આપ આજ્ઞા કરશો ત્યારથીજ કરીશ પ્રાણનાથ?"

"વારૂ ઠીક છે, આજે તો હવે જવાજ દે, આવતી કાલથી બધું પેક કરવું શરૂ કરજે."

"બહુ સારૂં પ્રાણનાથ," કહીને તેણી ત્યાંથી ચાલી ગઇ.

વળી સુરતીલાલ મનમાં વિચાર કરવા લાગ્યો કે "ગમે તેમ પણ મ્હારી પ્રિયા મ્હારી મનોવૃત્તિને માન આપીને વરતનારી પેહલા નંબરની આજ્ઞાંકિત છે, અને તેથીજ તેણીના તરફથી મને પરિપૂર્ણ શાંતી રહે છે, વાહરે સુજ્ઞ પ્રિયા વાહ! તું તારો પતિવ્રત્તા ધર્મ યથાર્થ પાળે છે! ધન્ય છે તને!" આમ મનમાંજ બોલતો તે પણ ઉઠીને રસોડામા ચા પીવાને માટે ગયો.

તેજ દીવસે, સાયંકાળે સત્યશંકર જોષીની સ્વારી ડોલતી. ડોલતી. આવી પોહોંચતાંજ સુરતીલાલે તેને સર્વ બીના કહી, અને પછી મુંબઇ જવાને માટે સારો દહાડો જોઇ આપવાને જણાવ્યું, જે ઉપરથી તે મહારાજે ટીપણું કહાડીને થોડીકવાર આમતેમ જોઇ ગણત્રી કરીને કહ્યું, "જુઓ ભાઇ, ધનતેરસનો દીવસ ઘણોજ સારો છે, અને તેને હવે વચમાં માત્ર ચારજ દિવસ બાકી છે, માટે તે દીવસે તમને જવાનું બની શકશે કે?"

"હા મોહોટી ખુશીથી. તેમાં કઇ વાંધો આવે તેમ નથી."

"તો બસ તેજ દિવસ સર્વોત્તમ છે. તેટલા વખતમાં તમારે જે પણ તૈયારી કરવી હોય તે કરી રાખજો કે થયુ."

એટલામાંજ ભક્તિબાઇ તે ઓરડામાં દાખલ થતાં બોલી, મહારાજ! સારામાં સારો દાહડો જોઇ આપજો કે મુંબઇ જઇને ભાઇ સુખી થાય, એટલે બસ, અમારા જીવને પણ તાડક વળે."

"ધનતેરસનો દાહડો સારામાં સારો છે માજી,"

"તો તેજ દાહાડે જઇશુ. તમે આશિર્વાદ આપો કે બસ."

"મારો તો સદા આશિર્વાદજ છે, ભાઇનું ભલું થાય, એટલુંજ હું ઇચ્છું છું."

આટલું કહીને સત્યશંકર ચાલ્યા ગયા, અને ભક્તિબાઇ પણ ત્યાંથી પાછળના ભાગમા ચાલી ગઇ.

બીજા દિવસથી પ્રેમવતિએ, ભક્તિબાઇએ અને સુરતીલાલે મળીને બીજા નોકર ચાકરોની મદદ લઇ ગાસડાં પોટલાં પેક કરવા માંડયાં, અને ત્રણ દિવસમાં, એટલે ધનતેરસના આગલા દિવસ સુધીમાં મુંબઇ જવાની તમામ તૈયારી કરી નાંખી.

ધનતેરસની રાત્રિની ગાડીમાં તેઓ ત્રણે મુંબઈ જવાને સુરતથી નીકળ્યાં, અને ઘરમાંથી નીકળતાં પેહેલાં તેઓ ત્રણે પવિત્રદાસના સમીપ જઇને તેમને પગે પડયાં, અને પ્રથમ ભક્તિબાઇ હાથ જોડીને બોલી, "પ્રાણનાથ ! આપની વૃદ્ધાવસ્થામાં આપને છોડીને અમારે દુર જવું પડે છે. તેને માટે અમને ઘણુંજ દુઃખ થાય છે. તેમ છતાં આપને જ્યારે પણ જરૂર જણાય ત્યારે તાર કરશો કે તરતજ અમો આવીશું ને આપની સેવામાં હાજર થઇશું. આપનાં શરીરની સંભાળ રાખજો, અને ખાવા વિગેરેનો સારો બંદોબસ્ત રાખજો, કોઇ પણ વાતની કસર કરસોજ નહીં આપ ભકિતવાન છો તો આપનું સંરક્ષણ તે શ્રી હરીજ કરનાર સમર્થ છે. આપ એકલા મુઝાશો નહીં, અને જરા પણ મુંઝવણ થાય તો તરતજ તાર દ્વારા મને બોલાવવાને અચકાશો નહીં,!"

તે પછી સુરતીલાલ પણ હાથ જોડીને બોલ્યો "પિતાજી ! આપનાં શરીરની સંભાળ રાખજો, અને અગર જો હું આપનાથી દેખીતો દુર જાઊં છું, તો પણ આપની પાસેજ છું, એમ માનીને આપ જ્યારે

પણ તેડાવશો ત્યારે હું આપની સમીપ સેવામાં હાજર થઇશ. આપની તબીયતને સાચવવાને તેમજ આપની મનમાનતી ખરદાસ્ત રાખવાને માટેમે તમામ નોકર ચાકરોને સખતમાં સખત તાકીદ આપી છે, અને તેઓ સરવે **નિમકહલાલ** હોવાથી તેઓ આપની સેવા કરવામાં કસર, નહીંજ આવવા દે, એવો મને ભરોશો છે. વળી ખરચની બાબતમાં પણ આપ જરાએ કરકસર નહીં કરતાં–ઉદારતાથી પૈસાનો ઉપયોગ કરજો. આપના આશિર્વાદથી પૈસા તો અમારા ભાગ્યમાં હશે તો ઘણાએ મળશે, માટે આપ આશિવાદ આપો કે અમારૂ ભલુ થાય,"

બાદ પ્રેમવતિએ પણ બંને હાથ જોડી નમન કરતાં કહ્યુ "સસરાજી ! આપના શરીરની બરાબર સંભાળ રાખજો."

છેવટ પવિત્રદાસે કોચ ઉપરથી ઉભા થઇ જણાવ્યુ. "તમો મારી યદકિંચિત પણ ફીકર રાખશોજ નહીં. મને કોઇ વાતે મુંઝવણ થાય તેમ નથી, યદી તેમ છતાં જો કદાચ તમારી કોઇની હાઝરીની પણ જરૂર જણાશે તો તત્કાળ તાર કરી તમને તેડાવીશ. તમો શિવાય મારે પણ બીજું કોણ છે ? તમો ત્રણેપર મારો પરિપૂર્ણ હક્ક છે. હું અંતઃકરણથી એટલુંજ ઇચ્છું છું કે તમો મુંબઇ જઇને સુખી થાઓ." કહીને પવિત્રદાસે પોતાના પુત્ર પ્રત્યે નિહાળીને તેને ભલામણ કરી કે "જો દીકરા ! આ તારી ભલી ને ઘરભિરૂ જન્મદાત્રીની બરાબર સંભાળ રાખજે, અને એને કોઇ વાતનું ઓછું આવવા દેતો નહીં. એજ અને આ તારી સૌભાગ્યવતિ પત્નિને હું ભલામણ કરૂ છું,"

"તે માટે આપ જરા પણ ચિંતા રાખશોજ નહીં." સુરતીલાલે તથા તેની સ્ત્રી પ્રેમવંતિએ એકે અવાજે જણાવ્યુ.

બાદ તેઓ નીચે ઉતર્યાં, અને ત્રણે જણાં ગાડીમાં બેસીને રેલવે સ્ટેશનપર ગયા. જ્યાં જઇ ટીકીટ કરાવ્યા પછી ટ્રેનમાં બેસી તેઓ **મુંબઈ જવાને** ઉપડયાં.

પ્રકરણ ૩ જું

દોહરા

મુંબઈમાં ત્રણે ગયાં, કીધો ત્યાં જઈ વાસ;
ધંધાની ધમાલમાં, સુરતીલાલ પ્રકાશ.
વેપારી વિખ્યાતિમાં, ચાલ્યું તેનું નામ;
વિધ વિધ દોડાદોડનાં, કરવા માંડ્યા કામ !

મુંબઇમાં પહેલું પગથીયું.

વાહરે મુમ્બાપુરી વાહ ! તારો પણ અજબ બહાર છે ! રાતને દાહડો ધંધાની ધમાલ, ઉંટીયા ઉથલ પાથલ. ગડમથલ અને રમણિક રસરંગનો રેલો ચાલતો ને ચાલતોજ ! જેનો ભાગ્યોદય થવાનો હોય તેને તો લીલાલેહેર, પણ જેનાં કમનસિબ હોય તેને તો મુંબઇમાં ઝેરનું પણ વેર ! “ભપકો ભારી ! દમામદારી ! ઠાઠમાઠથી ઠસાઠસ ! ધન્ય ધન્ય મુંબઈનાં નર ને નારી ! વળી “ભપકો ભારી ને ખીસાં ખાલી” એ પણ એક જાતની છાપ મુંબઇગરાઓને માથે ઉભેલીજ ! અને તેથીજ નાહાનાં છોકરાંઓ હાસ્યરસમાં બોલે છે કે “મુંબઇ માસ્તર, હાથમાં છત્તર ને ગજવામાં પથ્થર !” મુંબઇના ઘણા ખરા નિવાસીઓ જ્યારે

નાગો ભપકો કરીને બહાર નીકળે છે, ત્યારે જાણે મોહોટા લક્ષાધિપતિના ઘરનાં હોય તેવો રોપ બતાવે છે! પુરૂષો બડા છટાદાર ને સ્ત્રીઓ પણ ફક્કડ ફાંકડી ને ચાલે જાણે વાંકડી! "લટકા મટકામાં ચકચૂર ને ફેશનની શીશીયારીમાં ભરપૂર" "નખરાની નવાઇ ને કોઇ તો કહેશે કે અજબ છકેલાઇ" મુંબઇનું હાલ તરત આટલુંજ રૂપ દરશાવી હવે આપણી વાર્તા આગળ ચલાવીએ.

સુરતીલાલે મુંબઇ આવી પ્રથમ તો પોતાના એક સગાને ત્યાં મુકામ કીધો, અને પછી મકાનને માટે શોધ કરવા માંડી. કેટલાંક મકાનો પસદ પડ્યાં ને જગ્યા પણ સુગમતા ભરેલી સમજાઇ, પણ ભાડામાં વાંધો! જે જે જગાઓ પસદ પડી તેમાંની કોઇ પણ માસિક રૂપિયા પચાસનાં ભાડાંથી કમતીજ નહીં! અને બીજી કમતી ભાડાની જગાઓ હતી પણ તે ભાઇ સાહેબને પસદ પડતી નહોતી. સુરતમાં જેણે વિશાળ જગા વાપરેલી, તેને મુંબઇની સાંકડી ગલી કેમ પાલવે? હવે કઇ જગ્યા રાખવી તે માટે તેણે પોતાની પ્રિયાને પુછ્યું "વાહાલી! તારી નજરમાં કઇ જગ્યા વધારે પસંદ પડે છે? તુ પસંદ કરે તે જગ્યા રાખીએ."

પ્રેમવતિએ જણાવ્યુ કે "બનતાં સુધી સસ્તાં ભાડાંની જગ્યા રાખવી, અને હાલ તરત વધારે ખરચમાં પડવુ નહી, તમારો કોઇ, ધધો રોજગાર જામે ને પેદાસનુ સાધન મળે તે પછી યોગ્ય ખરચ કરવો."

"પેદાસ તો થવાની હશે ત્યારે થશે, પણ રહેવાને માટે સારી જગ્યા વગર તો ચાલેજ નહીં માટે હું તો કાલબાદેવીપર પચાસ રૂપિયાના ભાડાની જગ્યાજ નોંધાવીશ, તે જગ્યા દરેક વાતે સાનુકુળ છે.":

" પચાસ રૂપિયા ? મહિનાનાં ભાડાંનાં ભરશો તો બીજા રૂપિયા સો માસિક ખરચના સમજી રાખજો, અને તેથી દર માસે રૂ. ૧૫૦ નો ખરચ થવા જશે ? તે હાલ તરત કેવી રીતે ઉપાડી શકશો ? આવક કર્યા વગરજ જો ખરચના ખાડામાં ઉતરશો તો ડુબી જવાશે ને પાંચ પૈસા લઇ આવ્યા છો તે પૂરા પણ થઇ જશે ! માટે મારી તો એટલીજ અરજ છે કે, હાલ તરત કરકસરથીજ કામ લેવું."

" છટ, છટ ! એવી કસર મારાથી નહીં થાય. જે જોઇએ તેનાં વગર કંઇ ચાલેકે ?, એ તો ખરચનાં નસીબ મોહોટાં છે. ઇશ્વર સૌ આપી દેશે."

" તો ઠીક. જેમ આપની મરજી." પ્રેમવતિએ વધારે કહેવા માંડી વાળ્યું, કેમકે તેણી જાણતી હતી કે " એમના મગજમાં જે આવશે તેજ એ કરશે, માટે એમને વધારે કહેવું વ્યર્થ છે."

બાદ સુરતીલાલે કાલબાદેવીના રસ્તાપર એક સારી હવાવાળી જગા રાખી, અને ત્યાંજ તેણે પોતાનો ઘર સંસાર શરૂ કીધો.

એક સાંજના આશરે પાંચ વાગતે નવીનબાઇ ત્યાં આવી, અને સુરતીલાલ પ્રત્યે બોલી " તમે બહુજ મ્હોટાં ભાડાની જગા રાખી ! હાલ તરત આટલો મ્હોટો ખરચ કેવી રીતે ઉપાડી શકશો ? આવક થાય તો સારૂ. ધંધા રોજગારને માટે વિચાર કરો, કમાઓ, અને પછી ખરચ કરો તો સારૂં."

" ધંધાને માટે તો બધી ગોઠવણ કરી રાખી છે."

" શું ગોઠવણ કરી છે ને કયો ધંધો પસંદ કીધો છે ?"

" મારો વિચાર એવો છે કે રૂની દલાલી કરવી. તે ધંધામાં સારી કમાણી થશે."

"પણ તેમાં તો સારો લાગવગ જોઇએ, લાગવગ વગર ફાવવાની આશા રાખશોજ નહીં.

"લાગવગમાં તો સુરતનાં રૂના વેપારીઓ મારા ઓળખીતા છે, હાલ તેઓ મને સોદા આપશે ને પછી ધીમે ધીમે આગળ વધી શકીશ."

"તેમ, જો તમોને હોય તો એ ધંધો સારો છે, પરંતુ તે ખુશામતનો ધંધો છે. માટે તે તમારાથી બની શકશે?"

"તે તો બનશે. તેમાં કાંઇ મોહટી મુશકેલીની વાત નથી."

"ત્યારે તો ઘણું સારૂં, ઇશ્વર તમને તેમાં મદદ કરે." કહીને નવીનભાઇ પોતાને ઘેર ગઇ.

બીજે દિવસે સુરતીલાલ ભપકાદાર વસ્ત્રો સજીને કોલાબે રૂની જગ્યાપર ગયો, જ્યાં તેને સુરતના કેટલાક વેપારીઓ મળ્યા, જેમની સાથે તેણે છટાથી વાતચીત કરી પોતાનો હેતુ જણાવ્યો, અને પોતાને દલાલીના સોદા આપવાની માંગણી કરી; જેના ઉતરમાં તેઓએ સુરતીલાલને, મોંઢેથી મીઠાઇ પીરસી, સારી આશા આપી, અને તેથી સુરતીલાલની ખાત્રી થઇ કે "હું આ ધંધામાં ફાવી જઇશ, અને ધીમે ધીમે દિપી નીકળીશ." આમ ફુલાતો તે પોતાને મકાને પાછો આવીને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો "વાહાલી, ઇશ્વર કરશે તો હું મુંબઇમાં ફાવી જઇશ."

"એકજ દિવસમાં આમ શા ઉપરથી આપ કહી શકો છો?"

"કેટલાક વેપારીઓની મુલાકાત લેતાં તેઓએ મને સારો આધાર આપવાની આશા આપી છે, અને તેઓ મને ધંધામાં મદદ આપશેજ, કેમકે તેઓ આપણાં સુરતના વતની છે, અને મારી તરફ તેમની લાગણી પણ સારી છે.

"તે બરાબર છે, પણ જેમ બોલ્યા તેમજ તેઓ કરે ત્યારે."

"તે તો તેઓ કરશેજ તેમની સાથે મારો લાગવગ પણ સારો છે."

"તો ઘણી સારી વાત. ઇશ્વર કરે ને તમારો ધંધો સારો ઝામે."

"ભગવત સારૂંજ કરશે." કહીને સુરતીલાલે કહ્યું, "આજે ગાડીમાં બેસીને આપણે દરીયા કિનારાપર હવા ખાવા જઇએ. કેમ, ઠીક કેની?"

"હું તો ઉઘાડી ગાડીમાં નહીં બેશુ. મને તો શરમ લાગે."

"મેર મુરખિ! એમાં વળી શરમ શાની? મારી સાથે ઉઘાડી ગાડીમાં બેસવાની શરમ! છટ નોનસન્સ! તારા વિચાર પણ જંગલી જેવાજ રહ્યા!"

"આપણી ન્યાત જાતના કોઇ જુએ તો શરમ નહીં લાગે કે?"

"મુદલ નહીં, પતિ પત્નિ ગમે તેવી ખુલ્લી રીતે ફરે તેમાં કોઇની ચોરી શાની હોય? એવી શરમ તો સુરતમાં, પણ મુંબઇમાં નહી. આ મુંબઇ શહેર તો સુધારાનું સ્થાન છે, અને અહીંનાં લોકોમાં એવી વાતની લાજ શરમ છેજ નહીં."

"તે ભલે હોય, પણ મને તો શરમ લાગે, માટે તમે એકલાંજ જાઓ."

"જો વાહલી! તું આવી રીતની હઠ કરે તે તો મને પસદ નથી. અને મને પોતાને એવી હોંસ થાય છે કે, મુંબઇમાંજ મોજ મજાહ કરવી, અને સદા આનંદમાં રહેવું, પણ તું તો તેથી તદન વિરૂધ્ધજ છે, એ કેમ પાલવે! એવી તારી આડાઇ શું કામની? તારે તો જેમ હું કહું તેમજ કરવુ જોઇએ."

"બીજી બધી બાબતમાં આપની આજ્ઞા સ્વિકારવાને હુ તૈયાર છું, પણ આવો સુધારો મને પસંદ નથી, અને એવી મને ટેવ

પણ નથી ?"

"તને ટેવ નથી માટેજ તને ધીમે ધીમે ટેવ પાડવાની હું તજવીજ કરૂ છું. આસ્તે આસ્તે એમ કરતાંજ તારી શરમ છોડાવીશ. સમજી ?"

"પણ આજે તો માફ્જ કરો. વળી આગળ ઉપર થઇ રહેશે."

"વારૂં ઠીક છે, આજે તારી મરજી નથી તો ભલે, હું એકલોજ જઇશ."

"અને આપ ફ્રી કરીને પાછા ઘેર કયારે પધારશો પ્રાણનાથ?"

"પાછાં આવતાં કદાચ વાર પણ થાય; કેમકે સુરતનો મારો પેલો મિત્ર મોહન. અત્રે રહે છે, તેને મળવા જવાનો મારો વિચાર છે."

"ત્યારે તો વાળુ કરીનેજ જાઓ તો ઠીક, કે મોડું થાય તો હરકત નહીં."

"બહુ સારૂ તેમ કરીશ, તુ રસોઇ ઝટપટ કરી નાંખ."

"રસોઇ તો લગભગ તૈયાર થવા આવી છે પ્રાણનાથ, હમણાં આપને જમવાને બોલાવુ છુ," કહીને પ્રેમવતિ રસોડામાં ગઇ.

સુરતીલાલ સ્વતઃ વિચાર કરવા લાગ્યો કે "એ ઘણી શરમાળ છે, માટે એની શરમ મારે આસ્તે રહીને મુકાવવીજ પડશે" એટલામાં ભોજનની તૈયારી થતાંજ તે જમવાને ગયો, અને જમીને પછી પોતાના મિત્ર મોહનલાલને ત્યાં પહોંચ્યો.

સાયકાળ થયા પછી રાત્રિના શુમારે સાતેક વાગ્યા હતા, અને મોહનલાલ પણ જમી ખાઇને નિરાંતે પાન ચાવતો બેઠો હતો, એટલામાં સુરતીલાલને આવતો જોતાંજ મોહનલાલે પૂછ્યુ "ઓહો! તું વળી કયાંથી! સુરતથી કયારનો આવ્યો છે"?

"બે ત્રણ દિવસ થયાં, અને અહીંજ જાથુક રહેવાનો છું.

કાલબાદેવીરોડપર મકાન રાખ્યું છે, અને હવે અહીંજ ધંધો કરવાનો ઠરાવ કીધો છે."

"એમ કે! ત્યારે તો ઘણી ખુશીની વાત. હવે આપણી જુની દોસ્તી પુનઃ નવા રૂપમાં શરૂ થશે, અને મને પણ અહી તારી સોબત મનગમતી મળી ગઇ."

"તેવીજ રીતે મુંબઇમાં મને પણ કોઇ સોબત નથી તેથી તારી સોબત ઠીક મન ભાવતી મળી. અરે તારૂં મકાન મને તો માલમ નહોતું. પણ તારૂં એડરેસ મને યાદ હોવાથી પૂછતાં પૂછતાં છેક કેટલી વારે પત્તો લાગ્યો? બોલ, હવે બીજી શી ખબર છે? મુંબઇમાં તો તને બડી મઝાહ પડતી હશે?"

"આ યસ–ખાઇ, પીને ચેન કરૂં છું. સહવારના દશ વાગે ચાકરીપર જાઉં છું તે સાંજે પાંચ વાગે ઘેર આવું છું. પગારના દર મહિને સો રૂપિયા આવે છે, અને તે ઉપરાંત સટ્ટો કરૂં છું તેમાં દર માસે સો-બસો કે વધારે પણ મળે. એટલે પછી મારે બીજું શું જોઇએ? પચાસ રૂપિયાનો ઘર ઘર ખરચ છે, અને સોએક રૂપિયાનો બાહારનો મોજ મઝાહનો ખરચ છે. એમ પરમેશ્વર મારૂં નભાવે છે."

"મોજ મઝાહ પાછળ દર મહિને સો રૂપિયા! એટલા બધા શામાં ઉરાડે છે?"

"શામાં ઉરાડું છું? ચાલ, તે હમણાંજ તને બતાવું છું. હું હમણાં બાહાર ફરવા જવાનેજ નીકળું છું, અને તું પણ મારી સાથ ચાલ."

"અને પાછા કયારે આવીશું? ઘણી રાત તો નહીં જાયની?"

"સુમારે દશેક વાગશે. અરે તું જો તો ખરો. તને ત્યાંથી

ઉઠવું પણ નહીં ગમે ને તું પણ ખુશ થઇ જશે! હમણા વધારે બોલવાનું કામ નહીં. તું તે માણસને જોશે ત્યારે ખુશ થઇ જશે ને તને પણ ત્યાં દરરોજ આવવાનો ચડસ થશે?"

"તે માણસ કોણ છે, અને તેનું નામ શું તથા તે શું ધંધો કરે છે?"

"તે તો એક નાયકણી છે, અને..........................

"હે! નાયકણી! વેશ્યા! રાંડ! સુરતીલાલ અચકીને બોલ્યો "ત્યાં તો હું નહીં આવું."

"કેમ, ત્યાં આવવાને કંઇ વાંધો નડે છે કે શું? તે તો આપણા ઘર જેવું છે."

"પણ રાંડને ત્યાં આવવું, એ તો મહા ખરાબ? એમ કરતાં કોઇ જુએ તો આબરૂ જાય! આપણા જેવાને માટે રાંડને ત્યાં જવું શોભેજ નહી ભાઇ!"

"અરે તુ તો ઘેલો છે! મુંબઇમાં કંઈ એ વાતની વધારે હરકત જેવું નથી, એ તો થાક્યા પાક્યા બે ઘડી આરામ લેવાની જગ્યા છે, આખો દહાડો કામકાજ કરીને થાકી જઇએ તો પછી બે ઘડી માણસને મોજ પણ નહીં જોઇએ, શું?"

"પણ તેમાંથી આગળ જતાં ખરાબિજ નીપજેની! એ રસ્તોજ સારો નહીં."

"શા માટે સારો નહીં! મને તો તેણીને ત્યાં જતાં પાંચ-સાત વર્ષ થયાં, અને મને તો તેટલા વખતમાં કંઇ પણ માઠું પરિણામ આવેલું જણાયુ નથી. તો પછી શું ખોટું છે?"

"તો પણ આખરે ખુવાર થવાનોજ એ અનીતિનો રસ્તો છે."

"ખુવાર કોણ થાય છે? કે જે હદ કુદાવીને જાય છે! તે; પણ

હદમાં રહીને કંઇ પણ મોજ કરવી તેમાં ખુવાર થવાનુંજ નથી અરે તું આજે મારી સાથે ચાલતો ખરો, પછી તુંજ કહેશે કે ' અચ્છી મોજ મળી' ! ચાલ ઉઠ, "

તરતજ તેઓ બંને ઉઠ્યા, અને ગીરગામ તરફ એક ભાડુતી 'વિક્ટોરિયા'માં બેસીને ગયા, ત્યાં મોહનની નાયકણીનું મકાન આવતાંજ તેઓ ગાડીમાંથી ઉતરીને ઉપર ગયા.

" આ કોણ છે ? " નાયકણી બાળાએ સુરતીલાલને જોતાંજ મોહનને પૂછ્યું.

" એઓ મારો દોસ્ત છે, અને સુરતથી અહીં આવીને રહ્યા છે," મોહને કહ્યું.

" તો આટલા દાહાડામાં તમે એને મારે ત્યાં કદી લાવ્યાજ કેમ નહીં ? "

" એઓ હમણાં બે-ત્રણ દીવસથીજ અહીં, આવી રહ્યા છે, અને જેજ મને મળ્યા એટલે હું એમને અહીં મારી સાથે લઇ આવ્યો. અરે એતો આવતાજ નહોતા. અને શરમાતા હતા ! મહા મુશીબતે આવ્યા ! "

" એમકે ! કહીને "નાયકણીએ સુરતીલાલ તરફ નિહાળીને કહ્યું" અહીં આવવાને શા માટે અચકાતાં હતા ? આ મકાન તમારૂંજ છે, એમ માનજો ને મુદ્દલ શરમ રાખશોજ નહીં તેમ અહીં કંઇ બીજા કોઇનો આવવા જવાનો પગ પણ નથી. માટે તમારે સુખેથી આવવું. "

" ઠીક. મોહનભાઇ સાથે આવ્યા કરીશ. " સુરતીલાલે ધીરે સ્વરે જવાબ દીધો.

બાદ નાયકણીએ પાનની પટ્ટીઓ કરવા માંડી, જે કરતાં તેણીએ

(ચીત્રનં-૩) સુરતીલાલ-મોહબ-અને, નાયકણી

અલબત્ત મારાં મિત્રનુ મકાન છે તેમારૂજ માનીસ(પા-૪૯)

નખરાળી વાણીથી સુરતીલાલને તરેહવાર સવાલો પૂછી તેને ખુબ રંગ પર ચઢાવ્યો, અને પછી તેણી ઉઠી અને બંનેને પાન આપી સલામો. કરી તે પછી મોહનનાં કહેવાથી તેણીએ ગાયન ગાવાનું શરૂ કીધું, જે સાંભળી સુરતીલાલ ખુશ ખુશ થઇ ગયો.

" તમારા સુરતમાં તો મારા કરતાં વધારે સારી ગાનારીઓ હશે? નાયકણીએ પૂછયું. "

સુરતીલાલ બોલ્યો " મને તેની ખબર નથી; કેમકે મેં કદી સાંભળ્યું નથી. "

" ત્યારે શું તમને ગાયનનો શોખ નથી ? "

" એટલો બધો નહીં; કેમકે તેવો પ્રસંગ હજી મને મળ્યો નથી."

ત્યારે તો હવે તમારા દોસ્તની સાથે દરરોજ આવ્યા કરશો, તો તમને પણ ગાયનનો શોખ સમજાશે ગાયન વિદ્યા પણ એક ઉત્તમ રાજવંશી વિદ્યા છે, અને જે ખરા શોખીનો છે, તેમને તો ગાયન કળાપર ઘણોજ ભાવ રહે છે. તમને પણ તેવોજ શોખ ધિરે ધિરે થશે. "

" ઠીક છે. જોઇશું. હવે મુંબઇમા મારે આ મારા દોસ્ત સિવાય બીજા કોઇની સોબત પણ નથી. તેથી એમની સાથે હુ દરરોજ આવ્યાજ કરીશ. "

" ઘણી ખુશીથી આવજો, મકાન તમારૂંજ છે, એમજ માનજો. "

" અલબત મારા મિત્રનુ મકાન છે તો તે હુ મારૂંજ માનીશ. "

આ પછી નાયકણીએ મોહન સામું જોઇને કહ્યું " આ તમારા દોસ્તને હવેથી દરરોજ તમારી સાથે જરૂર લાવ્યા કરજો ! સાંભળ્યુંકે ? "

" આવશે તો લાવીશ આજે તો મહા મુશીબતે લાવ્યો ! "

" હવે મુશીબત નહીં પડે. હવે તો ઓળખાણ થઇ છે તેથી એ આવશેજ, અને તેમ છતાં જો નહિ, આવે તો મને એમનું મકાન

બતાવજો એટલે હું એમને મકાને જઇને એમનો હાથ પકડીને બોલાવી લાવીશ." નાયકણીએ મશકરીમાં કહ્યું.

"અરે નહીંરે, હુ પોતેજ આવીશ." સુરતીલાલ ગભરાયો કે રખે આ વળી મારે ઘેર આવીને મારી ફજેતી કરે!" તેથી તેણે અધીરા પડીને જણાવ્યુ, મારે ઘેર આવવાની તસ્દિ લેશોજ નહીં. હું મારી મેળેજ આવ્યાં કરીશ."

"ત્યારે તો મોહટી મહેરબાની." નાયકણીએ જણાવ્યુ.

આ પ્રમાણે હાસ્ય વિનોદમાં તડાકા ચલાવ્યા પછી નાયકણીએ વળી પાછું એક ગાયન એવું તો સરસ ને છટાદાર ગાયુ કે તેથી સુરતીલાલ વધારે ખુશી થઈ ગયો, અને ધીમે રહીને બોલ્યો "વાહ! આ ગાયન તો બહુ મઝાનુ ગાયુ! બસ, દિલ ખુશ કરી નાંખ્યુ!"

"અહીં તો દરરોજ, દિલખુશજ થાય છે." મોહને જણાવ્યુ, "તું આવવાને આનાકાની કરતો હતો, પણ હવે કેમ રાજી થયો કેની?"

"અલબત. હું તો અતઃકરણથીજ રાજી થઇ ગયો છુ, અને હવે દરરોજ આવ્યા કરીશ. જો તુ મને મુકીને આવશે, તો પણ એકલો હુ આવીશ!"

"તમારૂ દિલ ચાહ્ય ત્યારે આવજો, અહીં જ્યારે પણ આવશો ત્યારે તમારે માટે બારણાં ઉઘડાંજ રહેશે." નાયકણીએ જણાવ્યુ.

તે પછી થોડીકવાર સુધી પ્રેમી જીવડાઓએ ગપાટા ચલાવ્યા બાદ તેઓ બંને ત્યાંથી ઉઠયા, અને પછી રસ્તામાં મોહને સુરતીલાલને કહ્યું "કેમ, દિલ ખુશ થયુ કે–નહીં?"

."વાહ! બડી મઝાહ મળી! તું કેહેતો હતો તેમજ દિલખુશ-કરવાનું, અને બે ઘડી જીવને આરામ મેળવવાનું, અને આખા દિવસના કંટાળેલા આવીને અત્રે બેઠા પછી દિલને આનંદ આપનારૂંજ આ સ્થાન છે, એમાં તો જરાએ શકજ નહી! તું આ રાંડની પાછળ મહિને સો રૂપિયા ખરચે છે, પણ તે એની તરફ જોતાં એનાપરથી કુરબાન છે! મને તો એનો સ્વભાવ ઘણોજ માયાળુ લાગ્યો! બોલવે ચાલવે પણ આનંદી છે, અને એની વાણી પણ મધુરી છે, જો દેખાવમાં પણ શું ખુબસુરત, રંગિલી, રસિલી ને મોહક છે, અને એનાં મકાનમાં એ શું મઝાની સ્વચ્છતા ને સુંદરતા રાખે છે! દિવાનખાનાંનો ઠાઠ પણ બડો ભપકાદાર છે! સુરતમાં તો કોઇ લખપતિ શેઠિયાને ત્યાં પણ એવો ભપકો નહીં હોય! ટેબલ, ખુરસીઓ, અને બીજો ફરનીચર પણ ફાકડો ને સુશોભિત છે, એકદરે, દરેક વાતે મનપસદ સ્થાન છે."

"અરે હજી તો જેમ જેમ તું એના સહવાસમાં આવતો જસે, તેમ તેમ તને એની ખરી ખુબીઓનો ખ્યાલ આવતો જશે!" મોહને ભાર દઇને કહ્યુ,

"તે તો છેજ. વધારે અનુભવે વધારેજ ખ્યાલ ઉપજે." સુરતીલાલે બિન અનુભવી પાણું જણાવતા કહ્યુ.

આ પ્રમાણે વાતો કરતાં તેઓ બન્ને ભુલેશ્વર આવ્યા, અને ત્યાથી તેઓ બંને છુટા પડી પોતપોતાને મકાન ગયા.

રાત્રિના સુમારે અગિયાર વાગી ગયા હતા, અને તેથી પ્રેમવંતિ પણ પોતાના પતિનાં આવવાની રાહ જોતી કંઇક ચિંતાતુર ચ્હેરે બારીમાંજ બેઠી હતી, એટલામાં દાદર ખખડયો, અને સુરતીલાલે, બારણું ઠોકી "ઉઘાડજે!" કરીને અવાજ કીધાથી પ્રેમવતિએ

બારણું ઉઘાડયું અને ઉઘડતાંજ પૂછ્યું "પ્રાણનાથ આજ કેટલી બધી વાર લાગી ! આટલી રાત સુધી તમારા દોસ્તારને ત્યાં શું કરતાં હતા ?"

"જરા સબુર કર—મને કપડાં ઉતારવા દે પછી તને નિરાંતે વાત કરૂં." કહીને સુરતીલાલે કપડાં ઉતારતાં વિચાર કીધો કે "હવે આજે જો આને ખરૂ કહીશ તો હમણાંજ મારા ભોગ ફરી વળશે ! માટે ગમે તેમ ખોટું ખરૂ અડાવીનેજ પતાવી દેવું પડશે !" આમ વીચાર કરી ને તેણે જણાવ્યુ "જો વહાલી ! એકતો તે મારા મિત્રનું મકાન શોધતાં શોધતાંજ લગભગ એક દોહોડ કલાક નીકળી ગયો ! મહા મુશીબતે રાતના છેક આઠ વાગતે તેનું મકાન મળ્યુ ને તેના ઘરના દાદર ચઢતાંજ પ્રથમ તો થાકી ગયો ! બાદ અધારે આશરે આશરે તેની રહેવાની, જગાએ પોહોંચ્યો તો ભાઇસાહેબ નિરાતે ખુરસીપર પડેલા હતા. મને જોતાંજ તે ઉઠીને મારી સામું આવ્યો, અને મારો હાથ પકડીને અંદર લઇ જઇ મને એક બીજી ખુરસીપર બેસાડયો. બાદ કલાકેક સુધિતો સુરતની ખબર અતરના ગપાટા હાંકયા. તે પછી મે ઉઠવા માંડયુ, તો પણ મને સોગન આપી આપીને બેસાડયો, બાદ વળી તેણે ચાહ કરાવી, અને તે પીતાંજ દશ વાગ્યા તે વખતે પણ ઉઠીને હું તો ઉભો થયો, પરતુ વળી ખેચતાણ કરીને મને બેસાડયો ને પછી ફોનોગ્રાફ વગડવા માંડયો, જે પછી છેક જોર જુલમથી હુ ઉઠયો, અન અહી આવ્યો. આમ ફસાઇ ગયાથી વાર લાગી ગઇ !" સુરતીલાલે ચણાના ઝાડ પરથીજ ભુરકો મારતાં કહ્યું"

"મને તો ફીકર થવા માંડા હતા. કહીને ગયા હોત કે મોડુ થશે, તો કઇએ ફીકર નહોતી."

"તે તારૂં કહેવું ખરૂ છે, પણ જયાં અકસ્માત રોકાણ થઇ

ગયું ત્યાં લાચાર ! તેના આગ્રહનો અનાદર કરીને પણ ઉઠવાનું ગોગ્ય લાગ્યું નહીં ”

“ તે તો બરાબર છે, ” કહીને પ્રેમવંતિ શાંત થઇ પછી તેઓ અંને રાત વધુ ગઇ હોવાથી, શયન કરી ગયા.

બીજે દિવસે પ્રભાતમાં સુરતીલાલ મારકેટમાં શાક ભાજી લેવાને ગયો, અને ઘણા ઉત્તમ પ્રકારનાં શાક લઇ આવ્યો.

શાકની ઝોળી ખાલી કરતાંજ ભક્તિમાઇએ પૂછ્યું. “ ભાઇ, “ આ કંટોળા શું ભાવ મળ્યાં? એ તો ઘણાં મોંઘાં મળ્યા હશે ? ”

“ હા, બા. ચાર આને શેર મળ્યા ને એક શેર લાવ્યો છુ. ”

“ અને આ પરવળના કેટલા પૈસા આપ્યા વારૂ ? ”

“ પરવળ છ આને શેર, ભીંડા બે આને શેર, અને ગુવાર છ પઇશે શેર. એમ ચાર શાક લઇ આવ્યો છું. ”

“ ઓહો ! આટલાં બધાં મોઘા શાક શુ કરવાને લાવ્યો દીકરા ? ”

“ મુંબઇમાં વળી સસ્તાં શાક મળે ખરાં કે ? એ તો એમજ ચાલે. ”

“ પણ સામટાં ચાર શાક લાવવાની શી જરૂર હતી ? ”

“ બે શાક અત્યારને માટે અને બે સાંજને માટે. ”

“ એક ટાંણે બબે શાક ! એ તો દેવાળું કહાડવાની વાત ! એવો ખરચ કેમ પાલવે ! સુરતમાં એક પૈસાનું શાક તારા બાપા લાવતાં હતાં તે સાંજ ને સહવાર બે વાર ચાલતું હતું, અને આ તો કેટલા બધા પૈસા થયા ! આવો ખરચ રોજ કેમ પાલવશે, મુંબઇમાં તું કમાવાને આવ્યો છે કે આવી રીતે ઉડાઉડનો ખરચ કરીને ખાલી થઇ જવું છે ? ”

“ એ તો બા જોની, મુંબઇનાં જેમ ખરચ મ્હોટા તેમ મુંબઇની કમાણી પણ મ્હોટી; માટે ખરચથી કંઇ ડરવાનું નથી. હું વગર વિચાર્યો ખરચ નહીં કરૂં એટલી તું ખાત્રી રાખજે. ”

“ ઠીક ભાઇ તું જાણે ને તારૂં કામ જાણે, મારૂં તો કહેવાનુ એટલુંજ છે કે જેમ બને તેમ ખરચ હાથ રાખીને કરશે તો એ પૈસા જાળવાશે તો તે તનેજ કામ લાગશે. ”

“ તે તારૂં કહેવું ખરૂ છે બા, પણ સારૂં ખાધાપીધાંથી કઇ ખુટતુ નથી, માટે ખાવાની બાબતમાં તો કદી પણ પેટ બાળવુંજ નહીં ”

“ વારૂં ભાઇ. તને જેમ સારૂ લાગે તેમ કર. ” કહીને ભકિતબાઇ ચુપ રહી.

“ લગભગ દશ વાગ્યાના સુમારે સુરતીલાલે ભોજન કીધુ, અને બાર વાગતાં પછી તે કોટમા ગયો, અને પ્રથમ તે પોતાના એક સુરતી મીત્રને મળ્યો, કે જેનુ નામ ડહાપણદાસ કરીને હતું. તેની સાથે વાતમાં વાત નીકળતાં સુરતીલાલે પોતે આદરેલા ધંધાની વાત પણ કહી.

“ તમારૂં કહેવું હું સમજ્યો. ” ડહાપણદાસે જણાવ્યું “ પણ મને નવાઇ લાગે છે કે સુરતનો તમારો સ્વતંત્ર, આબરૂદાર ને સુખી ધંધો મુકીને તમે મુંબઇમાં આવા ખુશામતીઆ ધંધાને કેમ પસંદ કીધો ! તમે જાણો છો ? ‘ **દલાલી ને કલાલી** ’ ઠીકા ઠીકજ ! મહા ખુશામત કરશો તોજ દલાલી થશે. તમારા જેવા સ્વતત્ર ને કડક મિજાજના માણુસથી દલાલી થવીજ મુશકેલ છે ! ”

“ તેમાં શું હરકત છે ? “ ચોરી છીનાળીની એબ છે પણુ કામ ધંધામાં કંઇ થોડીજ એબ છે ” એમાં હું, તો કઇ ખુશામત

જેવું સમજતોજ નથી."

"હું તે કહેતો નથી, પણ મારૂં કહેવાનું એટલુંજ છે કે, તમે અશલથી સ્વતંત્ર ધંધામાં રહ્યા છો, અને કોઇની ખુશામત કરવાને તમારૂં મગજ તૈયાર થાય, એમ હું ધારતો નથી, અને દલાલીનો ધંધો તો તદનજ ખુશામત કરવાનો છે, માટે તમારાથી ખુશામત થશે? જેણે જન્મથીજ ખુશામત કરી નથી તે શું હવે ખુશામત કરશે કે? અરે સુરતમાં તમો ખુરસી ટેબલપર બેસી સંખ્યાબંધ માણસોપર શેઠાઇ ભોગવનારા, અને અહીં દલાલીના ધંધામાં તો સહવારથી રાતના બાર વાગતા સુધી રવડીને લોહી ને પાણી એક કરવાનું! વળી દલાલ તો ગમે તેવો ધનવાન હોય, તો પણ તે સામુ આવીને નોકરની માફક ઉભો રહે અને ગ્રહાકને 'શેઠ સાહેબ' કરે! તેમ તમારાથી થશે કે? માટે છાના-માના અત્યારથીજ સમજી વિચારીને પાછા સુરત જાઓ, અને અહીં આમ ફાફાં ન મારતાં સુખેથી સુરત જઇને બેસો. તમારી ભાજી અહીં નહીંજ પાકે, તમે મારા અંતઃકરણના મિત્ર છો, અને જુના સંબંધી છો, માટેજ તમને આટલુ તાણીને કહું છું. મને નવાઇ લાગે છે કે મુંબઇ આવવાની સલાહ તમારા જેવા માણસને કોણે આપી! હું તો ધારૂં છું કે તમને કોઇએ પણ ખોટા લોભનો લાડવો બતાવ્યો છે!" પોતાનાં નામ પ્રમાણેજ ડહાપણદાશે ડાહપણભરેલાં શબ્દો કહ્યાં.

આ શીખામણના ને શુભેચ્છક વચનો સાંભળીને સુરતીલાલ તો ઠંડોગાર થઇ ગયો, અને થોડીક મિનિટ પછી તે બોલ્યો હીક, "તમારૂં કહેવું પણ ખરૂં છે."

"માફ કરજો ગુસ્સો નહીં લગાડશો હું તો તમારા ભલાંને

માટેજ આટલું બોલું છું માટે માઠું માનશો નહીં."

"નહીંરે એમાં કંઇ માઠું લાગવાં જેવું છેજ નહીં." કહી સલામ કરીને સુરતીલાલે રજા લીધી, અને ડહાપણદાસની વાતોથી તેના મનને એટલી તો ચટપટી થઇ આવી કે તે મુંઝાઇ ગયો, અને ત્યાંજ પાસેનાં એક બગીચામાં એક બાંકડાપર ઉદાસિત થઇ બેઠા બેઠા વિચાર કરવા લાગ્યો કે "ડહાપણદાસનું કહેવુંપણ સત્ય છે. દલાલીનો ધંધો ખુશામતીયો તો ખરોજ, અને રખડ-પટી પણ સહવારથી સાંજ સુધી કરવાનીજ! અને હું તો સુખવાસી જીવડો પડયો. મારાથી કોઇની તાબેદારી, ખુશામત કે ગુલામગીરી તો થવાનીજ નથી, અને દરરોજ બડેખાંઓને સલામ પણ ભરાવાની નથી. તેમ સલામ ભર્યા વગર અને શેઠ સાહેબ કીધા વગર કોઇ સોદો બતાવે પણ નહીં, તેમજ કોઇ દાદ પણ આપે નહી, એ પણ ચોકસજ છે, માટે હવે શુ કરવું ? હવે પાછા સુરત જવામાં તો શોભા નહીં. જાઉં તો મારી હાસી થાય અને નાક કપાય, તેમજ બધા ટુંપી પણ ખાય ! તે પણ મારાથી સંખાય નહીં, અને તેથી '**આ ફસ્યા ભાઈ આ ફસ્યા**' એમ મન વાળીને મુંબઇમાંજ રહેવું જોઇએ. વાત માત્ર એટલીજ છે કે, આ દલાલીનો ધંધો છોડી દઇને અહી કોઇ સ્વતંત્ર ધંધો શોધી કાહાડી તે ચલાવવો કે બસ પછી વાંધોજ નહીં. રળવું કમાવુ કે ખોવું તે તો નસીબાધિન છે. નસીબ પાધરૂં હશે તો અનેક બહાને મળશેજ મળશે. તેટલા માટે કોઇ સારો ધંધો શોધી કહાડવા માટે મોહનની સલાહ લઊં તે મુંબઇનો જાણીતો પણ છે, તેમજ બડો પોંહચેલો, છે તેથી તે પોતાના અનુભવથી મને કોઇ પણ સારો રસ્તો બતાવશે" આમ વિચાર કરીને તે ત્યાંથી ઉઠીને ટ્રામ્વેમાં બેસી, બીજે કોઇ

(ચીત્રનં.૪) સુરતિલાલ અને પ્રેમવંતી

પણતમે નડકામા વધારે શામાટે રખોછોવ્હાલા (પા. ૫૭

પણ ઠેકાણે નહીં જતાં પાધરો પોતાને મુકામેજ ગયો.

"કેમ પ્રાણનાથ, આજે તો કંઇ વેહેલા આવ્યા છો?" તેને આવતાંને વારજ પ્રેમવંતિએ પુછ્યું.

"હા. પાંચ વાગે પેલા મારા મિત્રને ત્યાં મારા ધધા સબંધનિ કંઇ વાત કરવા જવું છે, માટે રસોઇ વેહેલીજ કરજે વાળું કરીનેજ જઇશ."

"વારૂ પ્રાણનાથ" કહીને તેણીએ સુરતીલાલના મ્હોં સામું જોઇને પુછ્યુ "પણ આજે આપનો ચેહેરો કેમ ઉતરેલો લાગે છે."

"એ તો જરા કોટમાં, તડકામાં રખડયો તેમાં એમ લાગે છે."

"પણ તમે તડકામાં વધારે શા માટે રખડો છો વાહલા?"

"રખડયા વગર પૈસા ઘેર બેઠાં થોડાંજ મળવાના હતા?

"તે તો ખરૂં છે; પણ તમને ટાંટીયાતોડ કરવાની ટેવ નથી, માટે તમારી તબિયત બગડશે જો!"

"કઇ નહી. એ તો ટેવ પડતાં પડી જશે. એમાં કઇ મને પોતાને મોહોટી મુશીબત જેવું લાગતુંજ નથી વાહાલી!"

"પણ તમે હાથે કરીને સુખનો જીવ તો દુઃખમાંજ નાંખ્યોની!"

અરે એમાં દુઃખ શાનું છે? તને ખબર છે? "પેહેલાં સુખ તો પછી દુઃખ;" અને "પેહેલા દુઃખ તો પછી સુખ;" માટે હમણા કદાચ દુઃખ પડે તો તે સહન કરવું કે આગળ જતાં સુખ મળે ને પાછલી અવસ્થામાં નિરાંતે રોટલો ખાવાનો મળે આજ મારી તો પાકી સમજણ છે.

"ત્યારે દલાલીના કરતાં કોઇ બીજો ધંધો કરો તો?"

"મારો પણ તેવોજ વિચાર છે, અને તેને માટેજ કેટલીક મસલત કરવાને મારા પેલા મિત્ર મોહનને ત્યાં સાંજે જવાનો છું.

"હા તે મુબઇનો ઘણોજ માહિતગાર છે, માટે તે તમને સારો રસ્તો બતાવશે. વળી તે પોતે છે પણ ઘણોજ બાંહોશ, તેથી તેની સલાહ તમને વધારે સારી થઇ પડશે."

"તેથી તો તેની સલાહથી હવે કંઇ નવિન રસ્તો લેવાનો મેં નિશ્ચય કીધો છે. મારી સાથે તે ઘણોજ ઘાડો સંબંધ રાખે છે, માટે મારી સંપૂર્ણ ખાત્રી છે કે–તે મને કદી પણ નબળી સલાહ તો નહીંજ આપે."

"તેમ તો હું પણ ધારૂં છું" કહીને તેણી રસોઇની તૈયારી કરવા ગઇ.

આશરે છ વાગતે ભોજન કરીને સુરતીલાલ સારાં ભપકાદાર કપડાં પેહેરીને મોહનને ત્યાં ગયો, અને તેની સાથે કેટલીક વાતચીત કીધા પછી કહ્યું "ભાઇ, મુંબઇમાં કોઇ સ્વતંત્ર ધંધો કરવાનો તું બતાવે તો ઠીક થાય, આ દલાલીનો ધંધો તો મને ઠીક લાગતો નથી. બડો ખુશામતીયો ધંધો!"

"તે તો હું પણ જાણું છું અને મારી પણ તને એજ ભલામણ છે કે તું કોઇ બીજો ધંધો કરે તો સારૂં. બીજા ઘણાંએ ધંધા પડેલા છે."

"તું સલાહ આપે તે કરૂં, હું તો અહીંનો અજાણ્યો પડયો, તેથી કદાચ કોઇ અજાણ્યો ધંધો કરતાં કોઇ સોનેરી ટોળીના હાથમાં ફસાઇ જાઉં તો વળી પૈસા ગુમાવી બેસું! કેમ, ખરૂં કે ખોટું?"

"તે તો ખરૂં છે, ત્યારે હું તને રસ્તો બતાવું તેમ કર. આવતી કાલથી તું મને કોટમાં મારી ઓફીસમાં મળતો રેહેજે. હું નોટનો સટ્ટો કરૂં છું તેમાં તને પણ રૂખ જોઇને કરાવીશ. તે ધંધો સ્વતંત્ર અને મઝાનો છે.

" તો ઠીક જેમ તું સલાહ આપશે તેમ કરીશ. પણ મને તો તેની કંઇ સમજ નથી."

" તે સમજ તો હું તને આપીશ, અને તુ બે–ચાર દાહાડામાં સમજી જશે. પછી તો તારી પોતાની બુદ્ધિ પણ તેમાં ખીલી જશે, અને આગળ જતાં તું તારી મેળેજ ઉથલપાથલ કરવા માંડશે અગર જો તેમાં નફો ને નુકશાન બંને છે, તો પણ બજારને રંગ જોઇને અને સારા દલાલોની સલાહ લઇને જો થોડુ થોડું ખેડયા કરશે તો મહિનાના બસો–ચારસો રૂપિયા તો ઘણી સેહેલાઇથી તને મળી શકશે, એવો મને ભરોસો છે."

" તેટલા મળશે તો મને બહુ છે. વધારેની મારે જરૂર નથી. મારો ખરચ હાલ તરત નીકળ્યા કરશે તો હું સંતોષ પામીશ."

" અંહ! ખરચ તો રાંડીરાંડ ડોસી પણ મુંબાઇમાં મેળવી શકે! તેમાં શું મોહટી વાત!"

" બસ, બસ, બસ. મારે પણ શરૂઆતમાં તેટલીજ ઉમેદ છે."

" હવે આવતી કાલથી તું મને મળજે કે થયુ, બધુ સારૂંજ થશે, હવે તું જરા બેશ અને હું જમી લઉં, પછી આપણે બાહાર ફરવા નીકળીએ.

" ભલે, તું જમી લે હું તો જમીનેજ આવ્યો છું,

તરતજ મોહન જમવાને ગયો, અને સુરતીલાલ પોતાના હાથમાં તે દિવસનું એક ન્યુસપેપર લઇને વાંચવા બેઠો. થોડીવારમાં મોહન જમીને આવ્યો, અને પછી તેઓ બંને ઘરમાંથી નીકળીને પેલી નાયકણીને ત્યાં ગયા.

નાયકણીએ સુરતીલાલને જોતાંજ અત્યંત સંતોષ બતાવ્યો, અને તેણી બોલી " તમે વચન પાળ્યું, અને આવ્યા ખરા!"

" શું કામ નહીં આવું ? તમારૂં હેત છે તો આવવુંજ જોઇએ."

" મોહટી મહેરબાની " કહીને તેણીએ થોડી વારમાં પાન સોપારી આપ્યા પછી હાથમાં તંબુરો લઇને ગાવાનું શરૂ કીધું.

આ પ્રમાણે દોઢથી બે કલાક સુધી ગાનતાનની ગમ્મત ચાલ્યાં પછી તે બંને મિત્રો આશરે દશ વાગતાંને અમલે ત્યાંથી ઉઠયા, અને પોતપોતાને મકાને ગયાં.

" સુરતીલાલે તેજ રાતના પોતાનો નવો ધંધો શરૂ કરવાની ધારણાની બાબત પોતાની સ્ત્રીને જણાવી, જે સાંભળી તેણી વધારે નહીં બોલતાં માત્ર એટલુંજ બોલી કે " જે કરો તે ખુબ વિચારીને અને પૈસો ગુમાવાય નહીં તેવી રીતેજ કરજો. "

તાકીદે મંગાવો જુજ નકલોજ ાશલકમાં છે.

દ્રઢ શ્રધ્ધા અને ખરી ખંત શું નથી કરતી ?

વિરની ધૈયતા, ચતુરની ચાતુરાઇ, ભાગ્યનો ભાનુ અને પ્રેમની અદભુત આંટીઘુંટી યથાર્થ દરશાવનાર એક અતી રસિક નવલ કથા.

કુમુદ કુમારી.

વાંચવા લીધી કે પછી પુરી કર્યા વિના ચેનજ પડતું નથી, કારણ આ નોવેલથી બાળકને કર્તવ્યનો બોધ મળે છે સ્ત્રીઓને શિયળના પ્રભાવનું ગ્નાન થાય છે અને યુવાનોને મનવાંચ્છીત વાણી વિલાસના લાભ મળવા ઉપરાંત જીવન શિક્ષાનો સાક્ષાત્કાર સમજાય છે, જેથી બાળકોના પીતા સ્ત્રીઓના સ્વામી અને પંથના ગુરૂઓ તરીકે એક કાંકરે બે પક્ષી યાને એક પંથે દો કાજ સાધવા જોગ પોતાના સાધક વર્ગમાં આ " કુમુદ કુમારી " નોવેલનો નંબર સઉથી પહેલો ગણે છે, પાકાં સોનેરી પુઠાના દળદાર પુસ્તકની કીંમત રૂ. ૧-૪-૦ પોષ્ટેજ જુદું. મળવાનું ઠેકાણું.

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર-ચીમડાચોક-સુરત.

પ્રકરણ ૪ થું.

દોહરા

સુરતીલાલ થયો હવે, સટ્ટાબાજ સરદાર;
તેજી મંદી તે કરે, લોભ કરે લલકાર;
મનમાં ઈચ્છા એટલી, થાવું છે ધનવાન;
વ્યભિચાર કરતો થયો, બગડયો તે ગુણવાન!

મુંબઈનો બહાર!

મુંબઈના બહાર બંડા છે! ધંધા રોજગારની ધમાલ ધમધમી રહી છે. સટ્ટાના સપાટા પુર જોસમાં ચાલે છે. સહવારથી સાંજ સુધી વેપારની ઉથલ પાથલ જબરી ચાલી રહી છે. ગરીબો કે તવંગર–સર્વના મગજમા સટ્ટાનો સુસવાટ ફરફડી રહ્યો છે નાહના પગારના કે મોહટા પગારના નોકરો કે શેઠિયાઓ, વેપારીઓ કે વેહેવારીયાઓ, લુચ્ચા કે લફંગા. ભલા કે ભોળાઓ, ભાગ્યવંતા કે અભાગ્યાઓ, સર્વ કોઇ પૈસા

કમાવાનાં લોભમાં લપટાઇ તરેહવાર જાતના ધંધાના ધડાકા કરતા જોવામાં આવે છે, કોઇના આત્માને નિવૃત્તિ નથી, પણ પ્રવૃત્તિનોજ પ્રકાશ અહોનિશ જોવામાં આવે છે. જ્યાંને ત્યાં માત્ર પૈસાની રેલ છેલ ને ગાડી ઘોડાની દોડાદોડ! ઉદ્યમની ઉજ્વળતા અતિશય આનંદકારી તો ખરી, પણ ઘડીકમાં રંક ને ઘડીકમાં રાય, એજ મુંબઇની બલીહારી છે!

સુરતીલાલ પ્રભાતના પહોરમાં મ્હોંમાં દાતણ ચાવતો પોતાના મકાનની બારી આગળ ઉભો ઉભો વિચાર કરે છે કે "વાહરે મુંબઇ વાહ! તારો પણ બહાર અજબ છે! તારી ધરતીને ધન્ય છે! કોઇ પણ રીતે ઉથલ પાથલની ઉન્મત્તાઇનુ ઉત્તમ ધામ માત્ર મુંબઇજ છે, હું તો હજી દાતણ કરૂં છું, પણ બીજા હજારો માણસો, અને સેકડો ગાડીઘોડાઓ તો ક્યારના દોડાદોડી કરી રહ્યા છે!

ત્યારે માત્ર મારા જેવા આળસુઓ તો થોડાજ! માટે મારે પણ આળસુ નહીં રેહતાં હવે ઉદ્યમી રહી વેપાર રોજગારમાંજ જીવ રાખવો જોઇએ, કે જેથી મુબઇનો બહાર મને પણ ફળે ને મુંબઈ આવ્યામાં મારૂં પણ કંઇ વળે" આમ વિચાર કરી ઝટપટ દાતણ ફેકી દીધું ને મ્હોં ધોઇ તથા સ્નાન પુજા કરીને તે તત્કાળ ભૂલેશ્વર તરફ દરશન કરવાને ગયો, જ્યા થોડોક સમય ફરીને તાબડતોબ ઘેર આવી ભોજન કરી અગિયાર વાગતાંને સુમારે મોહનલાલની ઑફીસમાં ગયો.

"તેને જોતાંજ મોહને કહ્યું જો ભાઇ, આજે નોટનો વેપાર કરવાનો. સારો રગ છે, હમણાંજ દલાલો આવી ગયા, અને ગઇ કાલ કરતાં ચાર પાંચ આના ભાવ ગગડી ગયો છે, માટે મારો વિચાર એવો, છે કે એક લાખની નોટ આપણે ખરીદવી ઇશ્વર કરશે તો સાંજ સુધીમાં-

જ સો બસો રૂપિયા તારવી કહાડીશું. કેમ, શું વિચાર ?"

"તમારો જે વિચાર હોય તે ખરો. મારો વિચાર શું કામનો ? તમે મારી આગળ હાલ જે કંઇ બોલો છો "તે **ભેંસ આગળ ભાગવત**" જેવું સમજી રાખજો; કેમકે મને તો તમે જે બોલો છો તેનું કશું ભાન કે જ્ઞાન નથી ! તેટલા માટે તમારી નજરમાં આવે તેમ તમે તમારા વિચાર પ્રમાણે ચલાવ્યા જાઓ."

"જો ભાઇ, આ તો વેપાર છે, અને તેમાં વખતે નફો થાય કે ટોટો પણ આવે, જો કદાચ ન કરે પરમેશ્વરને ટોટો આવે તો તું મને બદલામી નહીં આપતો ! એ તો નસીબની વાત છે !"

"મોહન, એ તું શુ બોલે છે ! મને તારાપર પુણ વિશ્વાસ છે, અને તું જે કરશે તે મારા ફાયદાને માટેજ કરશે. એમ હું મારાં નનમાં સારી રીતે સમજુ છું, માટે તારી નજરમા જેમ આવે તેમ નિડરપણે કર, અને તેમાં નફો કે નુકશાન થાય તે તો મારાં નસિબની વાત ! તેમાં તારે માથે કંઇ પણ દોષ હુ મુકનાર નથી. એ તું ખાત્રિથી માનજે, બસ, સો વાતની એક વાત સમજી લેજે કે આડત ને અધિરાઇ બનેજ નહિં ? તેમાં પણ તારા જેવાં મારા દિલોજાન દોસ્ત, અને બધુ, સમાન મિત્રપર ભરોસો નહિ રાખુ, તો પછી હું મુંબઇમા કદી પણ આગળ વધુજ નહીં ! મુંબઇમા તો મને માત્ર તારોજ આધાર છે. માટે તને જેમ યોગ્ય લાગે તેમ તું કર."

"તો ઠીક છે. ભગવતનુ નામ દઇને આજેજ શરૂઆત કરૂ છુ."

"બસ એ તો "**હીંમતે મરદા તો મદદે ખુદા**" હીંમત વગર વેપાર થાયજ નહીં."

એટલામાંજ એક મારવાડી દલાલ આવ્યો, અને તેની પાસેથી મોહને એક લાખની નોટ ખરીદી, અને તે પછી મોહને સુરતીલાલને

કહ્યું "અત્યારે તો એક લાખનો સોદો કીધો છે, અને આજથી જે પણ વેપાર કરીશ તેમાં તારો ને મારો અરધો અરધ ભાગ. કેમ, ઠીક કેની ?"

"બહુ સારૂં. જેમ તારી મરજી. મેં તો સો વાતની એકજ વાત તને કહી છે કે તું જે પણ કરશે તે મારે કબુલ મંજુર છે."

"હવે તું એક કામ કર. અહીં બાજુમાંજ નોટનો બજાર ભરાય છે. ત્યાં જઇને આમ તેમ ફેરા મારતો રહે ને નજર નાંખતો રહે કે જેથી થોડાજ દાહડામાં તને તે ધધાનું જ્ઞાન થશે. અહીં બેસી રહેવાથી તું પ્રવિણ થશે નહીં, એ તો ધીમે ધીમે ધંધામાં માહિતગાર થતાંજ રહેવું જોઇએ."

"એ પણ ખરૂં છે નોટ બજારમાં કદાચ મારા ઓળખીનાં પણ કેટલાકો મળી આવશે. આપણા સુરતના પણ ત્યાં હશે ?"

"અરે ઘણાએ છે. કંઇ નહીં તો પચાસ સુરતીઓ હશે."

"ઓહો ! ત્યારે તો હું હમણાંજ ત્યાં જાઉં છું." કહીને સુરતીલાલ તરતજ ત્યાંથી ઊઠીને નોટ બજારમાં ગયો, જ્યાં તેને કેટલાક જાણીના સુરતીઓની સાથે સારી ઓળખાણ થતાંજ તેઓની સાથે તે સેહેજ-વારમાં ભેળાઇને હળીમળી ગયો, અને સાંજે સાડાચાર વાગતે નોટનો ભાવ કેટલોક વધેલો તેની જાણમાં આવતાંજ તે તાબડતોબ મોહન પાસે ગયો, અને કહ્યું "ભાઇ, બજારમાં દોડાદોડ થઇ રહી છે, અને ભાવ વધી ગયેલો જણાય છે. ત્યારે હવે આપણને નુકશાન લાગશે કે નફો ?"

"ભાવ વધે તો આપણને નફોજ મળે, કેમકે આપણે તો નોટ લીધી છે ? હમણાંજ આપણો દલાલ પણ કદાચ આવતો હશે."

"તેને મેં બજારમાં ફરતો જોયો હતો. બોલાવી લાવું ?"

"બોલાવવા જવાની કંઇ જરૂર નથી. તે પોતાની મેળે આવશે.".

એટલામાંજ તે દલાલ આવી ચઢયો, જેની સાથે મોહને વાતચીત કરીને પોતે લીધેલી નોટ વેચી નાંખી, અને દલાલનાં ગયા પછી સુરતીલાલને તેણે કહ્યું" જે નોટ આપણે શહવારે લીધી હતી તે વેચી પણ નાંખી."

"ત્યારે તેમાં આપણને નફો મળ્યો કે નુકશાન ?"

"અરે ચોખ્ખા, અઢીસો રૂપિયા આપણાં બે વચ્ચે મળ્યા !"

"એમ કે ? વાહ ? એ તો ઘણો મજાનો વેપાર ?"

"પણ કોઇ વાર કદાચ નુકશાન પણ આવે, એ તો સટ્ટો છે જો."

"તે તો છેજ, પણ એ તો હિમત રાખીને ખેડતાંજ રહેવું જોઇએ."

"આસ્તે આસ્તે રંગ જોઇને કર્યા કરીશું, વધારે કુદાકુદી કરવામાં સાર નહીં, પણ ધીરે ધીરે રગ જોઇને કરવાનું છે."

"જેમ તારી નજરમાં આવે તેમ કરજે હું તારા કામની વચ્ચે આવવા માંગતો નથી. હવે હું ઘેર જાઉ છુ, અને રાતના તારી પાસે પાછો આવીશ." કહીને સુરતીલાલ ટ્રામમાં બેસીને ખુશનુમાં ચેહેરે ઘેર ગયો.

"કેમ પ્રાણનાથ, તમારે માટે ચાહ કરૂ કે ?" પ્રેમવતિએ સુરતીલાલને આવતાં વારજ પૂછયુ.

"નહીં, ચા. તો કોટમાં હુ પીનેજ આવ્યો છું, પણ સાડા પાંચ વાગે જમવાની તૈયારી રાખજે; કેમકે જમીને મોહનને ત્યાં જવું છે."

"મોહનભાઇ સાથે ધધાની ગોઠવણ કરવાના હતા, તે કરી કે ?"

"અરે તે તો આજે ને આજે થઇ પણ ગઇ અને અમે ભાગમાં એક સોદો કીધો હતો તેમાં આજે ને આજેજ બંને વચ્ચે અઢીસો રૂપિયા નફો પણ કીધો !

"ચાલો સારી વાત તમારો ધંધો તમને ફળદાયક નિવડે ને મુંબઇમાં આપણે સુખી રહીએ, એટલે મુંબઇ આવ્યાનું સાર્થક થાય, અને ત્યારેજ તમારા પિતાજીને પણ આનંદ વરતે, તમારા પિતાજીને તમે હવે કાગળ લખીને વિદિત તો કરો કે, અમુક ધંધાની શરૂઆત તમે કરી છે. કે તે સાંભળીને હાલ તરત તેઓ, સંતોષ તો થાય."

"મારો પણ તેમજ વિચાર છે, હમણાંજ તેમને પત્ર લખું છું" કહીને સુરતીલાલે પોતાના પિતાજીપર પત્ર લખવા માંડ્યો.

"મુરબ્બિ શીરછત્ર પિતાજીની શેવામાં,

વિનંતી એ છે જે, હાલમા આપનો કૃપા પત્ર નથી. તે લખ-શોજી. બીજુ આજથી અત્રે હું મારા મિત્ર મોહનભાઇ સાથે નોટના ધંધામા ભાગીદાર તરીકે જોડાયો છું. પ્રથમ રૂની દલાલીમા પડવાનો વિચાર રાખ્યો હતો, પણ તે ધંધા માટે કેટલાકોએ સલાહ નહીં આપવાથી તે વિચાર માંડી વાળ્યો છે, અને આજથી નોટનો ધંધો શરૂ કીધો છે. આજે મુહુર્તમાંજ અમારા ભાગ ખાતે રૂ. ૨૫૦ ચોખ્ખા પેદા કીધા છે, અને આગળ જતાં આપના આશીર્વાદથી એ ધંધામાં ભાગ્યોદય થશે, એવી આશા છે. હાલ એજ વિનતિ. અત્રે સવ આરોગ્ય છે. આપનાં સુખ સાતાના સમાચાર લખતા રેહેશોજી.

લી. આપનો આજ્ઞાંકિત છોરૂ.

ઉપલો પત્ર તરતજ પોષ્ટમાં રવાના કરીને પછી સુરતીલાલ વખત થતાંજ જમી પરવારીને મોહનને ત્યાં ગયો "

"આપણે નોટ વેચ્યા પછી તરતજ ચાર આના બીજા વધી ગયા ! જો એકજ કલાક થોભી ગયાં હોત તો બીજા અઢીસો રૂપિયા વધારે મળતે ! આપણે પણ જરાક ઉતાવળ કરી !"

"પણ મેં કંઇ મારૂં ડહાપણ ચલાવ્યું હતું કે? હું તો તેમાં કાંઇ સમજું નહીં તેથી પાકો અભિપ્રાય મારાથી અપાયજ નહીં"

"ચાલો. જેટલું નશિબમાં હતું તેટલું મળ્યું. વળી બીજી વાર, વેપાર કયાં વહી જાય છે? એ તો દરરોજના જુદા જુદા રંગ આવ્યાજ કરે વળી આવતી કાલે કંઇ રંગ આવશે તો વળી કાઇ કરીશું. જો કાલે પાછો બજાર વધારે તેજી થશે તો આપણે એક લાખની નોટ, આંગ ઉપર વેચીશું."

"તે તને જેમ સમજ પડે તેમ તું કરજે. મને પુછવાની જરૂર નથી"

"તે તો હું જાણું છું કે મારા મતથી મારે સોદો કરવાનો છે, વાઃ ત્યારે હવે આપણે બાહાર ફરવા જઇશું? આવે છે ની?"

"હા. ચાલ. આપણે તો તું કહે ત્યારે તૈયારજ છીએ."

"તને પણ ફરવાનો ચડસ લાગ્યો ચાલો, એ પણ ઠીકજ થયું, તું મારી સોબતમાં ભળ્યો તેથી હવે મને પણ આનંદ થયો છે."

"અને મને પણ મુબઇમાં તારે વડેજ આનંદ મનાય છે, તું જો નહીં હોત તો હું જરૂર મુઝાઇજ જાત, અને મને મુંબઇમાં ગમતે પણ નહીં"

"આવતી કાલે તો રવિવાર છે, એટલે ઓફીસ જવાની પણ પિડા નથી.

"ત્યારે તો આવતી કાલે નોટ બજાર પણ બંધજ રેહશેની ?"

"કોટમાં બંધ રેહેશે, પણ અહીં કાલબાદેવીપર તો ભરાશેજ સોદા પણ થશે, સહવારના વિલાતના તાર ઉપરથી લેવાળી, વેચવાળી, નીકળશે ને તેથી ભાવમાં પણ થોડી ઘણી વધઘટ થશેજ"

"ઠીક ત્યારે હવે આપણે ચાલીશુ કે? આઠ વાગવા આવ્યા છે,"

"તો ચાલો જઇએ." કહીને તેઓ તરતજ બારોબાર નાયકણીને ત્યાં ગયાં,

"આવો સુરતી શેઠ પધારો, નાયકણીએ સુરતીલાલ તરફ જોઇ આવકાર આપતાં કહ્યું

બાદ મોહનનો વિચાર ફરવા જવાનો થયાંથી તેઓ ત્રણે એક બાહુતી ગાડીમાં બેસીને ફરવાં ગયાં, અને 'ચોપાટી' તથા એપોલો બંદર તરફ ફરીને પાછા આવ્યાં બાદ નાયણીને તેણીને ઘેર પોહોંચાડી તેઓ બને પોતપોતાને ઘેર સચર્યા. બીજે દીવસે પ્રભાતમાંજ નવીનબાઇ સુરતીલાલને ઘેર આવી અને તેણીએ સુરતીલાલને પૂછ્યુ "કેમ, બે દિવસ કંઇ તમે જણાયજ નહી ? મુંબઇમાં આવીને તો તમે ઘણા મોંઘા થઇ ગયા લાગો છો !"

"મોંઘા તો કાંઇ નહી; પણ જરા કામમાં પડયો હતો તેથી અવાયું નહી, આજે રવીવાર હતો તેથી આજે બપોરે તમારે ત્યાં આવવાનો વિચાર હતો, અને તે પહેલાં તો તમે પોતેજ પધારવાની તસ્દી લીધી."

"એમાં તસ્દી જેવું કશુ નથી, પણ મારો જીવ તણાયો તેથી આવી. હવે વારૂ, તમારા ધંધા રોજગારને માટે કંઇ તજવીજ થઇ કે નહીં ?"

"તે તો કયારનીએ થઇ ગઇ, અને ગઇ કાલથી ધંધો શરૂ

પણ કીધો."

"શાનો ધંધો ? કોઇની સાથે રૂની દલાલીમાં ભાગ કીધો ?"

"નહીં, તે કંઇ આબરૂદાર ધંધો મને નહીં લાગ્યો, અને તેથી મારા પેલા મિત્ર મોહનની સાથે નોટનો વેપાર કરવા માંડયો છે. ગઇ કાલે અમોએ ભાગમાં એક સોદો કીધો હતો તેમા અમોને ચોખ્ખા અઢીસો રૂપીઆ મળી ગયા ! એજ પ્રમાણે અવારનવાર તે ધંધો વધારતાંજ જઇશું."

"અરે, પણ એ સટ્ટાનો વેપાર તે કઇ સારો વેપાર નહીં કહેવાય"

"સારો શા માટે નહી. એકજ દિવસમાં અઢિસો રૂપીયા મળી ગયા તે વેપાર શુ ખોટો કે ? અમારા સુરતમાં તો મહિને અઢીસો પણ નહોતા મળતા ! અને આ તો ફક્ત ચાર-પાંચ કલાકમાંજ અઢીસો મળ્યા ! આના જેવો નફાકારક વેપાર બીજો કોઇજ નહી, એમ હુ માનુ છું."

"તમારી ભુલ છે. હાલ તરત તમો કદાચ કમાશો, પણ આખરે સટ્ટાનો વેપાર સારો તો નહીજ. સટ્ટામાં છેવટે સારૂ પરિણામ નહીજ આવે, એ મે ઘણાઓની બાબતમાં જોયું છે, તેથીજ તમોને ચેતવણી દાખલ કહુ છુ."

"પણ મારો મિત્ર મોહન કાંઇ કાચો નથી, તેનો તો એ ધંધો કેટલાંક વરસોથી છે, અને તેમાં તે સારૂં કમાય છે, તો તેનો અનુભવ શું કમતી હશે કે ?"

"તે કદાચ સમજી વિચારીને રૂખ જોઇને કમાતો હોય તો ભલે, બાકી મારાં વિચાર પ્રમાણે કોઇ પણ સટ્ટાનો ધંધો સારો તો નહિંજ,"

"તે ગમે તેમ હોય, પણ મોહન તેમાં કમાય છે, અને તેના ભાગમાંજ મારી ગોઠવણ થયલી છે, એટલે મારી તો પુરતિ ખાત્રી છે કે તેમાં હું કદી ફસાઇશ નહી, તેમ છતાં મોહન પોતે ફસાશે તો હુ ફસાઇશ." તે તો પછી તગદીરની વાત,

"જેમ તમને ઠીક લાગે તેમ ખરૂ. મારી તો એટલીજ સલાહ છે કે, કોઇ પણ સારો ધંધો કરવો, પણ સટ્ટાના ચડસે કદી પણ ચડવુંજ નહીં. સટ્ટા જેવો બીજો કોઇ પણ ખરાબ ધંધોજ નથી!"

આટલું બધું તમે કહો છો તો હું વધારે નહીં કરતાં મધ્યમ સર કરીશ" કહીને સુરતીલાલે તે વાત બંધ પાડી, અને તેણે પોતાની સાસુ પ્રત્યે પુછ્યું" તમે કોઇ દલાલની મારફતે એકાદ મકાનની તજવીજ તો કરાવજો. મારો વિચાર એક સારૂ મકાન લેવાનો છે, કે જેથી રૂપીઆનું વ્યાજ તો ઉપજે?

"હા—એ વિચાર સારો છે, હુ તપાસ કરાવીશ કેટલાક રૂપીઆની કીંમતનું લેવું છે? પચ્ચીશ ત્રીશ હઝાર સુધી લેશોની?

"નારે ઘણામાં ઘણા તો પંદર હઝાર સુધી રોકીશ,

"તેટલી કીંમતનુ મકાન ઘણું મોહટું નહી આવે, પણ સાધારણ મળશે. તોપણ ઠીક છે. હું તજવીજ તો કરાવીશ. બીજું કઇ કામકાજ હોય તે ખુશીથી કેહેજો શરમાશો નહીં." કહી નવીનબાઇ પોતાને ઘેર ગઇ.

બપોરનાં સુરતીલાલ બરાબર એક વાગતાંને સમયે મોહનને ત્યાં ગયો તેને તરતજ મોહને કહ્યું કે "આજે એક લાખની નોટ વેચી છે."

"બહુ સારૂ, શું ભાવની વેચી. છે, વારૂં? ભાવ વધ્યો હતો કે?"

(ચીત્રનં.૫) સુરતીલાલ.મોહન. અને નાયકણી

શેઠજી.જવેરી હોય તેજ ખરા હીરાની પરીક્ષા કરી શકે છે.પા.૭૧

" હા-તેથી તો મેં રૂપજોઇને વેચી. પોણુ અઠાણુંએ વેચી છે, અને હમણાંજ ખબર કહાડતાં બે આના ઘટી ગયા છે. હું ધારૂં છું કે આવતી કાલે કદાચ ચાર છ આના ઘટી જશે. પછી તો જેવાં નશીબ !

" એ તો વેપાર છે. એમાં ડરવાનુ શું છે ? " આમ જણાવી સુરતીલાલે બીજા ગપાટા સપાટા ચલાવવા શરૂ કીધાં, અને પાંચ વાગતાજ મોહનને પોતાની સાથે લઇને પોતાને ઘેર ગયો. જ્યાં બંનેએ સાથેજ વાળું કીધું, અને સાડા સાત વાગતાંનો સુમાર થતાંજ તેઓ બંને ત્યાંથી પેલી નાયકણીને ત્યાં પોહોંચ્યા.

નાયકણીએ નખરાથી પૂછ્યુ " કેમ સુરતીલાલ શેઠ, કાલે રાતના ફરવા ગયા હતા ત્યાં કેવી શરસ મઝાહ પડી હતી ? "

" ઘણીજ સરસ. મઝાહની શી વાત કેહેવી ! મુબઇમાં જે મોજ મળે છે તે તો બીજે કશે મળેજ નહી ! "

" એમ કે ! ત્યારે તો તમે મુબઇથી ખુશ થઇ ગયલા દિશો છો ! "

" અલબત મુબઇનો અજબ બહાર છે ! મુંબઇની બરાબરી બીજું કોઇ પણ શેહેર કરી શકેજ નહી, એ તો ચોક્કસજ છે."

" ઓહો ! ત્યારે તો તમે મુબઇમાં થોડા દિવસજ રહ્યા એટલામાં પણ પરીક્ષા તો બરાબર કરી. " **શેઠજી ઝવેરી હોય તેજ ખરા હીરાની પરીક્ષા કરી શકે છે,"** પણ બીજાથી થતી નથી. તેમ તમે પણ જબરા ઝવેરી છો, તેમાં તો શકજ નહીં. તમારા જેવા પુરા પરીક્ષકો છે. ત્યાં સુધીજ મુબઇનો બહાર પણ છે."

" મુંબઇનો બહાર જે મે સુરતમાં સાંભળ્યો હતો તેમજ છે, અને મુંબઇના બહારની બીજી ખુબી એ છે કે, ગરીબ કે તવંગર

સર્વે સદા મોજમાંજ રહે છે, અને પૈસો કેમ પેદા કરવો તેમજ તેનો કેમ ઉપયોગ કરવો તે મુંબઇનાં લોકજ જાણી શકે છે ! મુંબઇની સ્ત્રીનો તેમજ પુરૂષોનો પણ બહાર કયાં કમતી છે ! તેથીજ મુંબઇનો બહાર વધુઊમદા ગણાય છે ! તેમાં વળી તમારા જેવી મનહર નાયકણીઓ પણ મુંબઇમાં વસે છે તેથી પણ મુંબઇનો મહિમા મનહર મનાય છે ! હુ તો જ્યારથી તમારી મુલાકાતનો મેવો મેળવી શકયો છું ત્યારથી મને મનમાં એમજ થઇ ગયું છે કે, મુંબઇ કદી પણ મુકવુંજ નહીં ! એવી મોહિની તમે લગાડી છે ! આટલી મોહિની લાગ્યા, પછી હવે જો તમારી મુલાકાત એક દિવસ પણ નહી થાય તો મને ચેન પણ પડે નહી ! તમે કદાચ કંટાળીને ના કહેશો, તો પણ તમારે ત્યાં આવ્યા વગર તોહું રહુંજ નહી ! ”

“ અરરર ! એ તમે શું બોલ્યા ! તમારા જેવા સુજ્ઞ પુરૂષની પધરામણીને તો હું સદા આવકારજ આપુ છું, અને તમને જેમ અત્રે આવ્યા વગર ચેન પડે નહી, તેવી રીતે તમો જો એક દિવસ પણ નહીં આવો તો મારા મનને પણ શાંતિ વળેજ નહી ! **મન મળ્યાનું એજ પ્રયોજન છે ! દિલ લગીની વાતજ ન્યારી છે.** શેઠજી ! આ દુનીઆમાં બીજું સાથે શુ લઇ જવું છે ? “ **ભલાઈ કે બુરાઈ** ” એજ માત્ર સાથે આવનાર છે, અને તમારા જેવા, મારા આ માનવંત શેઠના મિત્રની મુલાકાતનો લાભ મને મળે, એ પણ મારા અહોભાગ્ય કહેવાય ! તમે જાણો છો ? આજકાલ “ **મતલબની મોહબત** ” તો કઇકો કરે છે, પણ ખરા અંતઃકરણની મોહોબત કરવી, અને તે નિભાવવી, એજ મુશકેલ છે ? તમારામાં જે ખાનદાની ખમીર છે, તેજ બતાવે છે કે તમારી મુલાકાતનો લાભ અમુલ્ય છે, અને તેને માટે મારા આ માનવંત શેઠનો ઉપકાર મારે

માનવો જોઇએ, કારણકે તમારી મુલાકાતનો લાભ પણ મને એમણેજ મેળવી આપ્યો છે."

"હવે બીજી બધી વાત જવાદે, તને એક ભલામણ કરવાની છે." મોહને પોતાની નાયકણી પ્રત્યે જણાવ્યુ, કે "જેવી રીતે તું મને મળી છે, તેવીજ રીતે આ મારા મિત્રને માટે પણ એક સુદર ને ગુણવાન નાયકણી તું મેળવી આપ. મારો એવો વિચાર છે કે તેણીને અત્રે તારી સાથેજ રાખવી કે, જેથી અમો બનેને અત્રે સાથેજ આવવાનુ બની આવે. મારાં કહેવાની મતલબ તોનું સમજીને,?"

"ઘણીજ ખુશીથી. મારા ગામનીજ એક શરસ નાયકણી છે, અને તેણી આવતી કાલે બપોરે અત્રે મને મળવાને આવનાર છે, માટે તે વખતે તમે આ શેઠને અત્રે મોકલજો, અને એઓ તેણીને જોઇ જો પસદ કરે તો પછી હું તેણીની સાથે વાતચીત કરીને નક્કી ગોઠવણ કરી આપું."

"એને જોવાની જરૂર નથી. તું જો તેણીને પસદ કરશે તો એ પણ પસદજ કરશે. તારી પરીક્ષાજ બસ થશે."

"તે ખરૂ પણ એઓ જરા નજરે જુવે તો વધારે સારૂ."

"તો ભલે. આવતી કાલે બપોરે બાર વાગે હું એને તારી પાસે મોકલીશ. મારાથી તો નહી અવાય, કેમકે મારે ઓફીસમાં જવાનું છે! અને એ કંઇ કોઇના તાબેદાર નથી તેથી એ ખુશીથી આવશે."

"ઠીક તો એમનેજ મોકલજો." કહીને તેણીએ સુરતીલાલ તરફ જોઇને પુછયું "કેમ, આવશોની? હવે તો એકલાં આવતાં તમને શરમ નહીં લાગે? અને કદાચ શરમ લાગે તો શરમને ઘેર મુકીનેજ આવજો કે પછી શંરમની પિડા રહેજ નહીં!"

" નારે ના. હવે તમારે ત્યાં આવવાની શરમ શાની ? હવે તો હું મારા ઘર જેવો સંબંધ માનું છું, તો પછી શરમ હોયજ શાની ? "

આમ વાત કરીને મોહન તથા સુરતીલાલ ત્યાંથી ઉઠયા રસ્તામાં મોહને સુરતીલાલને પુછ્યુ " કેમ મારી ગોઠવણ તું પોતે પસંદ કરે છેની ? "

" ઓ યસ, મારા મનમાં જે વાત હતી તેજ તેં ઉચ્ચારી, અને તે હુ પસદ કરૂ છું. મોજને માટે આવું સ્થાન તો રાખવુંજ જોઇએ. "

" પણ જોજે ! પૈસા આપવાની બાબતમાં હદ રાખજે, હોં ! એ જાત એવી છે કે જો તુ મોહશે તો તને આખો ને આખો ખાઇ જશે ! માટે બહુજ સંભાળીને ચાલજે ! આટલી વાત તો ગોખીજ રાખવી કે રાંડોમાં એકદમ લપટાઇ જવું નહી, પણ રીતસર રહેવું. "

" તે તારૂ કહેવું ખરૂ છે. " કહીને સુરતીલાલ પોતાને મકાને, ગયો ને મોહન પણ પોતાને ઘેર ગયો.

બીજે દિવસે સાડા દશ વાગે સુરતીલાલ કોટમાં ગયો, અને નોટના ભાવતાલ સંબંધી મોહન સાથે વાતચીત થતાંજ મોહને સુરતીલાલને કહ્યું, બજારમાં જરા ફરીને બરાબર બાર વાગતે પેલીને ત્યાં જવાને ચુકતો નહીં. "

" તે તો હું અહીંથી સાડા અગિયાર વાગે નીકળીશ, એટલે બાર વાગે તેણીને ત્યાં પોહોંચીશ. હમણાં તો બજારમાં જાઉં છું. " કહીને તે ગયો.

બરાબર સાડા અગિયાર થતાંજ સુરતીલાલ ગાડી કરીને ગીર-ગામ ગયો. રસ્તામાં તે વિચારવા લાગ્યો કે "નાયકણીને ત્યાં જઇને હવે મારે તદબીરથી વાત કરવી પડશે, અને બીજી નાયકણી જોયા પછી શું પરિણામ આવે છે તે ઉપર વિચાર; પરંતુ હું તો ધારૂ છું કે, એ બાળા મને બીજી ગમે તેવી નાયકણી બતાવશે, તો પણ ખુદ એ બાળાના જેવી તો મને બીજી મળનારજ નથી, માટે બીજી ખટપટમાં ઉતરવા કરતાં એને સમજાવીને મોહનના મોહમાંથી છોડ-વીને હુંજ તેણીને પગાર આપી રાખુ તો ઠીક થશે. તેમ કરતાં મોહનની સાથે બગાડ નહી થાય તેને માટે વળી મારે કઇ હીકમત રચવી પડશે. તે તો બની શકશે. મોહનને જુદીજ જાતની થાપ આપી એવો કઇ પ્રપંચ ચલાવીશ કે તે એની સામે જોવાનુજ મુકીદે, અને એને મકાને પગ પણ મુકેજ નહી ! એવી ઉસ્તાદી ચલા-વતાં તો આપણને આવડે છે, તેમ વળી બાળાને પણ કેવી રીતે લલચાવવિ તે પણ આવડે છે. "જર ચાહે સો કર" એ તો ખુલ્લુંજ છે, અને તેથી પૈસો છુટો મુકીશ તો ધારેલું પાર પાડીશ તેમાં તો શકજ નથી, હવે જોઉં છું કે બાળાને ત્યાં ગયા પછી શું રગ ઝામે છે?" આમ વિચાર કરતો તે ત્યાં પોહોંચ્યો.

"આવો શેઠજી, પધારો. તમો બરાબર વખતસર આવ્યા ખરા !" બાળાએ જણાવ્યું "વાણીયા લોકોને પણ વખતની કીંમત છે, એ તો મેં આપની બાબતમાંજ જાણ્યુ ! તમારાં મિત્ર તો એવા નથી, તેમણે તો બાર વાગે આવવાનો વાયદો કરયો હોય તો બારને બદલે કદાચ બે કે ચાર પણ વાગે !"

"છટ, છટ ! મને તેવું ગમેજ નહીં. હું તો ઇંગ્લિશ રીત પ્રમાણે દરેક કામ નિયમીતપણેજ કરવાનું પસંદ કરૂં છું. અનિયમીત-

પણું શું કામનુ ? અને મોહનને નિયમસર રહેવું પાલવે પણ નહીં, કેમકે તે બિચારો નોકરીયાત ને પરાધિન પડયો, તેમજ તેની રીત-ભાત પણ ઢંગ વગરનીજ છે ! ગઇ રાતનાજ મારે પણ એક બાબત પરથી તેની સાથે ખટપટ થઇ ગઇ ! "

" શું બાબતસર ખટપટ થઇ ? " બાળાએ પૂછ્યું " કઇ ધંધા રોજગારની બાબતમાં વાંધો પડયો ? કે કઇ બીજી બાબત છે ? "

" બીજીજ બાબત છે, અને તે હું તમને જણાવવા માંગતો નથી, કેમકે તમારો ને તેનો એક જીવ, અને તેમાં કચરો પડે તેવી વાત કરવાનુ મારૂં ભૂષણ નહી. ટુંકમાં એટલુંજ કે મને તો તેની એકે રીત પસંદ નથી. "

" પણ તે શું મને જણાવવામાં કાંઇ વાંધો છે કે ? "

" જણાવવાથી ફાયદો નહીં, કેમકે વળી મારે માથે નિમિત્ત આવે ! "

" તમારી વાતપરથી મને વિચિત્ર વ્હેમ પડે છે, માટે કઇ વાતનો સાર મને સમજાવશો તો મોહટી મહેરબાની ! છુપાવવાનુ શું કારણ છે ? તમે બોલતાં અચકાઓ છો શા માટે ? બેધડક દરશાવી દો કે તેનો ભેદ શું છે ! "

" નહીં એ તો મને માફજ કરો હું તે બોલી શકીશ નહીં

" પણ તમે નહીં બોલશો તો મારા જીવને વલોપાત થશે, અને મને ઉધ પણ નહીંજ આવે, માટે મારા ખાતર મહેરબાની કરી જરૂર જણાવો. "

" તમારે તે જાણીને ફાયદો પણ શું છે ? નહીં જાણેલુંજ સારૂં."

" એ તો તમે મને વધારે અધિરી બનાવો છો ! અને અધર ઉડાવવાની તજવીજ કરો છો, તે જોઇ મને ઘણીજ દીલગીરી ઉપજે

છે ! જો તમે મારાપર માયા ને મમતા રાખતા હો ને મારી સાથે જરા પણ જુદાઈ નહીંજ સમજતા હો તો જણાવો."

"પણ તે જાણીને તમારા જીવને ઓર ઉચ્ચાટ થશે તો પછી મારે તે જણાવવામા શું મઝાહ? એ તો ઓર હુ તમને શોક ઉપજાવનાર ગણાઉ !"

"ભલે ? પણ શોક કરતાં અધવચ અફસોસમાં અથડાઉં તે તો નહીં ખમાય ! માટે મહેરબાની કરીને મને દરશાવો તો સારૂ !"

"વળી કદાચ દરશાવું, અને તમારો અત્યંત આગ્રહ છે, તો દરશાવીશજ, પણ વળી મને ધાસ્તી રહે છે કે જે વાત હું તમને દરશાવું ને તે જો તમે મોહનને કહી દો તો મારી સાથે તેને મિનાકશો થઇ પડે, અને અમારો સ્નેહ સંબધ તુટી જાય !"

"તે ધાસ્તી તમે મુદલ રાખશોજ નહી. હું કસમ ખાઇને કહુ છુ કે તમે જે વાત કેહેશો તે હુ તે, મને કદી પણ જણાવીશ નહી."

"ત્યારે એ બધી પચાતીમા ઊતરવા કરતાં એ વાતજ છોડોની. એમાં કઇ સાર નહીં, અને નાહક તે જાણીને તમારા જીવને પરિતાપ થશે !"

"વળી તમે પાછા હઠયા ! પરિતાપ થાય તે સારો, પણ પરિતાપના ભણકારા રહ્યા કરે તે ખોટા, માટે હવે વધારે ઢીલ નહીં કરતાં જણાવીજ દો ને"

"ત્યારે જુઓ તેના બોલવા ઉપરથી મને એમ લાગે છે, કે તે વળી કોઇ બીજી નાયકણીને ત્યાં પણ જાય છે !"

"હે, તે તમે કેવી રીતે જાણ્યું ? તેણે તમને શું વાત કરી કે,

"ના, ગઇ કાલે રાતના અહીંથી ઉઠીને અમે ગયા તે વખતે

રસ્તામાં તેણે મને જણાવ્યુ કે 'મારી એક બીજી નાયકણી છે ત્યાં તું આવે છે?' ત્યારે મેં કહ્યું કે, સત્તર ઘેર ભટકવાનુ હું તો પસંદ કરતોજ નથી તે ઉપરથી તે બોલ્યો કે 'જ્યાં હું તને લઇ જવા માંગું છુ તે ઘર પણ આપણા પોતાના જેવુંજ છે, માટે ત્યાં આવવાને કાંઇ હરકત નથી.' આમ જણાવવા છતાં હું તો તેની સાથે ગયોજ નહીં, અને મે તેને ઠપકો આપ્યો કે, આ ઘર શુ ખોટું છે કે વળી બીજે રખડવા જાય છે? ત્યારે તેણે પછી તો મને ચોખ્ખું કહી દીધું કે 'આ ઘર કરતાં પણ તે ઘર વધારે સારૂં છે, અને તેથી આ ઘર હવે હું છોડવા માંગુ છું; કેમકે બે ઘરના ખરચ કઇ મને પાલવે નહીં.' આમ કહીને તે રસ્તામાંજ મારાથી છુટો પડયો, અને તે બીજીને ત્યા ગયો. આ મુજબની વાત છે હવે આ વાત ઉપરથી તમારે શું વિચાર કરવો તે તો તમે પોતે જાણો' "

"બીજો વિચાર શુ વળી? એજ કે એ બીજે ભટકવા લાગ્યા, એ તો ખુલ્લુ છે."

"પણ તમારા જેવાને મુકીને બીજે જાય તે તેની ભુલજ ગણાય! જોઇએ ત્યાં જાય પણ તમારા જેવું માણસ તેને કશે, પણ મળનાર નથી, એ તો મારી ખાત્રીજ છે, અને તે પોતે પણ આગળ જતાં જરૂર પસ્તાશે, એ તો મે મારા મનમા પણ નિશ્ચય કીધો છે."

"તમે તેવો નિશ્ચય કીધો છે, પણ તેને ભટકવુ છે તો ભલે ભટકે! મને તેની દરકારે નથી, એવા બેકદરની સાથે બેસવામાં મારી શોભા પણ નહી."

"તે તેવો થાય, પણ તમારે તો તમારી ઇમાનદારી સાચવિ રાખવીજ જોઇએ, એવી મારી તમને સલાહ છે."

"તે તમારૂં કહેવું ખરૂં છે, પણ જો તેજ બેઇમાન થઇને

મને છોડી, દે તો પછી મારે મારા પેટને અર્થે કોઇ પણ સારો માણસ મેળવવો તો જોઇએજ કેની ?"

"હા. તે તો તમારી વાત વાજબી છે." કહીને સુરતીલાલ થોડોક વખત મૌન્ય રહ્યાં પછી બોલ્યો "હવે એ વાતનો પછી વિચાર કરજો, અને મારે માટે તમારી કોઇ ઓળખીતીની જે ગોઠવણ કરવા માંગતાં હતા તેનો વિચાર કરો."

"તેનો વિચાર કરવાની જરૂરજ નથી. જો તમારા દોસ્તે મને છોડવાનોજ રસ્તો લીધો છે, તો હવે મારે પ્રથમ તો મારા પોતાને માટે કઇ વિચાર કરવો જોઇએ."

"તમારો પોતાનોજ વિચાર જુઓ કે કરવો હોય તો હુ તમારો ખરચ પુરો કરીશ. તમે જરા પણ ગભરાશો નહી. તમારાં જેવા ઇમાનદાર ને ભલા માણસને મુકીને મારે પણ બીજી ખખામાં શા માટે પડવું જોઇએ ? પણ તમે મારી વાત કબુલ કરશો ત્યારેની !"

"તમારા જેવા સુજ્ઞ ને માયાળુ પુરૂષની વાત નહીં સ્વિકારૂ તો મારા જેવી બીજી મુરખી કોઇજ નહી. તમો શું કહેવા માંગો છો તે કૃપા કરી દર્શાવો. જો કે તમારા મનનો હેતુ તો હું સમજી ગઇ છુ, તો પણ સ્પષ્ટ ખુલાસો કરો તો હુ પણ સ્પષ્ટજ બોલુ"

"તે તો એજ કે જે પગાર મોહન તમને આપે છે તે હું તમને આપીશ."

"તેતો ઠીક છે, પણ મારા મોહન શેઠ એકવાર અવતા બધ થાય તો તે પછી હુ તમને ખુલાસો કરી શકુ. આજનો દાહડો તમે થોભી જાઓ, અને આવતી કાલે હું તમારી સાથે એ બાબત વાતચીત કરીશ. ફક્ત એકજ દિવસ થોભી જાઓ."

" ભલે મને કંઇ ઉતાવળ નથી. એકને બદલે એકવીશ દિવસ ચોભવાને પણ મને વાંધો નથી. તમારી નજરમાં આવે ત્યારે કેહેજો."

" આવતી કાલેજ તમને કહીશ, અને ઇશ્વર કરશે તો તમારી ઇચ્છા પારજ પડશે. પછી તો જેવો રૂણુ સંબંધ ! લેહેણું દેણી હશે તોજ થશે. "

" હા. તેતો તમારૂં કહેવું ખરૂં છે; પણ હવે એટલું ચોકસ રાખજો કે મોહનને આપણી મસલહતની જરા પણ ખબર પડવા નહીંજ દેશો. "

" તે માટે તમારે ખાતર જમા રાખવી. મેં તમને વચન આપ્યું છે, તેનાપર ભરોશો રાખજો, હું કોઇની માફક હલકાં પેટની નથી. "

" તો બસ. હવે હું આવતી કાલે તમને ખાનગીમાં પાછો મળીશ " કહીને સુરતીલાલ ત્યાંથી નીકળીને રસ્તામાં વિચાર કરવા લાગ્યો કે " હવે સાંજે મોહનને મળીને તેને એવું ઉંધુચતું ભેરવુ કે તે અહી આવવાનુંજ માંડી વાળે ! આવા પ્રપંચ રચ્યા વગર મુંબઇમાં આવી મુંબઇની મઝાહ ચાખવામાં હું ફતેહ પણ પામુ નહી ! " આમ સ્વતઃ પ્રપચની પથારી પોતાનાં મગજમા પાથરતો તે પોતાને ઘેર ગયો.

રમુજી વાર્તાઓનાં મહાસાગર રૂપ ઉત્તમ પુસ્તક.

અકબર અને બીરબલ ભા. ૧ થી ૧૨ પુરા

વાણી, જપ અને ચતુરાઇથી ભરપુર.

મળવાનું ઠેકાણું:—**શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર્સ**

લીમડાચોક—સુરત.

પ્રકરણ ૫ મું

દોહરો

સુરતીલાલ થયો હવે, બડો પ્રપંચી દાસ;
કપટ જાળ તેણે રચી, મોહન સાથે ખાસ.
નીતિ ભ્રષ્ટના માર્ગમાં, તેને છે હુલ્લાસ,
કુકરમી પુરો થયો, થયો નીતિનો નાસ!

પ્રપંચની પથારી.

સાયંકાળે જમી ખાઇ સુરતીલાલે વિચાર્યું કે:" હવે મોહનને જુઠી વાતે ચઢાવીને તે કોઇ પણ પ્રકારે તેની નાયકણીને ત્યાં જાય નહીં તેટલી તદબીર કરવી જોઇએ." આમ વિચાર કરીને તે મોહનને મકાને જવાને નીકળ્યો, અને પ્રથમ જતાં વારને સુરતીલાલે તેને એટલુંજ પુછ્યુ કે "કેમ ભાઇ, પછી પેલા સોદાનુ શું થયું?"

"તે પણ આજે ચોખ્ખો કરી નાંખ્યો, અને તેમાં આશરે પોણી બસો રૂપિયા મળશે. કદાચ થોભ્યા હોત તો વધારે પણ મળત, પણ વધારે લોભ કરતાં કદાચ ખોટ આવે તો વળી પિડા! એનો સટ્ટો કહેવાય, અને વળી કેહેવત છે કે, "**મળતો નશે નહીં ખાય તે જુતીયા ખાય!**" માટે જે મળ્યું તેથી સંતોષ રાખીને રહેવું એજ સારી વાત છે, એતો ધીમે ધીમે કરેલુંજ સારૂ."

“ જેમ તારી મરજીમાં આવે તેમ તું કર્યા કરજે. ”

“ વારૂ ત્યારે હવે પેલીને ત્યાં તું ગયો હતો કે? ત્યાં શું થયુ ? ”

“ કાંઇ નહીં. મને તો તેણીનાં આચરણ કંઇ ઠીક નહી લાગ્યાં ? ”

“ કેમ ? તેણીએ કહ્યા પ્રમાણે તારી પસંદગીને માટે કોઇ બીજીને બોલાવીને તને બતાવીકે નહીં ? ”

“ અરે તે વાત તો ઉધી ગઇ, અને મને તો વળી ત્યાં વિચિત્ર રંગ નજરે પડયો ! તારી રાંડ પણ બડી ઉસ્તાદ છે જો ? ”

“ એમ તું શા ઉપરથી કહે છે ? તારી સાથે તેણે કઇ બરાબર સિધી વાત નહીં કરી કે શું ? ”

“ અરે તે વાત તો બાજુપર રહી. પણ નવુંજ કૌતક જોયુ ! ”

“ તું જે બોલે છે તેનો ભરમ હું સમજી શકતો નથી ! તારી સાથે તે કઇ પ્રપચની બાજી રમી કે શું ? ”

“ પ્રપંચ તો ખરોજ, પણ તેની સાથેજ વળી કાળુ ધોળું ! ”

“ તે શું ? જે હોય તે ખુલ્લું કહી દેની, કે સમજાય તો ખરૂં. ”

“ વાત એવી બની કે હુ તેણીને ત્યાં બરાબર બાર વાગતે ગયો, તો ત્યાં એક તાતીયો તેણીનાં ગળામાં હાથ નાંખીને બેઠેલો હતો ! તે જોતાંજ હું તો અચકાયો, અને તેણી પણ મને જોતાંજ અચકાઇ ગઇ ! અને તેણીએ પેલા તાતીયાને જણાવ્યું કે “ તમે હમણાં જાઓ. આ અમારા શેઠ છે.

આ સાંભળતાંજ તે તાતીયાનો મિજાજ ગયો, અને તે ફફડી ઉઠયો “ તારો શેઠ ભલે હોય. મને તારા શેઠની શી દરકાર છે ? ”

બાદ તેણી તેને સમજાવીને અંદરની ઓરડીમાં લઈ ગઇ, અને ત્યાં તેઓ વચ્ચે શું વાતચીત થઇ તે તો પરમેશ્વર જાણે ! પરંતુ પાંચેક મિનિટમાંજ તેઓ પાછાં બાહાર નીકળ્યાં, અને પેલો તાતીયો આથે

ટોપી મુકીને જાણે ઘણોજ ગુસ્સે થયો હોય તેમ મારી તરફ ડોળા ઘુરકાવતો ત્યાંથી ચાલી નીકળ્યો, બાદ મેં તેણીને પુછ્યુ કે "આ માણસ આવ્યો હતો તે કોણ હતો વારૂ?" ત્યારે તેણે કહ્યું કે "એતો મારા ગામનો એક મારો ઓળખીતો હતો."

"પણ તે મારા ઉપર ડોળા કહાડતો શા માટે ગયો?"

"તેનું કારણ બીજું છે. તેણે દારૂ પીધેલો હતો ને તેથી તે બુદ્ધિમાં નહોતો. તમે તેને માટે મનમાં ગુસ્સો લાવશો નહી."

તેણીના આવા ખુલાસાથી મને તો કંઇ સંતોપ થયો નહીં, અને તેથી મેં થોડીકવાર સુધી મનમાંજ વિચાર કરીને કહ્યુ "તમારી વાત કંઇ મારા મગજમાં ઉતરતી નથી, અને અહીં વધારે વાર બેસવામાં મને સલામતી ભરેલુ પણ લાગતું નથી, માટે હુ તો હવે જઇશ."

"અરે નહીંરે શેઠજી, તમે કંઇજ ગભરાશો નહી. અહિં કોઇ તમારૂ નામે પણ લઇ શકનાર નથી. તમે શા માટે ગભરાઓ છો?"

"પણ તે માણસ વળી પાછો આવી કંઇ તોફાન કરે તો?"

"તેની શી તાકાત છે કે તે અહી પાછો આવે ને તોફાન કરે! તે હવે અહીં આવશેજ નહીં. તે તો પોતાને મકાને ગયો."

"તમે કેમ જાણ્યું કે તે અહી પાછો નહીજ આવે?"

"કેમકે મેં તેને મખત તાકિદ આપી છે કે મારા મકાનમાં આવવુ નહિ."

"પણ તે દારૂની નિશામાં છે, ને વખતે તમારી આપેલી તાકીદ પણ દારૂની ધુનમાં ઉડીજ જાય! માટે મારે તો અહીં બેસવું નથી."

"અરે પણ તમે શા માટે ડરો છો? હું ખાત્રીથી કહું છુ, કે તે અહીં પાછો નહીંજ આવે, મારાં વચન પર વિશ્વાસ રાખીને નિરાંતે બેશો."

"જો તમે ખાત્રીથીજ કહો છો તો હું બેશું છું, પણ મને તમારા બોલવામાં કેટલોક ભેદ લાગે છે ? જો મારા દોસ્ત મોહનભાઇને આ બાબતની ખબર પડશે તો તે જરૂર તમારા પર ગુસ્સે થશે ! અને હું તો મોહનભાઇને આ વાત કહ્યા વગર નહીંજ રહુ."

"નહીં. મેહેરબાની કરી એટલુ કરશો નહીં; કેમકે તેમને જો તમે કેહેશો તો વળી તેઓ આવતા અટકશે ને મારો રોટલો જશે !"

"તે જોઇએ તેમ થાય, પણ મોહનભાઇ અને મારી વચ્ચે કાંઇ જુદાઇ નથી તેથી હું તો તેને કહીશજ. તેમ છતાં જો તમે ખરેખરૂજ કહો તો વળી હું મોહનભાઇને નહીં કહુ. માટે ખરૂ કહો કે એ માણુસ કોણુ હતો ?"

"અરે તમને નકામો વહેમ છે. મે કહયુ તેમાં કશું ખોટું નથી."

"ત્યારે મોહનભાઇથી તે વાત છાની રાખવાની શી જરૂર ?"

"કારણુકે તે વળી નાહક ખોટી રીતે વેહેમાઇ જાય, અને વેહેમના ભોગ થઇ મારે ત્યા આવતા અટકી જાય !"

"જો તમે સત્યજ કહેતાં હો, તો તમારે તેનો ભય રાખવાનુ કારણુ નથી."

"તમે પણ બડા વેહેમી લાગો છો ! અરરર ! હવે તમને તે કેમ સમજાવવાં !"

"નહી, નહી, નહી, એ બધું તમારૂ સ્ત્રિ ચરિત્ર જવાદો. હું તમારા છળભેળથી છેતરાઉં તેવો નથી. મારી તો ખાત્રી થઇ ચુંકી છે, કે તે માણુસની સાથે તમારો કંઇ જુદોજ સંબંધ છે, અને તે તમે યોગ્ય કરતાં નથી. તમે તો મારા મિત્ર સાથે વિશ્વાસઘાત કરવા જેવું કરો છો ! હું તે પસંદ કરતો નથી, અને હવેથી હું પણુ તમારે

ત્યાં પગ મુકનાર નથી ! મને તમારે માટે જે સારો વિચાર હતો તે હવે દુર થયો છે, અને મોહનભાઇને પણ જે મને વાજબી લાગશે તે હુ કહીશજ. " આટલું બોલીને હું તો નીચે ઉતરી પડયો અને જેવો રસ્તે આવ્યો કે તેવોજ પેલો તાતીયો મને રસ્તામાં રોકીને કહેવા લાગ્યો કે " શેઠયા ! સભાળજે ! હવે પછી જો આ મકાનમાં તને જોઇશ તો તારા હાડકાંજ ભાંગી નાખીશ ! એ રાંડ મારો પગાર ખાય છે, અને ત્યાં આવવાનો મારા શિવાય બીજા કોઇને પણ હકજ નથી. સમજે છે કે ? "

" પણ હુ તો અહીં અમથો આવ્યો હતો. મારે કઇ બીજો સબંધ નથી, વળી એનો શેઠ તો મારો એક બીજો દોસ્તાર છે, "

" મારા શિવાય બીજો કોઇજ નથી, અને બીજા કોઇને પણ આવતો જોઇશ તો તેને જાનથી મારીશ ! જોઉ છુ. કે અહી બીજો કોણ આવે છે ? મેં આજથી મજબુત ચોકી પેહરો અહી રાખેલો છે, કે બીજો કોણ આવે જાય છે ? તે જો મારી નજરે પડે તો તેને ઠાર મારૂં ! તને તો અત્રે ચેતવણી આપી છોડી દઉં છુ. જા હવે પછી અહીં આવશે તો ભુંડા હાલ થશે ! "

આ સાંભળીને હું તો તરતજ ત્યાંથી ધ્રુજતોને ગભરાતો ઝડપબધ ચાલે મારે ઘેર ગયો, અને મને એટલી તો ધાસ્તી પેંઠી છે કે મારી છાતી હજી સુધી ધડકે છે ! બળી ગઇ એ મોજ ? હુ તો આજ પછી એવી પિડામાં નહીંજ પડું " સુરતીલાલે પ્રપંચના પાટીયાં ગોઠવતાં લંબાણથી કહ્યું,

" તારી વાત સાંભળીને મને નવાઇ લાગે છે ! શું તે રાંડ આટલી બધી ઠગ, દગલબાજ, કપટી ને બેઇમાન છે ! અરેરે ! બડી નવાઇની વાત ! " મોહન અફસોસ કરતો બોલ્યો,

"ખચીતજ નવાઇ ! અને હું તો ખાત્રીથી કહું છુ કે તે રાંડ બડી હરામખોરની વસ્તી હોવી જોઇએ ! તે રાંડનાં ગળામાં હાથ નાંખીને પેલા તાતીયાને બેઠેલો મેં જોયો, તો તેનો સાર શું સમજવો ? કંઇ કાળું તો ખરૂંજ કેની ?"

"અલબત. તેમાં તો શકજ નહીં. ચાલો ! તે રાંડ બેઇમાન થઇ તો તેનું કરમ તે ભોગવે તે આગળ જતાં પસ્તાશે.

"તે તો પસ્તાસેજ, અને તેણીનુ તો ખરાબ થવાનું હશે તે થશેજ, પણ હાલ તરત તારા પૈસા તો પાણીમાં ગયા જેવુંજ થયુંની !"

"એ તો એમજ, ચાલો રાંડ જાત કોઇની થઇ છે ખરી કે ? મારો તો એજ મત છે કે, એ રસ્તોજ સારો નહીં. ઇશ્વરે જે આપણને સ્ત્રી લગ્નથી બક્ષેલી છે, તેના પરજ સંતોપ સમજવો, અને બાહાર ભટકવાની ભુંડાઇનો ત્યાગ કરવો. જો મોહન ભાઇ ! એમાં મુંદલ સાર નથી જો ! પરનારી પાછળ જેટલો પૈસો ખરાબ કરીએ છીએ તેટલોજ જો આપણા ઘરમાં નાંખીએ તો તે કોઇ પણ દિવસ કામ લાગે ને તે સંકટને સમયે આપણને ઉપયોગી પણ થાય પરંતુ આ પારકી રાંડો અને તે પણ વળી વેસ્યા જાત ! તેણીઓના બુરા ફંદમાં ફસાઇ ફોગટ ફાં ફાં મારવાં, અને નર્કના વાસી થવું, એમાં શું ડહાપણ ગણાય કે ? મને નવાઇ લાગે છે કે તારા જેવો સમજદાર માણસ એવી અનીતિમાં કેમ દોરવાયો ! ? પ્રપંચી મુરતીલાલે પોતાની કપટ જાળને છુપાવતાં સત્યતાનાં શિખરપર ચહડતાં શિખામણ દીધી,

"ખરાબ સગતનુંજ પરિણામ ! દોસ્ત, નબળાની સંગતથી નબળું સુજ્યું ? ખેર ! એ પણ નસિબની વાત ! ભાવિ મિથ્યા થતું નથી.

હોનાર આગળ કોઇનું પણ ડહાપણ ચાલતું નથી ! હવે ભુલ્યા ત્યાંથી ફરીને ગણવું. મોહને સુરતીલાલનાં કપટ ભરેલાં વાક્યો શિખામણ રૂપે બોધરૂપ માની પોતાનો વાંક કબુલ કરતાં કહ્યું.

" પણ હવે એ રસ્તે જવુંજ નહીં, એટલોજ નિશ્ચય કરવાનો છે, અને હું તે બાબતનું તારી પાસે આજે પાણી મુકાવવા માંગું છું કે હવે પછી તું તે રસ્તોજ લેય નહીં " સુરતીલાલે પ્રપંચની પથારીનું છેલ્લું પાટીયું ગોઠવતાં જણાવ્યું.

"હું પણ તેમજ કરવા માંગું છું. આજથી પરસ્ત્રી મારે, મા, બેહેન, બરાબર છે. હું કસમ ખાઇને કહું છું કે, હવે પછી કોઇ પણ, પર નારી, સાથ પ્રસંગજ કરવો નહી " મોહને મક્કમ મનથી જવાબ દીધો,

" ઘણીજ સારી વાત ! પણ તારા કસમ તારાથી સચવાશે કે?" સુરતીલાલે પોતાની મતલબમાં પાર પડતાં કહ્યું,

" જો નહી સાચવું તો હુ માણસ નહીં, પણ જનાવર ! એટલુ તો ખાત્રીથી માનજે કે જે હું બોલું તેજ પ્રમાણે કરૂં, એ મારો પાકો નિશ્ચય છે. જોઇએ તેમ થાય, પણ હું મારાં વચનનો ભંગ કદી કરૂંજ નહી. મારા જેવો દૃઢ નિશ્ચય બીજા કોઇનો પણ નહીંજ હોય, એ તો તું પણ ચોક્કસ માની રાખજે ! કે જે રસ્તે જવું નહીં તે રસ્તાનું, નામ પણ નહીં લઉં, ? "

" ત્યારે તો તને સાબાશી આપીશ. સુરતીલાલે આસ્તે રહીને જણાવ્યુ " પણ તેણીને હવે એકવાર છેલ્લીવારનો મળી તો આવશે-ની ? ઘણાં વખતની મુલાકાત છે, તો, છેલ્લી છેલ્લી મુલાકાત કરીને તેણીને ચેતવણી તો આપી આવ કે ' હવે તું તારૂં લાગ્યુ ફોડી લેજે, અને હવે મારે તારી જરૂર નથી.'

"એમ કરવાની મારે શી જરૂર છે? હવે એ વાતજ નહીં. તે રાંડને જોઇએ તેમ ફોડીલે! તે જોઇએ તો મરે, કે ગટરમાં પડે, તે જાણવાની કે તેણીની કથા કરવાની મારે કંઇજ મતલબ નથી. એ તો પાણી મુકયુ તે મુકયું."

"એમ! તો ઠીક! જેમ તારી મરજી! હું પણ તે બાબતમાં તને વધારે દબાણ કરવાની જરૂર જોતો નથી. કેમકે છેલ્લી મુલાકાત કરવા જતાં વળી તું કઇ તેણીની સમજુતીથી તારૂ મન ડગાવી દે, અને વળી તેણીની મોહજાળમાં લપટાઇ પણ જાય એ મોહિની એવી છે. સુરતીલાલે એ બાજુની ઢોલકી બજાવવા માંડી,

"પણ મારે તો હવે તેણીનુ મોં પણ જોવુંજ નથી!" પોતાની દ્રઢતાંમાં કાયમ રહેતાં મોહને કહ્યુ.

"ઘણીજ સારી વાત. તારી દ્રઢતાને પણ ધન્ય છે!"

આ પ્રમાણે સુરતીલાલે પોતાનો પ્રપંચ પાર પાડયા પછી તેણે બીજી રીતની વાતચીત કરી, અને રાતના છેક નવ વાગવાથી સુરતીલાલ ત્યાંથી ઉઠયો, અન મોહન પણ સુવાને માટે બિછાનામાં પડયો,

રસ્તે ચાલતાં સુરતીલાલ વિચાર કરવા લાગ્યો કે "મનમાં જે મતલબ ધારી હતી તે પાર તો પડી ગઇ. મોહન હવે તે રાંડને ત્યાં કદી પણ જનાર નથી, માટે હવે હું આવતી કાલે તેની સાથે વાતચીત કરી તેણીને મારે વશ કરી લઇશ. એ તો પ્રપંચથીજ મનની ઉમેદ પાર પડે!" આમ મનમાં ફુલાતો તે પણ પોતાને મકાને ગતો.

બીજે દિવસે સુરતીલાલ ભોજન કરીને શાંત મગજે વિચારવા લાગ્યો કે "હવે મોહનની સાથેનો સંબંધ પણ કાયમ રાખવામાં મઝાહ નહી, કેમકે તેની રાંડને ત્યાં હું દરરોજ જતો આવતો થઇશ, તે

વાત આખરે મોડે કે વેહલે, 'પણ તેની જાણમાં આવ્યા વગર તો નહીંજ રહે, 'અને તે વખતે મિનાકશો તો થવાનોજ, માટે અત્યારથી ધીમે ધીમે છુટો થઇ જાઉં તો ઠીક હવે ધંધા રોજગાર પણ જાગમાં કરવો નહીં, એમ હુ તેને કહી દઇશ; અને હું પોતેજ મારે નામે સોદા કરીશ. નોટ બજારમાં હવે તો મને સારી ઓળખાણ થઇ છે" આમ વિચાર કરીને દશ વાગતાંજ તે મોહનની ઓફીસમાં ગયો.

"આજે તો કઇ વેપારને રંગ ઠીક લાગતો નથી." મોહને કહ્યું.

"તો મારે પણ હવે આ વેપાર કરવાનો વિચાર નથી; કેમકે મારા સાસુ કળકળે છે. કે સટ્ટાનો વેપાર સારો નહી, એમ તેમનું કહેવું છે."

"તો ઘણી સારી વાત. કોઇ બાજો ધધો કરજે"

"તે હવે જોઇશ કોઇ પણ આબરૂ ભરેલું કામ કરવું તે ઠીક."

"અરે મુબઇમાં ઘણાએ સારા ધંધા પડેલા છે. કોઇ સારી દુકાન કહાડે તો પણ પેદાશ થઇ શકે. અહીં પેદા કરવાના તો અનેક રસ્તાઓ પડેલા છે. નાણું હોય તો ચાહે તેમ કરી શકાય."

મુબઇની એજ ખુબી છેની." આમ વાતચીત કરીને સુરતીલાલ ત્યાંથી ઉઠીને ગીરગામમાં પેલી નાયકણીને ત્યાં ગયો.

"આવો શેઠજી પધારો!" નાયકણી બાળાએ સુરતીલાલને અત્યંત આવભાવથી આવકાર આપી સનમાન પૂર્વક બેસાડયો, અને પછી પુછયુ "કેમ, તમારા મિત્ર તમને મળ્યા હતાકે?"

"હા. કાલે રાતના મળ્યા હતા. અને હમણાં પણ મળ્યા હતા."

"અને મારી બાબતમાં કંઇ વાતચીત થઇ હતી ખરી કે?"

"ઘણીએ વાત થઇ હતી, પણ તેમાં સાર કંઇજ નહીં!

તેમને મળવા માટે તમે જેટલું કરશો તેટલું ફોગટ છે! તે તમને હવે કદી પણ મળનાર નથી. જોઇએ તો તમે તેમને મળવાને ગમે તેવા પ્રયત્નો પણ કરી જુઓ કે જેથી ખાત્રી થાય."

"મારે પ્રયત્નો કરવાની કશી પણ જરૂરજ નથી. મેં તો એમના નામનું હવે સ્નાનજ કરી નાંખ્યુ છે, અને હવે કદાચ મારે બારણે આવે તો હું તેને અહીં ઉભા પણ રાખું નહીં! હવે હું તેની સાંથે વાતચીત કરવા માંગતી નથી, એટલુંજ નહીં, પણ તેનુ મોં જોવા પણ માંગતી નથી. એવા બેઇમાન અને ઘેરેઘેર ભટકતા ભામટાની મારે શા માટે પરવાહ રાખવી જોઇએ? જુઓ શેઠજી! મેં તેને માટે મારા અનંત સ્વાર્થનુ સત્યાનાશ વાળી નાંખ્યું છે, અને તેની પાછળ મેં ખરો જીવ તોડી નાંખ્યા જેવું પણ કીધું છે! મેં તેને મારા પતિ પ્રમાણે પુજીને માત્ર તેનેજ મે મારો પ્યાર અર્પણ કીધો હતો! અને તેજ પુરૂષ અત્યારે મને દગો દઇ મારી સાથે બરાબર નિચપણું બતાવે! કેવી શરમ ભરેલી વાત છે! હું જાતની તો નાયકણી છું, તોપણ તમારી ગૃહસ્થ સ્ત્રીઓ કરતાં પણ હઝાર દરજ્જે સારી છુ! જો કે પેટને માટે અમારે અનિતિનો ધંધો કરવો પડે છે, તો પણ જેનો પગાર લીધો તે શેઠ સિવાય બીજા પુરૂષની સાથે હું કદી ભાષણ પણ નહીંજ કરૂં, એ મારી ઉત્તમ નીતિ છે. મારા જેવી નીતિવાન નાયકણી આજના વખતમાં ઘણીજ થોડી હશે? પણ આજના બેઇમાન શેઠીયાઓને તે બાબતની કદરજ કયાં બળી છે! કાચા કાનની નાયકણીએ સુરતીલાલનાં પ્રપંચમાં સપડાતાં પોતાની જાત માટે સત્ય શબ્દો ઉચ્ચાર્યા."

"એમ ના બોલો. તમે બધાનેજ ખરાબ નહીં દર્શાવો." પોતે ઇમાનદાર છે એમ બતાવતાં સુરતીલાલ બોલ્યો.

" તે તમારૂં કહેવુ ખરૂ છે. કંઇ પાંચે આંગળી સરખી હોતી નથી, તો પણ મોહટો ભાગ બેકદર ને બેઇમાન તો ખરોજ." વિતક વાતને વળગી રહેતાં નાયકણીએ કહયુ.

" તેવીજ રીતે તમો નાયકણીઓમાં પણ તમારા જેવી ઇમાનદાર તો કોઇકજ, પણ મોહટે ભાગે બેઇમાન વધારે." તેમ મારાં મત પ્રમાણે તો જેનું નિમક એક વાર ખાધુ તેની નિદા કરવી સારી વાત નહિ." સુરતીલાલ શીખામણ આપતાં બોલ્યો.

" હુ તેની નિદા કરતી નથી, પણ તેની સાથે મેં ઇમાનદારીથી પતિવ્રત્તા જેવો સબધ સાચવી રાખ્યા છતા, તેણે મને દગો દીધો ને વિશ્વાસઘાત કીધો તેને માટેજ મારો અફસોસ પ્રગટ કરૂં છુ" ખરા દીલથી નાયકણીએ જવાબ દીધો.

" તેમ અફસોસ કરવાથી પણ હવે શુ હાંસલ? હવે કંઇ પરાણે પ્રિત થવાની છે?

" તે આપનુ કહેવું સત્ય છે, પણ જીવને તો લાગેજ કેની કે જે થયુ તે સારૂં નથીજ થયુ. ચાલો, હવે એ કુથલી વિસારી દઉં છુ. હવે જીવને વધારે સતાપવામાં સાર નહીં. મારી કુથલીથી તમને પણ બોર ઉદવેગ થાય. તમે મારે ત્યાં આનદને માટે આવો છો, અને તેમાં ઉદવેગ ઉપજાવનારી કુથલી હું કરૂં તે પણ ઠીક નહીં" આમ જણાવી બાળાએ તે વાત વિસારી મુકી સુરતીલાલને હસ્તે વદને જણાવ્યું કે " પરમેશ્વરે તમારા જેવા સુજ્ઞ પુરૂપની મુલાકાત કરી આપી છે, એજ મારો તમામ સતાપ દુર કરવાને માટે બસ છે. ઇશ્વર તમને આરોગ્ય રાખે!"

" પણ હજી તમે મારી સાથે ઠરાવ કરશો ત્યારેની?"

" ઠરાવ બીજો શું કરવાનો છે? તે જુનાં શેઠ જેમ મારો

તમામ ખરચ નીભાવતા હતા તેમ તમે નીભાવજો કે થયુ. એટલોજ મંદોબસ્ત કરવાનો, બીજું કઇજ નહીં શેઠજી!"

"તમારો ખરચ આશરે કેટલોક હશે વારૂ?"

"તેતો તમારા દોસ્તે તમને જણાવ્યુજ હશેની?"

"તેતો ગપ્પીદાસ છે, ને તરેહવાર તોપ મારતો હતો, તેથી તેનાં બોલવાપર મને ભરોશોજ નથી તમેજ કહીદોની કે થયુ."

"ખરચનો કઈ ચોકસ આંકડો તો કહેવાય નહીં; કેમકે કોઇ મહિને થોડો થાય ને કોઇ મહિને વધારે પણ થાય; માટે તમે દર માસે અમુક રકમ આપશો તો તેમા હુ મારો પાલવતો ખરચ કર્યા કરીશ"

"તેમ તો તેમ, પણ તે અમુક રકમ કેટલી તે જણાવો તો સમજ પડે."

"દર મામે સવાસો રૂપિયા, તમે મને આપ્યા કરશો તો બસ થશે. તેટલામાં હું મારો તમામ ખરચ નીભાવ્યા કરીશ."

"એતો ઘણા થયા! એટલા બધા મને પોશાય નહીં!"

"તો જુઓ શેઠજી! મારો ખરચ છે, તેજ હું તમારી પામે માંગુ છું."

"તમારો ખરચ સવાસો રૂપિયા જેટલો છે! આહો!"

"એટલો તો થાયજ કેની? જુઓ હું તમને ગણાવુ:—મહિનાના ત્રીશ રૂપિયા ભાડાના, ખાધ ખોરાકીના ને નોકર તથા રસોયાના મળીને પચાસ રૂપિયા થાય. મહિનામાં પાનસોપારી ને તબાકુનાજ પંદર રૂપિયા તો જોઇએ. અને તે ઉપરાંત બીજો પરચુરણ ખરચ પણ થાયજ કેની? એતો મુંબાઇ શહેર, અન તેમાં વળી અમો નાયકણીનો ખરચ! હાલતાં ને ચાલતાં પૈસા જોઇએ."

"સમજ્યો; પણ સવાસો રૂપિયા તો જરા વધારે છે. હું તમને દર માસે રૂ. ૧૦૦ આપીશ પછી વળી આગળ જતાં જોઈ લેવાશે."

"ફકત પચ્ચીશ રૂપિયાને માટેજ કસર કરો છો કે?"

"તે વિચાર તમારે કરવાનો નથી. તેનો બદલો હું તમને બીજી રીતે આપીશ. અરે જરા આપણો સ્નેહ સંબંધ વધવા દો, અને પછી તમે પણ જોશો કે તમે મારા થકી સુખીજ થશો. હાલ તરત હુ મારે મોઢે મારા ગુણ ગાઇ શકતો નથી."

"ઠીક જેમ તમારી મરજી, તમારા જેવા સારા માણસ સાથે હું પણ વધારે રકઝક કરવા માગતીજ નથી. હું પૈસા ટકાની ભુખી નથી પણ ખાસ કરીને માણસનીજ ભુખી છું. પૈસા કંઇ સાથે આવનાર નથી. એતો ખરચને માટે જોઇએ તેથી આટલો ડગલ પણ કરવો પડે છે. તમે પણ અનુભવથી સમજી શકશો કે હુ પણ એકવચનીશુ અને નિમકહલાલીથી વરતનારી છુ. થોડા દિવસ મન વેડશો ત્યારેજ તમારી પણ ખાત્રી થશે."

"તેવીજ રીતે તમારી પણ ખાત્રી થશે કે હુ પણ મોહન જેવો નથી, પણ જેને મળુ તેને માથું આપુ તેવો છુ. માટે, વધારે બોલવા કરતાં પ્રસગોપાત કરી બતાવવું તેજ ઠીક." કહીને સુન્તીલાલે ખીસામાંથી પાકીટ કહાડીને રૂ. ૧૦૦ની નોટનો કટકો તેના હાથમાં આપ્યો, જે લઇ તેણીએ કબાટમાં મુકયો.

"માત્ર આપણો સંબંધ જીંદગીસુધી નીભાવી રાખો એટલે બસ." બાળાએ હાથ જોડીને અત્યંત નમ્રતાથી જણાવ્યું "આપના શિવાય બીજા કોઇ પણ પુરૂષનો જેવો પ્રસગ નહીં આવે, એજ મારી ઇચ્છા છે."

"પ્રભુ કરશે તો તમારી ઇચ્છા પારજ પડશે."

"પણ હવે તમે મને 'તમે' કહીને નહીં બોલાવતાં 'તું' કહીનેજ બોલાવવાં કૃપા કરશો; કેમકે હવેતો હુ આપની આજ્ઞાકિત દાસી તરીકે છું, માટે દાસીને બહુ વચનનો વિવેક વાપરવાની જરૂર નથી, અને તે શોભે પણ નહીં. આપે તો હવેથી મને આપની તાબેદાર સમજી લેવી." નાયકણીએ છેક નમૃતા વાપરતા કહ્યુ.

"તેની હરકત નહી. જેમ બોલાવીએ તેમ ઠીકજ."

"નહીજી, આપ મને એક વચનથીજ બોલાવશો તો, હુ વધારે રાજી થઇશ.

"વારૂ તેમ તો તેમ. તું જેમ રાજી થાય તેમ ખરૂ."

"ત્યારે હવે આજે મુહુરતમા એક માંગ્લિક ગાયન આપ સાંભળશોની? પ્રારભમા પ્રભુનું નામ સ્મરણ કરવુ, જોઇએ. કહીને બાગાએ ઇશ્વર સ્તુતિનુ એક મનહર ગાયન ગાઇ સભળાવ્યુ."

તે પછી થોડાક ગપાટા મારીને મુરતીલાલ ત્યાંથી ઉઠીને પોતાને મકાને ગયો, અને નિરાતે બેસીને વિચારવા લાગ્યો, "ઘરનો અને બાહારનો મળી માસિક ખરચ સુમારે ત્રણસે રૂપિયા જોઇશે, માટે તેટલી ઉપજ કરવાની તજવિજ કરીજ રાખવી જોઇએ મોહનની સાથે હવે પછી વેપાર તો કરવો નથી, માટે મારી પોતાની મરજીના સોદા શરૂ કરીશ ને ધીમે ધીમે કમાણી કરવાની તજવીજ ચલાવીશ. બજારમાંનો એક બે દલાલોને મે કહી રાખ્યુ છે, તે કદાચ અત્યારે આવશે તો ખરાજ," આમ વિચાર કીધાં પછી પાચ વાગતાંનો સમય થયો, અને વાળુંની વખત થતાંજ પ્રેમવતિએ તેને વાળું કરાવ્યુ

સાયંકાળે બંસીયો નામનો એક દલાલ આવ્યો, અને બોલ્યો "શેઠ સાહેબ, નોટનો ભાવ તો આજે ઘણો ઘટી ગયો છે. કલ-

કત્તાનો તાર મદો આવવાથી અહિં વેચવાળી ઘણી નીકળી પડી, અને ભાવમાં પાંચ પાંચ આના ઘટી ગયા છે, કંઇ હુકમ હોય તો ફરમાવો સાહેબ!"

"તમારો શું મત છે? તમે તેજી ધારો છો કે મદી?"

"મારો મત તો મદીનો છે, પછી તો પરમેશ્વર કરે તે ખરૂં!"

"તો જાઓ પાચ લાખની નોટ વેચો. કમીને વેચજો."

"તે માટે બે ફીકર રહો. જેમ ફાયદો થશે તેમ કરીશ," કહીને તે ગયો,

સુરતીલાલ વિચાર કરવા લાગ્યો કે "મે પણ હિમત રાખીને મોહટોજ સોદો દીધો છે! ઇશ્વરને આપવુ હશે તો આપશે, પણ હીમત નહી રાખુ તો વેપાર થાય નહી, માટે એ તો હીમતથી ખેડતાંજ રહેવાનુ!"

થોડીકવારમાં દલાલે આવીને કહ્યું "શેઠજી ચાર આને પાંચ લાખની નોટ વેચી છે, વળી ફેરફાર થશે તો આ તને સહવારે મળાશ."

"બહુ સારૂ જરૂર મને ખબર આપતો રહેજે."

"અલબત, જરા પણ ફેરફાર થતાં ખબર આપવાની તો અમારી ફરજજ છે," આમ કહી દલાલ સલામ કરી ચાલતો થયો.

રાત્રિના આઠ વાગતાંને સુમારે તે વળી નાયકણીને ત્યા ગયો અને ત્યાં જતાંજ બોલ્યો "ઘર આગળ મને ચેન પડ્યું નહીં, તેથી અહીં હુ આવ્યો તારી સાથે માયા લાગી છે, તેથી મળ્યા વગર મન માનતું નથી!"

"અલબતા માયા એવીજ છે શેઠજી! તમારે દીલ ચાહે ત્યારે આવવું. મને પણ તમારાં આવવાથી આનંદ વરતે છે."

"પણ હું ધારૂ છુ કે, મોહનમાં હજી તમારૂં મન ભરાઇ રહ્યું હશે ખરૂં ! કેમકે જુની ઓળખાણ કઇ એકદમ ભુલાય નહીંની !"

"શેઠજી ! આપને હાથ, જોડીને કહું છું કે, તેનું નામ હવે મને યાદ દેવાડશો નહીં. તેના નામના શબ્દ સાંભળતાંજ મને કંપારી છુટે છે ! હવે મારો જીવ માત્ર આપનામાંજ છે. મેં એકવાર તો આપને વચન આપ્યુ છે કે, આપજ હવે મારી જીંદગી સુધીના સાથી છો, અન્ય પુરૂષનુ મોં જોવાની જરા જેટલી જીજ્ઞાસા પણ મારા મનમાં છે નહી, ને થશે પણ નહીં, ઇશ્વરે મને જે જોઇએ તે આપ્યુ છે, તો હવે મારે બીજામાં શા માટે જીવ રાખવો જોઇએ ? મારો કુદરતી સ્વભાવજ એવો છે, કે સંતોષ રાખવો, અને તેથીજ હું મને પોતાને સદા સુખી માનતી આવીછું, ખરી વાત છે, કે, જો તે મારા જુના શેઠે મને દગો દઇ છોડી નહીં હોત. તો હું આપનો સંગ પણ કદી કરતજ નહીં આ મારી વાત ઉપરથી આપે ગુસ્સે થવાનું નથી, પણ મારી દ્રઢતાને માટે ખ્યાલ કરવાનો છે, અને વળી આપે એટલોજ સાર સમજવાનો છે કે, આપને પણ હુ મારી દ્રઢતાને પ્રતાપે કદી પણ છોડવાની ઇચ્છા તો કરીશજ નહી. શેઠજી ! તન મનને ધનની જીજ્ઞાસા સંપ્રાપ્ત થાય, તો પછી બીજામાં જીવ રાખી, આશાને તૃષ્ણાની હદ ઓલગી જવાની મૂરખાઇ શા માટે રાખવી જોઇએ ? પ્રભુ આપને મારે માથે સલામત રાખો એટલીજ મારાં અંતઃકરણમાં ઉમેદ રહેલી છે. હું સમજુછું કે, સુખનું મુખ્ય કારણ સંતોષજ છે, અને તે સંતોષ મને મનાયો છે, તેથીજ મને પોતાને, સદા સુખજ સમજાય છે, અને ઇશ્વરપર મને પૂર્ણ વિશ્વાસ છે તેણે હજી સુધી તો મને કદી પણ દુઃખી કરીજ નથી " નાયકણીએ ખરેખરે દ્રઢતાથી ઉત્તમ સ્ત્રી તરીકે પોતાની ઓળખ આપતાં કહ્યું,

(ચીત્રનં. ૬) સુરતીલાલ અને નાચકણી.

તું ધારેછે. કે. મોહનના નેરલુ દીલ તારપરમાં રૂંછે. (પા. ૮૭).

"કેમ વારૂ ? તારો જુનો શેઠ ગયો તે દુઃખ નહિ કે શું ?"

"પણ તરતજ તમારા જેવા સજજન મળી ગયા, એ પણ પરમેશ્વરનીજ મેહેર કેની ? અને તેથીજ તે જગકરતાપર મને સંપુર્ણ વિશ્વાસ છે કે હું પોતે જ્યાં સુધી મારા ધર્મમાં દ્રઢ રહીશ ત્યાં સુધી શ્રી હરી મારૂં સંરક્ષણ કર્યાંજ કરશે, અને તે મને કદી પણ દુઃખી તો નહીંજ થવા દે.

"ખરૂ છે, તને તેવો દ્દઢ વિશ્વાસ છે, એજ તારાં સુખનું એક સંગીન સાધન છે." એટલું કહી વળી સુરતીલાલ આસ્તે રહીને બોલ્યો "પણ મોહન તો પૈસાવાળો ને હું તો ગરીબ છું જો !"

"આપ જોઇએ તેવા હો, પણ મારા મનને તો સુન્નુંજ, મને માન્યું છે ! જે મને દિલોજાનથી ચાહે તેજ મારા મનને પૈસાદાર છે !"

"તું ધારે છે કે મોહનનાં જેટલું દિલ તારા પર મારૂં છે ?"

"અરે શેઠજી ! તમે પણ કેવા સવાલો, પુછો છો ! મેં આપને હાથ જોડી જોડીને કહયુ છે કે, આપે તેનું નામજ સંભારવું નહીં, તો પણ આપ તેનુંજ નામ ઉચ્ચારીને મારા જીવને સંતાપ ઉપજાવો છો ! કૃપા કરી તે વાત યાદ કરશોજ નહીં. આપને તેનું નામ યાદ કરીને શું કામ છે ?"

"તું તેનુ નામ ભૂલી જાય તો ભલે, તે પણ મારો તો, મિત્ર છે, માટે મારાથી કંઈ તેનું નામ ભુલાય કે ? અમે તો બંને બાળસ્નેહી છીએ, અને તે ઉપરાત અમારી દોસ્તી દિલોજાનીથી ભરપુર છે, માટે તેનું નામ હું કેમ વિસારૂ ?"

"તે આપને મકાને મળે ત્યારે ભલે યાદ કરો, પણ મારી સમક્ષ તેનુ સ્મર્ણ નહીં કરો તો મોહટો ઉપકાર માનીશ. પછી તો આપ મોહોટા છો ! આપનાં મનનાં એમજ હોય કે તેનું નામ મારી સમક્ષ ઉચ્ચારીને મારા જીવને ખેદ ઉપજાવવોજ જોઇએ તો

પછી આપને હું વિશેષ કહેવાને શકિતવાન નથી ! તેમ વળી આપની ઇચ્છા તેવીજ હોય તો તે ઇચ્છિા જોર જુલમથી અટકાવવાની શકિત પણ મારામાં નથી ! આપને યોગ્ય લાગે તે ખરૂં !"

વાહાલી ! નિરાશ નહીં થા ! એ તો હું માત્ર હાસ્ય કરૂં છું !"

"હાસ્ય કરવાને આપને પુર્ણ સત્તા છે, પણ એ શિવાય હાસ્યના અનેક રસ્તા છે તો ભલે બીજે કોઇ પણ પ્રકારે હાસ્ય વિનોદ કરો, પણ માત્ર તેનાં નામનુ સ્મર્ણ કરવામાં આનદ નહીંજ માનો, એજ મારી નમ્રતાપુર્વક પ્રાર્થના છે."

તો ભલે, હવેથી તે વાતજ નહીં ઉચ્ચારૂં. પછી તો તું રાજીને ?

"મોહોટી મેહેરબાની ! ઘણીજ કૃપા ' કહીને તેણીએ હાથમાં સતાર લઇ ગાવા માંડયુ, લગભગ રાત્રિના દશ વાગ્યા, એટલે સુરતી- જવા માટે ઉઠયો. તેને ઉઠતાંજ નાયકણીએ સ્નેહથી પુછયુ "કાલે બપોરે પધારશોની ?"

ના, બપોરે તો જો બનશે તો આવીશ, અને નહીતો રાત્રે તો જરૂર આવીશજ. બપોરે કામકાજ હોય તેથી ચોકસ કહી શકાય નહીં.

ઠીક બને તો પધારજો, અને નહી તો રાતના વેહેલાજ આવજો.

"વારૂં." કહીને સુરતીલાલ ત્યાંથી ઉઠીને પેતાને ઘેર જતા રસ્તામાં વિચાર કરવા લાગ્યો કે "માણસ તો મઝાનું મળ્યુ છે, અને માયાળુ પણ છે, માટે મને અહીં ગોઠવાવવામાં વાધો નહીંજ આવે. થોડા દાહડા હજી અજમાવ્યા પછી એકાદ સારી ચીજ એને ઇનામમાં આપીશ, કે જેથી એ વધારે ખુશ થશે, અને મારા પર વધારે સારી રીતે દિલ રાખશે," આમ મનશુબો કરતો તે પોતાને ઘેર ગયો.

પ્રકરણ ૬ ઠું.

દોહરો.

સટ્ટો અવળો નીકળ્યો, સટ્ટાનો સનેપાત;
નુકશાની લાગી ઘણી, થયો મનમાં ઉત્પાત.
ઠપકો દેવા સઉ મળ્યા, ચટપટી મનમાં થાય;
હાય થઈ છે અંતરે, તનમાં લાગી લાહ્ય.

સટ્ટાનો સનેપાત.

રાત્રિનાં સુતાં સુતાં સુરતીલાલ વિચાર કરે છે કે પાંચ લાખની નોટ વેચી તો છે, પણ ભાવ વધ્યો હશે, કે ઘટ્યો હશે, તે તો ભગવત જાણે! મેં પણ વિચાર કિધાં વગરજ વેપાર કીધો છે! માત્ર દલાલની ભલામણને સાચી માનીને સામટી પાંચ લાખની નોટ વેચી તો ખરી પણ હવે મને ચટપટી થાય છે કે, રખે કઇ નુકશાન આવે! વળી કેટલી વધઘટ થતાં કેટલો નફો ટોટો આવે તેની સમજ પણ મને તો છેજ નહી, પણ તે તો દલાલ જે કહે તે ખરૂ! આવો આંધળો વેપાર મેં પણ આંખો મીંચીનેજ ઝોકાવ્યો છે! ખચીતજ મુરખાઇ તો કરી, પણ હવે તો પરમેશ્વર કરે તે

ખરૂં ! કરતાં કરી નાંખ્યુ તો હવે ગભરાવવાથી શું વળે ? હવે તો સહવારના દલાલ શુ સમાચાર લાવે છે તે ઉપર વિચાર ! ” આમ ધાસ્તીમાં ને ધાસ્તીમાં તે છેક પાછલી રાતના તે નીંદ્રાધીન થયો,

પ્રભાત થતાંજ તે ઉઠયો, અને તાકીદે સ્નાન પુજા કરી પરવારીને ખુરસીપર બેઠો, એટલામાંજ દલાલ આવ્યો, અને મોં ચીમળાવી બોલ્યો “ શેઠજી ભાવ તો ઘણી વધી ગયો ! ”

“ હે ! સુરતીલાલે હેબતાઇને પુછયુ, કેટલુંક નુકશાન આવશે ? ”

“ આશરે પાંચેક હજારનુ નુકસાન લાગશે ખરૂ ! ” મારા મત પ્રમાણે હજી ભાવ ઘણો વધશે, માટે સોદો કાપી નાંખો તો સારૂ. ” દલાલે જણાવ્યુ.

“ હમણા સોદો કાપી નાંખીએ તોપણ પાંચ હજારનો ટાંગ્રો આવે કે ? ” સુરતીલાલે પુછ્યુ.

“ હાજ તો ! અને સોદો નહીં કાપો ને કદાચ ભાવ વધારે ચઢી જાય તો વળી વધારે નુકશાન આવે ! માટે જેમ આપનો વિચાર ! ”

“ તમારો વિચાર શું છે ? તમારીજ સલાહથી નોટ વેચી છે ! ”

“ એ તો નસીબની વાત છે. પણ શેઠ સાહેબ ! હવે મારા વિચાર પ્રમાણે સોદો કાપી નાખવો ઠીક; કેમકે બજારનો રંગ તેજી પર આવી ગયો છે ! ”

“ તો ભલે કાપી નાખો, વળી બીજી વખત વાત. ”

“ અરે એ તો ઘણાએ રંગ કમાવાવાના આવશે. ” એમ કહીને દલાલ ચાલતો થયો,

સુરતીલાલ મનમાં વિચાર કરવા લાગ્યો કે “ આ પણ સજડ ફટકો લાગ્યો ! સમજ વગરનો વેપાર ડોહોળવો, એજ ગાંડાઈ છે !

ચાલો, થયું તે ખરૂ!" આમ પસ્તાવો કરતો ને વળી નિરાશ બની મન વાળતો. તો પણ તેના અંતઃકરણમાં જબરી ચટપટી લાગી હતી.

થોડી વારમાંજ દલાલ પાછો ફર્યો, અને બોલ્યો "શેઠજી સોદો કાપી નાંખ્યો છે!"

"તે તો ખરૂ, પણ એકંદર નુકશાન કેટલું લાગ્યુ તે કહેશો કે?"

"બરાબર પાંચ હજાર ને અઢીસો ઉપર. અરે ભાવ તો હજી જોરપર છે. જો એક ટકો બીજો વધત તો દશ હજારનો ટોટો આવતે! તે જાણો છો સાહેબ, એ તો સટ્ટો કહેવાય! પણ ગભરાવું નહીં. વળી રંગ આવ્યો તો જોત જોતામાં સુધારી લઇશું. હાલ તરત થોભી જાઓ."

"ઠીક છે. વળી તેવો કાંઇ દાવ આવે ત્યારે મને ચેતાવજો, અને નુકશાન ક્હાડી આપજો હો."

"તેને માટે ફીકર રાખવી નહી. એ તો એક દહાડામા નુકશાન કહાડી આપીશ. ધીરજ રાખજો. તમારા રૂપીઆ જવા નહીં દઉં." કહીને દલાલ ચાલ્યો ગયો.

સુરતીલાલ ઘણોજ ઉદાસ થઇ ગયો. દલાલની સાથે થયલી વાતચીત પ્રેમવતીએ સાંભળી હતી તેથી તેણી પણ ચિંતાતુર ચેહેરે પોતાના પતીને પુછવાં લાગી, "પ્રાણનાથ! કેટલુક નુકશાન આવ્યુ? કઇ મોહોટું નુકશાન આવ્યું લાગે છે!"

"હા, પાંચેક હઝારનું નુકશાન લાગી ગયુ! હોય? એ તો વેપાર છે, આવે ને જાય. કોઇવાર કમાઇએ તો કોઇવાર ટોટો પણ આવે."

"પણ હવે પાંચ હઝારનો ખાડો કેમ પુરાશે! મારા જીવને તો કંઇ કંઇ થાય છે!"

“ તેમાં ગભરાવાનું કંઇજ કારણ નથી. વળી કમાઇ લઇશુ.” કહી સુરતીલાલ ખુરશી પરથી ઉઠ્યો, અને બોલ્યો “ જમવાનુ થયું છે કે ? ”

“ હા ” તેમ છતાં પ્રેમવંતિએ વળી પુછ્યુ “ આ નુકશાન તમારા ને મોહનભાઇના ભાગમાં આવશેની ? ”

“ નહી, આ સોદો મારા એકલાનોજ હતો, તેથી મારેજ માથે તમામ નુકશાન છે. ”

“ મોહનભાઇ સાથે ભાગમાં તમે તો વેપાર કરતા હતાની ? ”

“ પણ આ સોદો તો મે મારો ખાનગીજ કીધો હતો. ”

“ એવું શું કરવા કીધુ ? તમેએ ધંધામાં તો અજાણ્યા છો. ”

“ હવે નસીબમાં હશે તેમ થશે. તારે એ બાબતની પચાત નહી કરવી. તમે બઇરાં માણસ વેપારનાં કામમાં શુ સમજો ! ચાલ, ભાણું પીરસ. જમીને મારે બ્હાર જવું છે. ”

આવાં ગુસ્સાનાં વચનો સાંભળી પ્રેમવંતિ ગુપચુપ રસોડામાં ચાલી ગઇ, અને તેની પાછળજ સુરતીલાલ પણ ગયો. થોડીજ વારમાં તે જમી પરવારીને મોહનની ઓફીસમાં ગયો, અને તેજ વખતે મોહને પુછ્યુ “ કેમ ભાઇ, કાલે રાતના કંઇ દેખાયો નહીં. ”

“ રાતના આળસ આવ્યુ તેથી બાહાર નીકળ્યોજ નહોતો. જલદી સુઇજ ગયો ”

“ ઠીક; પણ તારો ચેહેરો કંઇ ઉતરેલો લાગે છે ? ઘરમાં કઇ કચપચ થઇ છે કે શું ? ”

“ કચપચ શાની થાય. એતો તને એમ લાગે છે. તડકામાંથી આવ્યો તેથી. ” ખરી વાત છુપાવતાં સુરતીલાલે જવાબ દીધો.

“ વારૂ. બીજી કંઇ ખબર ; ” કહીને મોહને તેને ટાણો માર્યો,

જો, તેં આપણા ભાગમાં, વેપાર કરવાની ના કહી, પણ કાલે ખરો કમાવાનો રંગ ગયો ! મેં તો મારો ખાનગી સોદો કીધો હતો, અને હું તો પાંચસો રૂપિયા કમાયો, તે જો ભાગમાં વેપાર કરવાની ના પાડી નહીં હોત તો તું પણ પાંચસો કમાઈ જાત; પણ તારી ના થયા પછી મારાથી તારા નામનો સોદો કેમ થાય ? મને નવાઇ લાગે છે કે તારે ના પાડવાનો સબબ શું ? તને શું મારો અવિશ્વાસ આવ્યો કે બીજું કંઇ કારણ ? "

" કારણ કંઇજ નહી, પણ મારૂં મનજ માનતું નથી. સટ્ટો કરવા માટે મારાં સગાં વાહલાં મને ઠપકો આપે છે, અને તેથી એ વેપાર નહીં કરવાનો મેં ઠરાવ કીધો છે."

" તો ઘણી સારી વાત. બનતાં સુધી સટ્ટાનો ચડસ સારો નહીજ, એતો હું પોતે પણ કબુલ કરૂં છું. બીજો ધંધો પકડશે તો અલબત શુખી થઇશ."

" પણ હવે નોટને માટે તારૂં શું ધ્યાન છે ? તેજીનું કે મંદીનું ? "

" સટ્ટાનો વેપાર તારે કરવોજ નથી, તો પછી તેમાં તારે લક્ષ શું કરવા રાખવું જોઇએ. તેજી થાય કે મંદી થાય તેમાં તારે શી પિડા ? જે ગામ જવું નહીં તેનું નામજ દેવું નહીં એટલીજ મારી તને સલાહ છે ! "

" એ પણ તારૂં કહેવું ખરૂં છે. ઠીક ત્યારે હવે હું તો રજા લઇશ ભાઇ ! "

" વારૂ પણ સાંજે મળશે તો ખરો કે ઘેરજ સુઇ રેહેશે ? "

" બનતા સુધી તો દીવા વખતે આવીશ." કહીને સુરતીલાલ ચાલતો થયો.

થોડીવારમાં પેલો બંસીયો દલાલ મોહન પાસે આવ્યો. અને

તેને ભાવતાલની ખબર આપ્યા પછી તેણે તેને કાનમાં પુછ્યું " પેલો તમારો દોસ્ત સુરતીલાલ કેવો આસામી છે ? "

" કેમ વારૂ ? તારે પુછવાનું શું કારણ ? " મોહને અધીરા થઇને પુછ્યું.

" મારી મારફત કાલે સોદો કીધો હતો, અને નુકસાન મોહોટું લાગ્યું છે ! "

" કેટલુક નુકસાન લાગ્યું છે ? સો બસોનું કે કઇ વધારે ? "

" વધારે છે. આશરે પાંચેક હઝાર રૂપિયા જેટલું છે ! "

" હેં ! પાંચ હઝાર ! એવો તે કેવો ને કેટલોક વેપાર કરાવ્યો ! "

" પાંચ લાખની નોટ વેચી ને ભાવ વધી ગયા પછી લીધી, તેથી લગભગ પાંચ હઝાર ઉપરનું નુકસાન લાગી ગયુ ! પણ પૈસાને માટે કંઇ વાંધા જેવું તો નથીની ? "

" તે મને ખબર નથી. તું જાણે ને તે જાણે. " કહીને મોહન ખુરશીપરથી ઉઠીને બીજા રૂમમાં ચાલ્યો ગયો, અને પેલો દલાલ પણ બજારમાં સંચર્યો.

મોહને વિચાર કીધો કે " સુરતીલાલે પણ મારાંથી કેટલી ચોરી રાખી ! તેનો ચેહેરો ઉતરેલો હતો તેનો સબબ હવે મને સમજાયો ! પણ મેં જ્યારે પુછ્યું ત્યારે તેણે મને ઉડાવનારો ઉત્તર આપ્યો ! ઠીક છે ! હવે તેને મારે ઠપકો આપવો પડશે, અને તે તેની સ્ત્રીનાં દેખતાંજ આપીશ. તેને માટે મારા અંતઃકરણમાં લાગણી છે. ને તેને હું મારા ભાઇ સમાન સમજું છું, માટે મારે તેના ભલાંને ખાતર થોડીક શીખામણ રૂપી ચેતવણી આપવી, એ મારો ધર્મ છે. આજે ને આજેજ તે મારી ફરજ હું બજાવીશ. " એમ વિચાર કીધા પછી તે પોતાનાં કામમાં રોકાયો.

સુરતીલાલ ત્યાંથી નીકળીને બીજે કાંઇ પણ નહી જતાં બાહારો બાહાર પોતાને મકાનેજ ગયો, અને કપડાં કહાડી ઓઢી પોઢી પલંગ પર સુઇ ગયો.

પ્રેમવંતિ તો સમજીજ ગયલી હતી, પણ " તેથી રખે, સ્વામિના થનો મિજાજ જાય ! " આવી ધાસ્તીથી તેણીએ પોતાના પતિને આ વખતે કઇ પણ પુછપરછ કરીજ નહીં. પણ પ્રેમવંતિને ભકિતબાઇએ પુછ્યુ કે " વહુ, આ કેમ સુઇ ગયો છે ? એની તબીયત તો ઠીક છેની ? "

" હા સાસુજી. તબીયત તો સારી છે, પણ વેપારમાં કંઇ નુકશાન લાગેલું જણાય છે, અને તેથી ઉદાસ થઇને પડયા છે. હમણાં ઉઠાડશો તો ખીજવાઇ જશે ! "

" પણ નુકસાન કેટલુંક આવ્યું છે ? શુ કાંઇ મોહોટું નુકશાન લાગ્યું છે ? "

" સહવારનાં એમના બોલવા ઉપરથી એમ લાગતું હતું કે પાંચેક હઝાર ગુમાવ્યા છે ! "

" હે ! પાંચ હઝાર ! " ભકિતબાઇ સતાપ કરતા બોલી " એ પોતાની નાદાની મુકતોજ નથી ત્યા શુ કરવુ ? હવે એને કોણ શીખામણ આપે ? એ કંઇ કોઇનુ સાંભળે તેવો છે ! એ તો પોતાનાં મગજમાં ધુન ભરાઇ હોય તેજ કરે ! હવે શું કરવું ! તારી મા, એને કંઇ શીખામણ આપે તો સારૂ. તેનું કહેવું એ કઇક સાંભળશે ખરો."

" તને પણ માને તેમ નથી. તેણે તો પેહેલાંથીજ કહ્યું હતું. કે સટ્ટાનો ચડસ સારો નહીં. પણ એ કંઇ માને કે ? કોઇનું નહીં સાંભળે ! કદાચ માને તો મોહનભાઇનું કહ્યું માને ! "

"ઠીક છે. આજે મોહનને હું બોલાવી મંગાવીશ." કહીને ભકિતબાઈ પણ પોતાના પુત્રને માટે સંતાપ કરતી વિચારમાં પડી.

સુરતીલાલ જો કે પલગપર માથે મોંઢે ઓઢીને પડયો હતો, તો પણ આ તમામ વાત તે સાંભળતો હતો, કેમકે તે જાગતોજ પડેલો હતો, પણ તેણે કશો પણ શબ્દોચ્ચાર કીધો નહીં. જેથી પ્રેમવંતિ એમ સમજી કે "તે શુઇ ગયા હશે." આમ વિચારી તેણી પણ અંદરના ઓરડામાં પોતાની સાસુ પાસે જઇને બેઠી, અને ત્યાં પણ તેણીઓએ સાથે બેસીને સુરતીલાલને માટેજ સંતાપ કર્યાં કીધો.

મોહન ઓફીસમાંથી ઉઠીને બાહારોબાર સુરતીલાલને ત્યાંજ ગયો, જે સમયે સુરતીલાલની સાસુ પણ ત્યાં આવેલીજ હતી, અને તેણી, ભકિતબાઇ, તથા પ્રેમવતિ એ ત્રણે મળીને સુરતીલાલને ઠપકો આપતાં હતાં, એટલામાં મોહન આવ્યો, અને તેણે પણ તેણી-ઓની ભેળા મળીને પોતાનું ભાષણ ચલાવ્યુ કે "ભલા માણુસ! તારે વેપાર કરવોજ હતો તો મારી સલાહ તો લેવી હતી? હું કઇ તને ખોટી સલાહ આપવાનો હતો કે? મારાથી છાનુ ડોહોળવાનુ શુ કારણુ?"

"પણ તમારો ભાગ તમે કેમ કહાડી નાંખ્યો?" નવીન-બાઇએ મોહનને પુછ્યુ "એ તો મુંબઇનાં અજાણ્યા છે, તો તમારે એમને છુટા પાડવા નહીં જોઇએ."

"મેં ભાગ કહાડયોજ નથી, ને મેં એને છુટા પાડયોજ નથી, પણ એણે પોતાની મેળેજ મને વેપાર કરવાની ના પાડી' ત્યાં મારો શું ઉપાય? મને તો કહ્યું કે "હું સટ્ટાનો વેપાર કરવા ચાહતો નથી." અને મારાથી છાનો વેપાર કીધો તેમાં મારો શું કશુર?"

"હવે તો જે થયુ તે થયુ, પણ હવેથી તમે એને તમારી સાથેજ રાખજો."

"પણ મને કયાં ના છે? હું તો એને મારા ભાઇ સમાન સમજુ છુ, અને મારે કાને આ વાત આવવાથીજ હું એને ઠપકો દેવાને અત્યારે ખાસ આવ્યો છું."

"તમારા જેવા સ્નેહીની એ તો ફરજજ છે કે સારી શીખામણ આપવી." કહીને નવીનબાઇએ સુરતીલાલને કહ્યુ "હવે થયુ તે થયુ હવે પસ્તાવો કરવાથી શું વળે? નકામો જીવ નહી બાળો. હવે તમારાં આ "ભલા મિત્ર" સાથે મળીને ચાલજો કે થયુ."

"અરે એ તો વળી નુકસાન કહાડી લઇશું. એમાં ગભરાવું નહીં." કહી મોહને સુરતીલાલને ઉઠાડયો, અને તેને સમજાવીને પોતાને ઘેર લઇ ગયો. જતાં જતાં મોહને ભક્તિબાઇને કહ્યુ "મારે ત્યાજ અમો બને સાથે વાળુ કરીશું, માટે તમે રાહ જોસો નહીં."

બાદ થોડીવારે નવીનબાઇ પણ ત્યાંથી ઉઠીને પોતાને મકાને સંચરી, અને તે પછી ભકિતબાઇ તથા પ્રેમવતીએ વાળું કરી પરવારી લીધુ.

મોહનને ત્યાં વાળું કીધાં પછી બંને મિત્રો શાંતપણે બેઠા, અને મોહને સુરતીલાલ પ્રત્યે જણાવ્યુ કે "વેપારમાં ગરમી ખાવાની નથી, પણ આસ્તે આસ્તે તે ખેડવો જોઇએ. હજી તો તું નવો છે, અને દલાલીઆઓ તને ફસાવીજ નાખે! તેમનો ભરોશો નહી કરવો. તેમને શું છે? તેઓ તો ભોઠ શેઠને આખાને આખા ચીરી નાંખે! માટે બહુજ સભાળવાનુ છે. તું સામટો લાડવો ખાવા ગયો, ને વળી તું અજાણ્યો, એટલે ખતાં ખાય તેમાં કંઇ નવાઇ કે?"

"મેં તો દલાલની સલાહથી સોદો કીધો હતો, અને તેનીજ સલાહથી સોદો કાપી પણ નાંખ્યો હતો, તેથી મને શક જાય છે કે રખે તેણે મને અજાણ્યો ધારીને ફસાવ્યો હોય!"

"તેમ પણ બનવા જોગ છે! એ દલાલ કંઇ આબરૂદાર નથી હું એને ઓળખું છુ. એ બડો લુચ્ચાનો સરદાર છે! હું તો એવા લોફર સાથે સોદો પણ કરતોજ નથી, પણ જે આબરૂદાર ને પ્રમાણીક દલાલો છે તેમનીજ સાથે કંઇ પણ સોદો કરૂં છુ." કહીને મોહને થોડોક વિચાર કીધા પછી પુછ્યુ "તે સોદો કીધા તેની સહી આપી છે કે?"

"ના સહી તો આપી નથી, પણ માત્ર મોંઢાનીજ વાત છે."

"તો હરકત નહી. હું એને બરાબર પુરો પડીશ. મને પુછ્યા વગર તું એને એક પાઇ પણ આપતોજ નહીં. હુ એ હરામખોરનો રસ્તો બરાબર કરીશ."

"પણ મારાથી ફરી કેમ જવાય, ને ખોટું પણ કેમ બોલાય!"

"તે હવે પછી થઇ રેહશે. તે મને મળે પછી વાત. કદાચ અત્યારેજ આવશે."

"આ પ્રમાણે વાત કરતાં પાએક કલાક પસાર થયા પછી તેજ દલાલ આવી પોહોંચ્યો, અને તેને જોતાંજ મોહન તેને ઇશારત કરી બાજુના રૂમમાં લઇ ગયો, અને ત્યાં મોહને તેને ધીમે રહીને પુછ્યુ "સાચું બોલજે, આ શેઠનો સોદો તેં તારે માથેજ રાખ્યો હતોની?"

"એ સવાલ કરવાનું શું કારણ છે શેઠ! હા, ભાવમાં કંઇ ફેરફાર હોય તો તેને માટે હું જવાબ દેવાને તૈયાર છું. ભાવની બાબતમાં બજારમાં ખબર કઢાડો."

"બાજની બાબત પછી, સોદો તેં તારા ઘરમાજ રાખ્યો હતો. એતો ખરૂ કેની? જો સાચે સાચુ બોલજે બચ્ચા! યાદ રાખજે કે સામો હું છું, અને માત્ર મોંઢાનોજ સોદો થયલો છે, પણ સોદાનો કબાલો તો કીધોજ નથી જેથી તારૂ કઇ પણ ચાલનાર નથી. એ તને એક પાઇ પણ નહીજ આપે તો તું એને શું કરનાર છે?"

"એ તો શેઠજી તમારો દોસ્ત થાય છે. એટલે હું એને શું કરી શકુ! બાકી બીજો હોય તો બજારમાં ફેંટ પકડીને પૈસા લીધા વગર નહી રહુ."

"એ બધી તારી પતરાજી તારા મોંમા રહેશે, તે તું સમજે છે કે? તું એનુ જરા નામ તો લઇ જો. પછીજ તને પણ બરાબર ઠેઠ પોહોચાડી દઉં! મને ઓળખે છે કે?"

"તે તો હુ પેહેલાંથીજ કહી ચુકયો છુ. કે તમે વચમાં છો તેથી હુ લાચાર છુ! હવે તો મેહેરબાની કરીને તમે પૈસા અપાવશો તોજ મળશે."

"તે તો પૈસા આપવાની નાજ પાડે છે, માટે હુ શું કરૂ?"

"કેમ ના પાડે છે, શુ મેં સોદો કીધો નથી, એણે ખોટો સોદો કીધો છે?"

"તેનુ કહેવુ એમ છે કે 'હું તો સોદામાં કશું સમજતો નથી, અને તેના કહેવાથી મે તે કીધો હતો, અને મને ખોટું સમજાવીને પોતાનાં ઘરમાજ સોદો રાખીને મને ફસાવ્યો, માટે હું કઈ પૈસા આપનાર નથી.' એમ તેનું કહેવું છે."

"એ તો ખોટી દાનતની વાત છે. આવી દાનત રાખશે તો તે શું કમાશે?"

"કમાશે કે નહીં કમાય તે તો પછી વાત, પણ અત્યારે તો તુ રડી રહ્યો !"

"અરે શેઠજી ! તમે વચમાં છો તો મારો કંઇ પણ તોડ કહાડી આપો ! મારાપર આપનો મોહટો ઉપકાર થશે ! તમે જો તેને સમજાવશો તો તે કંઇ પણ આપશે, તે તમારા હાથમા છે, ને હુ તમારોજ છુ, એમ માનજો "

"અરે મેં તો તેને કહ્યુ કે રૂપિયાના આઠ આના પતાવ, પણ તે તો સાફ નાજ પાડે છે, અને બોલે છે કે 'મને અજાણ્યો ધારીને તેણે મને જાણી જોઇને ફસાવ્યો, માટે હુ તો ફુટી બદામ નહીજ આપુ.' આમ તે નાજ પાડે છે, ત્યા હુ શુ કરૂ ?"

"ત્યારે શું મારી તમામ રકમ હુબીજ ગઇ ? એ તો જુલમ કહેવાય !"

"હવે તું સમતા રાખ એનો બદલો હુ તને દલાલીના બાળી આપીશ "

' અરે શેઠ, તમે તો મારી મા ફત સોદા પણ કરતાજ નથી, તો બદલો શું વાળશો. "

"હવેથી તમામ સોદા તનેજ આપીશ, બસ, હવે તો તું રાજી થયો ?

"પણ હમણાં તો મારા પાચ હજાર રૂપીઆ ડુબી ગયા ને."

હવે પંચાત નહીં કર મેં તને વચન આપ્યુ કે એનો બદલો હું તને થોડા દાહડામાં આપીશ, તો હવે ગુપચુપ થઇજા, અને જો જે ! એને એક શબ્દ પણ કહેતોજ નહીં. હું તને બદલો આપ્યા વગર નહીજ રહું. લે વચન આપું છું, "

"ઠીક. જેવી આપની મહેરબાની !" કહી નિઃશ્વાસ નાંખતો

તે દલાલ ચાલતો થયો.

મોહને ઉપલી તમામ વાત સુરતીલાલને સમજાવી તેથી સુરતીલાલ પણ ખુશી થઇ ગયો, પરંતુ ધાસ્તીથી બોલ્યો કે " તે હવે મારી કઇ ફજેતી તો નહી કરે ને ? "

" અરે એ તું શું પોચકા મુકે છે ! તેની મગદુર શુ છે, કે તને પા શુકન પણ કહી શકે ! તે વાતે તો તારે જરા પણ ગભરાવુંજ નહી તે મારાથી ધુજે છે. વળી મે તેને સોદો આપવાની આશા પણ આપી છે. તેથી તે આશામાં ને આશામા રહી બગાડ કરવાની હીંમત નહીજ કરે."

" તો ઠીક. " કહીને સુરતીલાલે પૂછ્યુ " મુબઇમા બીજો કોઇ વેપાર નથી ? "

" વેપાર તો ઘણાએ છે, પણ તુ અહીંનો અજાણ્યો પડયો, માટે હાલ તરત તારે બીજુ કશુ કરવુ નહી. લગાર મુબઇનો માહીથા પછી વળી થઇ રહેશે. "

" ત્યારે હાલ તરત મારે શું કરવું ? આમ બેમીજ રહેવુ ?"

" તારો ભાગ રાખીને હુ નોટનો વેપાર થોડો કરીશ હાલ તરત તારો ખરચ નીકળ્યા કરશે તો પણ શું ખોટું છે ? હમણાં જરા સતોષ પકડ, "

" ભલે. જેમ તારી સલાહ મળશે તેમ કરીશ, હવે તને પુછ્યા, વગર કઇજ નહી કરૂ. "

" તોજ તુ બચશે, જો કઇ પણ ઉંધુ ચતું કરવા જશે તો યાદ રાખજે કે ફસાઇજ જશે ! આ શેહેરમાં સોરી ટોળી પણ કંઇ કમતી નથી હો ! ખુબ સંભાળીને ચાલજે, "

" હવે બરાબર સમજી ગયો છું. " કહીને તે ત્યાંથી ઉઠયો.

અને પોતાને મકાને ગયો. ત્યાં જઇ મોહને દલાલને, સમજાવ્યો તે વાત સુરતીલાલે પોતાની સ્ત્રીને કરવાથી તેણી પણ ઘણી ખુશી થઇ અને પછી શાંતપણે તેમણે નિદ્રા લીધી.

બીજે દિવસે સહવારમાં આઠ વાગે સુરતીલાલ નાયકણી બાળાને ત્યાં ગયો, તેને જોતાંજ બાળાએ પુછ્યુ, કેમ ગઇ કાલે આખો દહાડો કાંઇ જણાયાજ નહીં,

" અરે કાલે અમારા પડોસમાં એક ડોસી મરણ પામી તેથી સ્મશાન જવું પડ્યુ; તે છેક રાતના ત્યાંથી આવ્યો, અને પછી થાકેલો હોવાથી નિદ્રા આવી ગઇ, જેથી આવિ શકાયું નહીં. મારો જીવ તો અહીં તારામાંજ હતો, પણ શું કરૂં ! આવી રીતે રોકાણ થઇ ગયુ ત્યાં કાંઇ ઇલાજ છે. ! " સુરતીલાલે સુકીજ ઠોકતાં બોલ્યો!

" તેમાંજ ! મેં પણ વિચાર તો કીધો હતો, કે કોઇ જરૂરનાં કામમા રોકાઇ ગયા હશે તેથીજ આવી શક્યા નહી. તેમ છતા મેં છેક મોડી રાત સુધી તમારા આવવાની રાહ તો જોઇ, અને છેક બાર વાગ્યા બાદ હું પણ સુતી. "

" કાલે આખો દહાડો આવી શક્યો નહીં, તેમાં તો હું અત્યારે વેહેલો આવ્યો; કેમકે તને મળ્યા વગર મારા જીવને ચેન પડે નહી!"

" તે તો છેજ. મારા વહાલા ! પ્રીતિની રીતિ એવીજ હોય."

" વારૂ, ત્યારે બીજી કંઇ નવી જુની ? કંઇ જાણવાજોગ છે કે ? "

" જાણવાજોગ તો એજ કે ગઇ કાલે તમારા દરશન વિના દિલગીરી ઉપજી, અને આજે તમારા પગલાં થયાં તેથી આનદ પણ થયો, એજ નવી અને જુની ખબર ! "

" વાહરે, ! તુ પણ ઉત્તર આપવામા બડી છટાદાર જણાય

છે જો ! તારી બોલવાની પણ બડી બલીહારી છે ! જબરી જીભ ચાલે છે હો ! ”

“ પણ તેથી તમે ખુશી છો, કેની ? જીભની ચપળતા સારી કે નબળી ? ”

“ અલબત સારીજ, નબળી કેમ કહેવાય ? અને નબળી હોય, તો તારી પાસે આવવામાં અમને આનંદ પણ ક્યાંથી ઉપજે ? તારા જેવી ચચળ ચાતુરીનેજ હું પસંદ કરૂં છું. ”

“ જુઓ ! તમે મારે ત્યાં બે ઘડી મનને આનંદ મેળવવાને આવો છો, તો તમને ગમે તે પ્રકારે પણ આનંદ આપવાની મારી ફરજજ છે. તમે મારો આવડો મોહટો ખરચ પણ શા માટે રાખો છો ? માત્ર આનદને માટેજ કેની ? તો તેનો લાભ તમારે લેવોજ જોઇએ, અને મારે પણ તે લાભ તમને આપવોજ જોઇએ.”

“ સત્ય છે. તારી સમજણ—સાબાશીને પાત્ર છે. તુ મારૂં મન હરવાને લાયકજ છે. ”

“ આપ મારી લાયક કદર બુજો છો. એજ મારાં અહો ભાગ્ય હું સમજુ છુ. આપ મારા પતીને સ્થળે છો, અને પોતાના પતિની પ્રસન્નતા પામવી એજ કોઇ પણ સ્ત્રીના ધન્ય ભાગ્યની વાત છે ! એવીજ પ્રસન્નતા સદા રાખતાં રહેજો. ”

“ અને તુ પણ મારા પ્રત્યે આવોજ પ્રીતિ ભાવ, સદા રાખતી રહેજો.

“ અલબત, તેમ કરવાની તો મારી મુખ્ય ફરજ છે. મારા માનીતાં પ્રીતમ ! ”

વારૂં ત્યારે હવે મને રજા છે ? હજી ઘેર જઇ, જમીને પછી કોટમાં જવું છે.”

" અને પછી બપોરના, તો આપ અત્રે પધારશોની ?

" બપોરના અવાશે નહીં; કેમકે ત્રણ વાગતાં સુધી તો કોટમાંજ રોકાઇશ, અને તેથી બપારના આવવાને વખત મળે તેમ નથી "

" ત્યારે આજે તો રાતના આવશો કે આજે પણ નહી આવો?"

" રાતના તો જરૂર આવીશ. મોડો કે વેહેલો પણ આવીશજ."

" તમારે જોઇએ ત્યારે આવજો, પણ આવ્યા વગર રહેશો નહીં હોં.

" જરૂર આવીશ. " કહીને સુરતીલાલ ઘેર ગયો, અને જમી ખાઇને બરાબર અગીઆર વાગે તે મોહનની ઓફીસમાં ગયો. ત્યાં મોહને સુરતીલાલને આવતા વારજ પુછ્યુ. સુરતીલાલ, તારો વિચાર જો નોકરી કરવાનો હોય તો એક સરસ નોકરી તારે માટે એક ઓફીસમાં તૈયાર છે, અને પગાર પણ મહીનામાં પોણોસો મળશે. છે, વિચાર ? "

" છટ, છટ ! નોકરી તો હું કરૂંજ નહી. મે કદી નોકરી કરી નથી, તો મારાથી નોકરી થાય પણ પણ નહીં. મારે તો કોઇ સ્વતત્ર ધંધો જોઇએ. નોકરી કરતા તો નોટની દલાલી સારી."

" હા. એ પણ સારી લાઇન છે, અને એ, દલાલી પણ કંઇ ખોટી નથી. એમાં સમાલીને ચાલે તો ન્યાહાલ થાય, ને આગળ જતાં ફાવી પણ જાય. એ કરવાનો જો તારો વિચાર હોય તો એમાં પણ તને હું આગળ પાડી આપું. આપણા સુરતીઓ પણ એ લાઇનમાં ઘણા છે, અને જેમ તારી ઓળખાણ હશે તેમ મારી પણ સારી ઓળખાણ છે. વળી મારા કેટલાક દોસ્તારો છે, તેમની પાસેથી પણ હું ભલામણ કરીને તને સોદા અપાવતો રહીશ. અરે લગભગ સો રૂપીયા તો

મારી પોતાનીજ દલાલીના દર માસે તને મળશે, અને એજ પ્રમાણે બીજાઓ તરફથી પણ સારી રીતે સોદાઓ મળી શકશે. એજ લાઇન પકડ. "

"તો ઠીક તુ કહે તો આજથીજ તૈયાર છુ.?"

"આવતી કાલે સારો દિવસ છે, માટે આવતી કાલથી વાત."

"ભલે. આવતી કાલથી; પણ બજારમાં કાલે તું મારી સાથે આવીને ત્યાં મને બીજાઓ સાથે મુલાકાત કરાવી આપશે ને.

"ઓ યસ. તે હુ તારી સાથે જરૂર આવીશ. તેમાં કંઇ વાંધો નથી; પણ માથાનો વેપાર તારે કરવોજ નહી, એટલો દ્રઢ નિશ્ચય રાખવો પડશે!"

"દલાલી સારી મળે તો પછી માથાનો સોદો શા માટે કરૂ?"

"તે વાત ખરી, પણ જીવ દ્રઢ રાખવો જોઇશે.'

"તેની કંઇજ હરકત નહિ. મારો જીવ મારા હાથમાંજ છે."

' તો પછી કાલથીજ શરૂઆત કર, ઇશ્વર સૌ સારૂજ કરશે."

"મારે પણ તેજ જોઇએ છે" કહીને સુરતીલાલ પોતાને મકાને ગયો, અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે "આવતી કાલથી નાટની દલાલી કરવાનો ઠરાવ નક્કી કીધો છે, વાહાલી!"

"દલાલીનો ધધો સારો તો ખરો. તેમા મેહેનત છે, પણ બીજી રીતે સતાપ તો નહી, અને વળી આપને ઓળખાણુ પણ સારી છે, તેમજ આપનો સ્વભાવ ખુસણીયો પણ છે, તેથી કામ કાજ પણ આપણુને મળી શકશે"

"તેમાં પણ મોહનનો લાગવગ છે, તેથી મને વધારે હીંમત છે."

"બરાબર" તેની મદદથી ને તેની સલાહથી તમે ફાવી શકશો, ! દલાલીનો ધધો શરૂ કરતાં પહેલાં તમે મોહનની

સલાહ તો લેજોજ.

" તેનીજ સલાહથી દલાલીનોજ ધંધો પસંદ કીધો છે, અને તેમાં આગળ પાડવાને પણ તેણેજ વચન આપેલું છે, જેથી મને ફતેહની સારી આશા રહે છે. "

" હવે હું સમજી ગઇ. મોહનભાઇ તમારા ખરા શુભેચ્છક છે, અને તે તમને નબળી સલાહ નહીંજ આપે, એ તો મારી પણ ખાત્રી થઇ ચુંકી છે, માટે તે જેમ કહે તેમજ કરજો. તે વળી ખટપટી પણ છે. જુઓની પેલા દલાલને પણ તેણેજ સમજાવીને તમારા પાચ હઝાર રૂપિયા બચાવ્યાની ? એ ઉપકાર કંઇ ભુલવા જેવો નથી ! એવા ખરા સ્નેહી ને શુભેચ્છકની સલાહ પ્રમાણેજ ચાલવાથી સુખી થશો."

" તેથીજ તે જેમ કહે તેમજ હું કરૂં છું. " કહીને સુરતીલાલે પોતાના પિતાને પોતાનાં સુખ શમાચારનો પત્ર સુરત લખી મોકલ્યો

સાયકાળ થતાંજ સુરતીલાલ મોહનને ત્યાં ગયો, અને તેને જોતાંજ મોહને કહ્યું " તારા ગયા પછી કેટલાક પ્રખ્યાત દલાલો, મારી પાસે ઓફીસમા આવ્યા હતાં, અને મે તેમને તારે માટે ઘણીજ સરસ રીતે ભલામણ કરી છે, અને તેઓ પણ તને બજારમાં આગળ પાડવાને ચુંકનાર નથી, એટલો પાકો બદોબસ્ત મે દીધો છે."

" એ પણ ઠીક કીધું. ભાઇ, મુંબઇમાં મને માત્ર તારોજ આશરો છે ! તારો ભાવ મારા ઉપર ખરા અતઃકરણનો છે, એ તો હું બરાબર સમજું છું, અને તે મારા ઉપર અત્યાર સુધીમાં ઘણો જ ઉપકાર કીધો છે, જે જીદગી સુધી હુ કદી વિસરનાર નથી. "

"એમાં ઉપકાર જેવું કશું નથી. એતો એકબીજાની ફરજ છે."

બાદ થોડીવારમાં સુરતીલાલ ત્યાંથી નીકળીને બારોબાર, નાયકાણીને ત્યાં ગયો, જે વખતે રાત્રીના સુમારે આઠ વાગ્યા હતા.

"કેમ, આખરે બપોરે તો આપ નહીંજ આવ્યાની?" નાયકાણીએ સુરતીલાલને જોતાંજ પુછ્યું.

"મેં તને પહેલાંથીજ કહ્યું હતું કે, કોટમાં કામ છે, તેથી બપોરનાં, નહીં અવાય."

"અને અત્યારે પણ છેક આઠ વાગી ગયા પછીજ આવ્યાને! અત્યાર સુધી ઘરમાં ભરાઇ રહીને શું કીધું? વહેલા આવ્યા હોત તો શું કંઇ વાંધો હતો?"

"વહેલોજ આવનાર હતો, પણ તેટલામાં એક જણ આવી પોહોંચવાથી તેની સાથે વાતમા કેટલોક વખત રોકાઇ ગયો, અને તેથી મોડું થયું. ચાલ હવે એક સરસ ગાયન સભળાવ. અત્યારે કામકાજથી કંટાળીને આવ્યો છું, તે ગાયન સાંભળીશ તો મગજને શાતી મળશે. માટે ફર્સ્ટ કલાસ ગાયન ગાજે."

'ઘણી ખુશીથી. કહીને તેણીએ એક રસીક ગઝલ ગાવા માંડી, અને તેથી સુરતીલાલ ઘણોજ ખુશી થયો.

"હવે આપ ફરમાઓ તે રાહનું ગાયન ગાઉં? ઠુમરી ગાઉં કે?"

"નહીં. હવે બસ કર, હવે ઘેર જવાનો વખત થયો, માટે હવે ઘેર જવું જોઇએ. વધારે વાર થોભાય તેમ નથી."

"કેમ વારૂ? મોડું થાય તો બાયડી મારશે કે શું? બાયડીની બ્હીક ઘણી લાગતી હશે કેમ!"

"તેની બ્હીક રાખવીજ જોઇએ. તેણી તો મારાં ઘરનો શણગાર છે, અને વળી દરેક વાતે, તે ઘણીજ વખાણવા જોગ છે."

"તે ઘણી ખુશીની વાત. ભલે બિચારી જીવતી રહો. પેહેલાં

બાયડી, અને પછી હું, એજ સાચો નિયમ છે, અને તેજ નિયમ તમારે પણ સાચવી રાખવો જોઇએ. પણ વળી વધારે ઘેર ભટકવાની આદત નહીં રાખશો. બહુ ભટકવામાં શોભા નથી, અને બહુ ભટકવામાં તન, મન અને ધનની ખરાબીજ થાય !

"તેમ સમજીનેજ હું તારા જેવું એક સારૂં રમકડું પકડીને બેઠોછુની !" આ પ્રમાણે કહીને સુરતીલાલ તરતજ ત્યાંથી નીકળીને પોતાને ઘેર ગયો."

બીજે દિવસે પ્રભાતમાંજ સુરતીલાલે પોતાની સ્ત્રીને કહ્યું "વાહાલી ! આજે તો સુકનમા કંસાર રાંધજે, અન હું પણ મંદિરે દરશન કરવા જાઉ છુ. દલાલીનો પ્રારંભ આજથીજ કરવાનો છે, માટે પ્રારભમાં પરમેશ્વરને યાદ કરવાજ જોઇએ."

"હા સ્વામિનાથ. એ આપનો શુભ વિચાર છે. ઇશ્વરના દરશનથી દુઃખ દૂર થઇ સુખ થાય છે, માટે પેહેલાં તેમનુંજ સ્મરણ કરવુંજ જોઇએ."

તે પછી સુરતીલાલ સ્નાન પુંજા કરીને મદિરે ગયો, અને ત્યાં એક રૂપિયો ભેટ ધરી, અને, મદિરના મુખીએ તેને પ્રસાદ આપ્યો, જે લઇ તે પોતાને મકાને ગયો, અને પછી દશ વાગતાંજ ભોજન કરી બરાબર અગિયાર વાગતે મોહનની ઓફીસમાં ગયો.

"ચાલો, ભાઇ, તુ પણ બરાબર વખતસરજ આવ્યો છે." સુરતીલાલને જોતાંજ મોહને કહ્યું.

"હવે બજારમા જવાને વાર છે કે, હમણાંજ જઇશું."

"વાર શાની ? હમણાંજ બજારમાં સંખ્યાબધ દલાલોની ભરચક હશે, માટે હમણાંજ જઇએ તો વધારે સારૂં." કહીને તેઓ બંને બજારમાં ગયા.

ચીત્ર નં. ૭ મોહનની ઓફીસ-મુરતીલાલ અને મોહન લાલ.

એક લાખનો સામટો સોદો મારે હાથે કેમ ઊતરશે. (પા. ૧૧૯-

બજારમાં જતાંજ **મોહને** કેટલાક દલાલો સાથે **સુરતીલાલની** ઓળખાણ કરાવી, અને તેને માટે ખાસ ભલામણ પણ કરી. વળી જેઓ **સુરતીલાલના** પણ ઓળખીતા હતા તેઓ પણ **સુરતીલાલને** કહેવા લાગ્યા કે "તમારે કોઇ વાતે ગભરાવું નહી. અમે તમને આગળ પાડીશું, અને બજારમાં તમારૂ નામ જોતજોતામાં ચાલશે. તમારા જેવાનું નામ ચાલતાં શું હરકત છે?"

આ સાંભળી **સુરતીલાલને** પણ વધારે હીમત આવી, અને પછી **મોહને** કહ્યુ "બસ ભાઇ, હવે તો કંઇ વાંધો નથીની? તેમ છતાં મુઝવણ પડે તો તરત મને મળજે. એ તો–ચાર દાહડા ફરશે કે તાબડતોબ, ઓળખાણ થઇ જશે ને નામ પણ ચાલુ થશે. **મુંબઇમાં** ગમે તેવા **"ભુખડી બારસ"** નુ ચાલે છે તો તારા જેવાને શું હરકત છે.

"વળી થોડીકવાર ફરીને બપોરના પાછો ઓફીસમાં આવજે." કહીને **મોહન** પોતાની ઓફીસમાં ગયો.

બજારમાં સોદાની ધમાલ જોસમાં ચાલવા માંડી, અને ભાવમાં જોત જોતામાં આઠ આના વધી ગયા, જેથી **સુરતીલાલ મોહનની** પાસે ગયો, અને બજારની બિના કહી જે જણાવતાંજ **મોહને** કહ્યુ, કે "એક લાખની નોટ આપણા ભાગમાં લે. ભાવ હજી ઘણો વધશે."

"એક લાખના સામટો સોદો મારે હાથે કેમ ઉતરશે?"

"આમ પોચકા શાના મુકે છે? એ તો સોદો જોત જોતાં થઇ જશે. તું બજારમાં જઇને ટ્રાય તો કર. અરે તું એમ ગભરા નહીં, જોતજોતામાં સોદો થઇ જશે.

"ઠીક છે, જોઉ છુ, કહીને **સુરતીલાલ** અચકાતો અચકાતો નીચે ઉતરીને બજારમાં ગયો, અને તેટલામાંજ એક સારો દલાલ **સુરતીલાલને** મળતાં તેને પૂછયું "કેમ સોદો છે કે?"

" હા. બોલો, શું ભાવ વેચશો ને શું ભાવ લેશો."

" તમેજ બોલો કે શું ભાવે આપશો ને શું ભાવે લેશો ?"

તો બાર આને તમને આપી, અને સાડા અગીયાર આને તમારી લીધી. "

" આપી ને લીધી બોલો તેમાં શું વળે ? કેટલાની, તેતો કેહેશોના ?

" એક લાખનો સોદો બોલો, હવે શું કહેવા માંગો છો ?

" તો સાડા અગીયાર આને તમારી એક લાખની લીધી."

" નહી તેમ નહી બને. બાર આને તમને એક લાખની આપી."

" વારૂ લીધી. " કહીને સુરતીલાલ મોહનની પાસે ઝડપમાં ગયો, અને સોદો પાર પાડયાની વાત મોહનને વિદિત કરી.

એમ ત્યારે ! તુ ગભરાતો હતો, પણ સોદો ઉતરી ગયોની ! એતો એમજ. હીમત રાખીને આગળ પડયા કરવું. હવે વળી ભાવમાં ફેરફાર થાય તો આવજે, " મોહને હિમ્મત આપતાં કહ્યું.

" ઠીક " કહીને સુરતીલાલ બજારમાં ગયો.

સાંજ પડતાંજ ભાવમાં બીજા આઠ આના વધી ગયા, અને મોહન ઓફીસમાંથી ઉઠતાંજ બજારમાં આવીને ઉભો રહયો. મોહને તરતજ નફો ચોખ્ખો કરવાને સુરતીલાલને જણાવ્યું; અને સોદો હતો તે સાફ કરી ચોખ્ખા પાંચસો રૂપિયાનો નફો કરી લીધો, અને તે પછી તેઓ બંને ટ્રામવેમાં બેસીને પોતપોતાને મકાને ગયા.

આજના બનાવથી સુરતીલાલ ઘણોજ હરખાયો, અને ઘેર જઇ પોતાની સ્ત્રીને વાત કરતાં તેણી પણ ખુશી થઇ બોલી " મોહનભાઇથીજ તમારૂં કામ પાર પાડશે. શરૂઆત સારી છે, તો છેવટ પણ સારૂંજ આવશે. "

" ત તો છેજ. પ્રારંભજ ઘણો લાભકારક છે. " કહીને સુરતીલાલે વાળું કીધું; અને પાછો તે મોહનને ત્યાં ગયો, જ્યાંથી વળી કાલબાદેવીને રસ્તે, જ્યાં રાતના, નોટનો બજાર ભરાય છે ત્યાં ગયો અને ત્યાં કલાકેક ફરીને સાડા નવ વાગે પાછો પોતાને મકાને ગયો, પણ નાયકણીને ત્યાં તે નહીં ગયો,

ગાયનનાં શોખીનો માટે સોનેરી તક.

ફોનોગ્રાફ રેકાર્ડમાં ગવાતાં ઉમદા ગાયનોનો મોટો જથ્થો બીજી દરેક બુકોમાં સઉથી મોટામાં મોટી અને ઊત્તમ બુક

ધી ફોનોગ્રાફ ગાયન સંગ્રહ

ભાગ ૧--૨ સાથે.

લગભગ સવા ત્રણસો ચુંટી કાઢેલાં ગાયનોનો સંગ્રહ.
કીંમત માત્ર આઠ આના પોસ્ટેજ જુદું
મળવાનું ઠેકાણું

શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર.

ઠે૦ લીમડાચોક—સુરત

પ્રકરણ ૭ મું.

દોહરો

સુખમાં દુ:ખ મનાય છે, દુરભાગી દુ:ખ ચહાય;
પરનારીના પાસથી, દુ:ખમાં ડુબી જાય.
મોહન મિલ મળ્યો મણી, તેનો કરતો ત્યાગ;
દુરાચરણમાં ડોકીયું. કરવા ગયો, અભાગ.

"વિનાશ કાળે વિપરિત બુદ્ધિ !"

નોટની દલાલીમા તો સુરતીલાલને સજજડ તડાકો પડે છે. મોહનની મદદથી તેમા તે ઘણો આગળ વધ્યો છે, દરરોજ મોહટા સોદાઓનો સપાટો સંપ્રાપ્ત થાય છે. પેહેલેજ મહિને પાચસોથી છસો રૂપીઆની દલાલી મળવાથી સુરતીલાલના મગજમાં કાંઇક રાઇ આવી, અને તેથી તેનામાં અભિમાન પણ ઉભરાઇ ગયું ! તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે " હવે તો મને મુંબઇ બરાબર સદી ગયું, અને આ પ્રમાણે જોતજોતામાં પૈસા મેળવવાનો રસ્તો મુંબઇમાં સહેલો ને સટ છે ! વળી વધારે નશીબ ખીલે તો લાખો રૂપીઆ પણ

મેળવતાં વાર લાગે નહીં બહાર ગામનાં લોકો બોલે છે કે '**મુંબઈમાં સોનુ લુટાય છે**' તે વાત તો ખરી છે ! **મુ**ંબઈમા ઠેક ઠેકાણે સોનાના ઢગલાઓજ જોવામાં આવે છે, અને જેનો ભાગ્યોદય થવાનો હોય છે, **તેને તે** મળે પણ છે, મારો તો બરાબર ભાગ્યોદય થયલો હુ જોઇ શકુ છું, અને હવે ન્યાહાલ થવાનો સમય પણ સંપ્રાપ્ત થશેજ." આ પ્રમાણે વિચાર કરતો બેઠો છે, **એટલામાંજ મોહન** તેને ત્યાં આવી ચઢયો. અને **સુરતીલાલને** જોતાંજ બોલ્યો, " કેમ ભાઇ, શું થાય છે ?" **મોહને** પૂછ્યુ. "તેજી મહીના મનસુબા ચાલે છે કે ?"

" હાસ્તો વળી. મારે બીજો શો વીચાર હોય ? કહેવત છે, કે '**સુથારનુ મન બાવળીયે !**' માટે મારો જીવ પણ જ્યારે ને ત્યારે નોટ બજારમાંજ હોયની !"

" પણ હમણાં તો તુ નોટ બજારમા રાતના જતો નથીને, ?"

" દરરોજ તો જાઉ છુ. રાતના દશ વાગતા સુધી તો ત્યાંજ રહુ છુ "

" ગઇ કાલે રાતના મે તને ત્યા ઘણુ શોધ્યો પણ મને તો મળ્યોજ નહી !"

" તે ગઇ કાલે તો હુ એક બે ઘરાકોમાં ગયો હતો, તેથી મળ્યો નહી

" અને ત્રણ ચાર દિવસથી બપોરના મારી ઓફીસમા પણ આવતો નથી !"

' બપોરના તો કેટલાક દલાલો સાથે હોટલમાં ગપાટા મારતો બેસુ છું, અને તેઓ મને છોડતાજ નથી તેથી આવી શકતુ નથી'

" અરે પણ ભલા માણસ, વખતે કંઇ સોદો કરવો હોય તો તારે એક ફેરો મને મળી તો જવું જોઇએ ! મારી ઓફીસ કયાં વધારે છેટી છે ?" કહીને મોહને વળી પુછયું " કેમ સોદાનો

નડાકો તો સારો પડે છેની ? ”

“હા, ઘણુંજ સરસ બીઝનેસ ચાલે છે. હવે તારો મત શું છે? ”

મારા મત પ્રમાણે વિશેષ વધ ઘટ થાય તેમ નથી.

“ મને પણ એમજ લાગે છે. હાલ બજારની રૂખ પણ સ્થીરજ છે. ”

“ વારૂ પણ બપોરે મળજે. ” કહીને મોહન ત્યાંથી ગયો.

મોહનની ટોકણીથી સુરતીલાલે હવે બજારમાં વધારે લક્ષ આપવા માંડયુ; અને રાત્રે પણ દશ વાગતાં સુધી બજારમાંજ રહેવાથી તે પેલી નાયકણીને ત્યાં બપોરે કે રાતના ચાર પાંચ દિવસ સુધી જઇ શકયો નહીં. છઠે દિવસે રવિવાર હોવાથી તે તેણીને ત્યાં ગયો.

“ ઓહો ! તમે મુબઇમાં છો કે ? મે તો જાણ્યુ કે બહારગામ ગયા હશે ! ” બાળાએ કટાક્ષમા કહ્યુ “ કયે ગામ ગયા હતા ? સુરત ગયા હતાં કે શુ ? ”

નહીરે. મુબઇમાંજ હતો, પણ ઘણા કામમા ગુથાયો હતો તેથી અવાયુ નહી. ”

“ અવાયુ નહીં તે હું તમને નથી પુછતી, પણ ફકત એટલુંજ પુછું છુ કે આપ સાહેબની સ્વારી મુબઇમાં હતી કે કોઇ દુર દેશાવર મુસાફરીએ ગઇ હતી ? ”

“ એ તો તું કરડાકી કરે છે ! પણ એવી કરડાકી કરવાની જરૂર નથી. પ્રથમ મારો ખુલાસો સાંભળવા બાદ તારી ટીકા ચલાવે તો તે ઇનસાફની રીત ગણાય. ” સુરતીલાલે ખુલાશો કરતાં કહ્યુ.

“ ખરી વાત ! ઇનસાફની રીત તો એટલીજ કે. આપ મુંબઇમાં હોવા છતાં આપને પાંચ મિનિટ પણ મારે ત્યાં આવી જવાની ફુરસદ મળે નહીં ! આનુ નામજ ઇનસાફ કે ?

"પણ જરૂરનાં કામમાં રોકાઇ ગયા ત્યાં પછી શો ઇલાજ ?"

"તેથી શુ પાંચ મિનિટ અહી આવવાનો અવકાશ પણ નહીં મળે કે ! શુ તમારે પોતાને ઘેર પણ તમે જઇ શકતા નહોતા ? ત્યાં જવાની ફુરસદ મળે, ને અહીં માત્ર પાંચ મિનિટ આવી જવાની પણ ફુરસદ નહીં મળે ! આ તમારી વાત શુ વાજબી કેહેવાય ? તમે પોતેજ વિચાર કરોની !"

"હવે કીધો વિચાર ! બીજી વાત કર અને આ પચાત પડતી મુક !" સુરતીલાલે ગુસ્સામા કહ્યું.

"આપને ગુસ્સો લાગે છે, પણ આપ સમજુ છો, તો વિચાર કરો કે આપને જો દિવસમાં એકવાર પણ નહીજ દેખુ તો મારો જીવ કેટલો અધીરો થઇ જાય ! પાચ દિવસ થયા મે બરાબર ખાધુ પણ નથી ને રાત દિવસ મને ચેન પડયુ નથી ! ચેન પડે પણ કેમ ! જેની સાથે માયા હોય ને તે જો આખા દિવસમા એક વાર પણ નહીંજ મળે તો જીવને શાંતિ કેમ વળે ! તમને ખરાબ લગાડવા હું માંગતી નથી, પણ માત્ર મારા મનની મુઝવણ જાહેર કરૂ છુ."

"તે હુ સમજ્યો. હવેથી ગમે તેવુ કામ હશે તો પણ તને મળ્યાં વગર નહી રહુ. હુ માનુ છુ કે તારો જીવ મારે માટે તણાય છે. હશે, હવે પછી આવુ નહી બને."

"એટલીજ મારી અરજ છે," કહીને બાળાએ તે વાત પડતી મુકી, અને પુછ્યું આપનો ચા પીવાનો વખત થયો છે, માટે ચા તૈયાર કરૂ કે ?"

"નહી. ચા પીવાની છોડી દીધી છે. ચા, થી અશકિત જણાય છે."

"ત્યારે કૅાફી કરૂ ? અથવા કહો તો દુધ ગરમ કરી લાવું ?"

"નહી, હમણાં કશાંની જરૂર નથી. આજે મોડુ ખાધેલું

હોવાથી જરાએ ભુખ નથી.”

“જેમ આપની મરજી.” કહી બાળાએ પાન કરી આપ્યુ.

બાદ થોડીકવાર પછી સુરતીલાલ ત્યાંથી ઉઠીને પોતાને મકાને ગયો, અને તે વિચાર કરવા લાગ્યો કે “બાળા બિચારી મારે માટે જીવ તાણે છે, અને તેણીની લાગણી આજે તેણીએ જે પ્રગટ કરી તે જોતાં તેણીને દિવસમાં એક વાર તો મારે અવશ્ય મળવુંજ જોઇએ; ધંધો એવો મળ્યો છે કે રાતના કે દિવસના ફુરસદજ નહી ! દિવસના તો બજારમાંથી ખસાયજ નહીં. અને રાતના દશ વાગતા પણ છુટકો થાય નહી ! ત્યારે હવે બાળાને મળવા જવાનો બીજો વખત પણ ક્યાંથી લાવવો ! એ પણ જબરી મુશકેલીની વાત !” આમ વિચાર કરતા કરતા “અરે રામ રામ !” એમ તેનાથી જરા મોહટેથી બોલી દેવાયુ.

આ સ્વર પ્રેમવતિને કાને જતાંજ તેણી પાસેના રૂમમાંથી સુરતીલાલ સમક્ષ આવીને પુછવા લાગી “કેમ પ્રાણનાથ, કઈ રામને યાદ કરવા પડયા ?”

“તેમા શુ ખોટું કર્યુ ? જરા ફુરસદ મળે ત્યારે ઈશ્વરનુ નામ દેવુ તે સારૂં કેની ?”

‘તે આપનુ કહેવુ ખરૂ છે, પણ આપ જાણે કઈ સંતાપમા હો, તેવા ભાવથી આજે રામનુ નામ ઉચ્ચાર્યુ તેથી આપને પુછવુ પડે છે. હુ ધારૂં છુ કે આપ કઇ પણ ચિંતા કરતાં રામનુ નામ બોલી ઉઠયા છો ! કેમ, ખરૂ કે નહિ ?”

“ચિંતા બીજી કશી નહી. પણ માત્ર ધંધા રોજગારનીજ. આજે રવિવાર છે, તો પણ રાતના બજારમાં તો જવાનુજ ! એકે દાહડો નવરાશ મળે નહીં ! જ્યારે ને ત્યારે જીવને જંજાળ ! કમાણી

તો સારી, પણ ઉપાધી ભારી ! મુંબઇ શેહેરજ એવું છે !"

"તે તો છેજ; પણ હવે મુંબઇ સાથે પાનુ પડ્યુ ત્યાં શુ કરશો ? કંઇ ઉપાય છે ?"

"ઉપાય બીજો કશો પણ નહી. એ તો એમજ ચાલ્યા કરશે."

"ત્યારે આપ સતાપ શું કરવા કરો છો ? જીવને શાંતિ રાખો."

"શાંતિને માટે તો રામનું નામ વારવાર ઉચ્ચારૂ છુ. તેનું નામ સ્મરણ કરતાંજ મનને શાંતી વર્તે છે, અને જીવ પણ પ્રફુલ્લિત થાય છે, એવી ખુબી તે નામમાં છે !"

"તે તો સત્ય છે, ભગવાનનાં નામનો એજ પ્રતાપ છે !" કહીને તેણી પાછી ગઇ.

સુરતીલાલ વળી વિચારવા લાગ્યો "મારી પ્રિયાને મારા મનની વાત શું કહુ ? જો નાયકણીની વાત કહું, તો હમણાંજ હોળી સળગે ! માટે ગમે તેમ વાત ઉડાવી દીધી ?" આમ વિચાર કરતા વળી તે શાંત પડ્યો, અને થોડો વખત વિત્યા બાદ તે વળી સ્વતઃ વિચારવા લાગ્યો કે "હવે બાળાને નિયમિતપણે મળવાને માટે કયો રસ્તો લેવો ? તેણીને દિવસમા બે વાર મળ્યા તો કરવુંજ જોઇએ, માટે તેનો તોડ કોઇ પણ રીતે કહાડીશ ત્યારેજ મન જપ વળશે." આમ વિચાર કરતાં તેણે પોતાની આખો મીંચી, અને કપાળપર હાથ ફેરવીને મુછોના આંકડા આમળતા તે વળી વિચાર કરવા લાગ્યો કે "કોઇપણ રીતે વેપારમાં જબરો તડાકો પડી જાય, તો દલાલીની જરૂર રહે નહીં, અને નિરાંતે બેસીને ખવાય, અને પછી બાળાને ત્યાં પણ શાંતપણે કલાકોના કલાકો સુધી અમનચમનમાં દિવસ પણ નિર્ગમન થાય, માટે પૈસા ઢગલાબંધ કમાવાની હિકમત ચલાવવી જોઇએ. તેને માટે નોટમાંજ મોહટો લાગ મળશે. રંગ

જોઇને દશ વિસ લાખનો સોદો કરીશ, તો પાંચ પચાસ હઝાર મળતાં કંઇ વાર નહી લાગે, અને તેટલો મોહટો તડાકો પડયો તો પછી દલાલીની દરકાર પણ શું ? માટે એજ રસ્તો લીધા વગર બીજી રીતે કંઇ પૈસાદાર થવાય નહી. સોદો પણ નાહાનો નહીંજ કરવો, પણ સામટો ચાળીસથી પચાસ લાખનો કરી નાંખવો. પછી કમાયો તો ખાસી મઝાહથી ઢગલાબંધ નાણું ઘરમાં આવશે, અને જો નુકશાન આવ્યુ તો, દેવાળું તો છેજ ! વળી બજારમાં મારી આંટ પણ ઘણીજ સારી ચાલતી હોવાથી ગમે તેટલો મોહટો સોદો હું કરીશ. તો પણ મારે માટે કોઇને ખરાબ શક તો જવાનોજ નથી, માટે પૈસાદાર થવાનો એજ રસ્તો પેહેલા નબરનો છે ! બસ, એમજ કરીશ." આમ વિચાર કરી તે ઉઠયો, અને ભોજન કરી મોહનને ત્યાં ગયો.

"કેમ, આજે રવિવાર છતાં આખો દહાડો કઇ જણાયો નહીં ?"

"ઘરમાં કેટલાક ઘરાકોનાં હિસાબ લખવાના હતા, તે લખવામાં રોકાયો હતો, હવે બજારમાં જઇશ તારે કઇ કરવાનો વિચાર છે ?"

"હાલ તરત મારો મત કશો નથી. કાલે કોટમાં કઇ વિચાર થાય તો થાય.'

"ભએ જેમ તારી મરજી. હવે હું જાઉ છું, કેમકે બજારનો વખત પણ થયો છે. બજારમાં થઇને ઘેર જઇશ." કહીને સુરતીલાલ બજારમાં ગયો.

રાત્રિના નવ વાગતાંને સુમારે બજારમાં સંખ્યાબંધ દલાલો એકઠા થયા, અને હવે સુરતીલાલનું મગજ ગરમ થયું ! તેણે તાબડતોબ ખીસામાંથી નોટ બુક કહાડી, અને સોદા નોંધવા માંડયા. જોત-

ચીત્ર નં ૮ સુરતલાલ-સટ્ટાબજારમા.

તેણે-નાબડતોબ ખીસ્સામાથી નોટબુકાઢી, (પા. ૨૨૮.)-

જોતામાં સુરતીલાલે બરાબર પચાસ લાખની નોટ વેચી, અને તેથી બજારમાં હાહાકાર વર્તી રહયો ! કેટલાક દલાલો તો સુરતીલાલને માટે મનમાં શક ઉપજાવવા લાગ્યા, જ્યારે કેટલાકો બોલતાં કે "એના ઘરાકો ઘણુંજ જબરા છે, અને એનેમોહટા મોહટા સોદા મળે છે તો." વળી કોઇ કહે "એ પોતે પણ નાણુંવાળો છે, તેથી કદાચ માથાનો વેપાર પણ કરતો હોય !" આમ તરેહવાર વાતો ચાલવા માંડી. અને બજારમાં ખળભળાટ મચી રહયો !

તેટલામાં એક અંગત દોસ્તી દાવો ધરાવનાર દલાલે સુરતીલાલને બાજુએ લઇ જઇ તેના કાનમાં પૂછયું "આટલું મોહટું વેચાણ કોઇ એંક તરફનું કીધું કે ?"

"એમજ છે." સુરતીલાલે અડાવ્યું "ભાવ ઘણો ઘટી જશે, માટે કમાવું હોય તો તું પણ થોડી વેચ, આજે લાગ સારો છે. પણ આ વાત ખાનગી રાખજે.

આ સાંભળી તેણે પણ એક લાખની નોટ વેચી, અને તે પછી નોટનો ભાવ શક ઉપરથી લગભગ એક ટકા જેટલો ગગડી ગયો ! જબરો ડભ સુરતીલાલે પણ ચલાવ્યો !

બીજે દિવસે કોટમાં મોહને પણ સુરતીલાલે પુછપરછ કરતાં તેને પણ ગમે તેમ અડાવ્યું, અને તેથી મોહન પણ ચકિત થઇ ગયો, વળી બજાર પણ તે દિવસે વધારે મંદીમાં પડયુ; અને તેજ દિવસે સુરતીલાલને, જો તે પોતાનો સોદો સરખો કરી નાંખે તો કમમાં કમ પચાસથી સાહાઠ હઝાર રૂપિયાનો નફો હતો ! પણ નસીબ કોનાં લાવે ! તેને તો વળી વધારે મેળવવાની લાલચ લાગી. અને તેનાં મનને કે જાણે. લાખ બે લાખ મળી જશે !" આમ લોભ રાખી તે બેશીજ રહયો ! આખો દિવસ બજાર નમતોજ રહયો, અને

તેનું કારણ એજ હતું કે, સુરતીલાલે જે પચાસ લાખનું વેચાણ કીધું હતું તે કોઇપણ મોટા ખાંજરાનું હશે. એમ વિચારી બીજી બેંકો તેમજ કેટલાક મોહટા વેપારીઓને દલાલો લેતાં અટકી પડયા હતા ! પણ આખો દહાડો મોટા દલાલોએ પોતાની ખાનગી તપાસ ચાલુ રાખ્યા પછી સાંજે તેમણે જણાયું કે "કોઇ પણ મોહટી બેંકે તો વેચાણ કીધુંજ નથી. બાદ લેવાણના સોદા બજારમાં શરૂ થયા, અને બજાર બંધ થતાંજ આગલા દીવસનો ભાવ આવી ગયો. હવે સુરતીલાલ મનમાં વિમાસણ કરવા લાગ્યો કે "મળતો નફો ખાઇ લીધો હોત તો ખાસા પચાસથી સાહાઠ હજારનો નફો મળતો હતો, પણ હવે તો ભગવત કરે તે ખરી !" આમ વિચાર કરીને પોતાને ઘેર ગયો, અને રાતના બજારમાં ખબર કહાડતા ભાવમાં બોર ચાર આનાનો વધારો થયલો માલમ પડયો ! હવે સુરતીલાલના ગાંટીઆ ઢીલા થયા, અને તે મોહનને ત્યાં નહી જતાં જીવને વિસામો આપવાને બાળાને ત્યાં ગયો, અને ત્યાથી છેક મોડી રાતના પોતાને મકાને પાછો વળ્યો

બીજે દિવસે ભાવમાં વધારે ઊછાળો થયો, અને રાતના તેથી પણ વધારે તેજી થઇ, જેથી, તે વખતે સુરતીલાલને લગભગ પચાસ હજારનો ટોટો હતો ! આથી બજારમાં તેના નામના દાણા ગણાવા માંડયા, અને તરેહવાર શકના સપાટા ચાલુ થયા, જે બાબત મોહનને કાને પણ કેટલીક વાતો ગઇ, !

મોહનને તો સુરતીલાલ બે દિવસથી સુદ્દલ મળ્યોજ નહોતો, જેથી ત્રીજે દીવસે તે પોતે સુરતીલાલને ત્યાં સહવારના પોહરમાં ગયો, અને તેને પુછયું " કેમ કંઇ જણાતો નથી ? "

પેલા મોહટા શોદાના સંતાપમાં કંઇ સુઝજતુંજ નથી ભાઇ !"

"પણ બજારમાં તારા નામનાં કેવા ચુંથણા ચાલે છે તે, ખબર છે કે? તારે માટે બજારવાળાઓ ઘણીજ ધાસ્તી રાખે છે, માટે તારા ઘરાકને કહી રાખજે કે વાયદાને દહાડે રૂપીઆ તૈયાર રાખે. તુ પણ ભરોસે નહી રહેતો જો! આજનો વખત વિશ્વાસ કરવા લાયક નથી, માટે ખુબ સાંભળજે! જો વાયદાને દાહાડે લગાર પણ પૈસા જોખતાં ઢીલ થઇ તો તેજ વખતે તારૂ પાણી ઉતરી જશે? તેટલા માટેજ તને ચેતાવવા આવ્યો છું"

'કોઇ વાતથી ડરવાનુ નથી. પૈસા તૈયાર પડેલા છે. મેં કામ પાકુ કીધુ છે"

"તો ઘણી સારી વાત." કહીને મોહને ધીમે રહીને પુછ્યું "એ તારો ઘરાક છે કોણ?"

"ઘણો મોહટો માણસ છે, અને લાખો રૂપીઆનો ધણી છે."

"અરે પણ તેનું કઇ નામ નિશાન છે કે નથી? કે મને જણાવતાં વાંધો છે?"

"તને જણાવવાને તો મને જરા પણ વાંધોજ નથી, પણ તેણે મને સખત કસમ આપ્યા છે, એટલોજ વાંધો છે, કસમ આપ્યા પછી પણ હુ તને કહુ તો હું ઇશ્વરનો ગુન્હેગાર ગણાંઉ, માટેજ હાલ તરત તને પણ જણાવી શકતો નથી. પાછળથી વાયદો પતી ગયા પછી તને હુ મોહટી ખુશીથી જણાવીશ. તારાથી છાનુ શું હોય?"

"તો ભલે; પણ ટુકામાં તને કહેવાનુ એટલુજ કે પૈસા તૈયાર રાખજે. મને તો લાગે છે કે ભાવ હઠવાનો નથી, કેમકે તમામ એંકો તેજીમાં પડી ગઇ છે।"

"તે તો હવે જે થાય તે ખરૂ। મારે કયાં નાહવા જવું પડે તેમ છે!"

બાદ મોહન બીજી કેટલીક વાતચીત કરીને ત્યાંથી વિદાય થયો, અને પછી સુરતીલાલ સ્વતઃ વિચાર કરવા લાગ્યો કે "કામ કપરૂં છે ! જો ભાવ નહીં ઘટયો ને મોહકું નુકશાન લાગ્યું તો દેવાળું તો નીકળશેજ, અને મોહનને પણુ મોં બતાવવું ભારી થઇ પડશે ને તે મને એટલાં તો ખાસડાં મારશે કે મારી કબખ્તીજ થશે ! ઇશ્વર કરે ને મુદલે મુદલ થઇ જાય તો પણુ ગંગા નાહ્યા ! હે ! પરમેશ્વર, તું મારી લાજ રાખજે !" આમ વિમાસણુ કરતો ઉદવેગથી મનમાં મુઝાતો બેઠો, અને બપોરે કોટમાં જઇ જુએ છે તો આજે પણુ ભાવ વળી વધારેજ તેજી થયલો સાંભળ્યો ! એટલે તેનાં હોંસ કોસ વધારે ઉડી ગયા, અને તે બજારમાં વધારે નહીં થોભતાં, તેમજ મોહનને પણુ નહી મળવા જતાં તાબડ તોબ બાળાને મકાને રૂકસદ આપી ગયો, અને ત્યાં જતાને વાર ઓરડીમાં જઇ સુતો.

"કેમ વારૂ આજે કંઇ આપ ઊદાસ દેખાઓ છો ?" બાળાએ તેને સ્નેહથી પુછયું."

આજે લગાર તબીયતબરાબર નથી, ને જરા માથુ પણુ દુઃખે છે."

માથા પર કોલનવોટર મુકું ? લગાર માથુ દાબું ?"

"નહીંરે એ તો એક ઉંઘ કહાડીશ એટલે ઠીક થઇ જશે."

તો ભલે આપ નીરાંતે નિદ્રા લો. હુ બહાર બેશું છુ" કહીને બાળા બહાર ગઇ, પણુ સુરતીલાલનાં મનમાં પૈસાની હાય પડેલી તે તે તેને ઉંઘ આવેજ શાની ! કલાકેક સુધી હાય અફસોસ કીધાં પછી છેવટ તેણે મન વાળ્યું કે "ભગવત જે કરશે તે ખરૂં ! જે બનવાનું હશે તે બનશે ! છેક સંતાપ કરે શું વળે !" આમ જરાક શાંતિ પકડી તે પણુ બાહાર આવ્યો, અને બાળાની સાથે ગપાટા ચલાવવામાં આનંદ માન્યો.

" બાદ છેક સાડા પાંચે તે ત્યાંથી નીકળ્યોને પોતાને મકાને આવતાં રસ્તામાં એક દલાલને પૂછતાં ભાવમાં વધારેજ તેજી થવાના સમાંચાર મળવાથી સુરતીલાલે સારૂં થવાની આશાજ છોડી !

" હવે વાયદાનો દહાડો આવ્યો, સુરતીલાલને બરાબર પોણો લાખનું નુકશાન લાગ્યું હતું, અને પાસે તેટલા પૈસા તો હતાંજ નહીં ! વાયદાને દાહડે તે છેકજ નિરાશ થઇને ઘરમાં બેઠો હતો. એટલામાં મોહને આવીને પૂછયું કેમ " આજે વાયદો છે, માટે તારા ઘરાક પાસે પૈસા લાવી તો રાખ્યા છેની ? "

આ સાંભળતાંજ સુરતીલાલની આંખોમાંથી દડ દડ આંસુ પડવા માંડયાં, અને તે કઇ પણ જુવાબ આપી શક્યો નહીં !

" કેમ તારો ઘરાક રડી ઉઠયો છે કે શુ ! બોલ તો ખરો !"

પણ સુરતીલાલ ક્યાં ઘરાકને બતાવે ! તેણે આ સવાલનો પણ જુવાબ નહીજ આપ્યો, પણ તેની આંખોમાંથી આંસુની ધારા વેહેતી ચાલુ રહી !

" અરે પણ ભલા માણુસ, કંઇ બોલે તો સમજાયની ! શું ગોટાળો છે ? "

હવે સુરતીલાલ વધારે ડુસ્કા ભરીને રડવા લાગ્યો, જે સાંભળી ને તેની માતા તથા તેની સ્ત્રી પણ ત્યાં દોડી આવી, અને ભક્તિબાઇએ મોહનને પૂછયું " કેમ વારૂં, શું થયું ? "

" હું પણ તેજ પૂછુંછું, પણ કઇ જુવાબ આપતો નથી !" કહીને મોહને તેનો હાથ પકડીને ઉઠાડયો, અને ભક્તિબાઇએ પણ તેને છાતી સાથે દાબ્યો. બાદ થોડીવારે તેને શાંત પાડી મોહને તેની સાથે લાયકી ભરેલી લાગણીથી વાત ચલાવતાં તમામ ભેદ ભરમ ખુલ્લો થયો, અને મોહને હાલ તરત તેને હીંમત આપતાં

એટલુંજ કહ્યું કે “ બનનારી બની ! હવે ડુબ્યા પછી ભય રાખવાથી શુ લાભ ? કરતાં પેહેલાં વિચાર કરવો જોઇએ, અને તેમ છતાં દિવસની ચાલે વાંકું થઇ ગયું તો હવે ગભરાઇને ઢીલા થઇ જવું નહીં, પણ ટટાર રેહેવું. માંગનારાઓ શું કરી શકનાર છે ? એતો ભલાભલાને માથે વખત આવે છે, માટે હીંમત રાખવી. હવે તો “ શેર ” થઇને બેસવું જોઇએ.

મેં તો પેહેલાંથીજ કહ્યુ હતું કે મુંબઇમાં આપણું કામ નહીં; પણ ભાઇ માને ત્યારેની ! એને તો મુંબઇમાંજ લાડવો દાટયો હતો ! ” ભક્તિબાઇ કકલી ઉઠી !

“ માજી હમણાં હવે એ વાત જવાદો. હમણાં તો એને હામત આપવી જોઇએ. હોય દિવસના ચાલે ભલ ભલાને માથે વિપતી આવે. એમાં માણસનું ડહાપણુ ચાલતું નથી, આપ હમણાં ઘરમાં જાઓ. માજી, હું એને શાંત પાડીશ. ”

તરતજ ભક્તિબાઇ તથા પ્રેમવંતિ અંદરના ઓરડામાં ચાલ્યા ગયા, અને પછી મોહને સુરતીલાલને કહ્યુ “ ભાઇ, અગરજો તેં ભુલ તો જબરી કરી છે, પણ હવે તેને માટે પસ્તાવો કરવાથી શું વળે ? હવે તો બસ હીંમત રાખવી. ”

“ ભાઇ મોહન, મારા વાંકા દહાડાની ચાલેજ મને વાંકુ સુઝુજ્યું છે ! ”

તે તો છેજ; હું ધારૂં છું કે પોણોક લાખનું નુકશાન હશે ?

“ હા. એટલુ તો ખરૂંજ. અરે લગભગ પચાસ સાહાઠ હઝાર તો નફો હતો, તે પણ નહી ખાંતાં ઓર પોણા લાખનાં નુકશાનમાં ઉતરી ગયો ! ”

એટલોજ તું કાચો કેની ! પણ ખેર ! નશીબની વાત છે ! હવે તારે બઝારમાં જવાની પણ જરૂર નથી. હમણાં તો ઘરમાં રહેવું. પછી વળી બીજી તજવીજ કરીશું !

" પણ માંગનારાઓ અહીં મારે બારણે આવીને મને હેરાન કરશેની ! "

" તો ચાલ મારે ઘેર બેસ. " કહીને મોહન તેને સમજાવીને પોતાને ઘેર લઇ ગયો, અને થોડાક દિવસ સુધી તે ત્યાંજ રહયો.

થોડા દિવસ ગયા બાદ સુરતીલાલની સાસુ અને મોહને મળીને એવી ગોઠવણ કરી કે, કોઇ પણ સારા વેપારમાં સુરતીલાલે પડવું. અને તેથી તેને મોહને હાલ તરત તો પોતાની ઓફીસમાંજ સાહાઠ રૂપિયાના પગારે નોકરીએ રખાવ્યો.

પણ તે પેહેલાં નોટ બજારમાં સુરતીલાલ ભાંગવાથી તેના નામનો જબરો હાહાકાર વરતી રહયો હતો, અને તમામ દલાલો તેને ગાળોથી વધાવી લેતાં હતાં. આખરે નોટ બજારમાં તો તેનું દેવાળુંજ નીકળ્યું, અને સુરતીલાલને કપાળે કાજળનો ચાંદલો ચોંટયો !

સુરતીલાલને નોકરી પસંદ ન હોતી, તોપણ શું કરે ! હાલ તરત કાન પકડીને નોકરી કરવી પડી, અને લગભગ બે મહીના તો તે સીધો પાધરો ચાલ્યો; પણ પોતાના ઘરનો તેમજ વળી નાયકણીનાં ઘરનો એમ બે ઘરના ખરચો તેનાથી કેમ ઉપડે ! તેના ગભરાટમાં તે મુઝાવા લાગ્યો.

" વખત બપોરનો હતો. મોહન પોતાનો સોદો કરવાને નોટ બજારમાં ગયો. ત્યાં એક સુરતી દલાલે તેને કહ્યું " કેમ મોહનભાઇ પેલો સુરતીલાલ તો તમારી ઓફીસમાં રહયો, કેમ આબરૂદાર કેની ? નોટ બજારમાં કુંકીને હવે તમારી ઓફીસમાં શું ઉકાળશે ?

" હોય, દાહાડાની ચાલ છે. માણુસ માત્રની ચઢતી પડતી ચાલ્યાજ કરે. "

" દાહાડાની ચાલ તો ખરીજ, પણ સાથે અનીતિની મોહોકાણ પણ ખરીની ! રાંડોને ત્યાં રખડે તે કદી તરેજ નહી, અને તેનું કદી ભલું પણ થાય નહીં ? "

" સુરતીલાલ કંઇ એવો રખડનારો તો નથીજ, એ હું ખાત્રી આપું છુ.

" અને હું ખાત્રી આપું છું, કે એ દર રોજ રાતના રખડવા જાય છે ! મને તે પોતાની એક રાંડને ત્યાં પોતાની સાથે લઇ ગયો હતો ને, અને તે ત્યાં દરરોજ જાય છે ! "

" એમ ! એ તો મેં આજેજ જાણ્યું ! તે રાંડનુ ઘર કયાં છે? તું મને તે બતાવશે ? "

હા. આજેજ રાતના બતાવીશ. સુરતીલાલ પણ ત્યાં બેઠોજ હશે. એ ઘણું કરીને રાતના આઠ ને દશની વચ્ચે ત્યાં જાય છે. તમે જો કહેશો તો હું તમને બરાબર ખાત્રી કરાવી બતાવીશ. "

" તો ઠીક છે, આજે રાતના આઠ વાગે તું મારે ત્યાં આવજે અને પછી આપણે સાથે જઇ શું " કહીને મોહન પાછો આફીસમાંઆ-વ્યો અને ખુરશીપર બેઠા પછી તેણે સુરતીલાલને બોલાવીને પુછયું " મેં ગીરગામ છોડયા પછી. તું પેલીને ત્યા કદી ગયો હતો કે ? "

" કદી નહીં. મારે ત્યાં જવાની શી જરૂર ? એ તો ફકત તારી સાથે આવતો હતો. તે પછી તે રસ્તોજ મેં જોયો નથી, કે તે કેવો થાય છે !

" તો સારી વાત. હું પણ એ પિડામાંથીજ છુટયો, ને ઇશ્વરેજ મને સારી મતી આપી કે હું તે રસ્તો તજીને બેઠો, એ રસ્તો સારો-

જ નથી ભાઇ ! ”

“ તેથી તો હું ભુલે ચુકે પણ તે રસ્તે જતો નથીની ! સારા માણુસનું એ કામજ નહીં. એ તો લુચ્ચા લફંગા અને લોફરને માટેજ છે.

“ બરાબર છે. કહીને મોહનને પણ તે વાત હાલ તરત પડતી મૂકી અને પુછ્યું ” તેં કદી નોકરી કરી નથી, તેથી તને અહીં પરવડતું તો નહીજ હોય. ”

“ અરે હું તો કંટાળી ગયો છુ. કોઇ બીજો ધંધો હાથ લાગે તો હમણાં હું તો નોકરી છોડી દઉં. નોકરીમાં વળે પણ શું ? કહેવત છે કે **“નકૃટ નોકરી”** તે કંઈ ખોટું છે કે ? ધંધા રોજગારની ખુબીજ ઓર છે ? ” કહીને સુરતીલાલ પાછો પોતાની બેઠકે ગયો.

રાત્રિનાં પોણાઆઠને સુમારે સુરતીલાલ પેલી નાયકણીને ત્યાં ગયો, અને પેલો દલાલ તથા મોહનલાલ પણ સુમારે સાડા આઠે તેણીનાં મકાને ગયા. મોહન ગુપચુપ બાજુના એક ઓટલાપર બેઠો, અને દલાલ ઉપર તપાસ કરવાને ગયો. તેણે ધીમે પગલે બાળાની બારીમાંથી સુરતીલાલને જોયો, અને પછી તેણે તરત નીચે આવીને મોહનને કહ્યું, “ લો ચાલો તમારો દોસ્તદાર ઉપર બેઠેલો છે, તે જુઓ ! ”

“ હં ! તે બેઠો છે ! તું ચોક્કસ જોઇને આવ્યો કે ? ” મોહને કરડાકી કરીને પુછ્યુ.

“ બરાબર ખાત્રી કરીનેજ આવ્યો છુ. ચાલોની તમને બતાવું ! ”

“ મોહન સ્તબ્ધ બની ગયો, અને થોડીક મિનીટ સુધી દિગમુઢ બન્યા પછી બોલ્યો “ મારે જાહેર પડવું નથી, પણ ગુપ્તપણેજ જોઇને ખાત્રી કરવી છે, માટે તું અહીં બેસ. હું હમણાં છાનોમાને

જોઇને આવું છું ” કહીને મોહન ઉપર ગયો, અને બારણાની ફાટ-માંથી જુએ છે તો સુરતીલાલની સ્વારી ત્યાં બેઠેલી જણાઇ. તે જોઇનેજ મોહન નીચે ઉતરી પડયો, અને પેલા દલાલ પાસે આવીને બોલ્યો બરાબર ! તારી વાત સત્ય છે. ” એમ કહીને પછી તેઓ બંને ત્યાંથી પોત પોતાને મકાને ગયા.

મોહનને મનમાં ઘણુંજ માઠું લાગ્યું અને તે મનમાં કલ્પાંત કરવા લાગ્યો કે “ સુરતીલાલ કેવો નીચ ને નગુણો ! મેં તેને દરેક વાતે મદદ આપી, અને તેને વારવાર સંકટમાંથી બચાવ્યો, અને તે મારી સાથેજ કપટ રમ્યો, ને મનેજ તેણે અંધારામાં ઉલથાપ આપી ઉડાવ્યા કીધો ! એ પણ બડો લુચ્ચો માણસ ! મારી નાયકણીને ત્યાંથી મને ખસેડવાને જરૂર એણે કંઇપણ કપટ કરેલું, અને જરૂર એજ નીચે કઇ પ્રપંચી બાજી રચેલી ? માટે પ્રથમ નાયકણીને મળીને તમામ ભેદ તો શોધીજ કહાડવો જોઇએ કે જેથી ભેદ તો સમજાય ” આમ વિચાર કરી બીજે દિવસે તેણે બાળાને ત્યાં જવાનો ઠરાવ કરી રાખ્યો; અને પછી ઘેર ગયો.

સુરતીલાલ બાળાને ત્યાં હતો તે વખતે, એટલે જે વખતે મોહને તેને ત્યાં દીઠો, હતો તે વખતે, બાળા અને સુરતીલાલ વચ્ચે કઇ કચપચ ચાલી, અને તેમાંથી બાળાએ મિજાજ ખોઇને કહ્યું “ તમો પુરૂષોની જાતજ નિર્દય અને કપટી ! ”

આ સાંભળીને સુરતીલાલને ઘણો ગુસ્સો આવ્યો, અને તે બોલ્યો “ વાહરે વાહ ! તારામાં પરિક્ષા કરવાની શકિત તો ઘણી સારી છે ? આટલા દાહાડામાં તેં મારી આવીજ પરીક્ષા કરી કે ? હું કહું છું કે તુ મને હજી પારખી શકી નથી ? તુ મારે માટે જે વિચાર બાંધે તે તદનજ ભુલ ભરેલો છે, અને તેં મારે માટે જે

વચનો કહાડયાં છે તે, પણ અવિચારી ને ઉદ્ધતાઇ ભરેલાંજ છે! તેને માટે હું અત્યંત દિલગીર છું."

"મેં કંઇ આપનેજ માટે ખાસ કરીને કહ્યું નથી, પણ મેં તો સામાન્ય વાત કહી તો તેમાં આપેજ આખી ચાદર ઓઢી લેવી જોઇતી નથી!"

"પણ આ કટ કટ આપણા વચ્ચે ચાલી ને, તારૂં ધાર્યુ કરવાની મે ના કહી તેટલાથીજ તું નારાજ થઇ, અને તત્કાળ તેં હલકાં વેણો કહી સંભળાવ્યાં તો તે મારે પોતાનેજ માટે નહીં માનવાં તો બીજા કોને માટે માનવાં? તું શું મને મુરખ કે ભોઠ સમજે છે કે? તારી સાથે હું અત્યાર સુધી જે નરમાશ ને લાયકી ભરેલી રીતે વરતતો આવ્યો છુ, તેને અગે અત્યારે તું મને આવાંજ હલકાં શબ્દો સંભળાવે છેની? વાહરે તારી લાયકી હું. કદી પણ એમ ધારતો નહોતો કે તું આટલી બધી હદ સુધી મને અપમાન કરનારાં વચનો ઓચરશે! તારા શબ્દો સાંભળી મને ખચીતજ ખેદની સાથે નવાઇ ઉપજી છે! બસ, હવે હું સમજી ગયો કે તું કેટલા પાણીમાં છે! મેં તારે માટે જે જે આશાઓ બાંધી હતી તે મારા મગજમાંથી હવે ઉડી ગઇ છે! ઠીક! જેવું તારૂં નશીબ."

"અરરર! આપ તો તદનજ મિજાજ ગુમાવી બેશો છો! આ શું જુલમ! આતો રજનુ ગજ થઇ થયુ ને વાતનુ વતેસર થયુ! આપ એકદમજ ઉકળી પડયા તે જોઇ મને પણ નવાઇ લાગે છે! મે આપનેજ ખાસ ખોટું લગાડવાને કહ્યું છે, એમ આપ સમજશોજ નહીં."

"હજી પણ તું તારી ભુલ કબુલ નહી કરતાં મને ખોટું સમજાવવા માંગે છે! છટ નૉનસન્સ! તું તારી યુક્તિ મારી આગળ ચલાવ-

તીજ નહીં. એવી હીકમત ને ખોટી સમજુતિને તો હું ખીસામાં ઘાલનારો માણુસ છું. હુ તને સાફ કહું છું કે તુ ઉપલેક ભોળાઇનું ડોળ દેખાડે છે, પણુ અંદરથી બડી કપટી, ઠગ ને ઉસ્તાદ છે ! હવે તારૂં આડંબર મને બરાબર સમજાઇ ગયું છે. માટે તારી ખોટી વાતોથી હવે હું વધારે ઠગાનાર નથી !"

"અફસોસ ! તમે પણુ છેકજ ઓછે પાટલે બેસી જાઓ છો ! મેહેરબાની કરીને મારી વાત સાંભળો, શમજો ને પછી યોગ્ય વિચાર કરો."

"બધુએ સાંભળ્યું ને બધુએ સમજાયુ ! હવે વધારે સાંભળવાની જરૂરજ રહી નથી, અને મહેરબાની કરીને હવે તારી વધુ હુશીયારી મારી આગળ બતાવતીજ નહીં, એટલીજ મારી તને ભલામણુ છે. તારી કંઇ પણુ વાત હું સાંભળવા માંગતોજ નથી !"

"પણુ મારા મેહેરબાન, ઇનસાફની રીતે તો કંઇક સાંભળશોની?"

"ઇનસાફ થઇ ચુકયો છે, માટે હવે તારી જીભ બધકર !"

"હો ત્યારે ભુલ થઇ ! માફ કરો ! મારો ગુન્હો કબુલ કરૂં છું. " કહીને બાળાએ હાથ જોડયા."

"જેટલી તારી નમ્રતા તું બતાવે છે, તેટલીજ તારી ઠગાઇ હું માનું છું. તું હાથ જોડીને ઓર તારી કપટ જાળમાં મને વધારે લપટાવવા માંગે છે, તે પણુ હું બરાબર સમજી શકું છું, અને તું જેમ જેમ મારી સાથે વધારે પક્કાઇ વાપરશે, તેમ તેમ મારૂં મગજ વધારે તપશે, માટે હવે તે વીના લાયકીનો ઉપયોગ કરવાનુંજ બંધ રાખ !"

"ઠીક ત્યારે, હવે કઇ પણુ નહીં એકલું." કહીને બાળા આંખોમાંથી આંસુ પાડતી બેઠી.

સુરતીલાલ ભમર ચઢાવી મુંછો આમળતો ઉંડાણુ વિચારમાં પડી ગયો, અને તેનાં મગજમાં કંઇ કંઇ તરંગો ટટાર થવા માંડયા, જે પછી પાએક કલાકે તે બોલ્યો " ચાલ, એક પાન બનાવ પછી હું જાઉં, મારો જવાનો વખત થઇ ગયો છે."

બાળાએ તરત પાનની પટ્ટી બનાવી, અને બ્હીતાં બ્હીતાં ઉઠીને તે સુરતીલાલને આપી, જે તેણે લઇને મોંમાં મુકી, અને થોડીક મિનિટ પાન ચાવી પછી તે બોલ્યો "મને નવાઇ લાગે છે કે, તારા જેવી નાયકણીની મોહજાળમાં હું ફસાયો! અફસોસ!"

"મે આપન શું ફસાવ્યા? આપ મારા પર આ ખોટું આળ મુકો છોની!"

"અરે તે તો મને પુરેપુરો ફસાવ્યો! તારી પાછળ માસિક સો રૂપિયાનો ખરચ મેં રાખ્યો, તને મેં મારી અર્ધાંગના સમાન માની અન તારી સગે હુ નિ:ષ્કપટપણેજ વરત્યો, તેનો બદલો તેં મને માત્ર કપટ, ઠગાઇ, લુચ્ચાઇ ને મતલબીપણાંમાંજ આપ્યો; આવું હુ ધારતે તો તારો સંગ હું કદી પણ કરતેજ નહીં! મને પણ કેવી અવળી મતિ થઈ કે ત્યારે ત્યાં હુ આવ્યો! અરેરે! હવે મને ખરેખરો પસ્તાવો થાય છે, કે મે પણ આ શું અવળો રસ્તો લીધો! કેહેવત છે કે '**પરનારીકા યાર સદા ખુવાર, કાંટેકા બીછાના જુતેકા માર!**" તેમાં તો જરા પણ શકજ નહીં!"

"આપને જેમ બોલવું હોય તેમ બોલો! આપને રોકવાને મારામાં તાકાત નથી! પ મેંણુ આપને કેવી રીતે ઠગ્યા, ને કેવી રીતે ખુવાર કીધા તે મને આપ સમજાવશો!"

"એતો દેખીતુંજ છે! શું તારી પાછળ હું સો રૂપિયાનો માસિક ખરચ નથી કરતો? તને મેં મારી વાહાલી તરીકે નથી માની?

બોલ. એમાં ફરક હોય તો મને બતાવ!"

"હું શું બોલું ને શું બતાવું. આપે મને બોલતીજ બંધ કરી નાંખી છે, અને મારૂં કંઇ પણ સાંભળવાનેજ આપ ના પાડો છો. તો હું હવે કેવી રીતે બોલી શકું! આપને જેમ જોઇએ તેમ બોલો! હું તો બોલવાને લાચાર છું! ફકત આપનુ સાંભળવાને હું બંધાયલી છું",

"એ બધી તારી વાકયચાતુરીની છટા છે! વધારે ઉસ્તાદી જવા દે હવે!"

"ખરૂ છે! હવે જે હું સવળુ બોલુ છું, તે પણ આપ અવળુજ માની લો છો, ત્યા પછી મારો ઉપાય પણ શુ? બસ લાચાર આપને જોઇએ તેમ બોલો!"

"વારૂ ઠીક છે, કાલ વાત. અત્યારે તો હું જાઉં છું; કેમકે વખત ઘણો થઇ ગયો છે"

"ત્યારે અત્યારે તો મને આમ ઉદાસ કરીનેજ આપ જશો?"

"ઉદાસ શા માટે? તુ તારે ખાઇ પીને ચેન કર! તને ઉદાસી શાની?"

"આમ બોલીનેજ આપ મને વધારે બાળો છો! ભલે! જેમ આપને ગમ્યુ તે ખરૂ!"

"હવે કાલે વધારે વાત કરીશું." કહીને સુરતીલાલ ચાલતો થયો.

બાળા પોતાના મનમાં હવે વિચાર કરવા લાગી કે "આ શેઠ પણ હવે તો ખસવાનોજ, કેમકે એનું મગજ ફર્યું છે! એનાં મનમાં મારે માટે કંઇક જૂદોજ ખ્યાલ આવી ગયો છે, અને તે નીકળવો પણ મુશ્કેલ છે! અત્યારે એમનો મિજાજ છેકજ વીફરેલો હતો, ને તેથી મને તો ખાત્રીજ છે કે, આવતી કાલે એ આવે પણ ભાગ્યેજ! તો

પણ કદાચ મગજ શાંત થાય, અન વળી આવે તો આવે ! પરતુ હવે એમાં ભલીવાર તો નહીંજ. એકવાર મનમાં મેલ ભરાયો હોય તો તે નીકળવો મુશકેલ છે. એ મારે માટે જેમ ગમે તેમ બોલ્યા, ને મને ગમે તેવાં હલકા વચનો સભળાવ્યા. તેથી મારો પણ મીજાજ તો ગયો, અને હું પણ એને તતડાવવાની અણીપરજ હતી, પણ વળી મેં વિચાર કીધો કે, બોલીને બગાડવામાં સાર નહીં. આમ વિચારીને મેં ગમ ખાધી એ પણ ઠીક કર્યું. હવે વળી આવતી કાલે જો આવશે, અને આજનીજ માફક કઇ વધારે ટણપાચ કરશે તો પછી હું પણ એને બરાબર સંભળાવીશ, ને સામટી ધૂળ કહાડી નાખીશ ! તે વગર એ ઢીલો નહીંજ થાય ! ઠીક છે, કાલે આવે છે યા નથા આવતો, અને આવે છે તો શું બોલે છે, તે ઉપર વાત" આમ વિચાર કરીને, તેણી સૂઇ ગઇ.

સુરતીલાલ રસ્તામાં વિચાર કરે છે કે "મેં પણ રા. ને ખૂબ ખખેરી નાખી ! પણ બાળા આખરે ભલી તો ખરી, કે મારા ગમે તેવા ગરમાગરમ શબ્દો પણ સાંભળી રહીને જરા પણ ગરમ નહીં થતાં તેણીએ પોતાની લાયકીને નમ્રતાનો ત્યાગ નહીંજ કીધો ! એટલી બધી મારી આમન્યા તેણીએ રાખી, એટલેજ તેણી ભલો ભાવ મારા ઊપર રાખે છે, એ સિદ્ધ થાય છે, હવે આવતી કાલે એના સાથે વળી જુદાજ પ્રકારની વાતચીત કરીશ, અને આજનો રગજ તદન બદલી નાંખીશ. આજે તો મેં તેને કસી જોઇ, અને તે કસોટીમાં તેણી બરાબર સોટચનાં શુધ્ધ સમાન નીવડી છે, માટે હવે આવતી કાલે દરેક વાતે એને ખુશજ કરીશ." આમ વિચાર કરતો રાત્રિનાં છેક સાડાબાર વાગતે. તે પોતાને ઘેર પોહોંચ્યો.

" કેમ પ્રાણનાથ, આજે તો કંઇ ઘણીજ રાત ગઈ? ક્યાં રોકાયા હતા ? પ્રેમવંતિએ જરાક મોં ચીમળાવીને પૂછ્યું " આટલી બધી રાત ! "

" હા. જરા કામે ગયો હતો. તેથી વાર લાગી " સુરતીલાલે મિજાજમાં ઉત્તર આપ્યો.

" પણ બાર તો ક્યારના વાગી ગયા અને હમણાં એક વાગશે ! "

" એ તો બધાએ વાગવાનાજ ! " કહીન સુરતીલાલ રોપમાંજ કપડાં ઉતારીને સૂતો.

પ્રેમવંતી સમજી ગઇ કે " એમને હવે વધારે કહેવા જતાં એ વળી મિજાજ ખોઇ બેસશે ! માટે વધારે કટ કટ કરવામાં માલ નહીં." આમ વિચારીને માત્ર પોતાનાં મનમાંજ બળાપો કરતી તેણી પણ શુતી.

દરેકે દરેક વ્યાપારી બચ્ચાને માટે ઉત્તમ પુસ્તક.

વ્યાપાર શિક્ષક.

વ્યાપારી કુનેહ વીશે ઉપ્યોગી લેખથી ભરપુર દ્રષ્ટાંત આપવામાં આવ્યા છે, ઉપરાંત યુરોપ, અમેરીકાની વ્યાપાર પદ્ધતિનાં લક્ષણો બરાબર રીતે સીદ્ધ કરેલ છે નોકરો—દુકાનો—નામું—વ્યાજવટું—સટ્ટા શેર—દલાલી—ખેતીમાં પાકતાં ધાન્યો—સોનાં અને ચાંદી, મોતીનાં હિસાબ, તેમજ ખનીજ પદાર્થો વીગેરે સંખ્યાબધ બાબતોથી ભરપુર લગભગ ૫૫૦ પાનાનુ દળદાર પુસ્તક કીમત માત્ર (રૂ૦ ૨—૦—૦) બે રૂપીયા દરેક માણસે આ પુસ્તક અવસ્ય ખરીદવું જોઇએ.
પુસ્તકની ખરી યોગ્યતાં વાચવાથીજ સમજાશે.

મલવાનું ઠેકાણું—ચુનીલાલ મગનલાલ બુકસેલર્સ—સુરત.

પ્રકરણ ૮ મું.

દોહરો

નાયકણી બાળા પ્રતિ, મોહન મળિયો ખાસ;
પ્રપંચ વાત સમજી ગયો, થયો અતિ ઉદાસ.
સમજ્યો સુરતીલાલ, ને કીધો તેનો ત્યાગ;
કીનો' બંનેમાં વધ્યો, શોધે કંઈ કંઈ લાગ.

— ›O‹ —

ટુટ ફાટ !

પ્રભાત થતાંજ ભકિતબાઇએ સુરતીલાલને ઠપકો આપ્યો કે “ભાઇ, દરરોજ રાતના તને મોડું થાય છે. તે તુ રોજ ને રોજ ક્યાં જાય છે ? હવે કઇ દલાલીનો ધંધો તો કરતો નથી. તો પછી રાતના એટલું બધું બાહાર ભટકવાનું શું કારણ વારૂં ?”

“માતુશ્રી ! નોકરીમાં કંઇ ભવિષ્ય સુધરવાનો સંભવ નથી, આટે બીજા કોઇ સારા ધંધાની તજવીજમાં ફરૂં છું, અને તેથી રાતના રખડવું પડે છે.”

" પણ તેની તજવીજ દહાડે નહીં થાય કે રાતેજ રખડે છે ? "

" દાહડે તો હું નોકરીએ જાઉં, અને જેઓને મળવા જવાનું હોય તેઓ પણ દાહડે તો પોતપોતાનાં કામકાજમાં રોકાયલા હોય, જેથી રાતનો વખતજ સાનુકુળ હોય છે. તેમાં વળી ગઇ કાલેજ જરા વધારે મોડું થયું. બાકી તો ઘણો ખરો દશ વાગતાંની અંદરજ આવું છું. તેમ છતાં હવેથી વધારે રાત સુધી બાહાર નહી રોકાઉં. "

" હા દીકરા, બનતાં સુધી વેહેલાજ ઘેર આવવાની ટેવ રાખવી. " કહી ભકિતબાઇ શાંત રહી.

સુરતીલાલ સ્વતઃમનમાં પશ્ચાતાપ કરવા લાગ્યો કે ' મુંબઇ આવીને તો ફસાયોજ છું. સુરતમાં આબરૂભેર રહી પિતાજીની છાંયા નીચે મોજ મારતો હતો. ને કોઇ વાતની ફીકર કે ચીંતા નહોતી, અને અહીં તો બરાબર ચોર્યાશીના ફેરામાં ફસાયો છુ ! એ પણ ભાગ્યનીજ વાત ! " આમ નિ:સ્વાસ નાંખતો થોડીવાર પછી તે બજારમાં શાકભાજી લેવા ગયો.

પેલી તરફ મોહનનાં મગજમાં આગલી રાતની જે ચટપટી લાગી હતી તેથી આજે તે પ્રાતઃકાળમાં વેહેલોજ ઉઠયો, અને ઝટપટ પરવારીને સુમારે સાડાસાત વાગતે બાળાને ત્યાં તે ગયો. તેને જોતાંજ બાળા કરડાકીમાં બોલી ' ઓહોહોહો ! આ કોણ ! તમે આજે કંઇ રસ્તો ચૂકી ગયા કે શું ! આજે તો નવાઇની વાત કે તમારાં પગલાં થયાં ! ' કહીને બાળાએ તેને હેત પ્રીતે આવકાર આપીને ગાલીચા ઉપર બેસાડયો, અને પૂછ્યુ " પણ આજે તમે કયાંથી ભૂલા પડયા ? '

" આજે કંઇ એમજ થયું કે તારી મુલાકાત લેવી. અને તેથી આવી ચઢયો. "

" વાહ ! મોહોટી મેહેરબાની કરી ! ઘણોજ ઉપકાર થયો ! આજે મારાં ધન્ય ભાગ્ય કે મારા જુના ને માનીતા શેઠ પધાર્યા ! અચીતજ, અત્યત ઉપકાર કીધો !

" ઉપકાર શાનો ? એ તો જુની ઓળખાણ તે કંઇ ભુલાય ખરી કે ? કદાચ તું ભૂલે, પણ હું તો નહીંજ ભુલું, એવો મારો સ્વભાવ છે."

" એમજ છે, તો આટલા બધા દાહડા પછી આજેજ હું કેમ યાદ આવી ? "

" યાદ તો રોજ આવે, પણ આવવાનું રોજ બને નહી ત્યાં લાચાર ! "

" તો પેહલાં રોજ આવવાનુ બનતું હતુ ને હવે નહીં બને તેનુ કઇ કારણ ?

" કારણ એ કે પેહેલાં તારી સાથે જુદો સબધ હતો, અને હાલનો સબધ તે રહ્યો નથી. માટે તે જુનાં સબધની મુલાકાતને પણ જાળવી રાખવાને ખાતર કદીક કોઇ દિવસે આવવામાજ શોભા ગણાય. શુ કરવુ ! જુનો સબધ તેં તોડયો ત્યા કઇ ઉપાય છે ? કંઇ જબર જસ્તીથી સબધ રખાય છે, અથવા કઇ પરાણે પ્રીત થાય છે ? "

" જુનો સબધ મેં તોડયો કે તમે ? એ તમે શું ગળે પડવાની વાત કરો છો ? "

" વાહરે વાહ ! એ તો ચોર કોટવાલને દડે ! તેવી વાત તું કરે છે ! જુનો સંબધ તોડવા માટેનો રસ્તો તેજ લીધો, અને તેથીજ મને તારે ત્યાં આવતાં બંધ પડવાની પણ ફરજ પડી ! તું પોતેજ તારા મનમાં સમજતી નથી, કે મારે મોઢે બોલાવે છે ? "

" તદ્દન ખોટી વાત ! મેં તેવો એક પણ રસ્તો લીધોજ નથ અને તેમ છતાં જો તે તમો સાબીત કરી આપો તો તમારો જો ને મારૂં માથું. હું હીંમતથી કહું છું. કે મેં તેવું એક પણ કાર આપ્યુજ નથી. અથવા તેવો કશો પણ ગુન્હો મેં કીધો નથી."

" એ તુ શું બોલો છે ! તું મારા આગળ હજી પણ તાં ગુનાહ છુપાવે છે ! મારી ગેરહાજરજરીમાં તે શું બીજા કોઈ પગાર લીધો નથી ? "

" કદી પણ નહીં. હું કસમ પર કહું છુ, કે એ વાત ખોટ છે. જ્યાં સુધી આપનું નીમક હું ખાતી હતી ત્યાં સુધી બીજા કોઇને અહી પગ પણ મુકવા દીધો હોય. એમ જો આપ સાબિત ક આપો તો આપ જે પણ શિક્ષા કરો તે કબુલ કરવાને હું તૈયાર એટલું ખરૂં કે જ્યારે પેલા તમારા સુરતી દોસ્તે મને જણાવ્યુ તમે કોઇ બીજીને રાખી છે, ને મારે ત્યાં તમો આવનાર નથી તેમ તમે મારે ત્યાં આવતા અટકયા પણ ખરા ત્યારેજ મેં તે સુરતીલાલ પગાર કબુલ કીધો ને તેની નોકરીમાં હું રહી છું, તે પણ મા પેટનેજ માટે. આ પ્રમાણે જે ખરી વાત છે, તેજ આપના આગ જાહેર કરૂં છું.

" મોહન વિચારમાં પડી ગયો, અને " પછી બાળાએ સુ તીલાલે જેજે વાત કરી હતી તે તથા સુરતીલાલે મોહનને મોંઢે પ જે ઉંધુ ચતું ભેરવ્યું હતું તે સઘળું પ્રગટ થયું. ર ઉપરથી તેઓ બને સમજી ગયા કે " સુરતીલાલેજ આ બ સળગાવ્યું હતું, "

આ બધી સમજુતી થયા પછી " મોહને જણાવ્યું કે સુરતીલાલે તારી તરફ ઘાનત બગાડી અને તે પાર પાડવા માટેજ તા

ને મારી વચ્ચે ફુંટ પાડવાનો પાપી રસ્તો લીધો હતો, એટલુ તો હવે ખુલ્લુંજ સમજાય છે ! એ નીચ ને નગુણા માણસે ખચીતજ પોતાની નાલાયકીનો ઉપયોગ કીધો છે ! "

" પણ તેમાં મારો કંઇ પણ કશૂર હોય તોને ! હું તો નિરદોષજ છું. "

" તેવીજ રીતે મારો પણ કશૂર નથી, પણ માત્ર તે પાપીનોજ પ્રપચ છે ? ઠીક છે, હવે હું તેને બરાબર સ્વાદ ચખાડીશ ? તેણે દોસ્તોનો દેખાવ આપી દુશમનની ગરજ સારી છે ? મેં તેનાપર અનેક ઉપકારો કીધા ત્યાંરે તેણે મારીજ સામુ આવું અપકૃત્ય કીધું કેવો નગુણો ને નીચ માણસ ? એને એનાં કુકર્મનો બદલો પરમેશ્વરજ આપશે. "

" હું હવે એને મારે બારણે પણ નહીં ચઢાવું, અને આવશે તો સાફ નાજ પાડીશ, "

"તે જેમ તારી મરજી, હું તો હવે તારે ત્યાં આવી શકું તેમ નથી,

" કેમ વારૂ ? હુ નિરદોષ છુ, એમ આપની ખાત્રી થયા પછી પણ. આપ હવે મારૂ ઘર તજો તે શું સારી વાત છે કે ? હવે જે ગુસ્સો રાખો તે ખોટો. "

" ગુસ્સાનું કંઇ કારણ નથી, પણ મે કોઇ પણ પર સ્ત્રીનો સંગ કરવાનાં કસમ ખાધા છે, અને તેથીજ હવે તારે ત્યાં પણ આવવાનું મારાથી બનશેજ નહી. "

" કસમ ખાધા તો તેનાં પાપની સરિગત હું થઇશ, ને તેનું પાપ મારે માથે ! માટે તમારે મારે ત્યાં આવ્યા વગર તો નહીંજ ચાલે. "

" વારૂં ઠીક છે. તે માટે હું હવે પછી વિચાર કરીશ. હમણાં તો હું જાઉં છું. "

" અને આપ પાછા ક્યારે પધારશો ? સાંજે તો આવશોની?"

" ઘણું કરીને તો આવીશ, દીવા લાગતાંજ આવીશ. "

" જરૂર આવજો તે વખતે તમારો સુરતીલાલ પણ કદાચ આવશે તો તમારા દેખતાંજ તેનાં કેવા હાલ કરૂં છું. તે આપ પણ જોશો ! જેમ બને તેમ આપ વેહેલા આવજો, અને આપના આવ્યા પછી આપ જેમ સૂચવશો તેમ કરીશ. "

" ઠીક છે, તો હુ છ વાગતામાંજ આવીશ " કહીને મોહન વિદાય થયો

ઓફીસમાં મોહન અને સુરતીલાલ મળ્યા તો ખરા, પણ મોહને બાળાની બાબતમાં કંઇ પણ વાત ઉકેલી નહીં, ઉલટું જાણે કંઇ જાણતોજ નથી તેવું કીધું.

સાયકાળ થતાંજ મોહન પરવારીને બાળાને ત્યાં ગયો, અને તેણીને પુછ્યુ કેમ " સુરતીલાલ અહીં કેટલેક વાગે આવે છે વારૂ?"

" ઘણું કરીને આઠ વાગનાને સુમારે આવે છે. "

" તો તું બારીએ ઉભી રહેજે, અન તે આવતો માલમ પડે કે તરતજ મને ચેતાવજે એટલે હું ઓરડીમાં ભરાઇ બેસીશ. પછી એ આવે કે બધીએ વાત ઉકલજે, અને તે પછી આપણે બંને મળીને એનો ભવેડો કરીશુ. "

" બહું સારૂં; પણ એને આવતાં તો ઘણી વાર છે. સાત વાગતાં પછી હું બારીએ ઉભી રહીશ. "

" ઠીક છે. " કહીને મોહને સુરતીલાલની નગુણાંપણાની તમામ વાતો કરવા માંડી.

સુરતીલાલ સાડાસાત વાગે ઘેરથી નીકળ્યો અને પોણા આઠે બાળાને ત્યાં પહોંચ્યો તેને આવતો જોતાંજ બાળાએ મોહનને ઇશારત કરવાથી તે ઓરડીમાં ગયો, અને બારણાં દઇને અંદર બેઠો. એટલામાં સુરતીલાલ ઉપર આવ્યો; આવતાજ બાળાએ કહ્યું કે, "કેમ, આજે તો હવે તમારૂં મગજ શાંત છેની શેઠજી ?"

"અરે કાલે તો મેં ફક્ત તને કશી જોવાને માટેજ જાણી જોઇને ખીલવી હતી. તારે માટે તો આ મારો જાન પણ કુરબાન છે ! શું તું મને મોહન જેવો હલકટ સમજે છે. કે ?"

"નહીંજ. આપને માટે તો મને ઘણોજ ઉંચો અભીપ્રાય છે એમ કહેતાં બાળાએ જરા મોં મલકાવીને પુછયું "વારૂ હવે મોહન તમને કદી મળે છે કે ?"

"નહીરે ! તારે ત્યાંથી જ્યારથી તેનો પગ ગયો છે. ત્યારથીજ મે પણ તેનું મોં જોયુંજ નથી; કેમકે જે તારો દુશમન થયો તેને હું પણ મારો દુશમનજ માનુ. એવા હલકટ માણસની સાથે વેહેવાર રાખવો તેમને પણ મુનાસબ નહીં લાગ્યો."

"પણ તમે અહીં આવો છો, તે વાતની તેને ખબર તો હશેજને"

"ખબર હોય તોપણ મને તેની ક્યાં દરકાર છે ? તે મારો થોડોક ઉપરી છે ! તેને તો હું મારા એક ગુલામ માફક સમજુછું ! એવા કુતરાઓની હુ કયાં દરકાર કરૂ તેમ છે !"

"પણ તેની પાસે પૈસાનું જોર તો સારૂં હશે. કેમ, તમે શું ધારો છો ?"

"સારૂં શાનું પથરાતું ! તે તો તદન ભીખારી અને કરજદાર છે. ગામમાં તેની શાખ એવી છે, કે. તેને કોઇ પાંચ રૂપિયા પણ નહીં

ધારે ! સેંકડો રૂપિયા તો હું તેની પાસે માંગું છું ! એ તો મારી મદદ તેને હતી. ત્યાં સુધી તેનો નિભાવ થતો હતો, અને મારે પ્રતાપેજ તારો ખરચ પણ તે નભાવતો હતો. હાલમાં તો તેને ખાવાનાં પણ વાખા છે. ને તદન ભીખારીને વેશે રખડે છે. એક દિવસે તે મારે ત્યાં આવ્યો હતો, પણ તેને દુરથી જોતાંજ હું ઘરમાં ભરાઇ ગયો, અને ' શેઠ ઘરમાં નથી ! " એવું ખોટું મારે કહેવરાવવું પડયું ! શું કરૂં ! જ્યારે ને ત્યારે માંગવા આવે તેથી મેં તેને મળવાનુંજ મુકી દીધું, અને વળી તારો તે વિરોધી થયો, એટલે પછી તેને મદદ કરવાનું મને સારૂં કેમ લાગે ! એવા માણસનું મોં જોવાને પણ મને તો સારૂં નહીં લાગે ! એવાને તો વેગળેથીજ નમસ્કાર ! મહા દગલબાજ માણસ ! જેટલાં બુરાં કામો તે તમામનો તે કરનારો ! એવાની સંગત કામનીજ નહીં ! "

" વારૂ કદાચ હમણાં તે અહીં આવે તો તમે તેને બોલાવો કે નહીં ? "

" અરે બોલવાનું તો બાજુ પર રહ્યુ, પણ, તેની સામું થુકું પણ નહીં. "

આ સાંભળતાંજ મોહન પેલી ઓરડીમાંથી બહાર નીકળી આવ્યો, અને તેનાં હાથમાં એક ડંડુકો પણ હતોજ. સુરતીલાલ તેને જોતાંજ હબકી ગયો ! બાળા બાજુ પર ખસી ગઇ, અને મોહને સુરતીલાલનું તુરત કાંડુ પકડીને પૂછયુ " બચ્ચા ! તું શું શું બોલ્યો તે હવે યાદ કર. ને તમામ સાબિત કરી આપ ! અત્યારે યાદ રાખજે કે કયાં તો મારો જીવ જાય છે. કે કયાં તો તારો જીવ જાય છે ! તારા જેવા નીચ ને નગુરા કુતરાને હવે હું શું જીવતો મુકીશ કે ? અરે હવે તો તારા હાડકાંનાં ચુરા કરી નાંખીશ ! " કહીને મોહને

પોતાના હાથમાંના ડંડુકાનો એક સપાટો તેનાં વાંસામાં લગાવી દીધો!

"ઓ બાપરે એએએ!" કહી સુરતીલાલ રડી પડયા, અને મોહન પ્રત્યે કરગરીને તે કહેવા લાગ્યો કે "ઓ મારા ભાઇ, મને માફ કર! મારી ભુલ થઇ! મેં જખમારી! મારો ગુનોહ માફ કર! હું તને પગે પડું છું. બસ, આટલીવાર તો ક્ષમા કર! હવેથી તારી સામું આવું અવળું કામ નહીં કરૂં. મેં તારે માટે જે પણ ખોટો લવારો કીધો છે. તેને માટે મારે શીર ખમવું પડે છે. ને હવે મારા મહા પાપનો મને પૂરો પસ્તાવો થાય છે, માટે મને માફ કર!"

"માફ કરવાની વાત પછી, પણ, તેં જે ગુલબાન અહીં અડાવ્યું છે. તે શું ખરૂં છે કે?"

"ખરૂં શાનું ભાઇ? એ તો તદન ખોટુજ મે કહ્યુ છે.!"

"અને તે બધું માત્ર તારી વડાઇ બતાવવાનેજ કહ્યું છે ની?"

"હા ભાઇ! મારી ભુલ થઇ! મને માફ કર! મેં તારો અપરાધ કીધો!"

"અને બાળા અને મારી વચ્ચે ફુટ પડાવનાર પણ તુંજ કેની?"

"હા ભાઇ! એ પણ મારૂંજ કાળું કર્મ છે! મને માફ કર!

"તેવી રીતે અમો વચ્ચે ફુટ પડાવવાની તારી મતલબ એજ કેની કે તેં તેણીનાપર દાનત રાખેલી તે પાર પાડવાનેજ માટે ને"

"હા ભાઇ! તું જે કહે છે. તે તમામ ખરૂ છે! મેં તારી તરફ ઘણીજ બેઅદબી વાપરી છે!"

"મેં તારાપર કેટલા ઉપકારો કીધા છે. તે તને યાદ છે કે?"

"હા ભાઇ! તારા કરેલા ઉપકારો તો ઘણાએ છે, અને હુંજ નગુણો છું."

"અરે ઓ કરપીણ કુતરા ! તારા પર તો મને એવો ગુસ્સો આવે છે કે છરી લઇ તારૂં ગળું કાપી નાંખું ! પણ હજી હું ભલો છું. કે તને જતો મુકુ છું, તો પણ તેં કુતરા કરતાં પણ વધારે ખરાબ ચાલ ચલાવી છે, માટે તને કંઇ સજા તો થવીજ જોઇએ. અરે તારાં કરતાં તો કુતરા પણ વધારે સારા કે જેનું ખાય છે. તેનું ભલું ચહાય છે, પણતું તો જેનું ખાય છે, તેનુંજ ખોદનારો ખરેખરો નીચ છે ! હવે તને જનાવર કરતાં પણ બુરી દશાએ પોહોંચાડવો જોઇએ, અને તેમ કરવાને તને કેવા પ્રકારની શિક્ષા કરવી, તેનો હવે મને વિચાર થાય છે"

"ભાઇ, હુ તને બે હાથ જોડીને પગે પડું છું, માટે મને માફ કર !"

"આમ કાંઇ માફ કરવાનું રસ્તામાં પડયું છે કે ? તારો જીવ લેતો નથી, એટલીજ તને મારી બક્ષુ છું, પરંતું તારા કૃત્યનાં પ્રમાણમાં કઇ યાદગાર સજા તો તને થવીજ જોઇએ. એમ કહી થોડો વખત વિચાર કરીને મોહને જણાવ્યુ "તને વધારે સજા નહીં કરતાં આ તારી સગલી (બાળા) ના હાથનાં બરાબર બે ખાસડાંનો માર મરાવવો લાજમ ગણાશે !" કહીને બાળાને બોલાવી ને તેણીને મોહને ફરમાવ્યાથી તેણીએ બે હાથમાં બે ખાસડાં લઇને મુરતીલાલના માથામાં લગાવ્યા, જે પછી તેને ત્યાંથી જવા દીધો.

બાદ બાળાએ મોહનને જણાવ્યું "તમે પણ તેની ઠીક પુંજા કરી !

"અરે એ તો શું કરૂં. કે તેને ઠાર મારૂં. તો વળી મારે ફાંસીએ જવું પડે ! તેથીજ તેને મેં સેહેજ સજા કરીને જવા દીધો ! તો પણ હજી હું તેના પર અનેક પ્રકારનો કીનો લીધા વગર રહેનાર નથી. તેને મુંબઇ શહેરમાં જંપીને બેસવા તો નહીંજ દઇશ."

ચીત્ર નં.૮ સુરતીલાલને ખાસડાનો માર

તમેં વધારે શરમ નહિં કરતા: આ તારી સગલી નાહાયનાં બરાબર છે.
ખાસડાંનો માર બાજ મ ગણજો. (પા.૧૫૪).

"એવા નીચ માણસને તો પરમેશ્વર પણ સજા કરશે ને કરશેજ."

"તે તો ન્યાયની વાત છે." કહીને મોહન પોતાને મકાને જવાને તૈયાર થયો.

"હવે એમ ને એમ ક્યાં જાઓ છો ? પાછા ક્યારે આવશો. તે પ્રથમ જણાવો, અને મને એટલુ વચન આપો કે, પ્રથમના જેવોજ આપણો સંબંધ સચવાઇ રહેશે. એટલુ વચન આપો તોજ અહીંથી ઉઠવા દઇશ." કહીને બાળાએ તેના ડગલાનો છેડો પકડી રાખ્યો.

"તે તો હુ તને એકવાર કહી ચુકયો છુ કે, હવે એ બાબત માં મે કસમ ખાધા છે, માટે હવે તારે ત્યાં આવવાનું મારાથી નહીંજ બને!"

"નહીં કેમ બને ? બનાવવુંજ પડશે. તમારાં કસમ આજથી રદ થયા"

"એકવાર જે વાતના કસમ લીધા તે રદ કેમ થાય ? ત્યારે તો તે ખોટા કસમ કહેવાય!"

"પણ તમે જે કસમ ખાધા હતા તે માત્ર સુરતીલાલના ખોટા સમજાવ્યા પરથીજની ?

"હા. તેણે મને જે ખોટુ ભેરવ્યુ' તેથી મને ગુસ્સો આવ્યો ને તે ઉપરથીજ મેં કસમ લીધા."

"એટલે એમજ કેની કે તે લુચ્ચાની ખોટી વાત ખરી માનીને તમે તેમ કીધું ?"

"અલબત. તેમજ. તે શિવાય કંઇ બીજું કારણ તેમ કરવાનું નહોતું."

"તો હવે તેની કહેલી વાત પણ જ્યારે ખોટીજ ઠરી ચુકી છે. તો પછી તે વાતપરથી લીધેલા કસમ પણ ઇનસાફની રીતે રદ્દજ થાય છે. માટે હવે તમારા કસમ બળી ગયા, અને હવે અહીં આવ્યા વગર ચાલેજ નહીં, એવી રીતના કસમ લો. તમે ઇનસાફી છો તો તમે પોતેજ ઇનસાફ કરો."

"વારૂ ઠીક છે, આવીશ, હવે તો રાજી થઇની ?"

"આવીશ, અને આગળના જેવોજ પ્રીતિ ભાવનો સંબધ સાચવી રાખીશ, એવી રીતનું આપ મને વચન આપો. તોજ મને ચેન પડે મારા વાહલા !"

"વારૂ તેમ કરીશ. લે આ વચન." કહીને મોહને તેણીને વચન આંપીને કહ્યું "કેમ હજી કઇ બાકી રહી ગયું છે ? કહેતી હોય તો સ્ટાંપના કાગળ પર લખી આપું ?"

"આપનું વચન એજ મારા મનને સ્ટાંપના કાગળ કરતાં પણ અધિક છે, અને આપને માટે મને એટલી તો ખાત્રીજ છે કે, આપ મને જીંદગી સુધી પાળશો."

"તે તો પ્રભુ સર્વને પાળનાર છે." કહીને મોહન ત્યાંથી પોતાને મકાને ગયો.

સુરતીલાલ બાળાને ત્યાંથી ઉતરીને રસ્તે ચાલતાં ઘણોજ અફસોસ કરવા લાગ્યો, અને રસ્તામાં એક બાજુપર જુનો ખક જેવો કુવો આવતાંજ તે કુવાની પાળપર બેઠો, અને બનેલા બનાવને માટે પરિતાપ કરતાં તે પોતાનાં મન સાથે વિચાર કરવા લાગ્યો કે "વાહરે મોહન વાહ ! તેં પણ મારી ખોડજ ભુલાવી નાંખી ! રાંડ નાયકણીનાં મકાનમાંજ મારી બેઆબરૂ કરી, અને વળી તેણીના હાથેજ મને ખાસડાંનો માર મરાવ્યો ! એ પણ ગજબ થઇ ગયો ! આ કરતાં

ચીત્ર નં ૧૦) સુરતીલાલનું આપઘાત કરવા તૈયાર થવું.

કછોટો વાળી કુવામા ઝુસકાવાની તૈયારીમાંજ હતો. પા. ૧૯૭

બીજું શરમાવનારૂ શું હોય ! એના કરતાં મને જાનથી બેજાન કરી ઠાર કીધો હોત તો તે મને વધારે સારૂ લાગત ! કેમકે આવી રીતે બેઆબરૂ થયા પછી જીવવું તે પણ ખોટુંજ છે ! હવે મોહન ચોગરદમ મારી નિંદા કરશે, અને મારી એબ ઉઘાડી પાડશે ! તેથી મારે હવે લોકને મોં બતાવવુ પણ ભારે થઇ પડશે, અને તેમાં પણ મોહનને મોં બતાવતાં તો મારે મરવા જેવુજ લાગશે ! માટે બળ્યું આ જીવતર ! આવી શરમભરેલી રીતમાં જીવીને શું કરવુ છે ? તેના કરતાં તો આ કુવામાં પડીને મરવુંજ ભલું !"

આમ આવેશમાં આવી જઇને તેણે પોતાની ટોપી, ડગલો, બદન, બુટ અને આંખે ચસમા હતાં તે તમામ કહાડીને નાબડતોબ કુવામાં નાંખ્યાં, બદનમાં સોનાનુ ઘડીયાળ, સોનાનો છેડો, તેમજ એક ગજવામાં પૈસાનું પોકેટ હતું, તે પણ તમામ કપડા સાથેજ કુવાને સ્વાધિન થયુ ! હવે ફકત અંગપર ધોતિયુ રહ્યું, તેનો કછોટો વાળી કુવામાં ભુસ્કાવાની તૈયારીમાજ હતો, એટલામાં પરમેશ્વરે તેનુ મન ચળાવી નાંખ્યુ ! અને તે થોભ્યો ! પછી કુવાની પાળની નીચે અઢેલીને તે કપાળે હાથ દઇને વિચાર કરવા લાગ્યો "આ પણ હુ મુરખાઇજ કરૂ છુ ! આત્મઘાત જેવુ મહા પાપ કરીને વળી પેલા અવતારમા હું વધારે દુઃખી થઇશ, અને આત્મઘાતના ગુન્હાની સજા ઇશ્વિર પણ મને કરશેજ ! માટે અરે ! જીવ, જરા થોભીજા ! ઓ પાપી મન જરા ધીરજ ધર ! કહેવત છે કે '**જીવતો નર ભદ્રા પામે**' એ પણ હું કેમ ભુલી જાઉ છું ! આખરે પણ હુ **સુરતી** બચ્ચો છું ! મોહને મારાં બુરા હાલ કીધાં તો હવે મારે પણ મારૂ પાણી તેને બતાવવુજ જોઇએ, અને તેનો બદલો બરાબર તેને આપવોજ જોઇએ. માટે હીંમત રાખી તેનો ઘાટ ઘડવાની તજવીજ

ચલાવું." એમ ધારી તે ટટાર થઇ ઉઠયો, અને વળી અચકાઇ બબડવા લાગ્યો કે "મેં કેવી નાદાની કરી કે મારાં કપડાં પણ કુવામાં નાંખી દીધાં! સોનાનું ઘડીયાળ, સોનાનો છેડો તેમજ પૈસાનું પાકીટ—એ સર્વ પાણીમાં ગયું! હવે આવે વેશે ઘેર જવું તે પણ ઠીક નહીં?" આમ સંતાપ કરતાં વળી તેણે થોડીકવાર સુંધી પોતાનાં મનમાંજ વિચાર કીધો કે "થઇ તે ખરી! કપડાંલત્તાંને માટે ઘેર આગળ મારી સ્ત્રી મને પુછશે તો તેને ગમે તેમ ઉંધુંચતું સમજાવી દઇશ બાયડીને સમજાવવામાં કંઇ મુશકેલી નથી! આમ ઠરાવ કરીને તેવેજ વેશે તે, પોતાને મકાને ગયો, કે જે વખતે રાત્રિના સુમારે દશ વાગ્યાં હતા.

સુરતીલાલે બારણું ઠોક્યાથી પ્રેમવતિએ બારણું ખોલ્યુ, અને પોતાના પતિને ઉઘાડે વેશે જોઇને તેણીએ વિસ્મયતા પામી પુછ્યુ "આવે વેશે આપ કયાંથી પ્રાણનાથ!"

"કેમ! તને ખબર નથી? પેલા માણસને મે મારા કપડાં આપીને તારી પાસે મોકલ્યો હતો, તેણે તારી આગળ આવીને વાત કરી નથી કે શુ, સુરતીલાલે ખરી બીનાને છુપાવતા ભોળવનારો જવાબ આપી શામું ગળે પડતા પુછ્યુ.

"નહી. અહી તો કોઇ માણસ આવ્યુંજ નથી!"

"હે...! એ શું બોલે છે! તેને મે કપડાં આપીને મોકલ્યો હતોને!"

"પણ તે માણસ કોણ છે, તેનુ કંઇ નામ નિશાન?"

"તે આટલામાંજ રહે છે, તેનું નામ મને ખબર નથી, પણ હું તેને નજરે ઓળખું છુ."

"ઘડીઆળ, છેડા, વગેરે જોખમ પણ તેની સાથેજ આપ્યું હતું કે ?

"હાસ્તો વળી તેંજ તેને મારી શોધ માટે મોકલ્યો હતોની ?"

"નારે ! મે તો કોઇને તેવી રીતે મોકલ્યોજ નથી ! એ આપ શું બોલો છો !"

"તે માણસ મને રસ્તામાં મળ્યો, અને મને એવી રીતનું તેણે કહ્યું કે 'તમારે ઘેરથી કહેવડાવ્યું છે કે, તમારા પાડોશમાં પેલી ડોસી મરી ગઇ છે, માટે તમે સ્મશાન જાઓ, અને કપડાં મને આપી દો એટલે તે હું ઘેર પોહોચાડીશ ' આ ઉપરથી મેં તેને કપડાં આપીને તારી તરફ મોકલ્યો, અને પછી હું સ્મશાન તરફ ગયો. ત્યાં જઇને જોઉ છું. તો કોઇ મળે નહી ! તે ઉપરથી મે એવો વિચાર કીધો કે, તે ડોસીને બાળીને બધા પાછાં ગયાં હશે, આમ વિચારીને હુ અહીં આવ્યો."

"આ પણ નવાઇની વાત ! કોઇ લુચ્ચાએ તમને ફસાવ્યા છે ! જરૂર કોઇ સોનેરી ટોળીનોજ માણસ તે હોવો જોઇએ ! પણ તમે તેને નજરે તો ઓળખો છોની ?"

"હારેહા. તે આટલામાંજ રહે છે. એમ હું ધારૂ છું; કેમકે તે મને આ ગલીમાં જતાં આવતાં હમેશા મળે પણું છે. હવે મળે તો તને પોલીસમાંજ સોંપી દઉ !"

"હવે મળશેજ શાનો ! તે તો કયારનોએ રવંડા મારી ગયો હશે ! મુવો ચોર હશે, તે વળી કઇ કાચો હશે, કે તમારા હાથમાં પણ આવે ! એ તો કયાંએ પસાર થઇ ગયલો !"

"તો નસીબની વાત ! હવે કંઇ ઉપાય છે ? ખેર ! ભાગ્યમાંથી ઉતર્યું હશે તે ગયું !"

" હા, તે તો છેજ, હવે જીવ બાળીને પણ શું કરવું !

સુરતીલાલ મનમાં વિચાર કરવા લાગ્યો કે " ચાલો બાયડીને તો સમજાવી દીધી એ પણ ઠીકજ થયું." આમ વિચાર કરીને તે નચીતે સુઇ ગયો.

બીજે દિવસથી સુરતીલાલે ઓફીસમાં જવાનું બંધ કીધું. અને તે બાબતમાં પણ પ્રેમવતિએ તેને પુછતાંજ તેણે જણાવ્યું કે " ઓફીસમાં મોહન હમણાં મારી વિરૂદ્ધ થઈ ગયો છે, માટે હવે ત્યાં મારે નોકરી કરવાનો વિચાર નથી. ત્યાં હવે રહેવુ ઠીક નહીં."

" પણ મોહન તો તમારો ખાસ મિત્ર, અને શુભેચ્છક છે તેમજ તે ઓફીસમાં તમને રખાવનાર પણ તેજ, અને તેજ હવે તમારો દુશમન શા ઉપરથી થયો વારૂ ?"

" વાત એમ થઇ કે ઓફીસમાં મારી ચાલાકીને હુશીયારી જોઇને સાહેબ મારાપર ઘણોજ ખુશી થઇ ગયો છે, અને દરેક વાતમાં સાહેબ મનેજ પોતાની પાસે બોલાવીને મારીજ સલાહ લે છે, જેથી મોહન પોતાનાં મનમાં બળી ઉઠયો છે, અને મારૂં રાયતું કરવાને ફરે છે ! તેથી મને ધાસ્તી લાગી કે રખેને તે મને ખોટી રીતે પણ ફસાવી નાંખે ! માટે હવે ત્યાં રહેવા કરવામાં પણ શુ માલ ?"

" એ તો તમારૂ કહેવું ખરૂ છે, પણ આવો અદેખો મોહન નીકળ્યો !"

" હા, જે દોસ્ત હતો તે પણ દુશમન થઇ ગયો ! ખેર જેવી પ્રભુની મરજી !"

" ચાલો ! જેવી લેહેણા દેણી ! એવા અદેખા માણસ શું કામના !" કહીને પ્રેમવંતિએ થોડીક વાર રહીને પૂછ્યું " ત્યારે

હવે આપ કાંઇ બીજી નોકરીની તજવીજ કરશો કે ? "

" જોઇશ, કાંઇ સારો ધંધો હાથ લાગે તો વધારે સારૂં " કહીને સુરતીલાલે પણ તે વાત પડતી મૂકી, અને પોતાનાં મનમાં વિચાર કરવા લાગ્યો કે " મોહનની બાબતમાં પણ મેં ઠીક ચોકઠું અડાવી દીધું ! હવે અમારે ત્યાં તે આવશે નહીં તેને માટે હવે ઘરમાંથી મને કોઇ પૂછપરછ નહીં કરે, અને તેથી આગળ તે પંચાત લંબાતી પણ અટકી, એ પણ ઠીકજ રસ્તો આવી ગયો. હવે તો મોહનનો કોઇપણ પ્રકારે ઘાટ ઘડાય, અને તેણે જેવી મારી ફજેતી કરી છે, તેવીજ હું પણ તેની કરૂં તોજ મને ચેન પડે ! તેને માટે કોઇ ડામીજને શોધવા પડશે. " આમ વિચાર કરી તે બીજા કામમાં રોકાયો.

મોહન પણ એવાજ તર્કમાં હતો કે " સુરતીલાલને હવે બીજી રીતે ફસાવી તેની હજી વધારે ફજેતી કરીશ તોજ મને ચેન વળશે ! "

આ પ્રમાણે જેઓ એકવાર દિલોજાન દોસ્ત હતા તેજ હવે પરસ્પર દુશમનાઇ લઇ બેઠા, અને પોતપોતાના મનોવિકાર પાર પાડવાના રસ્તા કરવા લાગ્યા !

સાંજના વળી નવો સળવળાટ થયો ! જે કુવામાં સુરતીલાલે પોતાનાં કપડાં વગેરે નાંખ્યું હતું તે તરફ પ્રભાતમાંજ એક પોલીસ સીપાઇની નજર પડી, અને તેણે પોતાના ઉપરીને તે કુવામાં પડેલા વસ્ત્રોની ખબર કરતાંજ તે ઉપરી કોનસ્ટેબલ ત્યા દોડી આવ્યો અને તેને એવો વહેમ ગયો કે " રખે કુવામાં કોઇ પડ્યું પણ હોય ! " આમ સંશય લાવી તેણે તે કુવામાં એક તરનારને ઉતારી તેમાં તપાસ કરાવી. પણ કોઇ માણુસ તેમાં જણાયુ નહિ, પરંતુ તેમાં પડેલાં વસ્ત્રો લઇને તે માણુસ ઉપર આવ્યો. કોનસ્ટેબલે તે કપડાંની તપાસ લેતાં સુરતીલાલની તમામ જણુસો તેમાંથી મળી આવી, પરંતુ તે જણુસો

કોની હશે તેનો પત્તો મેળવવાને પોલીસને ચટપટી લાગી, અને તે બાબતની તપાસ પણ શરૂ થઇ. અને તે બીના તેજ સાંજના એક વતમાન પત્રમાં પ્રગટ થઇ, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

"ગીરગામના લત્તામાં આવેલા એક કુવામાંથી પોલીસને કેટલીક ચીજો મળી આવી છે. જેમાં કેટલાંક કપડાં, સોનાનું ઘડીઆળ, સોનાનો છેડો, કેટલાક પૈસા વગેરે છે. તે ચીજો કોની છે તેની શોધ પોલીસ ચલાવે છે. એક ટરકીશ ટોપી પણ છે."

ઉપલી ખબર સુરતીલાલનાં વાંચવામાં પણ આવી. તેથી તે ગભરાયો! વળી તે ન્યુસપેપર સુરતીલાલને ત્યાં પણ આવતુ હોવાથી, અને પ્રેમવંતીને તે વાંચવાનો શોખ હોવાથી તેણીનાં વાંચવામાં પણ તે આવ્યું પણ તે વખતે સુરતીલાલ બાહાર ગયલો હોવાથી તેણી તેનાં આવવાની રાહ જોતી બેઠી. એટલામા સુરતીલાલ આવતાજ તેણીએ તે પત્રમાં પ્રગટ થયલી ખબર તરફ સુરતીલાલનુ ધ્યાન ખેચતા પૂછ્યુ " આપના વાંચવામાં આ બીના આવી છે કે પ્રાણનાથ?'

"હા, ટ્રામમાંજ મે વાંચ્યું, અને જમી,ને તે બાબતની તપાસ પોલીસમાં કરવાને હું જનાર છું. ઇશ્વરે પત્તો મેળવી આપેલો દીસે છે."

"પણ આપની ચીજો કુવામાંથી કેવી રીતે પોલીસને મળી આવી હશે?"

"જે માણસને મેં તે આપ્યુ હતું તેણેજ તે કુવામાં નાખી હશે."

"પણ તે કુવામાં નાંખે? કે પોતાના ઘરમાં રાખે? એ પણ કેવી નવાઇની વાત!"

"એતો એમ કે તેનાથી જેરવાયું નહીં હોય ને તેથી ગભરાઇને કુવામાં નાખ્યું હોય."

સમજી. એમજ હશે. હવે તે બાબતની તપાસ કરવાને આપ

પોલીસમાં જશો તો આપણી તે તમામ ચીજો આપણને પાછી મળી આવશેની ?"

"તે તો હવે જઇને તપાસ કીધા પછી વાત. પ્રથમ જોવાનું છે કે તે ચીજો મારીજ છે કે કેમ? તું મારૂ ભાણું પીરસ એટલે હું જમીને ઝટપટ જાઉં."

તરતજ પ્રેમવંતિએ ભાણું પીરસ્યુ, અને જમીને સુરતીલાલ બાહાર નીકળ્યો, રસ્તામાં તે વિચાર કરવા લાગ્યો કે "પોલીસમાં તપાસ કરવા જવાની જરૂર નથી; કેમકે તે ચીજો તો કદાચ મને પાછી મળશેજ, પણ તેમ કરતાં પોલીસ મારી પાસે તમામ ખુલાસો માંગશે તો વળી મારે કઇ મુસકેલીમાં ઉતરવું પડે ! માટે પોલીસમાં જવાની જરૂરજ નથી." આમ વિચાર કરીને તે બાહાર રખડવાજ ગયો, પણ પોલીસની પચાતીમાં પડવાનું માંડીજ વાળ્યુ. અને તે પોતાની ફજેતીથી ગભરાયો !

મોહનના વાચવામાં પણ ઉપર પ્રગટ થયલી બીના આવી, અને તે વાંચતાંજ તેને શક ગયો કે "રખે સુરતીલાલેજ રાતના કુવામાં ન ખાવ્યું હોય ! કેમકે આ બધી જણસો તેની પાસે હતી ખરી ! માટે જઇને તપાસ કરૂ." આમ વિચાર કરીને મોહન પોલીસ મથકે ગયો. ત્યાં તેને સારી ઓળખાણ હોવાથી તેને બાતમી મળી, અને તમામ ચીજો જોતાંજ તે સમજી ગયો કે "આતો પેલા સુરતીલાલ નીજ છે, અને તેણે જરૂર કુવામાં પડી આત્મઘાત કીધો હશે ?" આમ ધારી તેણે પોલીસને પૂછ્યુ કે "કુવામાં આ ચીજોની સાથે શું કોઇ આદમી પણ પડયો હતો કે ?"

"આદમી તો કોઇ પડયો નથી જણાયો, પણ ફક્ત આ ચીજોજ હાથ લાગી છે.."

"ઠીક." કહી મોહન વિચારવા લાગ્યો, કે આ ચીજો મુરતીલાલની છે, અને તેનુ ઠામ ઠેકાણું જો હું પોલીસને બતાવીશતો જરૂર પોલીસ તેને બારણે ધામા નાંખશે ને તેથી તેની બરાબર ફજેતી પણ થશે તો ખરીજ પણ તેમ કરતાં રાત્રે મેં તેને માર મારેલો તે વાત નીકળે તો વળી સાથે મારે પણ મુશકેલીમાં આવવું પડે ! માટે તે ઉઘાડું કરી પોલીસને ચેતાવવાની જરૂર નથી." આમ વિચારી તે ત્યાંથી પોતાને મકાને પાછો ગયો.

મુરતીલાલ પણ બહાર રખડીને રાતના પોતાને ઘેર જતાંજ પ્રેમવંતિએ તેને પૂછ્યુ "કેમ પછી પોલીસમાં આપે તપાસ કરી કે પ્રાણનાથ?"

"હા, અત્યાર સુધી ત્યાંજ હતો, અને પોલીસમાં તપાસ કરતા તે જણુશો આપણી નથી, પણ કોઇ બીજાની જણાય છે."

"તમે તે તમામ બરાબર તપાસી જોઇ, અને પોલીસે તમને તે બતાવી કે?"

"હા. મહા પંચાતી પડયા પછી તે મને જોવાની તક મળી."

"ત્યારે તે કોની જણસો હશે?"

"તે તો ભગવતને માલમ ! પણ મારી નહીં હોવાથી મારાથી ગળે કેમ પડાય?"

"ત્યારે તમે તમારી જણસો ગયા બદલની ખબર પોલીમાં નોધાવી કે નહીં?"

"તે નોંધાવવામાં શું સાર? નાહક પોલીસમાં અથવાવું પડે ! પોલીસ તેની તપાસ કરે, અને મારે પણ વારંવાર પોલીસમાં ફેરા આવા પડે, માટે નોંધાવવાનો વિચાર માંડી વાળ્યો. એવા ફેરા આંટા મારાથી ખવાય નહીં.

' ત્યારે શું આટલો બધો માલ જવા જ દેશો અને તે મેળવવાને કંઇજ ઉપાય નહીં કરો? એમ તે કેમ ખમાય ! તમારે તજવીજ તો કરાવવી જોઇએ, "

" ખાનગી રીતે તજવીજ કરીશ, અને તેમ કરતાં બાતમી મળી તો ઠીક, અને નહીં તો ગયું તો છેજની ! નસીબમાં હશે તો ઘેર બેઠાં મળી આવશે, અને નશીબમાંથી ઉતર્યું હશે તો પછી કોઇપણ પ્રકારે ગમે તેટલું માથું ફોડતાં પણ મળનારજ નથી ! તેમાં વળી હાલમાં નશીબ પણ એવું અવળું ચાલે છે કે સવળાનું અવળુંજ થાય છે ! હમણાં ગ્રહભાવજ વાંકા વરતે છે ? કહેવત છેની કે **'રાજા દંડે તે આખું ગામ જાણે, અને ગૃહ દંડે તે કોઈ નહીં જાણે !'** હોય ! એ દાહાડા પણ જશે ! બધાએ દાહડા કંઇ સરખા જાય છે ? "

" સ્વામિનાથ ! એ તો જ્યારથી આપે સુરત મુકયુ છે, ત્યારથી-જ પડતી આવી છે ! સુરત છોડયુ, એ ખચીતજ મોટી ભૂલ કરી કરી છે ! સુરત છોડવુંજ નહોતું. "

" તે પણ ગૃહભાવનો યોગ, ગૃહયોગજ અહીં તાણી લાવ્યો ! તેનાં આગળ મારૂં ડહાપણ શુ કામનું ? લખ્યા લેખ કંઇ મટે તેવા નહીં વાહાલી ! "

" તે તો છેજ; તોપણ મારી બાએ તો તમને સાફ લખ્યું હતુંની કે સુરત છોડશો તો પસ્તાસો ! "

તે તમામ ખરી વાત, પણ રજક અહીંનુ લખેલું તે કંઇ મિથ્યા થાય ? સારી સલાહ ને શીખામણ આપનાર તો સકૅ મળે, પણ ગૃહયોગ અને છઠ્ઠીના લખેલા લેખ ફેરવનાર કોઇ સામર્થ્યવાન થાય છે કે ? તે તો માત્ર **શ્રી હરીનાજ હાથમાં છે,** માટે પસ્તા-

વો કરેલો ફોગટ છે ? જે નસીબમાં લખ્યું હશે તે તો થવાનું ને થવાનુંજ ! ”

“ એતો છેજ પ્રાણનાથ ! ” કહી તેણી શાંત રહી ને પછી તેઓ નિદ્રાવશ થયાં.

સુરતીલાલ સેહેજ સમય નિદ્રા પામ્યા પછી રાત્રીના ત્રણ વાગતાંજ તેની આંખો ઉઘડી ગઇ, અને બિછાનામાં પડયો પડયો વિચાર કરવા લાગ્યો કે “ મોહનની સાથે બગડી તો ખરી, પણ હવે મનમાં પસ્તાવો થાય છે કે, મે પણ ખોટું કીધું ? પણ હવે બગડી તે કઇ સુધરનાર નથી, પણ ઓર વધારેજ બગડશે; કેમકે મોહન બડો કીનેબાજ ને ઝેરીલો છે, જેથી તે હવે મને વધારે હેરાન કરવાનીજ મેહનત કરશે ! માટે હવે તેની સામે મારે પણ મારો બચાવ તો તૈયાર રાખવો જોઇએ, અને તેથી મારા પક્ષમાં મારે કોઇ મજબુત માણસ મેળવવો જોઇએ. મુંબાઇમા સુરતીઓ તો ઘણાએ છે, અને તેમાથી કોઇ ઉસ્તાદ શોધી કહાડી તેની સાથે દોસ્તી બાંધું તો મને જરા હીમત આવે, ” આમ વિચાર કરી તે વળી હાય અફસોસમાં ઉતરી પડયો અને જરા મોહટે સ્વરે તે બોલી ઉઠયો કે “ અરે ભગવાન ! તારો આશરો છે ! તુ જે કરે તે ખરૂ ! મુંબાઇમાં ફસાયો હુ ! અરેરે ! ”

આ શબ્દો પ્રેમવતિને કાને પડતાંજ તેણી ઉઘમાથી જાગી ઉઠી. સુરતીલાલની ઉઘાડી આંખો જોઇ પુછવા લાગી “ પ્રાણનાથ, તમે જાગો છો ! તમારો હાય અફસોસ મારે કાને સાંભળતાજ હું પણ જાગી ઉઠી ! પણ તમે આમ મુઝાઇને શું કરશો ! આમ તો તમારૂં સરીર સુકાઇ જશે ! શા માટે સંતાપ કરો છો ? ધાર્યું ભગવતનું થશે ! ”

“ સંતાપ બીજો કશો નથી કરતો, પણ ફકત ધધા રોજગારને

માટે વિચાર કરૂ છુ કે, હવે એવો કયો ધંધો કરવો કે સુખી થવાય ? આજ વિચાર રાત ને દાહડો મને થયાં કરે છે ! ”

“ આમ વિચાર કરવામાં શું વળે ! એ તો વળી કોઇ ધંધો હાથ લાગી જશે, હમણાં તમે શું ખાવા બેસી રહ્યા છો ? બેઠાં ખાશો તો એ શું વાંધો છે ? ઇશ્વરે આપણને સઉ કંઇ આપ્યુ છે; માટે રાતને દાહાડો ચિતા કરીને શરીર અરધું કરશો તેમાં શુ ધંધો મળી જશે કે ? તમે આટલા બધા હિંમતવાન થઇને આમ ગભરાવો છો શા માટે ? ધીરજ ધરો ! ભગવતને યાદ કરો કે તે સારૂ થાય. નિરાતે નિંદ્રા લો, નહીં તો તમારી તબીયત બગડી આવશે, મને તો ખબરે નથી કે તમે કયારના જાગો છો ! એ તો તમારા કેટલાક શબ્દો મારે કાને પડવાથી હું ઝબકીને ઉઠી ! ”

“ થોડીવાર ઉંઘ કહાડી, અને પછી ઓચીતો જાગી ઉઠયો.”

“ ચાલો, હવે નિરાંતે સુઇ જાઓ, અને ફીકર ચિંતા છોડી દો. ”

થોડીવાર પછી સુરતીલાલને શાંતિ થતાંજ ઉંઘ આવી ગઇ, પણ પ્રેમવતિ હજી જાગતીજ હતી. તેણી સ્વતઃ વિચારવા લાગી કે “ પ્રાણનાથ રાતને દાહાડો બળ્યા કરે છે, અને તેથી એમનું શરીર પણ સુરતના કરતાં કેવું ઉતરી ગયુ છે ! હજી પણ સમજી વિચારીને સુરત જાય તો સારૂ ! પણ એ કઇ માને તેવા છે ! એ તો પોતાની ધુનમાં આવે તેટલુજ કરે, ત્યા પછી ઉપાય શુ ! ઠીક ! ઇશ્વરની મરજી હશે તેમ થશે ! આપણું ધાર્યું શુ થનાર છે ! અરે ભગવાન ! તારો આશરો છે ! ” આમ નિઃશ્વાસ નાખી ઉઠીને ઘડીયાળમા જુએ છે, તો પાંચ વાગી ગયા હતા, જેથી તેણી ઉઠી, અને પોતાનાં ઘર કામમાં ગુંથાઇ.

પ્રકરણ ૯ મું.

દોહરા.

હીકમત કંઇ કંઇ થાય છે, બાજી કંઇક રચાય;
મુગટરામ મળીયો વળી, મુરતીલાલને સાહ્ય.
મોહન પણ કાચો નથી, ઘાટ ઘડે અનેક;
બંનેમાં સળગી ઘણી, બાજી બગડી છેક !

"ચંડાળ ચોકડી !"

પ્રભાતનો સાત વાગતાંનો સમય થયો છે. મુરતીલાલ પોતાના ઘાટીને સાથે રાખીને મારકેટમાં શાક ભાજી લેવા ગયો, અને શાક ભાજી ઘાટી સાથે ઘેર મોકલી પોતે કોઇની મુલાકાતે જાઇ કોઇકને પોતાનો મિત્ર કરી લેવાની ઇચ્છાથી મારકેટ આગળજ વિચાર કરતો પાંચેક મિનિટ ઉભો છે, એટલામાં તેની ઓફીસનો એક કલાર્ક મુગટરામ તેને મળ્યો. મુગટરામે મુરતીલાલના સમીપ આવી પુછ્યું "કેમ મી૦ મુરતીલાલ, તમે કંઇ ઓફીસમાં આવતા નથી ? સાહેબે મને બે ત્રણવાર પુછ્યું પણ હતું."

" નહીં આવવાનું કેટલુંક ચોક્કસ કારણ છે, અને તે તમને કહેવાની જરૂર પણ છે; કેમકે જે માણસ ઓફીસમાં તમારો પ્રતિપક્ષી છે તેજ મારો પ્રતિપક્ષી થયો છે, અને તેથી તેને વિષે તમને કંઇ પણ કહેવામાં હું વાંધો જોતો નથી. "

" ઓફીસમાં મારો વિરોધી તો માત્ર મોહન શિવાય બીજો કોઇ નથી, અને તે તો તમારો ઘણોજ દિલોજાન દોસ્ત થાય છે ! ત્યારે બીજો પ્રતિપક્ષી કોણ ? "

" બીજો કોઇજ નહીં પણ તેજ ! તે મારો પણ જબરો વેરી થયો છે ! "

" આ તમે શું બોલો છો ! તે તમારો ખાશ દોસ્ત, દુશ્મન થયો છે ! ભારે તાજુબીની વાત ! "

" ખરેખર તે મારો પાકો દુશ્મન થયો છે, અને તેથીજ કરીને મે ઓફીસમાં આવવાનુ પણ છોડી દીધુ; કેમકે સાહેબની પાસે તેનું ઘણું ચલણ હોવાથી રખે તે મારે માટે સાહેબને ગમે તેમ ભેરવે તો મારે બેઆબરૂ થઇ ત્યાંથી નીકળવુ પડે ! માટે આબરૂ ભેરજ નીકળી જવાનું મે પસંદ કીધુ છે કેમ, એ મારૂ કહેવું ખરૂં છે ની ? "

" હવે એ વિષે આપણે પછી વાત કરીશુ, પણ મોહન સાથે તમારે દુસ્મનાઇ કેવી રીતે થઇ તે વાત પ્રથમજ મારે જાણવી છે, માટે તે જણાવો. "

" તે કથા ઘણી લાંબી છે, અને રસ્તામાં વાતો કરતાં ઘણી વાર થઇ જાય. "

" તો તમે જરા થોભો. હું શાક લઇને હમણા આવું છું, અને પછી આપણે મારે ઘેર જઇએ " કહીને મુગટરામ શાક લેવા

ગયો, અને પાંચ મિનિટમાં પાછો ફરીને સુરતીલાલને પોતાની સાથે લઇ પોતાને મકાને ગયો.

" બોલો, હવે તમારી હકીગત દરશાવો, મોહન સાથે તમારે કેવી રીતે દુશમનાઇ થઇ ?" મુગટરામે પૂછયું " પ્રથમ દુશમનાઇ થવાનુ કારણુ કેવી રીતે બન્યુ ? તે તમામ વિગતે વિદિત કરો, અને તેમ કરતાં જરા પણ ખંચકાશો નહીં."

તરતજ સુરતીલાલે ખુલાસો કરવા માંડયો, જેમ કરતાં તેણે પોતાનો કશુર ઢાંકીને માત્ર મોહનલાલનીજ કાળી બાજુ દરશાવી, અને મોહને નાયકણીને ત્યાં પોતાના જે બુરા હાલ કીધાં હતા, તે પણ પ્રગટ કીધા, અર્થાત તેણે કંઈ બાકીજ રાખી નહીં !

મુગટરામ ચકિત થઇ બોલ્યો " મોહને. આતો જૂલમજ કીધો ! તમારી આવી બુરી દશા તેણે કરી તે સાંભળી મને પણ દિલગીરી ઉપજે છે. તેને આમ કરવું છાજેજ નહીં."

" એ તો તેણે જેવી તેની લાયકી હતી, તે બતાવી, પણ હવે તેને કોઇપણ રીતે તેનાં આવાં કૂકર્મનો બદલો તો આપવોજ જોઇએ તેના પર મને એટલો તો કીનો ભરાયો છે કે. જો તેનાં બુરા હાલ કરૂં તોજ મને ચેન વળે ' પણ તમાર જેવાની મદદ વગર મારાથી કંઇ બન નહીં, માટે જો તમે મેહેરબાની કરીને મારી સાહ્યતામાં રહો ને કંઇ રસ્તો બતાવો તો તે હરામખોરને બરાબર શુંકનો સ્વાદ ચખાડવામાં અચ્છી રીતે આપણે ફાવી જઇએ. ઓફીસમાં તમારા ઉપર પણ તે કેટલો બધો દ્વેષ રાખે છે ! તેમ છતાં તમે તેને હેરાન કરવાની કોશીષ કરતાજ કેમ નથી ?"

" મારો સ્વભાવ એવો છે કે જે કામ કરવું તે બરાબર પાકે પાયેજ કરવું કે જેથી પાછળથી પાછી પાની કરવી પડે નહીં. હવે તમે સમજ્યાની ?"

"પણ તમો કહો તેવો ઘાટ ઘડીએ, તેનો પાયો પણ પાકોજ કરીએ તો પછી કેમ ?"

"તો હવે આપણે કરીશું; પણ તમે ઓરીસમાં રહ્યા હોત તો વધારે સારૂં થાત."

"મોહન સાથે બગડયા પછી તેનીજ પાસે રહેવું મને ઠીક લાગ્યું નહી, કેમકે તે વળી કોઇ દહાડો પણ મને ફસાવ્યા વગર રહેજ નહીં !"

"વારૂ ફીકર નહીં. તમે મને સાંજે સાત વાગતાને સુમારે પાછા મળજો, અને પછી આપણે વધારે નિરાતે કઇ પણ તદબીર કરીશું. હમણાં તો હવે મારે પણ ઓરીસના વખત થવા આવશે, તેથી જલદી પરવારી લેવું જોઇએ, માટે સાંજે જરૂર મળજો."

"બહુ સારૂ." કહીને મુરતીલાલ ખુશ થતો પોતાને ઘેર ગયો.

મુગટરામે ઓરીસમાં મોહન પ્રત્યે પુછ્યુ. "કેમ, તમારા ફ્રેન્ડ મી૦ સુરતીલાલ હમણાંના ઓરીસમાં આવતા નથી ? રજા પર છે કે શું ?"

"મને ખબર નથી."

"તમારા તો અંગત મિત્ર થાત, અને તમનેજ ખબર નથી !"

"હમાણાંના તેઓ મને મળવા નથી. તેથી મને ખબર નથી"

આવા જુવાબો મળવાથી મુગટરામે વધારે પુછવાનું મુકી દીધુ, અને મોહને પણ તેને વધારે કાંહુ નહીજ આપ્યુ.

સાંજે સાત વાગતાને સુમારે સુરતીલાલ ઠરાવ પ્રમાણે મુગટરામને ત્યાં ગયો, અને પછી તેમણે બંનેએ મળીને 'મોહનનો ઘાટ ઘડવાની તદબીરો યોજવા માંડી.

"મી૦ સુરતીલાલ, તમે એક કામ કરો." મુંગટરામે જણાવ્યું "તમે પાછા તેની સાથે મળી જાઓ, અને તેમ કીધા પછી તેને આપણે ફસાવવાની તજવીજ કરીશું. તમે તેની સાથે રહીને તેની તમામ ગુપ્ત વાતો મને જણાવ્યા કરજો, અને તે ઉપરથી હું તેને ફસાવીશ."

"પ્રથમ તો ઓફીસમાંથી તેનો પગ કહાડવાની તજવીજ થવી જોઇએ."

"તે બધુંએ થશે. તેને માટેજ કહું છુની કે તમે તેની સાથે પાછી દોસ્તી બાંધી દો, અને તેની સાથેજ સામેલ રહી તેનુ રાઇતું તમે કરી શકશો."

"પણ હવે દોસ્તી કેમ થાય! મોં જોવાનો પણ વેહેવાર રહ્યો નથી. તો દોસ્તી દાવો કેમ સંધાય? એ બનવું તો અશક્યજ છે ભાઇ સાહેબ!"

"તમને અશક્ય ભલે લાગે, પણ તમારી જગ્યાએ હું જો હોઉ તો તાબડતોબ તેમ કરવાને ચુકુજ નહીં! ખરો રસ્તો તેજ છે."

"પણ તેને મારે શી રીતે મળવું? એ બનેજ કેમ?"

"એક લાયકી ભરેલો પત્ર તેને લખી નમી પડો કે થયુ. પછી તો બધો રસ્તો થશે."

"સુરતીલાલ વિચારમાં પડી ગયો, અને થોડોક વખત વિચાર કીધા પછી તેણે કંઇક મંદ સ્વરે જણાવ્યું "વારૂ ઠીક છે, તેમજ કરીશ, અને પછી ઓફીસમાં પણ પાછો દાખલ થઇશ. સાહેબને તો સમજાવી દેવાશે ને તે મને રાખશેજ."

"તે તો રાખશેજ; કેમકે હજી તમારી જગા પુરી નથી."

"ત્યારે તો કંઇ વંધો નહી આવે. કાલે પ્રભાતમાંજ મોહનને એક નમ્રતા ભરેલો પત્ર લખીને ગમે તે પ્રકારે તેની સાથે મળી જવાની તજવીજ કરીશ,"

"તેમ કીધા પછી બધાએ રસ્તા બરાબર આવી શકશે; પણ ઘણીજ ઉસ્તાદીથી કામ કરજો અને બડી તદબીર વાપરજો ! બારીકીથી ચાલાકી ચલાવવાની છેજો !"

"તે તો હવે મને કંઇ કહેવુ નહીજ પડે, એક રસ્તો હાથ આવ્યો એટલે પછી તો હું પણ કઇ કાચો નથી," આમ કહીને સુરતીલાલ ત્યાંથી પોતાને ઘેરે ગયો.

"બીજે દિવસે પ્રભાતમાં તેણે મોહન ઉપર એક નીચે મુજબનો ટુંક પત્ર લખ્યો:—

"**પ્રિય મોહન !**

જત લખવાનું કે હમણાં જો તને ફુરસદ હોય તો હું તને મળવા આવવા માંગું છુ.

લી૦ તારો

સુરતીલાલ,"

ઉપલો પત્ર પોતાના ઘાટી સાથે મોકલ્યો, જે વાંચતાંજ મોહન તો એકદમ વિચારમાંજ પડી ગયો કે "આ શું ! આ તો નવાઇની વાત !" આમ વિસ્મયતા પામી તેણે વિચાર્યું કે ખચીત તે પોતાનાં કૂકૃત્યને માટે પસ્તાઇને મુંઝાતો હશે; અને તેથીજ તે મને મળવા આવવા માંગે છે, એટલે તે નમે છે. તો નમતાનો અનાદર તો નહીંજ કરવો જોઇએ ભલે મળવાને આવે, "આમ વિચારી તેણે પેલા ઘાટીને માત્ર મોંડેથીજ કહ્યું "તારા શેઠને કહે કે હમણાં મને ફુરસદજ છે, માટે ભલે આવે."

આ જવાબ ઘાટી લઇને ગયો, અને તે સુરતીલાલને કહેતાંજ

મુરલીલાલ તાબડતોબ કપડાં પહેરી મોહનને મળવા ગયો. મોહને તેને જોયો કે તે આવે છે, તો પણ તેને નહીં બોલાવવા છતાં મુરલીલાલ વીલું મોં કરીને મોહનની પાસે બેઠો, અને નીચી મૂંડી ઘાલીને પોતે જાણે અનહદ પસ્તાવો કરતો હોય તેવું ડોળ દેખાડી તે પોતાની આંખોમાંથી ડબોડબ આસું પાડવા લાગ્યો!

મોહન તે દેખાવ કેટલીક મીનીટ સુધી તો જોઇજ રહયો અને છેવટ તેનું મન દયાથી પીગળ્યું ને તે બોલ્યો "કેમ, રડે છે શા માટે? પેહેલાં કાળુ ધોળું કરતાં વિચાર નહીં કીધો, અને હવે રડે છે! તુંજ તારા મનમાં વિચાર કરની કે તે જે કીધું તે સારૂં કીધું હતું કે?"

સારૂ નથી કીધુ, પણ બુરૂજ કીધુ છે, તેને માટેજ મને પસ્તાવો થાય છે! 'ગુણનો ભાઈ દોષ' એ કેહેવત પ્રમાણે અપકૃત્ય મે કીધુ છે! તે મારા પર ઉપકાર કીધો તેનો બદલો મેં તને અપકારમા આપ્યો, એજ મારૂ શરમ ભરેલુ કૃત્ય છે!"

"એટલુ તું સમજે છે, એટલુજ બસ છે" કહીને મોહન થોડી વાર શાંત રહી વળી બોલ્યો "ભલા માણસ! તારાં ભલામાં હું ને મારાં ભલામાં તું, એવી રીતે આપણુ પરસ્પર વરતવું જોઇએ, તેમાંજ આપણો સ્નેહ સબંધ સચવાઇ રહે."

"તે તારો બોધ સત્ય છે, પણ મારાં કમનસીબે મને અવળી મતિ થઈ ને મે અવળુંજ કીધું! અરે એ તો વળી મારૂં આયુષ્ય હશે તેથી હું બચ્યો, અને નહીં તો કુવામાં પડીને કયારનોએ મરી ગયો હોત! કપડાં વગેરે કુવામાં નાંખ્યાં, અને અંદરપડવાથી તૈયારી કરતો હતો એટલામાં વળી જીવ શાંત થયો ને આત્મઘાત કરતાં અટકયો!

ખરી વાત ! પોલીસમાં પણ કપડાંની વાત ગઇ હતી તે તારીજ બાબતમાં હશે ? ”

“ હા, તે મારાંજ કપડાંની બાબત હતી, પણ મેં મારૂં નામ જાહેર કીધું નહીં. ”

“ તે તો ઠીકજ કીધુ; કેમકે જાહેર થાત તો વળી આત્મઘાત કરવાના ઇરાદા બદલ તને સજા થાત ! ચાલો ! બનનારી બની ગઇ, પણ હવે તો સીધો ચાલજે. ”

“ હવે તો બરાબર ઠોકર ખાધી, અને તેથી તારી પાસે માત્ર ક્ષમા માંગવાનેજ આવ્યો છું, અને મારી એટલીજ અરજ છે કે જેવો સ્નેહ તુ પ્રથમ મારાપર રાખતો હતો તેવોજ રાખજે ને મારી થયલી ભુલ દરગુજર કરજે. ”

“ હવે ગઇ ગુજરી વાત ફરી ફરી સભારવાની જરૂર નથી, પણ હવે પછી સીધી રીતે ચાલવું, એજ નિશ્ચય રાખવો. વળી આ જથી ઓફીસમાં પણ આવજે. સાહેબ પૂછે તો કેહેજે કે ‘ હુ સીક હતો, ’ એટલે સાહેબ નહી બોલે,

“ પણ સાહેબ પૂછશે કે ‘ ચીઠ્ઠી કેમ લખી નહી ? ’ તો શુ કહીશ ? ”

“ તો કેહેજે કે ‘ મેં મોહન સાથે કહેવરાવ્યુ હતું ’ પછી મને પૂછશે તો હું કહીશ કે ‘ હા સાહેબ. મારી સાથે તેણે કહેવરાવ્યું હતું, પણ હુ આપને કહેવાનુ ભૂલી ગયો, ’ આમ કહી મારે માથે દોષ ખેંચી લઇશ, અને મને તેઓ ઠપકો નહીંજ આપે; કેમકે મારા પર તેનો સંપુર્ણ ભરોસો છે. ”

“ તો ઠીક. ” કહીને મોહન ત્યાંથી પોતાને મકાને પાછો ગયો. રસ્તામાં તેણે વિચાર કીધો કે “ મોહનને પાછો મેળવી તો

લીધો, અને મારા પ્રપંચનું પેહેલું પગથીયું તો પાર પડ્યું, પણ નાયકણીના હાથે તેણે મારા માથાપર ખાસડાંનો માર મરાવ્યો છે. તેનોજ બદલો હવે મારે વાળવાનો છે, અને તેજ મુખ્ય વાત કરવાની છે ! ”

આમ વિચાર કરતો તે ઘેર જઇ ભોજન કરવા બેઠો, અને ઓફીસમાં પાછા દાખલ થવાની વાત સ્ત્રી પ્રત્યે તેણે કહી,

“ પણ વળી પાછા આપ ઓફીસમાં કેવી રીતે દાખલ થયા ? ” પ્રેમવંતિએ પૂછ્યું.

મોહન મારફતેજ. અત્યારેજ મોહને મને બોલાવ્યો હતો, અને મારી પાસે પોતાની ભૂલને માટે માફી માગી ઘણો પસ્તાવો કીધો, જેથી મેં પણ તેને માફી બક્ષી, અને આગલી દોસ્તી પુનઃ તાજી કરવાની તેની અરજ મેં મન્જુર રાખી. હોય ! માણુસ માત્ર ભૂલ કરવાને સૃજીત છે ! ” આમ આડું અવળું સમજાવી તેણી આગળ પોતાની ભૂલન તો અદૃષ્યજ રાખી, અને પોતે ઓફી-સમાં ગયો.

સાહેબે તેને ઓફીસમાં પૂછતાં મોહનનાં કહેવા પ્રમાણેનો ખુ-લાસો કરવાથી સાહેબે પણ વધારે ચોળાચોળ નહીં કરી, અને સુ-રતીલાલ પ્રથમની માફક કામે લાગી ગયો.

સાયંકાળે સુરતીલાલ જમી પરવારીને મુગટરામને ત્યાં પોહોં-ચ્યો. અને મોહન સાથે થયલી તમામ વાતચીત પ્રગટ કરી, જે સાં-ભળી મુંગટરામે પોતાનો સંતોષ પ્રગટ કીધો.

“હવે એ હરામખોરને ફસાવવાની તજવીજ કરવી.” સુરતીલાલે કહ્યું “ અણે મને નાયકણીના હાથનો માર ખવરાવ્યો છે. તો મારે પણ રોઇ રાંડના હાથે એને ખાસડાંનોજ માર મરાવવો જોઇએ, તેવું થાય તોજ બરાબર વેર વળે તોજ મને સંતોષ પણ ઉપજે ! ”

“ તે રસ્તો પણ આવશે. હવે તેને માટે એક તદબીર કરવી જોઇએ. ” આમ કહી મુગટરામે પોતાનાં મગજમાં તેને લગતી ગોઠવણ કરી સુરતીલાલને જણાવ્યું “ કોઇ બીજી રાંડને ત્યાં મોહન આવે તેવું કરવું જોઇએ. ”

“ તેવું કરવું નથી, પણ જે રાંડને હાથે એણેમને મરાવ્યો છે. તેજ એની રાંડના હાથનો માર એને મરાવવો, એજ રસ્તો કરવામાં આવે તોજ મનમાનતુ વેર વળે ! ”

“ તો તેવો રસ્તો કરીએ. તેમા શું મોહોટી વાત ! ” આમ કહીને વળી પોતાનાં મનમાં ગોઠવણ કરીને બોલ્યો “ ઠીક છે. આજે રાતના મારે જે બંદોબસ્ત કરવાનો છે તે કીધા પછી વાત હમણાંજ હુ બાહાર નીકળુ છું, અને તું પાછો મને પ્રભાતમાં મળજે. ”

“ બહુ સારૂ, ” કહીને સુરતીલાલ ત્યાંથી ઉઠીને મોહનને ત્યાં ગયો, અને તેની સાથે બીજી ત્રીજી વાતચીત કીધા પછી પોતાને મકાને પોહોંચ્યો.

મુગટરામ પોતાનીજ ઓફીસનાં એક કલાર્ક કીશોરદાસને ત્યાં ગયો, અને તે અગરજો ઉપરથી મોહન સાથે સારૂ રાખતો હતો, તોપણ ઓફીસમાં મોહનની જગા તેને લેવાની અત્યંત ઉમેદ હોવાથી મોહન જો ઓફીસમાંથી જાય તો પોતાનુ કામ થાય, એવી તેને જીજ્ઞાસા હોવાથી તે અંદરખાનેથી મોહનના રાઇતામાં ? રાજી હતો. તેની પાસે જઇને મુગટરામે મસલત કરી, અને તેઓ બંને સાથે નીકળીને એક બીજી નાયકણીને ત્યાં ગયા, અને તેણીની સાથે ઠીક ગોઠવણ કરી. તે ગોઠવણ શી હતી, તે વાંચનાર હવે પછી સમજી શકશે. હાલ તરત તે જાણવાની ઉતાવળ કરશો નહીં ! પણ જે ગો-

ઠવણુ થઇ છે તે પ્રપંચથી પૂરી હતી, એટલું તો વાંચનારે જાણીજ રાખવું ! ”

બીજે દિવસે સુરતીલાલ પ્રભાતમાંજ મુગટરામને ત્યાં ગયો અને પૂછ્યુ “ કેમ, પછી શું કીધુ ? ”

‘ બધુએ કીધુ, મુગટરામે જણાવ્યુ. “ જે કીધું તે ઠીકજ કીધું. રવીવારે રસ્તો થઇ જશે. ”

“ પણ તે કેવી રીતે ? ”

“ જેવી રીતે તારી ઉમેદ છે તેવીજ રીતે. તને તો મોહને માત્ર પોતાનાજ દેખતાં માર મરાવ્યો, પણ આ તો ચાર માણુસનાં દેખતાં તેનીજ રાં...તેનાં માથામાં ખાસડાં મારસે ! ”

“ એમ ! ઓહો ! ત્યારે તો મને ટાઢકજ વળે ! પણ તે કેવી રીતે થશે ?

“ જે થશે તે બરાબર રીતેજ થશે. હમણાં તો તું જરા ધીરજ રાખ રવિવારે વાત. ”

“ તો હુ રવીવારે પાછો આવીશ.” આમ કહીને સુરતીલાલ ત્યાંથી વિદાય થયો.

રવિવાર આવ્યો. દિવસના દશ વાગતાંનો સમય હતો. મોહનને ત્યાંજ સુરતીલાલ પણ બેઠો હતો, અને એટલામાં કીશોરદાસ આવ્યો, અને બોલ્યો “ મોહનલાલભાઇ, આજે નવ વાગતે મારી રાંડને ત્યાં મુઝરો છે, માટે તમારે જરૂર પધારવું પડશે, અને સુરતીલાલભાઇ, તમારે પણ આવવું, ”

“ મોહનલાલભાઇ આવશે તો એમની સાથે હું આવીશ. ”

“ એ તો આવશેજ, એમનાથી કંઇ ના કહેવાય તેમ છે કે ? કહીને કીશોરદાસે મોહનને કહ્યું “ જો જો ! જરૂર આવજો. આવ્યા

વગર નહીં ચાલે. મારે વળી તેડવા આવવું પડે નહી,

" મને તો માફજ કરો; કેમકે હું કોઇને ત્યાં જતો નથી. "

" તમે કોઇને ત્યાં કેમ જતાં નથી, તેનું કારણ હું જાણું છું કે તમને તમારી નાયકણીનો ડર છે પણ તે માટે તમારે ગભરાવું નહીં. તમને ત્યાં કોઇ નહીં જુએ તેવી રીતે એક ખાનગી રૂમમાં બેસાડીસ પછી તો કંઇ વાધો નહીં આવેની ? વળી કંઇ વાંધો હોય તો કેહેજો ! "

" ઠીક ! તમારો આગ્રહજ છે તો આવીશ; પણ મને ખાનગી બેસવાની ગોઠવણ કરજો. "

" ઓયસ. મોહોટી ખુશીથી," કહીને કીશોરદાસ ચાલતો થયો.

" ભાઇ સુરતીલાલ, આ વળી પિડાજ કેની ! ત્યા ગયાની વાત પેલી જાણશે તો સંતાપ થશે ! "

" તેને કોણ કહેવા જવાનુ છે ! આજે રવિવાર છે, માટે બપોરેજ તેણીને ત્યાં જજો, અને રાતના કંઇ કારણસર અવાશે નહીં, એમ તેણીને ચેતાવતાજ આવજો કે થયુ. "

" તેમજ કરવું પડશે. હમણાંજ ત્યા જાઉ છુ, અને તું હવે સાંજના વહેલોજ આવજે કે આપણે ત્યા સાથે જઇશું. આઠેક વાગ્યા ને સુમારે જઇશુંની ? "

" હાસ્તો; અને હુ તો પેહેલાજ આવીશ " કહીને સુરતીલાલ ત્યાંથી ઉઠયો. અને બારોબાર મુ ગટરામને મકાને ગયો કે જ્યાં કીશોરદાસ પણ હાજરજ હતો. તેમની સમક્ષ સુરતીલાલે કહ્યું મોહનને હુ આઠેક વાગતા પછી તમારે ત્યાં આવીશુ, એવો ઠરાવ કીધો છે. "

" ત્યારે મોહન પોતાની રાંડને ત્યાં આઠ વાગે તો નહીંજ હોયની ? " મુંગટરામે પૂછ્યું.

"તે તો હમણુંજ ત્યાં જવાનો છે, અને પછી સાંજનાં ત્યાં જવાનો નથી."

"તો પછી કાંઇ વાંધો નહીં. હવે તું ભલે જા, અને રાતના મોહનને ગમે તેમ કરીને ત્યાં ખેંચી લાવવામાં ચુકતો નહીં. અમે બધી બાજી રચી રાખી છે."

"બહુ સારૂં" કહીને સુરતીલાલ પાછો પોતાને મકાને ગયો.

કીશોરદાસે કહ્યું, હવે મોહનની રાંડને ત્યાં તું રાતના આઠેક વાગતાને શુમારે જજે, અને આપણે જે ગોઠવણ કરી રાખી છે તે બધી તજવીજ પ્રમાણે તું કરજે."

"બહુ સારૂ. તે તો બધું તેણીને બરાબર ભણાવીશ, અને તું પણ તારી રસીલીને બરાબર ભણાવી રાખજે કે બસ, બેડો પાર!"

"અરે બેડો પારજ થશે" કહીને કીશોરદાસ પણ ગયો,

મોહન બપોરના બાર વાગતાને શુમારે પોતાની બાળાને ત્યાં ગયો અને ત્યાં જઇ ચા પીધા પછી તે બોલ્યો "આજે રાતના તો મારાથી અવાશેજ નહી."

"કેમ વારૂ? રાતના કંઇ જરૂરનું કામ છે કે શું?

"આજે મારા પાડોશીને ત્યાં સત્યનારાયણની કથા છે,

"તેમાં શું! મોડેથી પણ આવવાનું નહીં બની શકે કે?"

"છેક ત્યાંથીજ પરવાર્ગતાંજ રાતના અગીયાર તો વાગશે! પછી કેવી રીતે અવાય?

"ત્યારે તો હવે કાલેજ રાતના આવશો! એમજ કેની?

"હાસ્તો; કેમકે દહાડે તો વળી કાલે ઓફીસમાં જવાનું છેની"

આમ બીજી અનેક વાતચીત કીધા પછી સુમારે ચાર વાગતે મોહન ત્યાંથી ઉઠીને પોતાને મકાને ગયો.

રાતના આઠ વાગતામાંજ મુરતીલાલ મોહનને ત્યાં ગયો, અને તેઓ બંને પછી રસીલીને ત્યાં ગયા, કે જ્યાં કીશોરદાસ તેમજ ઓફીસના બીજા બે ચાર કલાર્કો બેઠાં હતા. માત્ર મુંગટરામજ નહોતો; કેમકે તે તો મોહનની નાયકણી ત્યાં પહોંચ્યો હતો.

મુંગટરામે બાળાને ત્યાં જઇને તેણીને પૂછ્યું "કેમ, તમારા મોહનલાલ શેઠ આજે આવ્યા નથી કે શુ ?"

"બપોરે આવ્યા હતા, પણ અત્યારે તો આવવાના નથી."

"હા. બરાબર. અત્યારે એકને ત્યાં મુઝરામાં જવાનું છે તેથી નહીં આવવાના હોય. મારે પણ ત્યાંજ જવાનું છે, અને તેથી હું અહીં એવી મતલબથી આવ્યો છું કે હું ને તે સાથે સાથે જઇશું."

"અત્યારે શુ તેઓ મુઝરામાં જવાના છે? એ વળી તમને કોણે કહ્યુ ?"

"બપોરેજ મારે તેમની સાથે વાતચીત થઇ હતી."

"મુઝરો કોને ત્યાં છે ?

"પેલી રસીલી કરીને તમારા શેઠનીજ એક બીજી રાખેલી છે તેન ત્યાં."

આ સાંભળતાંજ બાળા ઠરી ગઇ, અને તેણીનો ચહેરો નખાઇ ગયો ! અને તેણી એટલી તો ઉંડા વિચારમાં ગરક થઇ ગઇ કે તે એક પણ શબ્દનો ઉચ્ચાર કરી શકી નહી !

"કેમ, આમ વિચારમાં કેમ પડી ગયા છો ? તમારા શેઠે તેણીને રાખી છે. તેની તમને ખબર નથી કે શું ?"

"શું બોલું, મારૂં કપાળ ! તેના જેવા લુચ્ચા, જુઠા અને દગલબાજ મેં કોઇ નહી જોયા.

"તમે જ્યારે આમ દિલ ખોલીને વાત કરો છો તો હું પણ

હવે તમને ખુલ્લાં દિલથીજ કહું છું કે, તમે સુના જેવો શેઠ—સુરતીલાલ મેળવ્યો હતો તે માત્ર મોહનની અકકલે ચાલીનેજ તમે તમારા હાથમાંથી એક સુંદર સુંનાની ચલ્લી ગુમાવી છે! સુરતીલાલે મને તમામ વાત કરી હતી, અને તે સાંભળીને મને પોતાને પણ તમારે માટે સખત તિરઃસ્કાર છુટયો હતો, તમે તે બિચારાનાં કેવાં ભૂંડા હાલ કીધાં હતાં ! તેમ કરવું તમને ઘટે ખરૂં કે? ઘણીજ દિલગીરીની—વાત.

મેં તો માત્ર મોહનલાલની શીખવણીથીજ તેમ કીધું હતું !"

"તો હવે તમેજ જોઇ લો કે મોહન તમારો પણ છે ખરો કે ? તેને શું બીજી રાંડ નથી ?"

"મહેરબાની કરીને મારી ખાત્રી તેમાટે તમો કરી આપશો ? '

"ખાત્રી તો હમણાં કરી આપું, પણ તમારો ભરોશો શું ? તમે વળી પાછા ભોળવાઇને મોહનને વશ થઇ જાઓ, ને આ બધી વાત ખોલી દો તો મારે પણ મોહન સાથે નાહક વેર થાયની !"

નહીં, નહીં, નહીં, આપ જો મારી ખાત્રી કરી આપો તો પછી તેને હવેથી મારે બારણે પણ ઉભો નહીંજ રાખું, એ મારાં બોલ ઉપર વિશ્વાસ રાખો !"

"એમ વિશ્વાસ નહીં આવે, પણ જેવી રીતે તમે સુરતીલાલને ખાસડાંના માર માર્યો હતો, તેવીજ રીતે તમે મોહનને પણ ત્યાંને ત્યાંજ ખાસડાંનો માર મારો, તો ચાલો મારી સાથે, અબઘડી બરાબર તમારી ખાત્રી કરી આપવાને તૈયાર છું,"

"કબુલ છે. મારે તેનાંજ ખાસડાં તેનાં માથાપર મારવાં !"

"તો ચાલો, ઉઠો મારી સાથે, ગાડી નીચે તૈયાર છે,"

"ભલે ચાલો," કહીને બાળા કપડાં પહેરીને તેની સાથે ગાડીમાં બેસીને ગઇ, ગાડી રસીલીનાં આગણાં આગળ ઉભી રાખી,

અને મુંગટરામે બાળાને કહ્યું "હું ઉપર જાઉં છું અને તમે ગાડીમાંજ બેશજો. બાદ હું જ્યારે ઉપરથી બારીમાં આવીને ખોંખારૂં ત્યારે તમે તરતજ ઉપર આવજો, અને તમને કહ્યુ છે, તે પ્રમાણેજ તમારા શેઠની સારી પેઠે પૂંજા કરજો કહીને મુગટરામ ઉપર ગયો.

"મોહન અને મુરતીલાલ તો તે પહેલાનાજ ત્યાં આવેલા હતા, મુગટરામે ઉપર જતાંજ મોહનને સલામ કરી, અને કહ્યું, તમે ક્યારનાક પધાર્યા છો સાહેબ?"

"હમણાં થોડીજ વાર થઇ, હુ ને મુરતીલાલ સાથેજ આવ્યા છીએ,"

"એટલામાંજ કીશોરદાસ ઉઠીને મોહનને સામેની ખાનગી ઓરડીમાં લઇ ગયો, કે જ્યાં એક ભપકાદાર પલંગ હતો, તે ઉપર મોહનને બેસાડીને કીશોરદાસે કહ્યું હવે બહાર બીજા માણસો આવશે પણ આપને અહીં જોઇ શકશે નહીં. કેમ, ઠીક કેની?"

"ઓયસ, ઘણી સારી આ જગા છે." આમ કહી મોહને સંતોષ બતાવ્યો.

બાદ કીશોરદાસ તે ઓરડીના બારણાં અડકાવીને બહાર ગયો, અને તે છેક રસોડાની ઓરડીમાં ગયો જેની પાછળ રસીલી પણ ઉઠીને ગઇ. અને બાળાની વાત પ્રગટ કરતાં તેણીની સાથે નકકી કરેલી ગોઠવણ કહી સંભળાવી તે પછી કીશોરદાસે રસીલીને જે જે તદબીર કરવાની હતી તે કહી. અન પછી થોડીવારમાંજ રસીલીએ મુજરાની તૈયારી કરવા માંડી, અને સઘળી સામગ્રી તૈયાર થતાંજ રસીલી પાનની તબક લઇને મોહનની પાસે ઓરડામાં ગઇ અને તેને પાન પટ્ટી બનાવી આપવાને તેણી પણ પલંગપરેજ બેઠી. એટલામાંજ મુંગટરામે બારીએ જઇને ખોખાર્યું કે તરતજ બાળા હીંમતથી ધસારા બંધ

ઉપર ચઢી આવી, અને તેવીજ મુંગટરામે તેણીને પેલી ઓરડી ઇશારતથી.બતાવી, કે, જ્યાં મોહન અને રસીલી બેઠાં હતાં......

બાળા એકદમ તે ઓરડીમાં ઘુસી ગઇ, અને તેણીને જોતાંજ મોહન તો સડક થઇ ગયો. રસીલી પણ જાણે ચમકી ગઇ હોય તેવું ડોળ તેણીએ બતાવ્યું, અને તેણીએ બાળાને કહ્યું કે " આવો. બિરાજો. તમારા શેઠની સાથેજ બેસો. "

બાળા ડોળા ધુરકાવતી બાહાર આવી, અને મોહનનાં બે બુટ શોધીને પોતાના બંને હાથમાં લઇને મોહનના માથાપર ધબોધબ લગાવી બોલી " મુવા દગલબાજ ! જુઠા ! લુચ્ચા ! વિશ્વવાસઘાતી ! અહીંજ તારી સત્યનારાયણની પુંજા છે કે ? આજ તારા પાડોશી કે ! થુ, તારી જાતપર ! બેશરમ ! નીચ ! કુતરા ! હવે તું મારે ત્યાં આવ પછી તને બતાવીશ ! " આમ કહીને બાળા મહા વિકાળ વદને બાહાર આવી. તેણીની પાછળજ રસીલી પણ બાહાર આવીને તેણીને કહેવા લાગી " હવે જરા ધીરા પડો અને પાન તો ખાઓ. "

" હમણાં તો મને માફજ કરો. વળી બીજીવાર હું આવીશ, " કહીને બાળા ગુસ્સામાંજ નીચે ઉતરી પડી, અને ગાડી ઉભી રાખી હતી તેમાં બેસીને પુનઃ પોતાને મકાને ગઇ.

" મોહન તો તદન ખીસીયાણોજ પડી ગયો, અને કીશોરદાસ, મુંગટરામ, સુરતીલાલ તેમજ રસીલી તે ઓરડીમાં પલંગ આગળ એકઠાં થઇ અને તેઓ વારા ફરતી મોહનને પુછવા લાગ્યા,

" પણ બાળાને ખબર કેવી રીતે પડી કે મોહનલાલ અહીં છે " ! કીશોરદાસે જણાવ્યું.

ચીત્ર નં ૧૧) રશીલી મોહન અને નાયકણી.

આવો. ભિરાજા-તમારા રાંડની રાહજ જોતી (પાનું ૧૯૮

" મને પણ તેજ વાત નવાઇ ભરેલી લાગે છે ! " મુગટરામ બોલ્યો,

" કોઇ પણ પ્રકારે એ રાંડને કાને વાત તો ગયલી ! " સુરતીલાલે કહ્યું.

" મારી નીચે મારવાડી દુકાન વાળો છે, તે બાળાને ત્યાં જાય આવે છે, તેથી કદાચ તેણે ત્યાં બાતમી પુગાડી હોય ! " રસીલીએ જણાવ્યું.

આ પ્રમાણે તેઓએ વિધવિધ વાતો કરી પણ મોહનની તો જાણે જીભજ શીવાઇ ગઇ હોય તેમ તે એક શબ્દ પણ બોલ્યોજ નહી, અને ગુપચુપ ઉઠીને સુરતીલાલને સાથે લઇ તેણે ચાલતી પકડી. બીજાઓ પણ ગુપચુપજ રહ્યા.

રસ્તે ચાલતાં સુરતીલાલે કહ્યું " ભાઇ, આ પણ નવાઇની વાત થઇ! એ રાંડે પણ રાતની વખતે અહીં પારકાના મકાનમાં પ્રવેશ કરવાની હીંમત કરી, એજ આશ્ચર્યની વાત છે ! "

" મને કંઇ સમજાતું નથી કે આ બનાવ કેવી રીતે બનવા પામ્યો ! "

" બાળાનેજ હવે તમે તદબીરથી પુછી જોશો તો તેણી તમને કહેશે. "

" હવે તે રાંડને ત્યાં હું પગ પણ મુકું કે ? તે રાંડનું મોં પણ નહીં જોઉં તો ! રાંડે મને એકાંતમાં એને બદલે બસો ખાસડાં માર્યાં હોત તો પણ મને આટલું દુઃખ લાગતે નહી, પણ આ તો ચાર માણસોનાં દેખતાં, અને તે પણ વળી ઓફીસમાંના મારા તાબાના માણસોના દેખતાંજ મને ખાસડાં મારીને મારૂં અનહદ અપમાન કીધું, એ મને મરવા જેવું લાગે છે, અને તેથી હવે એ રાંડનું મોં હું કદી

પણ જોનારજ નથી. બસ, છેડો છુટયો!"

"પણ બાતમી તો મેળવવીજ જોઇએ કે તે રાંડને ખબર કેવી રીતે પડી? હું પણ તે રાંડને ત્યાં જાઉં તેમ નથી, નહીં તો હું પોતે પત્તો લઇ આવતે."

"હવે પત્તો મેળવીને કરવુ પણ શું છે? થઇ તે થઈ! હવે તે રાંડનું ઘર પણ બળી ગયું ને તેની સાથે ઓફીસ પણ બળી ગઇ! અને નોકરીપર પણ પાણી મુકયું."

"કેમ વારૂ? નોકરીપર પાણી કેમ મુકયું? શું નોકરી જશે?"

"નોકરી નહીં જાય, પણ હું પોતેજ નોકરીએ હવે જવાનો નથીની!"

"કેમ વારૂ? નોકરી છોડી દેવાનું શું કારણ? રાંડને છોડવી, પણ નોકરી શા માટે છોડવી?"

"કેમ શા માટે? મારી ઓફીસના માણસોના દેખતાંજ એક રાંડ જાતના હાથનો મે માર ખાધો, અને તે પણ વળી ખાસડાંનો માર ખાધો! હવે તેજ માણસોને ઓફીસમાં હું શું મોં બતાવી શકું? મને તો મરવા જેવુંજ લાગે! બળી ગઇ નોકરી વળી બીજો કોઇ ધંધો કરીશ. હું કયાં તે નોકરી ઉપરજ બેઠો છું! મને ઘણા-એ ધંધા આવડે છે."

"અફસોસ! આ તો બુરી થઇ! રાંડનાં પાપમાં આટલા વરષની નોકરીપર આગ લગાડવાનો વખત આવ્યો! અરેરે! એ રસ્તોજ ખરાબ છે, એમાં તો શક નહીં! ખચીત પરમેશ્વરે મને એ રસ્તો છોડવ્યો તેને માટે ઉપકાર માનું છું."

"અને મારાં પણ કમનસીબ કે મેં એકવાર તે રાંડને લીધે

નહીં જવાના કસમ ખાધાં છતાં તે કસમનો પણ ભંગ કીધો, અને તેમાંજ ઇશ્વરે મને આ લાયક સજા કરી ! ”

આ પ્રમાણે વાતો કરતાં મોહનનું મકાન આવવાથી મોહન પોતાના મકાન પર ગયો, અને સુરતીલાલ પણ ત્યાંથી પોતાને મકાને ગયો.

રસીલીને ત્યાંથી મોહનનાં જવા પછી મુગટરામ અને કીશોરદાસ પરસ્પર ખુશી થવા લાગ્યા મુગટરામે જણાવ્યુ “ હવે મોહન ઓફીસમાં શું મો લઇને આવશે ! હું તો ધારૂં છું કે તે નોકરી પર નહીંજ આવે, કેમ તમે શુ ધારો છો કીશોરભાઈ ? ”

“ કંઇ કહી શકાય નહીં. આવે કે નહી પણ આવે. જે હશે તે કાલે જણાશે ”

આ પ્રમાણે મનસુબા કરતા તેઓ પોત પોતાનાં મનમા મલકાવા લાગ્યા, અને લગભગ અરધી રાત સુધી ગમત કીધા પછી તેઓ પણ પોત પોતાને મકાને ગયા.

બીજે દિવસે મોહને પોતાની નોકરીનું રાજીનામુ લખીને સુરતીલાલની સાથેજ સાહેબ ઉપર મોકલ્યુ. તે લઇને સુરતીલાલ ઓફીસમાં ગયો અને સાહેબ હજુ આવેલા નહી હોવાથી સુરતીલાલે તે રાજીનામાની વાત મુગટરામ તથા કીશોરદાસને કરી. જે સાંભળી તેઓ ખુશી થયા.

“ કેમ, પણ તમારૂં વેર તો બરાબર વળ્યુની ? “ મુંગટરામે સુરતીલાલને પૂછ્યું.

“ બરાબર જરા પણ કશરજ નહી ! સત્તર આનાનુ કામ થયુ ! ” સુરતીલાલે હરખાઇને જણાવ્યું “ મોહનને હજી ખબર મળી નથી કે આ રસ્તો કોણે કીધો ! ”

" હવે કદાચ ખબર પડે ને મારૂં નામ પણ તે જાણે તોએ મને તેની શી દરકાર છે ! ઓફીસમાંથી તો તે નોકરી છોડી જાય છે, એટલે મારે તેની સાથે સંબંધ પણ શો રહયો ? "

" તમને તો દરકાર નહીં, પણ મારૂં નામ તે જાણે તો મારે બગાડ થાયની ! "

" તમારે પણ તેની શી દરકાર છે ? બગાડ તો પ્રથમનોજ થયલો હતો. એ તો તમે માત્ર મતલબ માટે તેની સાથે પૂનઃ મિત્રતા બાંધી, અને હવે તે મતલબ પાર પાડી ગઇ તો પછી તેની દરકાર તમારે પણ રાખવાની કંઇ જરૂર નથી. એવાની સોબત કુછ કામની નહીં. "

" હા. એ પણ તમારી વાત તો સાચી છે જે થાય છે તે ઠીકજ થાય છે. "

એટલામાંજ સાહેબની સ્વારી આવી. તે અંદર જઇને પોતાના રૂમમાં બેઠો તે પછી શુમારે અરધા કલાકે સુરતીલાલે સાહેબ આગળ જઇને મોહનનાં રાજીનામાનો પત્ર આપ્યો, જે સાહેબ ઉકેલીને વાંચી જોતાંજ વિસ્મયતાથી પુછ્યું " આ શું ! મોહનલાલ રાજીનામુ શા માટે આપે છે ? "

" તે તો સાહેબ તે જાણે મને કંઇ માલમ નથી. "

" વેરી વેલ, પછી વાત. " કહીને સાહેબે વાત બંધ કરી, અને સુરતીલાલ પોતાની જગાએ ગયો.

" કેમ સુરતીલાલ, રાજીનામું વાંચીને સાહેબ કંઇ બોલ્યા કે ? " મુંગટરામે પૂછ્યું.

" ફક્ત મને એટલુંજ પુછ્યું કે 'રાજીનામુ શા માટે આપે છે ?' ત્યારે મેં જુવાબ દીધો કે ' તે તો સાહેબ તે જાણે મને કંઇ માલમ

નથી.' પછી તેમણે કહ્યું કે 'વેરી વેલ, પછી વાત ? આમ કહીને કાગળ પોતાના ટેબલપર મૂક્યો, એ શિવાય સાહેબ બીજું કંઇ બોલ્યાજ નહીં ને હું પણ ચાલ્યો આવ્યો."

"પણ તેમણે કહ્યું કે 'પછી વાત.' એટલે મને એમ લાગે છે કે મોહનલાલને સાહેબ પોતાની સમક્ષ બોલાવીને કંઇપણ સમજાવશે તો ખરાજ, સાહેબના મનમાં મોહનલાલને માટે ઘણો સારો ને ઉંચો વિચાર છે તેથી સાહેબ તેને છોડશે તો નહીંજ ! જે થાય તે ખરૂં !"

"જે હશે તે હવે પછી જણાશેજ." કહીને સુરતીલાલ પોતાને કામે વળગ્યો, પણ તેના મનમાં ચટપટી લાગી કે "રખે મારૂં નામ જાહેર થઇ જાય, અને આ સઘળા પ્રપચનુ કારણ હુંજ છું, એમ તેની જાણમાં આવી જાય તો વળી મારે પાછી તેની સાથે દુશમનાઇજ જાગે !" આમ સતાપ કરતાં સુરતીલાલને પોતાનું કામકાજ કરવાનુ પણ સુઝ્યુ નહી, અને તેથી તે ગમગીન ચેહેરે પોતાની ખુરસીપર બેસી રહયો.

એટલામાં સાહેબે સીપાઇની મારફતે કીશોરદાસને પોતાની પાસે બોલાવીને તેને ફરમાવ્યું કે "મોહનલાલ આવે નહીં ત્યાં સુધી તેનું કામકાજ તમારે સભાળવું."

"બહુ સારૂ સાહેબ." કહીને કીશોરદાસે બાહાર આવીને તે વાત સુગટરામને જણાવી.

"ત્યારે આ વાત ઉપરથી તો એમજ લાગે છે કે સાહેબે હજી મોહનલાલનુ રાજીનામું મંજુર કીધું નથી ! કેમ, તમે શું ધારો છો ?

"એમજ વળી." કીશોરદાસે વિચાર કરીને કહ્યું "હું ધારૂં છું, કે સાહેબ ખાનગીમાં મોહનલાલને કંઇપણ સમજુતી આપીને પાછોજ બોલાવશે."

" મને પણ એમજ લાગે છે યાર! જો મોહનલાલ પાછો આવે તો આપણને વળી પિડા થઇ પડે જો! કદાચ તેને એમ ખબર પડે કે આપણેજ તેને તેની રાંડના હાથનો માર ખવરાવવાનો પ્રપચ રચ્યો હતો. તો જરૂર તે આપણી નોકરીને નુકશાન પુગાડ્યા વગર નહીજ રહે! સાહેબ તો તેનાજ કહ્યા પ્રમાણે ચાલે છે! આ પણ મોહોટી પિડા રૂપ પંચાતી આવી પડી છે જો!"

" હશે, જે બનવાની હશે તે બનશે. હવે ગભરાયાથી શુ વળે?"

" પણ ત્યારે આપણે કંઇ બીજો રસ્તો લઇશું?"

" બીજો ને ત્રીજો રસ્તો હાલ લેવાની કશી જરૂર નથી, સાહેબ શું કરે છે? મોહનલાલ પાછો પોતાની નોકરી પર આવે છે કે કેમ? તે "ધુ જોયા પછી વાત."

આ પ્રમાણે વિચાર કરીને તેઓ પોતપોતાને કામે વળગ્યા.

" સુરતીલાલનું તો કામપર ચીત લાગ્યુંજ નહી, અને તે તો પોતાનાં મનમાં તરેહવાર પરિતાપ કરવા લાગ્યો, છેવટે તે છેકજ ઉદાસ બનીને ઓફીસમાંથી પોતાને ઘેર જવાના વિચારથી સાહેબ પાસે ગયો ને અરજ કરી " સાહેબ મારી તબીયત બગડી આવી છે, માટે મારે ઘેર જવાની જરૂર છે."

" ઓલ રાઇટ" કહીને સાહેબે કહ્યું " મોહનલાલને કહેજો કે મને મારે બંગલે મળે."

" વારૂ સાહેબ." કહીને સુરતીલાલ બાહાર આવીને ઝટપટ બંધ પોતાનું ટેબલ બંધ કરીને ત્યાંથી નીકળીને પોતાને ઘેર ગયો.

" સાંજે પાંચ વાગે મુગટરામ તથા કીશોરદાસ પણ ઓફીસમાંથી સાથે ઉઠીને મોહનના સંબધમાંજ વિચાર કરતા પોતપોતાને મકાને ગયા."

પ્રકરણ ૧૦ મું.

દોહરો

રાજીનામું નવ ગૃહ્યું, સાહેબે, આ વાર;
મોહન, ને સત્તા મળી, સ્વતંત્ર પણે નિરધાર.
સુરતીલાલ, ભોઠો પડયો, મુગટરામ, પણ તેમ;
કીશોર, શોકમાં ડુબીયો, થયું કેમનું કેમ !

વાત વંઠી !

સાયકાળનો વખત છે. મોહન સ્વગૃહે શોકરૂપ વદને, પણ શાંતપણે વિચારમાં બેઠો છે. એટલામાં સુરતીલાલ આવ્યો. તેને જોતાંજ મોહન કંઇક ટટાર થયો ને પુછ્યુ "કેમ ભાઇ, સાહેબને મારા રાજીનામાનો પત્ર પોહોંચાડયો કે?"

"હા. તારો પત્ર વાંચતાંજ સાહેબ નાખુશ થયલા દેખાયા. અને થોડીવાર પછી મને બોલાવીને કહ્યું કે "મોહનલાલને કેહેજો કે મને મારે બંગલે મળે.' આ પ્રમાણે તેઓએ જણાવ્યું છે."

"એમ કે પણ બંગલે વળી શા માટે બોલાવ્યો હશે?"

"કદાચ તને સમજુતી આપી તારૂં રાજીનામુ પાછું ખેંચી લેવાને બોલાવ્યો હશે."

"વારૂ ઠીક છે. સાહેબે કહેવડાવ્યુંજ છે, તો હું તેમને જરૂર મળીશ." કહીને મોહને તે વાત પડતી મુકી પુછ્યું "અને મુગટ-રામ ને કીશોરદાસ કંઇ મારી બાબતમાં બોલતા હતા કે?"

હવે સુરતીલાલે મોહનના વાહાલા થવાનો ઠરાવ રાખી બધી અલાબલા મુગટરામ તથા કીશોરદાસને માથે ઢોળી પાડવાની યુક્તિ રચી, અને તેજ વિચારથી બોલ્યો "હા. તેઓ બંને માંહોમાંહી કંઇ ગુસપુસ કરતા હતા ખરા, પરંતુ મને સંભળાય નહીં. તેવી રીતે તેઓ વાત કરતા હતા."

"પણ કંઇ સાર તને સમજાયો, કે તેઓ શુ મતલબની વાત કરતા હતા?"

"સાર બીજો શુ વળી? રાતનાં તોફાનનોજ તો! વળી હું તો હીંમતથી કહુ છુ, કે તે બધુ તરકટ તેમનુજ હતું, અને તેમણેજ તે તમામ બાજી રચી હતી! તેમાં જરા પણ શક સમજવો નહીં ભાઇ!"

"આમ કહેવાને તું શા ઉપરથી હીમત કરે છે? તેં કંઇ સાંભળ્યુ છે કે માત્ર તર્ક કરે છે!"

"અરે રાતના તેઓના ચેનચાળા પરથીજ હું તો સમજી ગયો હતો."

"ત્યારે રાતના તેં મને તે વિષે તો કઇ પણ કહ્યુજ નહીં."

"રાતના તું ઘણાજ શોક સંતાપમાં હોવાથી મેં તને કહ્યુ નહી."

"પણ ત્યારે હવે એ વાતનો ખરો પુરાવો કેવી રીતે મેળવવો?"

"તે પુરાવો તો માત્ર બાળાથીજ મળી શકે. પણ બાળાને મળવાને તું તો નાજ પાડે છે. તો તે કામ મારે બજાવવું પડશે. અગર જો બાળાનું મોં જોવું તો મારે પણ લાજમ નથી, પણ

તારે ખાતર હું જઈશ, અને તમામ બાબતમી મેળવી લાવીશ. તેણીને પ્રથમ તો હું ભોળવીને મોહટી આશા આપીશ, જેથી તેણી જરૂર તમામ વાતનો ભરમ કહી દેશે. તેમ કરવામાં તારી વિરૂદ્ધ પણ મારે કેટલુંક બોલવું પડશે, પરંતુ વાત તો ગમે તેમ કરીને પણ તેણીની પાસેથી કઢાવીશજ."

"એટલું કરે તો તારી મોહટી મેહેરબાની ! પણ તે હમણાંને હમણાંજ કર; કેમકે સાહેબને મળવાને તે પછી હું આવતી કાલે જઈશ; માટે હમણાંજ જા."

"ઓયસ હમણાં જાઉં છું." કહીને સુરતીલાલ બાળાનાં ઘર તરફ જવા માંડયો ગયો. રસ્તામાં તે વિચાર કરવા લાગ્યો કે "બધી વાદળી મુગટરામ તથા કીશોરદાસ પર ઢોળી નાંખવાનીજ તદબીર કરીશ !" આમ ઠરાવ કરીને તે તાબડતોબ બાળાને ત્યાં પહોંચી ગયો.

બાળાએ સુરતીલાલને જોતાંજ માન આપીને બેસાડયો, જે પછી સુરતીલાલે કહયું "કેમ, હવે તો તારી ખાત્રી થઈની ? તે દિવસે તેં મારી સામે જે શરમ ભરેલી રીત વાપરી હતી તેને માટે હવે તો તને પસ્તાવો થાય છે, કે નથી થતો ? હવે સાચો હું કે તારો માનીતો મોહન ?"

બાળા અત્યંત શરમિંદે ચેહેરે બોલી "સાચા તો તમેજ ! મે માત્ર તેની શીખવણીથીજ તમારો મહાન અપરાધ કીધો હવે તેને માટે મને અત્યંત પસ્તાવો થાય છે ! આપ મને માફ કરશો !"

"તે તો હવે સમજ્યા ! હું પણ જાણું છું કે તેમાં દોષ તારો નથી, પણ મોહનનોજ છે. તેં તો માત્ર પેટનેજ માટે તે લુચ્ચાની અક્કલે અપકૃત્ય કીધું, એ હું બરાબર સમજું છું, અને તેથીજ તારે બારણે આવ્યો છું, બોલ હવે તું શા વિચાર પર આવી છે?"

" વિચાર પેટનો ! પેટને માટે કોઇ પણ શેઠ વગર છુટકો છે ? પછી જે ભાગ્યમાં હશે તે મળશે ! તમારો તો મેં મહાન અપરાધ કીધો છે, એટલે તમને તો હવે હું શું કહું ? તમને કેહતાં મારી જીભ ઉપડતીજ નથી ! શું મોં લઇને હું તમારી પાસે કઇ પણ માંગણી કરૂં ! "

" તે માટે તો હું તને પ્રથમથીજ કહી ચુકયો છું કે, તે બાબતમાં મોહટામાં મોહટો દોષ મોહનનોજ છે, માટે હવે તે વાતનું વિમાશણ તારે કરવું જોઇતું નથી. બનનારી બની ગઇ, પણ હવે પછી તેવું કંઇ નહીંજ બને તેની ખાત્રી મને મળવી જોઇએ."

" હવે પછી તેવું બને તો પછી મારા જેવી નગુણી, નીચ ને નફ્ટ બીજી કોણ કહેવાય ! હું ખાત્રીથી વચન આપું છું કે જોઇએ તો બ્રહ્માંડતુટી પડે, તોપણ તમારો સંગ કદીપણ ત્યાગુંજ નહીં."

" એટલી બધી ખાત્રી આપે છે. તો હુ મારો આગલો સબંધ આજથીજ ચાલુ કરૂં છું, અને તને મારી પત્નિ સમાન ગણી જીંદગી સુધી પાળવાને બંધાઉ છુ,"

" તેવીજ રીતે હું પણ તમને મારા પતિ સમાન જીંદગી સુધી સમજવાને અને તેજ માફકનું તમારી સાથે વરતન રાખવાને હુ પણ બંધાઉં છું. " બાળા હાથ જોડીને બોલી.

" પણ જો જે ! કોઇપણ પ્રકારે, કોઇપણ સમયે અથવા કોઇ પણ સ્થળે મોહનના સબંધમાં તારે મુદ્દલ આવવું નહીં, અને જો જરા પણ તેવું દેખાયું તો પછી હું તારો નથી એ નક્કી માનજે !"

" કબુલ છે. હવે તેવો સંશય પણ આપે મનમાં રાખવો નહીં મારા વ્હાલા ! આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે, તન, મન, ધન ને

જે કંઇ હોઇ તે મારે માત્ર આપજ છો ! એવી હું અંતઃકરણ પુર્વક પ્રતિજ્ઞા લઉં છું. "

" તો બસ. આજથી હુ તારો ને તું મારી. હવે હું સાંજે આવીશ," કહીને સુરતીલાલ ત્યાંથી નીકળીને રસ્તામાં વિચાર કરવા લાગ્યો કે " હવે બાળાનું મોં જોવા મોહનને તો તક મળશેજ નહી, માટે મોહનને પડેલા ખાસડાંના મારના સબંધમાં પણ ખરી બાતમી મળવાની નથી, અને તેથી હવે હું મોહનને તે બાબતમાં ગમે તેવી વાત સમજાવી દઇશ, ને તમામ વાંક મુગટરામ તથા કીશોરદાસને માથે ઢોળી નાંખીશ, એટલે હું તો અછત નિરદોષપણાંમાં રહીને મોહનનો વાહલો થઇ શકીશ, " આમ વિચારતો તે મોહનની પાસે ગયો, અને બોલ્યો " ભાઇ, એ તો હુ તને કેહેતો હતો તેમજ છે, બધી લુચ્ચાઈ મુગટરામ તેમજ કીશોરદાસનીજ છે જો ! તેમણેજ બાળાને ત્યાં ખાસ બોલાવીને બધો ઘાટ ઘડયો હતો. એ તો બાળા-ને મે છેક હુલાવી ફુલાવી અને સારી સારી આશા આપી, તેમજ તારી કેટલીક નિંદા પણ કરી ત્યારેજ તેણીએ તમામ ભરમ ફોડી દીધો. મે તો તેણીને વળી વાતમાં ને વાતમાં પુછી પણ જોયુ કે ' મોહનને એક વાર તારી પાસે લઇ આવું તો કઇ વાંધો છે ? ' ત્યારે તેણીએ સાફ કહ્યું કે ' મોહનનુ મોં જોવાને હુ હવે માંગતીજ નથી, અને તેમ છતાં પણ જો તે મારે બારણે આવશે તો હું તેને ધક્કો મારીને નીચે ગગડાવી પાડીશ ! આ પ્રમાણે તેણી બોલી, માટે તારે હવે ત્યાં જવામાં શોભા નથી જો ! "

" તે તો હું પણ સમજું છું, અને હું પોતે પણ તે રાંડનું મોં જોવાને મુદલ ચાહતો જ નથી; પણ મુગટરામ તથા કીશોરદાસે જે કુકર્મ કીધું છે, તેને માટે હું તેમને બરાબર સ્વાદ ચખાડીશ,"

" હા ભાઇ, તેમની તો ખો બરાબર ભુલાવવીજ જોઇએ."

" ઠીક કાલે પ્રભાતમાં હવે હું સાહેબને મળીશ, અને તેઓ મને શુ કહે છે, તે પછી વાત. "

" હવે હું તો જાઉ છુ." કહીને મુરતીલાલ પોતાને ઘેર ગયો.

બીજે દિવસે પ્રભાતમાં પરવારીને આઠ વાંગતાંને સુમારે મોહન સાહેબને બંગલે ગયો, અને સાહેબે તેને પોતાની સામેની ખુરસીપર બેસાડીને પૂછ્યું " તમે શા માટે રાજીનામું આપો છો ? કોઇ બીજી ઓફીસમાં વધારે પગારની નોકરી મળી છે કે શું ? "

" નારે સાહેબ, બીજા કોઇની પણ નોકરી કરવાનો મારો વિચારજ નથી. "

" ત્યારે કઇ ખાનગી ધંધો કરવાનો ઠરાવ કીધો છે ?

" ના મહેરબાન, તેવો પણ કઇ મારો ઇરાદો નથી, "

" તો પૈસા ઘણા પેદા કીધા હશે તેથી તેનાં વ્યાજમાંથી ખાવાનો વિચાર હશે ? "

" સાહેબ, પૈસા જો એકઠા કીધા હોય તો વળી મુબઇમાં પણ રહું નહી. ! "

" તો પછી નોકરી છોડય જતાં તમારૂં ગુજરાન કેવી રીતે ચલાવી શકશો ? "

" તે હજી મે નિશ્ચય કીધોજ નથી, પણ તે માટે હવે પછી ઇશ્વર બુદ્ધિ આપે તે ખરી ! "

" આ સાંભળી સાહેબ હશી પડયો અને બોલ્યો " તમારી બુદ્ધિ બંધાઇ ગઇ છે કે શું ! મને તો તમારૂં મગજ ઠેકાણે લાગતું નથી ! તમારા વિચાર આમ કેમ ગંઠાઇ ગયા છે ? તમારૂં મગજ તો ખસ્યું નથી ને ? તમારા જેવા બાહોશ અને અક્કલબાજ માણસ

એકદમ આમ ટુંકા વિચારપર આવી જાય તે જોઇને મને ભારે નવાઇ લાગે છે અને હું ધારૂં છું કે, જરૂર તમારા મગજપર કાંઇ પણ ફેરફાર થયો છે. અગર તેમ નહિં તો નોકરી છોડવાનું બીજું કંઇ પણ ખાસ કારણ હોય તો તે ખુલ્લાં દિલથી દરશાવો. હુ તે મોહોટી ખુશીથી સંભાળીશ. તમે જાણો છો કે તમારાપર મારો મન માનતો વિશ્વાસ છે, અને તેવોજ મારો ચાહ તમારાપર છે, અને તેથીજ ઓફીસમાં સર્વ કામદારના મુખી તરીકે મે તમનેજ સ્થાપ્યા છે. આવી સારી નોકરી તમે શા માટે છોડો છો ? ”

“ સાહેબ, કારણ વગરનું કાર્ય હોતું નથી એ અમારા હિંદુ શાસ્ત્રનુ વચન છે, પણ આ બાબતમાં જે કારણ છે તે હુ મારે મોડે પ્રગટ કરી શકતો નથી. તેથી દલગીર છુ.

“ શા માટે અચકાઓ છો ? જે હોય તે ખુલ્લાં મનથી બોલો. શું તમારે વધારે પગાર જોઇએ છે ? ”

“ નહીંજી, પગારનો હુ લોભિષ્ટ નથી, પણ માત્ર આપની મહેરબાની મેળવવામાજ સતોપ સમજું છુ. ”

“ ત્યારે નોકરી છોડવાનુ બીજુ કોઈ ગુપ્ત કારણ છે ? જે હોય તે સ્પષ્ટ બોલો. બિલકુલ અચકાશો નહી. તમારા વચનપર મને ઘણો ભરોશો છે અને તમારે માટે મને ઘણું માન છે, માટેજ તમને મારી ઓફીસમાંથી જવા દેવાને હું મુદ્દલ રાજી નથી, અને તેથીજ તમને આટલું બધુ આગ્રહ પુર્વક કહ્યા કરૂં છું. ”

“ સાહેબ, આ બાબત એવી છે કે જે પ્રગટ કરતાં મને શરમ લાગે છે, અને તેની સાથે કદાચ મારાં કહેવાનો આપ મેહેરબાન જુદોજ અર્થ ઉઠાવો તો, આજ દિન સુધીમાં મેં જે આપની મેહેરબાની મેળવી છે તે રખે હું ગુમાવી દઉં એવી મને ધાસ્તી રહે છે ! ”

" નહીં, નહીં, નહીં, તેવી ચિંતા રાખશોજ નહીં; અને જે હોય તે હવે ઝટ બોલી દો. "

" સાહેબ, ઓફીસમાં બે માણસો એવાં છે. કે તેઓને માટે મને ભય છે કે તેઓ કોઇ પણ દિવસે કંઇ કાળું ધોળું કરી હિસાબમાં ઘોંટાળો કરી નાંખશે, તો તે વખતે આપ તો મનેજ દોષ દેશો, અને તેથી તેવા માણસોની સાથે કામ કરી જોખમમાં રહેવાનું હું મુનાસબ ધારતો નથી. તે માણસો મારા પર ઘણા બળે છે, અને કોઇ પણ રીતે મને ફસાવવાની તજવીજ કરે છે। આપની મેહેરબાની મારાપર છે. તે તેઓ જોઇ શકતા નથી, એજ તેઓની બળતરાનું મુખ્ય કારણ છે,

" બસ ! એજ કારણને માટે તમે નોકરી છોડવા માંગો છો કે ? વારૂ તે માણસો કોણ છે ?

" તેઓમાં એક મુગટરામ છે ને બીજા કીશોરદાસ છે, તેઓ બનેનીજ એક ગાંઠ છે. "

" ઠીક છે, તો તેમને બંનેને આજેને આજે હું રજા આપીશ, માટે તમે આજે ઓફીસમાં આવજો. "

" પણ નોટીસ આપ્યાં પહેલાં તેમને રજા આપવાનુ કેમ બની શકે ? "

" તેની કઇ હરકત નહીં. ઘણું થશે તો તેઓ પોતાના એક માસના પગારનો કલેઈ્મ કરશે. તો તમારાં માનને ખાતર તે નુકશાન પણ હું ભોગવી લઇશ. અને તેમની ખાલી પડેલી જગ્યાં પર તમારી પસંદગીના માણસો લાવજો. "

" વારૂ સાહેબ. આપની મોહટી મેહેરબાની. હવે મને રજા છે ? "

"ઓયસ. તમે જાઓ, અને ઓફીસમાં વેહેલા આવજો. તમારા આવ્યા પછી તે માણુસોને હું રજા આપીશ, માટે તમે અગીયાર વાગતે ઓફીસમાં આવશો !"

"હાજી" કહીને મોહન વાંકો વળી સલામ કરીને પોતાને મકાને ગયો.

બરાબર અગીયાર વાગતાંને સુમારે મોહન ઓફીસમાં ગયો, અને તેજ વખતે સાહેબની ગાડી પણ આવતાંજ તે તથા સાહેબ બંને સાથે જ ઓફીસમાં ગયા. જતાં વારનેજ સાહેબે વધારે વિલંબ નહીં કરતાં પેલા બંને જણાને કહ્યું "તમારી નોકરીની જરૂર નથી, માટે તમારે હમણાંને હમણાં અહીથી ઓફીસ છોડી જવું."

આ સાંભળી તેઓ બંને દંગ બની ગયા, અને કરગરવા લાગ્યા, પણ સાહેબે તેઓને છેલ્લા એટલાજ શબ્દો કહ્યા કે "બસ, એકદમ નીચે ઉતરો. તમારો એક પણ શબ્દ હું સાંભળવા માંગતો નથી. "ગો અવે એટવન્સ !"

આ ઉપરથી તેઓ બંને મોહન પાસે જઇને કરગરવા લાગ્યા, જે ઉપરથી મોહને કહયું તમારે જે પણ કહેવું હોય તે સાહેબને કહો." સાહેબ જાણે ! હું કંઇ જાણુતો નથી !

આ સાંભળીને તેઓ બને વીલે મોઢે ત્યાંથી ઉતરીને સામેના બગિચામાં એક બાંકડા પર જઇને વિચાર કરવાં બેઠા, અને તેઓ મનમાં સમજી તો ગયાજ કે આ કારસ્તાન નક્કી મોહનનુંજ છે !"

ઓફીસમાં સાહેબે મોહનને ચોખ્ખો હુકમ કીધો કે "તમારી મરજી માફકના અને તમારીજ પસંદગીના માણુસો તમારે રાખવા, અને તે ઉપરાંત હાલમાં જે બીજા માણુસો છે. તેમાં પણ દરેક પ્રકારનો ફેરફાર કરવાની કુલ સત્તા હુ તમનેજ સોંપું છું." આ પ્રમાણે

સાહેબે મોહનને તમામ સત્તા આપી અને ઓફીસના તમામ માણુસોને પણ સૂચના કરી કે "સૌએ મી૦ મોહનલાલનાં ફરમાનને માન આપવું."

આ પ્રમાણે થવાથી મોહનને પણ ઘણોજ સંતોષ ઉપજ્યો, અને તેણે સાહેબનો અંતઃકરણથી ઉપકાર માન્યો, તેમજ આજથી તેણે પણ ઓફીસમાં વધારે ખંતથી કામ કરવા માંડયું.

બગિચામાં પેલા બને વિચાર કરતાં બેઠાં છે. મુગટરામે કહ્યું "ભાઇ કીશોરદાસ, આ પણ મહા બુરાઇ બેઠી ! મોહનનુ બુરૂં કરવા જતાં આપણુંજ બુરૂં થયું ! હવે એનો શું રસ્તો કરવો ? મોહનને સમજાવીએ તો હજી પણ કંઇ વળે ! પણ તું સમજાવે ત્યારે; કેમકે મારે ને તેને તો બારમા ચંદ્રમા છે ?"

"એ બધી ખટપટનું મુળ તો સુરતીલાલ છે ! તેણે જો તને ઉશકેર્યો નહીં હોત, અને તે ઉપરથી તે વળી મને ઉશકેર્યો નહીં હોત, તો આજે આવો વખત આવતજ નહીં ! માટે હવે તો સુરતીલાલનુજ ભોપાળું મોહન સમક્ષ પ્રગટ કરી દેવુ જોઇએ. આતો એમ થાય છે કે જે મુળ છે. તે બચી જાય છે, અને વચમાં આપણેજ રોજી ગુમાવી બેશીએ છીએ ! હવે મોહનને બધી ખરી બિના જણાવવામાં આવે તોજ ઠીક થાય, તેને માટે તારૂ કે મારૂ કામ નથી, પણ કોઇ તરાહિત માણુસનુજ કામ છે, માટે તેવો કોઇ માણુસ તારી ધ્યાનમાં આવે છે ?"

મુગટરામે વિચાર કરીને જણાવ્યું "મોહનનો એક જીવજાન દોસ્ત માણેકશા પારસી છે, કે જે ઘણો ઇનસાફી ને દયાળુ માણુસ છે, માટે તેની આગળ જઇને આપણે આપણી હકીગત નિવેદન કરીશું તો તે મોહનને આપણી બાબતમાં જરૂર ભલામણ કરશે."

"પણ તેની સાથે મારે તો મુદ્દલ ઓળખાણે નથીની !"

"મારે તો તેની સાથે ઘણોજ સારો સંબંધ છે, માટે મારી સાથે તું આવજે, અને તેને બધી વાત સમજાવીશ તો હુંજ. એટલું છે કે તારી પણ બાબત છે, તો તું પણ સાથે હોય તો તેની નજરમાં ઠીક લાગે."

"તો મને આવવાને કંઇ વાંધો નથી. એ બહાને ઓળખાણ તો થશે"

"ચાલ ત્યારે ઉઠ. તેની ઓફીસ પણ અહીંજ છે, અને તેને મળવાને હમણાંજ જઇએ"

આમ વિચાર કરીને તેઓ બને બગિચામાંથી હોંસભેર ઉઠીને માણેકશાની ઓફીસમાં ગયા, અને ત્યા જતાજ મુગટરામે તેને ધીમે રહીને કહ્યું "આપની સાથે કંઇ ખાનગી વાત કરવી છે."

"હા. આવો મોહટી ખુશીથી" કહીને માણેકશા તે બંનેને પોતાના ખાનગી રૂમમાં લઇ ગયા, અને એક સોફા ઉપર પોતે બેસીને તે બંનેને પણ પોતાની સામેજ ખુરસીપર બેસાડીને પછી તેણે મુગટરામને પુછ્યુ "આય બેવન સાહેબ કોણ છે વારૂ ?"

"એઓ મારા મિત્ર છે, અને જે વાત આપને કહેવાની છે. તેમાં એમનો પણ સબધ છે, માટે એમને પણ સાથે લેતો આવ્યો છું."

"વારૂં. શું ફરમાસ છે તે જણાવો.' માણેકશાએ જણાવ્યુ.

" મુગટરામે તરતજ તમામ ખટપટની વાત પેહેલેથી છેલ્વે સુધી માણેકશા આગળ કહી સભળાવી તેમા પોતાની ભુલો ને દોષ પણ કેહવામાં બાકી રાખ્યુંજ નહીં, મતલબમાં જે ખરેખરી બિના હતી તે તમામ કહી સંભળાવી, જે બધું માણેકશાએ એકચીતથી સાંભળ્યું.

"ઠીક. તમારી બિનાં મારાં મગજમાં બરાબર સમજાઇ. સુરતીલાલ તો મોહનલાલનો ઘણોજ દિલોજાન દોસ્ત છે, એ હું સારી રીતે જાણું છું. પણ તમોએબી ઘણીજ ગંભીર ભુલ કરી છે. એ તમારી વાતપરથી સાફ સમજાય છે. તમો જો કે સુરતીલાલનાં કેહવાથી કુવામાં ઝીંપલાયા, તોબી તમુને તેમ કરવું લાજમ નહોતું તોબી હરકત નહીં. તમારી બાબતમાં મોહનલાલને હું હમણાંજ બોલાવીને જે કેહેવું ઘટશે તે કેહેવસ. તમો તનવાગે પાછા મને મલજો."

"વારૂજી. મોહટી મેહેરબાની. અમારી ભુલ માટે અમે મોહનલાલ પાસે માફી માંગીશું; પણ અમારા પેટપર પગ મુકાયો છે તેજ અમને ઘણું લાગે છે. કોઇ પણ રીતે અમારી રોજી ચાલુ રહે તેમ કરશો તો આપનો અમારી પર ઘણોજ ઉપકાર થશે સાહેબ!"

"વારૂં ફીકર નહીં ખુદા કરશે તો સારૂજ થશે. મોહનલાલ ઘણોજ ભલો ને દયાળુ માણુસ છે ને બનતાં તુલીક તો મારૂં માનશે. તમે મને તન વાગે મલજો."

'બહુ સારૂ સાહેબજી. કહીને તેઓ બંને પાછા બાગમાં જઇને બેઠા.

"માણેકશાએ તરતજ મોહનને ચિઠ્ઠી લખીને બોલાવ્યો, અને તેને ઉપલા બંનેએ કહેલી તમામ વાત કહી સંભળાવી, અને તમામ ખટપટનું મુળ સુરતીલાલજ છે, એમ જાણીને તેને અત્યંત તાજુબી લાગી. છેવટે માણેકશાએ તેને ઘણી સખત ભલામણ કરવાથી તે બોલ્યો તે બંનેને કહેજો કે મને ઘેર આગળ મળે, અને તમારી ભલામણ છે તો હું મારાથી બનશે ત્યાં સુધી તો તેમને પાછા ઓફીસમાં રખાવીશજ."

"મારો તમને એટલોજ બોધ છે કે કોઇની પન બદ દુવા બનતાં તુલીક નહીંજ લેવો." માણેકશાએ શીખામણરૂપે જણાવ્યું.

"વારૂ, સારૂં. હવે તેઓને તમે મારી પાસે મોકલજો તો ખરા." કહીને મોહન ત્યાંથી પાછો પોતાની ઓફીસમાં જઇને શાંતપણે વિચાર કરવા લાગ્યો કે "માણેકશાની વાતપરથી તો તમામ પ્રપચનું મુળ તો સુરતીલાલજ છે, અને તેણે તે રીતે મારા પરનું વેર વાળવાનોજ પ્રપંચ રચેલો તેમાં તો કંઇજ શક નહીં ! તે હરામખોરે મને પોતાના ખોળામાં બેસાડીને મારૂં માથુ કાપવાનો પ્રપંચ ચલાવેલો, એ હવે મને બરાબર સમજાય છે ! વારૂં ઠીક છે. હવે મુગટરામ ને કીશોરદાસ મને મળે પછી વાત. તેમની હકીકત જાણવા પછી વળી સુરતીલાલને સ્વાદ ચખાડવો પડશે !" આમ વિચારી તે પોતાનાં કામમાં પડયો.

ત્રણ વાગતાંજ મુગટરામ તથા કીશોરદાસ બગિચામાંથી ઉઠીને માણેકશાની પાસે ગયા, અને તેમને જોતાંજ માણેકશાએ કહ્યું "તમારી બાબતમાં મોહનલાલને મેં તમામ વાત કહી છે. ને ઘણીજ ભલામણુબી કરી છે. માટે હવે તમો તેવનને ઘરે જઇ મલજો ને જે ખરી હકીકત હોય તેજ તેવન આગળ જણાવજો ને ભુલને માટે દરગુજર ચાહજો. ખુદા કરસે તો તમારૂં ભલુંજ થશે."

"મોહટી મેહેરબાની ! ઘણોજ ઉપકાર થયો સાહેબ !" કહીને તેઓ બને ત્યાંથી ગયા, અને મોહનને રાતના મળવાનો ઠરાવ કરી તેઓ પોતપોતાને મકાને ગયા.

ઓફીસમાંથી સુરતીલાલ અને મોહન સાથેજ ઉઠયા, રસ્તે જતા સુરતીલાલે મોહનને કહ્યું "આખરે પેલા બંને પાપીઓને ઓફીસમાંથી પાણીચાં મળ્યાં ખરાં ! એ પણ ઠીકજ થયું."

પણ આનો ઉત્તર મોહને આપ્યોજ નહીં, અને પોતાનું ઘર આવતાંજ તે પોતાને મકાને ગયો, અને સુરતીલાલ પણ પોતાને ઘેર સંચર્યો.

રાત્રિના આઠેક વાગતાંને સુમારે મુગટરામ તથા કીશોરદાસ એકત્ર મળીને મોહનને ત્યાં ગયા, અને જાણે નમાયા, નિરમાલ્ય, ને નિરમાની હોય તેવી રીતના ચેહેરા કરીને બેઠા. મોહને તેઓ પ્રત્યે નિહાળીને કહ્યું " માણેકશા શેઠે તમારી બાબતમાં કેટલીક વાત મને કરી છે, તોપણ ફરી તમારે મોંઢેથી તમામ વાત હું જાણવા માંગુ છુ, માટે જે બન્યું હોય તે બરાબર ખરા આકારમા મને જણાવશો તોજ મને સમજાશે બોલો શું શું બન્યુ ?"

તરતજ મુગટરામે પોતાની બિના કહી ને કીશોરદાસે પણ પોતાની હકીકત યથાયોગ્ય કહી સભળાવી, જે સાંભળીન મોહન બોલ્યો " આ પરથી હુ એટલોજ સાર સમજી શકું છુ કે, તમામ પ્રપંચનુ મુળ માત્ર સુરતીલાલ છે, અને તમો બને તેના દાળ પાંખડારૂપે વરતન ચલાવ્યુ છે. એટલે તમારો પણ ગુનોહ તો છેજ ।"

' તેને માટે અમે માફ માંગીએ છીએ. અને કોઇપણ રીતે અમારી રોજી ચાલુ રાખશો તો તમારો ઉપકાર થશે." " અમારો અપરાધ થયો તેને માટે ક્ષમા કરશો." તે બનેએ કરગરી પડતાંજણાવ્યુ.

" વારૂં ઠીક છે. આવતી કાલે તમો બને વખતસર ઓફીસમાં આવજો, અને ઇશ્વર કરશે તો તમને તમારી નોકરી પાછી મળે તેવી ગોઠવણ સાહેબને સમજાવીને કરીશ."

" મોહટી મેહેરબાની ।" કહીને તેઓ બને છેક રાતના દશેક વાગતાને સુમારે પોતપોતાને મકાને ગયા.

• મોહનનાં મનમા હવે સરતીલાલને માટે અત્યંત તિરશકાર ઉપજ્યો, અને તેને માટે તેણે એટલોજ ઠરાવ પોતાનાં મનમાં કરી રાખ્યો કે " એની સાથેનો તમામ સંબધ બંધ કરવો, અન હવે પછી એનાં ભલામાં અથવા એનાં બુરામાં મારે કિંચિત પણ ભાગ લેવોજ નહી. એનું કર્મ એ ભોગવશે. એ નગુણાને તેનાં બદ કર્મનો બદલો પરમેશ્વર તેને બરાબર આપશેજ. હવે મુગટરામ અને કીશોરદાસને માટે સાહેબને વળી ગમે તેમ સમજાવીને પાછા તેઓને ઓફીસમાં દાખલ કરાવવા પડશે." એમ વિચારી તે સુતો.

બીજે દિવસે મોહન પ્રભાતમાં ઉઠીને સાહેબને બંગલે ગયો, અને સાહેબને કહ્યું " પેલા બંને મારી પાસે આવ્યા હતા, અને ઘણો પસ્તાવો કરતા હતા, તેમજ નોકરીને માટે ઘણી આજીજી કરતા હતાં.

"વારૂ, ત્યારે તમારો શો વિચાર છે? તેઓને શું પાછા રાખવા છે?" મોહનને—સાહેબે આતુરતાથી પુછ્યુ.

"હું ધારૂ છુ કે તેઓ પસ્તાઇને માફી ચાહે છે તો એકવાર ચેતવણી આપીને તેમને રાખવા; કેમકે વળી હમણાં મરકીનો મામલો ચાલે છે તેથી લાયક માણસો પણ મળી શકતા નથી, માટે ચેતવણીની ચીમકી લગાવીને રાખીએ તો ઠીક. તેમ છતાં પણ જો સીધા નહી ચાલશે તો વળી કહાડી મુકતાં શું વાર લાગનાર છે!"

"ઓલ રાઈટ. જેમ તમને ઠીક લાગે તેમ કરો. તમામ સત્તા તમને સોંપી છે તો હવે તમારા કામમાં હું માથુ મારવાને વાજબી ધારતો નથી. તમને જેમ વ્યવસ્થા કરવી ઘટે તેમ કરવાને તમે મુખત્યાર છો."

"વારૂં, ત્યારે હુ રજા લઉં છું" કહીને મોહનલાલ ચાલી નીકળ્યો. માર્ગમાં તે વિચાર કરવા લાગ્યો કે "મુગટરામ તથા

કીશોરદાસને તો હવે રાખવાનો રસ્તો થયો, પણ સુરતીલાલને કહાડવાનો રસ્તો રહયો. એ નીચનો પ્રસંગ હવે મારે નહીંજ જોઇએ. ઓફીસમાં એને જોતાંજ મારાં રૂએરૂઆં ઉભાં થશે, માટે હવે એને કહાડવાનો ઉપાય કોઇપણ પ્રકારે કરવો તો જોઇશેજ, અને તે પણ ગુપ્તપણે કરીશ.” આમ સ્વતઃ રચના રચતો તે પોતાને મકાને ગયો, અને ત્યાંથી નિયમાનુસાર ઓફીસમાં ગયો.

ઓફીસના ઓટલાપરજ મુગટરામ તથા કીશોરદાસ બેઠા હતા. મોહન ત્યાં જઇ પોહોંચતાંજ તેમને જોઇને બોલ્યો “ તમારે માટે સાહેબને સમજાવ્યા છે, અને તેમ કરતાં મહા મહેનત પડી છે. હવે તમે ઓફીસમાં સીધા પાધરા ચાલજો, અને કોઇપણ ખટપટમાં ભાગ લેશો નહી, તેમજ સુરતીલાલ સાથે પણ ઓફીસના કામકાજ શિવાય બીજો કશો સંબંધ રાખશોજ નહીં. જો જો ! ભલાઇનો બદલો વળી મને બુરાઇમાં મળે નહી તો ઘણું સારૂ માણેકશા શેઠ મારા મોહટા મિત્ર થાય છે, માટે તેમની ભલામણ માનીને હું તમારા તમામ દોષ ભૂલી ગયોછું, પરંતુ હવે પછી તેવાંજ દોષ કરશો નહીં, એટલીજ હું આશા રાખું છું, આ કરતાં અધિક કહેવાનીજરૂર નથી.”

“ અરે ભાઇ ! હવે તો અમે કાન પકડયા છે ! હવે તમારો ઉપકાર ભુલાવાનો નથી ! તમે તો અમને જીવતદાન આપ્યાં જેવું કીધું છે ! ઇશ્વરે તમારૂં ભલુ કરશે. ”

આમ વાત કરતાં તેઓ ત્રણે ઉપર જઇ પોતપોતાની ખુરશીપર બેઠા.

એટલામાં સુરતીલાલ આવ્યો, અને પેલા બંનેને જોઇને તે તો ચકિતજ થઇ ગયો ! તે પોતાની જગાપર થોડીક મિનિટ સુધી બેઠા પછી મોહનની પાસે ગયો. અને તેને પૂછયું “ કેમ ભાઇ, પેલા બંને પાપીઓને પાછા રાખ્યા કે શુ ? ”

"તારે તે માટે શા સારૂ પુછપરછ કરવી જોઇએ? મોહને રોષમાંજ કહ્યું.

"ઓહો ! તારો પણ રંગ બદલાયલો લાગે છે જો ! આ શું વિચિત્રતા !"

"વધારે પંચાત કરવાની જરૂર નથી. તારે ફક્ત તારૂં કામકાજ કરવું, અને ઓફીસનાં કામ શિવાય બીજી કોઈ પણ બાબત મારી સાથે વાત કરવી નહીં. હું તારી સાથે બીજો કોઇ પણ રીતનો સબંધ રાખવા માંગતોજ નથી."

"એમ છે ! તો મને પણ તારી સાથે સબંધ રાખવાની દરકારજ નથી, તેમજ નોકરીની પણ હું દરકાર રાખતો નથી. મને ધંધારોજગાર ઘણાએ કરતાં આવડે છે."

"તે તને પાલવે તેમ તું કર. હું તારી સાથે ભાષણ કરવા ચાહતોજ નથી !' કહીને મોહન કંઇ કામનું નિમિત્ત કરી ત્યાંથી પોતાના હાથમાં એક લખેલો કાગળ લઇ સાહેબના રૂમમાં ગયો.

સુરતીલાલ પણ મગજ ફેરવીને એકદમ ઓફીસમાંથી નીચે ઉતરી પડયો, અને પોતાને ઘેર જઇને તાબડતોબ પોતાની નોકરીનુ રાજીનામુ ટપાલ મારફતે લખી મોકલ્યુ, અને તે મોહનના હાથમાં સાંજે જતાંજ તે પણ તે વાંચીને ખુશી થયો. અને રાજીનામું મન્જુર રાખ્યું. તેનાં મનમાં કે "ટાહડે પાણીએ ખસ ગઈ !"

સુરતીલાલ સ્વતઃસંતાપ કરવા લાગ્યો કે "મોહનનું વેર તો તો મેં બરાબર વાળ્યું, પણ તેમ કરતાં વળી તેની સાથે ઉંચો જીવ થયો ને તેથી મુંબઇમાં મેં એક મોહટી ઓથ ગુમાવી તો ખરીજ ! જરૂર મુગટરામે અને કીશોરદાસે તમામ વાતનો પડદો ઉઘાડી દીધેલો ! હું તેમના ઉપર તમામ વાત ઢોળી પાડવામાં પ્રથમ ફતેહ

તો પામ્યો, પણ વળી તેઓ પણ મારા પર ઢોળી પાડવામાં ફાવી ગયા, પણ મોહન ફરી કેમ ગયો તે વાતનો ભેદ તો જાણવો જોઇએ. ઓફીસમાં તો તેણે મારી સાથે બડા મીજાજમાં વાત કરી, પણ તેને ઘેર તે કદાચ નરમાશથી વાત કરશે, માટે હવે તેને ઘેર જઇ એકવાર તેને મળવું તો ખરૂંજ." આમ વિચારી વાળુ કરીને તેને ઘેર તે ગયો.

મોહન પણ વાળુ કરીને નિરાંતે બેઠો હતો અને સુરતીલાલને જોતાંજ તે પોતાનાં મનમાં કચવાવા લાગ્યો કે "વળી આ પિડા ક્યાંથી આવી !" તો પણ તે પોતાની લાયકીથી બોલ્યો "આવ ભાઇ, ક્યાંથી આવ્યો ? વાળુ કરીને આવ્યો છે કે હજી કરવાનુછે?"

"પરવારીનેજ નીકળ્યો છુ." કહીને સુરતીલાલે ધીરે રહીને પૂછ્યુ "ઓફીસમાં તારો રંગ કઇ જુદાજ પ્રકારમાં બદલાઇ જવાનુ શું કારણ ?"

જો ભાઇ, હવે એ પંચાત કરવામાં કઇ માલ નહીં, અને હું હવે તે પચાત વધારવા પણ માંગતો નથી, તેમજ તારે પણ હવે એ વાત વિષે મને પૂછવુંજ નહીં."

"પણ શું થયું તેજ માત્ર હું જાણવા માંગું છું."

"તો પણ હું પોતે કંઇ પણ વાત કહેવા કે સાંભળવા માંગતો નથી !" આમ કહી મોહનનાં મનમાં વળી સદ્ભાવ ઉત્પન્ન થવાથી તે બોલ્યો "જો ભાઇ, હવે તને હુ માત્ર તારાં હીતની કેટલીક સુચના કરવા માંગું છું. તારે જો આ શેહેરમાં સુખીજ થવું હોય તો હવે બધા આડા અવળા રસ્તા છોડી દઇ સીધાજ રસ્તા ગ્રહણ કરવામાં શોભા સમજવાની છે, તેં નોકરીનું રાજીનામું મોકલ્યું તે તો તારી ખુશીની વાત છે, અને તે બાબે હું તને કંઇજ કહેવા માંગતો નથી, પણ મારે જે કહેવાનું છે તે એજ છે કે, છળ,

કપટ, પ્રપંચ અને બીજા તમામ અયોગ્ય રસ્તાનો ત્યાગ કરી માત્ર સનમાર્ગે ચાલશે તોજ સુખી થશે. મુંબઇ મહા ઉપાધીનું ને ઉત્પાતીયું શેહેર છે, માટે ખુબ સંભાળીને ચાલવાનું છે. હું મારી પોતાનીજ વાત કહું છું કે, એવા ખરાબ રસ્તામાં મેં પોતે ઘણી ઘણી ઠોકરો ખાધી છે, અને અનેક રીતે આબરૂના કાંકરા કીધા છે ! હવે મને બરાબર ભાન આવ્યું છે કે, એ રસ્તે કંઇજ મઝા નથી, પણ ઓર દરેક પ્રકારની ખરાબીજ છે, અને તેથી સમજી વિચારીને હવે સનમાર્ગે રહેવાનોજ મેં પાકો નિશ્ચય કીધો છે; તેવીજ રીતે તું પણ સારે રસ્તે રહી રીતેભાતે કામ ધંધો ચલાવશે તોજ સુખી થશે. આટલીજ મારી સુચના તારા ભલાને માટે તને કરૂં છું, પછી તો માનવી, ન માનવી એ તો તારી મરજી ઉપર આધાર રાખે છે. હું તો માત્ર મારી ફરજ વિચારીનેજ આટલુ કહું છુ. "

સુરતીલાલ આ સાંભળીને શાંતજ થઇ ગયો, તોપણ વળી તે બોલ્યો "પણ તને મારા ઉપર તિરસ્કાર થઇ આવવાનું અકસ્માત શું કારણ મળ્યું તે હું જાણવા માંગું છું ?

" વળી ગઇ ગુજરી વાત કહાડી ! તું પોતેજ વિચાર કર કે તે મને અંધારામાં રાખીને મારી વિરૂદ્ધ કેવું કૂકર્મ કીધું છે ! જોકે મુગટરામ ને કીશોરદાસ પણ દોષિત તો છેજ; પણ તેમને ઉશકેરનાર મૂળ તરીકે તો તુંજ છે, અને તે તને લાજમ હતું કે ?

" તમે માત્ર એકતરફી વાત સાંભળીને આમ વિચાર બાંધી બેઠા તે ન્યાય કહેવાય નહી."

" હવે મેહેરબાની કરીને મુગો રહે ! મેં તમામ વાત જાણી છે, અને તારા કુડકપટનો પાયો મેં બરાબર મેળવ્યો છે, ! માટે હવે વધારે અસલની અટારી બાંધવાની તજવીજ કરવાની મુકી દઇ પી-

જણુ પાટલો નહીં લંબાવતાં મનમાંજ સમજી વિચારી હવે એટલોજ નિશ્ચય તારા મગજમાં કરી રાખ કે, બસ ગમે તેમ થાય તોપણ ન્યાય, નીતિ, અને સદાચારમાં ચાલવું."

તે તારી વાત હુ માથે ચઢાવું છું: પરતુ હજી પણ હિંમ્મતથી અને છાતી ઠોકીને કહી શકુ છું કે મારે માથે જે દોષ તું મૂકે છે, તે માટે તારા મગજમાં જે વેહેમ ભરાયો છે તે તમામ ખોટો, ના પાયાદાર અને બનાવટીજ છે ! તે પાપીઓના ભંભેરવાનુજ આ પરિણામ છે ! "

મોહનનું માથું હવે ફર્યુ ! તે ટટાર થઇ બોલ્યો " હવે તારી બધી સફાઇની વાતો અને બનાવટી સત્યતા મેહેરબાની કરીને ટોપલા તળે ઢાંકી રાખે તો વધારે સારૂં ! પેહેલેથી છેલ્લે સુધી તમામ ખટપટમાં તારો હાથ હતો, અને તેંજ તમામ તોફાનનુ ઝાડ ઉભું કીધું હતું, એ મારી પુરેપૂરી ખાત્રી થઇ ચુકી છે, અને તે પછીજ તારા પર દોષ લાગુ પાડું છું. તે બંનેને માટે મને જેટલુ ખરાબ લાગતુ નથી તેનાથી વધારે તારે માટે લાગે છે, કેમકે તે મને વિશ્વાસમાં રાખીને મારી સાથે વિશ્વાસઘાત કીધો છે ! બાળાને હાથે મે તને ખાસડાં મરાવ્યાં, અને તેનો કીનો તારા મગજમાં ભરાયો, જેનુ વેર વાળવાનોજ તેં આ અધમ રસ્તો લીધો એમાં જરાક પણ શક નથી ! તેમ છતાં હજી પણ તું મારી આગળ તારૂં સતાપણું બતાવવાનુ ડોળ કરે છે? ! જા, જા, જા ! તારી સાથે હવે કોઇ પણ પ્રકારનો સંબંધ હું રાખવા માંગતોજ નથી. તું તારે રસ્તે અને હું મારે રસ્તે ! તારા ભલામાં કે બુરામાં હું જરા પણ ભાગ લેવા ચાહતોજ નથી અને લઇશ પણ નહીં. માત્ર તારી સાથે બાલ્યાવસ્થાનો સંબંધ હોવાથીજ મેં તને છેવટના બે બોલ તારૂં ભલું ચાહીને કહ્યા છે. હું તો તને મુદ્દલ

ચિત્ર નં. ૧૨.) સુરતીલાલ અને મોહનલાલ

મારીપાસે આવવાની પણ તસ્દી લેતો જ નહિ. પાં. ૨૧૧).

મળવા પણ ચાહતો નહોતો, પણ તું જ્યારે મારે બારણે ચાહી ચલાવીને આવ્યો તો તારૂં અપમાન કરવુ મને છાજે પણ નહી, અને તે મારી લાયકીને ખાતરજ તારી સાથે આટલું બોલ્યો છું. અને હવે પછી તારી સાથે ભાષણ પણ કરવા માંગતો નથી. મેહેરબાની કરીને હવેથી મારી પાસે આવવાની તસ્દી પણ લેતોજ નહીં, બસ છેલ્લી સલામ !"

સુરતીલાલ હવે ઠંડોગાર બની ગયો, અને તેની જીભ જાણે સીવાઇ ગઇ ! તેણે ટુંકમાં એટલુજ જણાવ્યુ કે "ભલે ભાઇ ભલે ! જેવી તારી મરજી ! પરાણે પ્રીત કાંઇ થવાની છે !" કહીને ત્યાંથી ઉઠીને ચાલતો થયો.

મોહન એકલો બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો "આ દુનીયામા પણ કેવા કેવા માણસો થાય છે ! મે પણ અત્યાર સુધી અનીતિના માર્ગ ઉપરજ મારી મગજ શકિત ચલાવીને મારી આબરૂના કાકરા કીધા, અન તેનાથી હવે મને એટલો ધડો તો બરાબર મળી ગયો છે કે, અનીતિમાંથી સઘળુ અવળુજ થાય છે, માટે અનીતિનો રસ્તો નહી જોઇએ. નહીં જોઇએ, ને નહીજ જોઇએ. કહેવત છે કે '**નીતિએ નારાયણ વસે**' માટે મારે પણ હવે નીતિથીજ મારી જીંદગી ગુજારવી કે જેથી જીંદગીનાં દરેક પ્રકારનાં સુખની પ્રાપ્તી થાય અને આ દેહનું–મનુષ્ય દેહનું સાર્થક પણ સમજાય આજથી પરસ્ત્રીને હુ મારી મા બેહેન બરાબર માનીશ અને સદા સનમાર્ગમાંજ રહીશ, એજ મારો પાકો નિશ્ચય છે" આમ મજબુત ઠરાવ કરીને મોહન એક ધર્મનું પુસ્તક વાંચવા બેઠો, અને તેમાંથી પણ તેને સારો સદ્બોધ મળ્યો, જેથી તેનું મન નીતિ તેમજ સ્વધર્મનિષ્ટપણા તરફ અધિક વળ્યુ, અને હવેથી તેણે ખચીતજ પોતાના તમામ આચરણો ધર્માનુસારજ ચાલુ રાખ્યા, જેથી તેની કીર્તીમાં ઘણો

વધારો થયો, તેમજ પૈસાની પ્રાપ્તી પણ તેને ઘણી સારી થવા માંડી. વળી ટુંક વખત પછી તેને સંતતિમાં એક સુંદર પુત્રની પ્રાપ્તી પણ થઇ. અને તે ઉપરથી પણ તેના મનમાં પરિપુર્ણ ખાત્રી થઇ ગઇ કે **"આ દુનીયામાં જે પોતાના ધર્મના નિયમોમાં રહી સનમાર્ગે ચાલે છે તેજ સર્વ પ્રકારે સુખી થાય છે."**

સુરતીલાલ મોહનને ત્યાંથી નીકળીને થોડો વખત રસ્તામાંજ વિચાર કરતો ઉભો, અને તેને પણ મોહનના બોધની કેટલીક સારી અસર થઇ, અને તેણે પણ વિચાર કીધો કે " મોહનની વાત તો સાચી ખરી ! પરનારીના પાસમાં બધીએ વાતની ખરાબીજ નીપજે છે, એમાં તો જરા પણ શક નહીંજ. રાંડ બાળાની મોહોકાણમાંજ મેં તે રાંડના હાથનો ખાસડાંનો માર ખાધો, પૈસાની પણ ઘણી ઘણી ખરાબી કરી, મોહન જેવા બાળ મિત્રને ગુમાવ્યો, વેપાર ધંધાને ધોકકો પોહોંચાડયો, નોકરી ઉપર પાણી ફેરવી વાળ્યું; અને છેવટે આ દશાને પોહોંચ્યો ! આ બધી વિપત્તિ માત્ર તે રાંડની મોહજાળમાં લપટાયાથીજ નીપજી. એ તો હવે મને પણ બરોબર સમજાય છે; માટે હવે મારે પણ તે રાંડનો ત્યાગ કરીને સારે રસ્તેજ લાગવાની તજવીજ કરવી જોઇએ. બસ ! એમજ કરીશ ! જહાનમમાં ગઇ તે રાંડ ને બળી ગઇ તે બધાએ મોજમઝાહ ! હવે તે રાંડને ત્યાં જવુંજ નહીં." આમ પોતાના મનને, સદમતિમાં વાળી તે તરતજ પોતાને મકાને ગયો.

રાત્રિના સુમારે નવેક વાગ્યા હતા, અને હંમેશનાં કરતાં તે પોતાને ઘેર વેહેલો ગયેલો હોવાથી તેની સ્ત્રી પ્રેમવંતિએ પુછ્યું, પ્રાણનાથ ! આજે તો આપ વેહેલા આવ્યા ! આજે હજી અગીઆર ને બાર વાગ્યા નથી જો ! દરરોજ આમ વહેલા આવતા હો તો કેવું સારૂં !

"વાહાલી ! હવેથી વેહેલોજ આવ્યા કરીશ અને દાહાડે પણ ઘણું કરીને ઘરમાંજ રહીશ."

"કેમ વારૂં ? ઓફીસમાં નોકરીએ પણ નથી જવાના કે શું ?"

"નહીં. નોકરીનું વળી પાછું આજે રાજીનામું આપ્યુ છે."

"શા માટે ? વળી કાંઇ વાંધો પડયો છે કે વાહાલા ?!"

"હા. એ બધી મોહનનીજ ખટપટ છે. મોહન ઉપરથી મારી સાથે સારૂં રાખે છે, પણ તેની કેટલીક રીતભાત ઉપરથી મને લાગ્યું છે કે તેના પેટમાં મારે માટે કંઇ ડંશ ભરાઇ ગયો છે ! માટે કોઇ વાર તે મને ફસાવ્યા વગર નહીંજ રહે, એવી ધાસ્તીથી મેં આજે તો રાજીનામુંજ આપી દીધુ !"

"અરે રામ રામ ! ત્યારે તો વળી પાછા આપ રખડયા. પ્રાણનાથ !"

"રખડવાનું શુ છે ? હું મરદ છું કે બાયડી છું ? વળી ગમે તે ધંધા કરીશ. મુંબઇમાં એક નહી ને અનેક ધંધા પડેલા છે, અને નોકરી કરવી હશે તો તે પણ મળવાને વાંધો આવે તેમ નથી. હવે તો હું પણ મુંબઇનો ઘણો જાણીતો થઇ ગયો છું. જોઇએ તેટલી ઓળખાણ મેં અહી કરી છે. સખ્યાબધ શેઠીઆઓને ત્યાં જવા આવવાનો મારો સંબંધ સંધાયો છે, જેથી હવે કમાણી કરવાના રસ્તા પણ મારે માટે જોઇએ તેટલા ખુલ્લા જણાય છે. એ તો મારા મનને સેહેલી વાત હું સમજું છું."

"પણ હવે આપ નોકરી કરશો કે કાંઇ વેપાર કરવાનો વિચાર છે ?"

"જોઇશ. ધ્યાન પોહોંચશે તે રસ્તો લઇશ. કાલથી વળી તે વિષે વિચાર કરીશ."

"હું તો ધારૂં છું કે બધા કરતાં નોકરીજ સારી." .

"પણ નોકરીમાં કાંઇ પૈસાદાર થવાય નહીં તો ? ! વેપારની વાતજ જુદી છે ! તેમાં કોઇ વાર લાગ આવે તો ન્યાહાલ પણ થઇ જવાય ! નોકરીમાં કાંઇ વળે નહીં તેમ છતાં જોઇશ. જેવો લાગ મળશે તેવો રસ્તો લઇશ."

"જે કરો તે બરાબર વિચારીનેજ કરજો પ્રાણનાથ ! અવિચાર્યું કાંઇજ કરશો નહી."

"તે તુ મને શું કહે છે ? હું તે બધુ બરાબર સમજું છું. તું વળી મને શીખામણ દેનારી કે ? !" સુરતીલાલનો મિજાજ લગાર ગરમ થયો અને બોલ્યો "મુંબઇનાં બૈરાંઓમાં એજ મોહોટી એબ છેની કે પોતાનીજ બડાસ બતાવે, અને વળી પોતાના પતિના ઉપર પોતાની હાકમી ચલાવે ! છટ નોનસન્સ ! બૈરાંઓનો એ શુ ધર્મ છે કે ?

"આપ તો આડું લઇ પડો છો ! તેવા વિચારથી હુ આપને કેહેતીજ નથી, પ્રાણનાથ ! હુ આપને શીખામણ દેવાને લાયકજ નથી, પણ હુ તો માત્ર મારી અલ્પમતિ પ્રગટ કરૂ છુ, અને તેમ કરતાં આપને ખરાબ લાગ્યુ હોય તો માફ કરજો ! આપની આગળ મારૂં ડહાપણ શુ કામનું છે વારૂ ? ગમે તેટલા પણ આપ પુરૂપ પડયા અને હુ તો એક અબળા ! આપની આગળ મારી અક્કલ શું વિસાતમાં !" કહીને પ્રેમવંતિએ વાત ફેરવી નાંખતાં જણાવ્યું "હું જે આપની આગળ મારા વિચાર જણાવું છું તે એટલીજ મતલબથી કે આપ મારા બોલવામાં ભુલચુક હોય તો તે સુધારો અને તેથી હું ફરીને ભુલ કરૂં નહીં. આટલીજ મારી મતલબ છે." પ્રેમવંતિએ સવિનય જણાવ્યું.

"સમજ્યો." સુરતીલાલ પણ શાંત થઇ બોલ્યો "એ મતલબ તો ઘણી સારી છે, અને એવી તારી મતિને હું સ્તુત્ય માનું છું."

આ પ્રમાણે વાત કરતાંજ તેઓ બન્ને સુતાં. પ્રેમવંતિને નિંદ્રા આવી ગઇ પણ સુરતીલાલને નિંદ્રા નહીં આવતાં તે વિચાર કરવા લાગ્યો કે "મુંબઇ આવીને અત્યાર સુધીમાં તો કાંઇ સાર કહાડયો નહી, પણ ઓર મુળ પુંજીમાંથી થોડા ઘણા કમતી પણ કીધા ! આ પ્રમાણે જોતાં શરૂઆત કાંઇ સારી જણાતી નથી ! હવે તો સમજી વિચારીને કોઇ સારો ધંધો હાથ ધરૂં ને તેમાં કંઇ ફાવી જાઉં તો ઘણુંજ સારૂં થાય. સુરતમાં પિતાજી તો એમજ માને છે કે 'જાણે મુંબઇમાં દીકરો સારી રીતે કમાય છે ને આનંદમાં રહે છે.' પણ હુ તો અહીં સોના સાહાઠ કરી બેઠો છું ! પણ પિતાજી મારે માટે સારૂ ધારે તેમાં તેઓ વાજબીજ છે; કેમકે હુ તેમને દરેક કાગળમાં એવી પતરાજીની વાતો લખુ છું કે, હું દરેક વાતે અત્રે સુખસાતામાં છું, અને સારી રીતે કામધંધો ચાલે છે. આ ઉપરથીજ તેઓ સારૂં ધારે. તેમાં તેમનો શું દોષ ? વળી મારા સાસુને પણ તેવીજ રીતનું ઉંધું સમજાવું છું તેથી તેણી પણ એમજ માને છે કે જાણે 'જમાઇરાજ મોજમાં છે;' પણ તે બિચારીને શું ખબર કે જમાઇરાજ તો ભાંગે નહીં તેટલાં ખોખરાં કરીને સોના સાહાઠ કરનારા છે માટે હવે તો પરમેશ્વર કોઇ પણ રીતે સારે રસ્તે લગાડે તો સારૂં" આમ વિચાર કરતાં વળી તેને સુરત યાદ આવ્યું અને તે મનમાં મનન કરવા લાગ્યો કે "ગમે તેમ પણ સુરત સારૂં તો ખરૂંજ ! ટુંક આવક અને ટુંક ખરચમાં જાણે સાહિબિ ભોગવવાની મળે ને વળી નિવૃત્તિ પણ ખાસી મઝાની ! મારા શુભેચ્છકો મને

પ્રથમથીજ કહેતા હતા કે ' મુંબઈથી સુરત ભલું ' તે હવે મને સત્ય મનાવા લાગ્યું છે, અને હવેજ ' રાંડયા પછી ડહાપણ ' મને આ મનાતું જાય છે! પણ તે હવે શું કામનું! હવે કાંઈ પુનઃ સુરત જવામાં શોભા પણ છે?! નહીંજ. હવે જો મુંબઈથી ઘર ઉપાડીને સુરત જાઉં તો મારી હાંસી થાય ને તેથી મારે નીચુ જોવું પડે! માટે હવે તો વા નસીબ! મુંબઈ! મુંબઇ!! મુંબઇ!!!"

" આ છેલ્લા શબ્દો તેનાથી જરા વધારે જોરમાં બોલી દેવાયા, અને તેથી પ્રેમવંતિએ નિંદ્રામાંથી જબકી ઊઠીને તે સાંભળ્યા! તેણીએ તરતજ ઊઠી પુછ્યું " પ્રાણનાથ! આ શું બોલો છો! ઉંઘમાં લવારી કરો છો કે જાગો છો!" કહી તેણીએ સુરતીલાલનાં મોં સામુ જોયું, પણ તેજ ક્ષણે સુરતીલાલે ઉસ્તાદી વાપરી આંખો મીંચી દીધી, અને જાણે ભરનિદ્રામાં હોય તેવું ડોળ કીધું જે જોઇને પ્રેમવંતિ પણ એમજ સમજી કે " પ્રાણનાથ ઉંઘમાંજ કંઇ બબડયા હશે! આમ ધારી તેણી પુનઃ સુઇ ગઇ.

" સુરતીલાલે હવે આંખો ઉઘાડીજ નહીં, અને તેવી હાલતમાં તે પણ નિંદ્રાવશ થઇ ગયો.

પ્રેમવંતિ હવે જાગતી પડી રહી અને વિચાર કરવા લાગી કે " પ્રાણનાથને ઉંઘમાં પણ કંઇ ચેન પડતું દેખાતું નથી, અને તેથીજ ગમે તેવા વિચારો સ્વપ્નાવસ્થામાં પણ નીકળ્યાજ કરે છે. હવે પ્રભાતમાં એઓ જાગશે ત્યારે બધું પુછી જોઇશ, તે પણ વળી નરમાસથી એમના મનની વૃત્તિ જોઇને પુછવું પડશે, કેમકે વળી કંઇ મારા ઉપર તપી જાય તો તે પણ પિડા! આમ વિચાર કરતી તેણી પણ નિંદ્રા પામી.

પ્રકરણ ૧૧ મું.

—

દોહરા

ધન્ય ધરા મુંબઈ તણી, ધન્ય જમાવ્યો તાલ;
ધામધુમ જબરી કરી, વાહવાહ સુરતીલાલ !
અનેક આવે જાય છે, સુરતીલાલની પાસ;
વડા વેપારી થઇ પડયા, પોલમપોલ પ્રકાશ !

— — —

સુધારાની સફાઇ અને ફેશનની ભવાઇ.

— —

પ્રભાત થતાંજ પ્રેમવંતિએ પોતાના પતિને રાત્રિના લવારા વિષે પૂછ્યું "પ્રાણનાથ ! આજે રાત્રિના આપ સ્વપ્નામાં તો કાંઇ તરેહવાર લવારા કરતા હતા જો ! સ્વપ્નામાં શું આવ્યુ હતું વારૂં ?"

"એ બધી ધંધા રોજગારની જે ઝંખના રહી જાય તે સ્વપ્નામાં આવે !"

"પણ આજે રાતના તમને કેવા પ્રકારનું સ્વપ્નું આવ્યું હતું પ્રાણનાથ ? અરે ! આજે તો મને એવું સરસ અને લાભકારક

સ્વપ્નું આવ્યું કે તેથી મને અત્યાનંદ પ્રાપ્ત થયો છે ! ” સુરતીલાલે કહેવા માંડયુ. એવું સ્વપ્નું થયું કે જાણે મેં વેપારમાં હજારો ને લાખો રૂપીઆ પેદા કીધા, અને તેમાંથી મેં એક મોહોટું મકાન બંધાવ્યું તથા ગાડી ઘોડા વસાવ્યા, તેમજ વાડી બંગલા બંધાવ્યા, અને નોકર ચાકરો રાખ્યા ! જાણે આપણે બધી વાતે સુખી થઇ ગયા ! ”

“ ઓહો ! આ સ્વપ્નું તો ઘણુંજ સરસ. સ્વામિનાથ ! લોકો કહે છે કે કેટલાક સ્વપ્ન ફળે છે, અને તે ભવિષ્ય સૂચવે છે ! આ શુ ખરી વાત હશે કે વાહાલા ? ’

“ હા. એવું ઘણાકોની બાબતમા બને છે. સુરતીલાલે સૂફીજ ઠોકી “ હુ મુબઇ આવીને રહીશ, એવી રીતનુજ સ્વપ્નુ મને મુંબઇ આવતાં પહેલાં સુરતમાં આવ્યુ હતું, અને તે આખરે ફળ્યુંજ કેની ? ! તેવીજ રીતે આજનુ સ્વપ્નું પણ ફળે તો શું મોહોટી વાત ? ! મુંબઇમાં રંકના રાય થતાં શું વાર લાગે છે કે ? કઇક માણુસોની બાબતમાં તો મેં સાંભળ્યુ છે કે તેઓ મુંબઇ આવ્યા ત્યારે તદ્દનજ રંકાવસ્થામાં હતા, અને અત્યારે તેઓ મહાન વેપારી અને પૈસાવાળા બની ગયા છે ! એ તો ભાગ્યની વાત છે. મારૂં ભાગ્ય પણ જો ખીલવાનુ હોય તો શું મોહોટી વાત છે ? ! જોતજોતામાં પૈસાના ઢગલા થવા માંડે ! અને ઇશ્વર કરશે તો તેમજ થશે ! આજથીજ નવા ધંધામાં ઝીંપલાવવાનો મેં વિચાર કીધો છે, અને હવે તો મન સાથે ચોકકસજ કીધું છે કે હીંમત રાખીને વેપાર રોજગાર ખેડવો, અને ધંધો કરતાં જરા પણ ડરવું નહીજ. હિંમત ચલાવ્યા વગર નામ નીકળેજ નહીં, એતો નક્કીજ છે, ”

“ મારી તો આપને એટલીજ અરજ છે કે જે કરો તે પુખ્ત

વિચાર .કરીનેજ કરજો ! એકદમ લાડવો ખાવા કરતાં ધીમે ધીમે પગથીયાં ચઢશો તો તે ચઢાશે."

"એ બધી તમારી બૈરાં બુદ્ધિના બોધની મને જરૂર નથી. હું જે કરીશ તે ઠીકજ કરીશ,"

"તે તો જેવી આપની મરજી ! હું તો માત્ર આપને સૂચના કરૂં છું. પ્રાણનાથ !"

"એવી અલ્પ મતિની સૂચનાની મને જરૂર નથી. હું તે સારી રીતે સમજું છુ,"

"તો ભલે ! જેવી આપની ખુશી." કહીને તેણી ઘરના પાછલા ભાગમા ચાલી ગઇ.

સુરતીલાલે હવે વીચાર કીધો કે "જોઇએ તેમ થાય ! પણ હવે તો વહેપાર રોજગારમાં આગળ વધવું અને મુબઇમાં નામ તો કહા ડવુજ; તેમાં પણ એકદમ પૈસા મેળવવા માટે સટ્ટાનુ સાધનજ મુંબ ઇમાં પેહેલા નબરનુ છે, અને તેમાં લાગ જોઇને દાવ મુકવાથી જરૂર ન્યાહાલ થઇ જવાશે ! માટે તેજ રસ્તો લેવો ઠીક છે. તેને માટે દલા લોને મળવુ જોઇએ." આમ વિચાર કરીને સુરતીલાલ તાબડતોબ ડગલો અને પાઘડી પેહેરીને મારવાડી બજારમાં ગયો, અને સટ્ટા બજારમાં કેટલોક વખત સુધી ઉભા રહેતાજ ત્યાં કેટલાક દલાલો તેની પાસે આવીને પૂછપરછ કરવા મંડયા, જે ઉપરથી તેણે તેઓને પોતા ના મકાનનો પત્તો આપ્યો, અને પછી પોતે પાછો પોતાને ઘેર ગયો.

"બીજે દિવસેથીજ સખ્યાબંધ દલાલો તેને ત્યાં આવવા લાગ્યા અને જબરી દોડાદોડી ચાલી રહી. કંઇક આવે ને કંઇક જાય ! સુર તીલાલે પણ વારાફરતી તમામ આવનાર દલાલોને સોદા આપ્યા ને જબરા સોદા શરૂ કરી દીધા ! અને પોતે જાણે મોટો પૈસાવાળો હોય તેવો દમામ ચલાવ્યો !

"પોતાનો ભપકો બતાવવાને માટે તેણે તેજ દિવસે કેટલોક ફરનીચર પણ વસાવ્યો. દિવાનખાનામાં એક મોહોટી ગાદી બીછાવીને તે ઉપર તકીયાઓની લાઇન ગોઠવી દીધી, અને સામટા પાંચ મહેતા સોદા નોંધવાને બેસાડયા. એક મોહોટી તથા એક નાહની, એવી બે વિલાયતી ત્રીજોરીઓ વસાવીને તે પણ દિવાનખાનામાંજ ગોઠવી. એક બાજુએ સુંદર ટેબલ, કેટલીક જાપાનીસ ખુરશીઓ અને તેનીજ બાજુમાં એક નવી ફેશનની ઇઝીચેર રાખી. વળી સામી સાઇડ ઉપર એક સોહામણો સોફા કોચ મુકયો, અને જમીન ઉપર એક શેત્રંજી પણ બીછાવી, એ ઉપરાંત નવી ફેશનનાં ઝુમરો વીગેરે ઉંચે લટકાવીને ખુબ ભપકો કીધો, અને જાણે મોહોટા વેપારીની પેહેડી ચાલતી હોય તેવું રોળ કરી નાંખ્યું !

"સુરતીલાલનો દોર દમામ વધી પડયો. સટ્ટાના સનેપાતમાં તે ખુબ જોસમાં ઝીંપલાયો. તેને પેહેલે મહીનેજ આશરે પચ્ચીશ હજારનો તડાકો પડયો ! જે ઉપરથી તેણે તાબડતોબ એક ગાડી ઘોડો વસાવ્યા અને સુરત પોતાના પિતાજીને કાગળ લખીને બોલાવ્યા, અને તે ઉપરથી તેઓ પણ પોતાના પુત્રને મળવાને માટે ખાસ મુંબઇ આવ્યા. તેઓ પોતાના પુત્રનો સઘળો ઠાઠ જોઇને ખુશી તો થયા, પણ તેની સાથેજ તેને ભવીષ્ય ઠીક લાગ્યુ નહીં, તેમજ સટ્ટાનો ચડસ સુરતીલાલને લાગવાથી તે બાબતમાં તેના પિતાજીને કેટલોક ભય લાગ્યો, અને તેણે તક સાધીને એકાંતમાં સુરતીલાલને પોતાની સમીપમાં બેસાડીને શાંતપણે કેટલોક બોધ આપતાં જણાવ્યું " જો દીકરા ! આ તારી જાહોજલાલી જોઇને મને ઘણોજ સંતોષ ઉપજ્યો છે, અને દીનપ્રતિદીન તારી ચઢતી જોવાનેજ હું ઇચ્છું છું, અને અંતઃકરણથી હું તને આર્શીવાદ આપું છું કે, તારૂં સદા સારૂંજ થાઓ ! તેમ

છતાં એક શુભેચ્છક પિતા તરીકે મારે તને બે બોધક વચનો કહેવાં જોઇએ કે, તું જે ઉડાઉડના ખર્ચો રાખે છે તે ઠીક કરતો નથી. એવા ખર્ચો બારે દાહાડા નીભાવવા મુશકેલ થઇ પડે ! અને કદાચ નીભી પણ શકે, તોપણ કેટલાક ખોટા ખર્ચો અટકાવવાજ જોઇએ. આવી રીતે પૈસા ઉડાવવા તે યોગ્ય નહી. વળી તારો સટ્ટાનો ધંધો પણ મને પસંદ નથી. એમાં સારૂ ભવિષ્ય ભાગ્યેજ ગણાય ! એ તો એક જાતનો જુગાર છે અને એમાં તો ઘડિકમાં રંક અને ઘડિકમાં રાય ! તો કોઇવાર ભીખારી પણ બનાવી મૂકે ! આવો એ ધંધો છે, માટે એ ધંધો શુ કામનો ?! એનાં કરતાં તો કોઇ બીજો સારો ધંધો કરવો તેજ વધારે સારૂં છે ભલે થોડું મળે, પણ તેથીજ સંતોષ માનીને રહેશો તો ધીમે ધીમે કરતાં તું આગળ વધી જશે. સટ્ટાનો ધંધો આબરૂદારનાં ફરજન માટે સારો નથીજ.

"પિતાજી ! મુંબઇમાં તો ભલભલા આબરૂદાર ગૃહસ્થો સટ્ટો કરે છે !"

"તે ભલે કરે ! તેમનો દાખલો લેવા કરતાં બીજા સારા સારા દાખલા લેવા લાજમ છે. જેઓ સટ્ટાના ચડસમાં પડે છે, તેઓ ઘણાખરા ઠોકરોજ ખાય છે, અને પસ્તાવાના પ્રસંગો તેમને માટે ઘણા આવે છે ! માટે તાત્કાળીક લાભ ગમે તેટલો દેખાતો હોય, તો પણ લાંબી નજરે નિહાળતાં અને પૂર્ણ ડહાપણથી વિચાર કરતાં સટ્ટાનો ધંધો મને તો સારો લાગતોજ નથી, એજ મારી તો સલાહ છે."

'પિતાજી ! અત્યાર સુધીમાં મને તો સટ્ટામાં સારૂ લેહેણું જણાયુ છે." "તો ભલે ! સમજી વિચારીને ચાલજે !" આમ કહી તેમણે તે વાત લંબાવવાનું મુકી દીધું; કેમકે તેમણે વીચાર કીધો કે "છોકરાના મગજમાં સટ્ટાનો પવન ભરાઇ ગયો છે તે એવો છે

કે હાલ તુરત મારા કહેવાની અસર તેને થનાર નથી, માટે વધારે કહેવું એ પોત ગુમાવવા જેવું છે !" આમ વિચારીને તેઓ તે બાબતમાં વધારે નહીં બોલતાં ચુપજ રહ્યા; બાદ થોડા દાહાડા મુંબઇમાં ગુજાર્યા પછી પુનઃ સુરત ગયા તેમના જવા પછી બીજે દિવસે સુરતીલાલની સાસુ નવીનબાઇ સુરતીલાલને મળવા આવી, અને પ્રથમ તેણીએ કેટલીક સુખસાતાની વાતો પુછ્યા પછી કહ્યુ જે " મારૂં કહ્યું માનીને તમો એક સારો માળો (મકાન) વસાવો તો તમને મુબઇમાં આવક સારી થાય, અને રૂપીઆનુ વ્યાજ પણ સારૂ ઉપજે. જુવો કે આ શહેરમાં ઘર તો એક કમાઉ દીકરા બરાબર છે ! માટે મારૂ કહ્યું માનીને એટલુ કામ તો તમે જરૂર કરો ને કરોજ. મારી સલાહ તમને ખોટી નથી, પણ ઘણીજ સારી છે. એમ ખાત્રીથી માનજો."

" તમારી સલાહ વાજબી છે. અને મારો પણ તેવોજ વિચાર છે" સુરતીલાલે પોતાની સાસુની સલાહને અનુમોદન આપતાં કહ્યું.

' બીજુ તમને એ કહેવાનુ કે તમે આટલો બધો ખર્ચ શા માટે રાખો છો ? તમારો ખર્ચ તો ઘણોજ છે જો ?' ગાડી ઘોડાનો ખર્ચ પણ ખોટોજ છેની ?! એ તો લોકોને આંખે ચડવા જેવુ તમે કરો છો ? જુવો ! તમે ખોટું લગાડશો નહી હુ તો તમને મારા દીકરાની માફક ગણુ છુ, માટેજ આટલુ કહુ છુ અને હુ ધારૂં છુ કે તમારા બાપા આવ્યા હતા તેમણે પણ તમને કહ્યું તો હશેજ ? માટે આજના વખતમા તો જેમ બને તેમ પૈસા બચાવવાનીજ ટેવ રાખવી. પૈસા જતાં વાર લાગતી નથી, પણ આવતાં બહુ વાર લાગે છે. એતો દાહાડો ચડતો હોય ત્યાં સુધી જણાય નહીં, પણ ન કરે પરમેશ્વર ને નબળો વખત આવે ત્યારે બહુ ભારી થઇ પડે ! ઇશ્વર

કરે ને તમારી પાસે લાખો રૂપીઆ થાઓ અને તમો ઘણું કમાઓ, પણ ખર્ચ તો બનતાં સુધી મધ્યમપણાનોજ રાખવો. તેમાં જગતને દાંતે-મોંઢે કદીપણ ચઢવું નહિજ. ઘરડાઓની ખાસ કહેતી છે કે "ઢોરનાં ચાવ્યામાં કુંચો પડે, પણ માણસના ચાવ્યામાં કુચો નહિ પડે" દાંતે મોંઢે ચઢવું, એજ ખોટું છે!"

"તેમાં શું છે? ઇશ્વરે આપ્યું હોય તો શું વાપરવું-ભોગવવું નહિ કે?" "જગત્ તો જંગલી છે! હું તેની દરકાર કરતો નથી!" સુરતીલાલ જરા મિજાજમાં બોલ્યો.

આ ગરમાંગરમ તમરી ભરેલો વિચાર સાંભળીનેજ નવીનબાઇ તો ચુપ થઇ ગઇ, અને તેણીએ પછી તે વાતને અટકાવી બીજી કેટલીક વાતો કરીને તેણી ગઇ.

હવે સુરતીલાલને પાછી બાળા નાયકણી યાદ આવી! લગભગ બે મહિના થયા તેણીને ત્યાં તે ગયો નહોતો તેથી તેણીને ત્યાં જવા માટે પ્રથમ તો તે મોહટા વિચારમા પડી ગયો, પણ વળી વિચાર કીધો કે "તેણીને ગમે તેમ 'અલ્લીની દલ્લી' સમજાવી દઇશ, પણ ત્યા જવું તો ખરૂંજ!" આમ વિચાર કરીને તેજ:સાંજનાં ખીસામા પાંચસો રૂપિઆની નોટનો ચોડો નાંખીને તે પોતાને ઘેરથી નીકળ્યો. અને ગાડી નહી જોડાવતાં એક ભાડાની ગાડી કરીને નીકળ્યો. પ્રથમ તો બજારમા ગયો અને કેટનીક રેશમી સાડીઓ, અને બીજો કેટલોક ફેનસી સામાન તેમજ મીઠાઇ લીધી, અને તે લઇને તે બાળાને ત્યાં ગયો. બાળાનુ મોં તો લાલાજીને જોતાંજ મરડાયું હતું, પણ પોતાનો શેઠ પુષ્કળ સરંજામ લઇને ગયલો હોવાથી તેણી અંતઃકરણમાં હરખાઇ ગઈ, અને સ્નેહથી પૂછયું "ઓહો! આટલા બધા દાડાડા ક્યાં ગયા હતા?"

"અરે તારે ત્યાં છેલ્લો આવ્યો તેજ રાતના સુરતથી તાર આવ્યાથી બીજે દીવસે પ્રભાતની ટ્રેનમાંજ સુરત જવું પડયું હતું ! છેક આજે પ્રભાતમાંજ મુંબઇ આવ્યો, વાહલી ! સુરતથી તારે માટે આ બધું લાવ્યો છું. એમાં મીઠાઇ છે તે પણ ખાસ સુરતનીજ નવાઇ છે હોંકે !"

"પણ સુરતથી એક કાગળ પણ લખ્યો નહીં ને ? ! એ કેવી નવાઇની વાત."

"કાગળ તો લખીને તૈયાર રાખ્યો હતો, પણ તારા મકાનનું સરનામું મને યાદ નહિ હોવાથી લખેલો કાગળ ફાડી નાંખવો પડયો !

"વારૂ ? પણ તમારી તબીયત તો સારી છે ને મારા વાહલા ?!"

"હા. ઘણી સારી છે." કહીને સુરતીલાલે રૂ. ૩૦૦ ખીસા માંથી કહાડીને તેણીને આપ્યા, અને કહ્યું કે હું બે મહિના આવી શકયો નથી, માટે તે બે મહિનાના તારા ખરચના આ રૂપિઆ છે,"

"પણ એની શું ઉતાવળ હતી ? હમણાં હું કંઇ અટકી પડી નથી. જોઇશે ત્યારે માંગી લઇશ." નાયકણીએ શાહુકારી બતાવતાં કહ્યુ.

"તારી પાસેજ રહેવાદે. અને વળી જોઇએ ત્યારે ખુશીથી માંગજે." આમ દિલાવર દિલ બતાવી પછી તે બોલ્યો "બોલ હવે બીજી શી ખબર છે."

"આપનાં દર્શન વગર આજ લગણ દિલગીર હતી, અને હવે આપનાં દરશન થયાં તેથી આનંદ થયો ! આટલીજ ખુશ ખબર હાલ તો છે !" કહીને તેણી ખડખડ હસી પડી !

બાદ કેટલોક વખત સુધી ગાયનની ગમ્મત મેળવ્યા પછી રાતના છેક અગીઆર વાગતાને સુમારે સુરતીલાલ પાછો પોતાને

મકાને ગયો. ઘેર જતાંજ પોતાની માતુશ્રી ભકિતબાઇને પ્લેગ થયલો જણાયો ! તેથી તે ગભરાયો, અને ડાકટરોને બોલાવ્યા. ત્રણ દિવસ સુધી તેણીની સારવાર સારી રીતે કરી પણ આખરે ચોથે દિવસે ભકિતબાઇ દેવલોક પામી, અને તે પછી બીજેજ દીવસે સુરતથી તેના પિતાની માંદગીનો તાર આવતાંજ તે તાબડતોબ સુરત ગયો; ત્યાં તેના પિતા પણ બરાબર પાંચમે દિવસે સ્વર્ગસ્થ થયા ! આ પ્રમાણે ટુંક વખતમાં સુરતીલાલે પોતાના પરમ પૂજ્ય–પવિત્ર માત–પિતા. ગુમાવ્યા !

આશરે એક માસ પછી સુરતીલાલ પાછો મુંબઇ આવ્યો, અને વળી સટ્ટાની ઉથલપાથલ ચલાવવી શરૂ કરી. કમસંજોગે તેજ માસમાં તેને પંદર હઝારની ખોટ આવી, અને તેથી તેના મનમાં ઘણીજ ઉદાસિ ઉપજી. બાળાને ત્યાં તે જતો આવતો હતો ખરો, પણ તેના મગજમાં વેહેમ ભરાયો હતો કે "બાળાને છોડી હતી ત્યારે તો દરેક સોદામાં નફોજ થતો હતો, પરતુ તેણીને ત્યાં જવાની પાછી શરૂઆત જ્યારથી કરવા માંડી છે, ત્યારથીજ નુકશાન આવવા માંડયું છે !" આવો વેહેમ તેને આવ્યો, તોપણ તેણીને છોડવાનો જીવ તેને થયોજ નહીં, અને તેમ તેમ તે વધારે ખાડામાં ઉતરતો તો ગયોજ ! તોપણ આશામાં ને આશામાં તેણે સટ્ટો તો ચાલુજ રાખ્યો !

"રવિવારનો દિવસ હતો. બપોરના ત્રણ વાગતાં તે પોતાની પત્નિ સંગે ચા પીતો હતો એટલામાં તેણે પ્રેમવંતિ પ્રત્યે કહ્યું "વાહાલી ! આજે તો તને સાથે લઇને બેન્ડસ્ટાન્ડ ઉપર ફરવા જવું છે."

"હું તો નહીં આવું. મને તો મોહટી શરમ લાગે ! કેમકે ન્યાત જાતમાં તુરત વાતો થાય !"

" ન્યાત જાતની દરકાર નથી. એવી દરકાર રાખીએ તો દુની-આમાં રહેવાય પણ નહીં ! "

" તમને દરકાર નહીં હોય તો ! ભલે પણ મારે તો દરકાર રાખવીજ પડે. "

" પણ તને એમાં શરમ શાની લાગે તે મને સમજાતું નથી ? ! મારી સાથે ફરવા આવવામાં સરમ શાની ?! તું પણ કેવી ગાંડી ગાંડી વાતો કરે છે ? ! તું મુંબઇવાસી થઇ, તોપણ તું આમ જુના વિચારની જગલી જેવી કેમ રહી ? ! તારે તારા જગલી વિચાર હવે બદલવા જોઇએ. "

" પણ મને તો જુના વિચારજ પસદ છે. આજકાલના છાલકા સુધારાને હું પસંદ કરતીજ નથી. બળ્યોરે સુધારો ! એને સુધારો નહીં પણ કુધારો કહેવો જોઇએ. જે ખરો ને ઉપયોગી સુધારો છે, તે તો મળેજ નહીં, અને માત્ર ' ઢમ ઢોલ ને માંહે પોલ ' જેવો સુધારો કરવાને તત્પર થવું, એજ આપણા લોકોની ભૂલ છે ! "

" તારી વાતો સાંભળીને તો મારી બધી ઉમેદ ભાંગી પડે છે ! ખચીતજ ! હું તારા કોચરાના વખતના કચરા જેવા વિચારોને મુદ્દલ પસંદ કરતો નથી, માટે તારે તે વિચાર બદલીને મારા વિચાર સાથે મળતા થવું જોઇએ. પતિવ્રત્તા સ્રીનો ધર્મ છે કે પતિ કહે તેમજ કરવું ને પતિના મતને માન આપવું. "

" તે આપનું કહેવું સત્ય છે, પણ ભળતીજ વાતો તમે ફરમાવો તે કેમ પાલવે ? હું આપની આજ્ઞામાં દરેક પ્રકારે રહેવા બંધાયલી છું, અને આપની આજ્ઞા શીર સાટે માનવામાં પણ મને આનંદ પ્રાપ્ત થાય છે, પણ જે બાબત અઘટિત હોય તેજ તમે મને મનાવવાને આગ્રહ કરો, એ શું વાજબી ગણાય કે ? "

"મારી સાથે ફરવા આવવામાં અઘટિત વાત શું આવી તે સમજાવશે ? ।"

"તેમાં તો અઘટિત જેવું કશું દેખાતું નથી, ત્યારે તેમાં ખુશી થવા જોગ શું છે પ્રાણનાથ ?"

"તારા આવવાથી મને પોતાને ખુશાલી ઉપજે, એજ તને પોતાને પણ ખુશી થવા જોગ નથી શું ?"

"કબુલ છે, ખુશી થવા જોગ મને પણ ખરૂ, પરંતુ આપણા મકાનમાંજ આપણે સાથે બેસીને આનંદ કરીએ તો તેથી પણ શું ખુશાલી નહીં ઉપજે કે ? મને તો તેમાં વધારે ખુશાલી ઉપજે છે !"

"પણ મને તારી સાથે બાહાર ફરવામાં વધારે ખુશાલી ઉપજે છે, તો તેમાં તારે વાંધો લેવો શું યોગ્ય છે ?"

બાહાર ફરવા આવવા માટેજ મારો ખાસ વાંધો નથી, પણ તેની સાથેજ તમે તો વળી ભપકો કરવાનુ અને ઠાઠમાઠ કરવાનું કહો છો તે માટેજ હું ફરવા આવવાની ના પાડું છું, અને તેવા ડોળઘાલુ સુધારાને માટેજ મને ઘણો તુચ્છકાર ઉપજે છે । એવો રોપ કરવામાંજ શું સુધારો થઇ જાય છે કે ? એ તો માત્ર પૈસાના કાંકરા કરવાનો નાચણવેડો ને ફેશનની શીશીયારીનો ફોગટ ફાંકોજ છે ! હા, તમે મને એવો સુધારો શીખવતા હો કે, સ્વામિની વધારે સેવા કરવી, સ્વામિની આજ્ઞામાં વધારે ને વધારે રહેવું, અને સ્વામિને સારી રીતમાં વધારે ને વધારે આનંદ આપવો, તો તે બાબતમાં આપ જે પણ યોગ્ય ફરમાવો તે બજાવવાને હું તૈયાર છું, પણ છકેલ, છાલકા ને છાકુંછર સુધારાને તો હું કદી પણ પસંદ કરનારીજ નથી, એ મારો સિદ્ધાંત છે, પ્રાણનાથ !"

' તું મારા મતથી તદનજ ઉંધી છે! તારા બોલવાનો અર્થ માત્ર એજ છે કે તને સાદાઇ પસંદ છે, જ્યારે મને ભપકો પસંદ છે. હું તને સાફ કહુ છુ કે તારે મારા મતને માન આપી હું કહું તેમ કરવુ પડશેજ. આજેજ તને મારકેટમાં મારી સાથે લઇ જઇ ફર્સ્ટક્લાસ બુટ, મઝાહનાં મોજા, હાથમાં લેવાની ફેશનેબલ છત્રી અને એ શિવાય બીજો ભપકાદાર ડ્રેસ અપાવવાનો છું, અને તે તમામ તારે સજવો પડશે. "

" અરર! પ્રાણનાથ ! તેવો વેશ કરતાં તો મારા મનને મહા પિડા ઉપજશે ! "

' એટલે! શું તેવો ભપકો મારા કહેવા છતાં પણ તું નહીંજ કરે ? "

" પ્રાણનાથ ! મેં તો માત્ર મારી મનોવૃત્તિ આપને જણાવી. હવે તે ઉપરાંત મને જે પણ આપ ફરમાવશો તે પ્રમાણે કરવાને હું આધિન છું–આજ્ઞાકિત છું. "

" પણ મને તો નવાઇ લાગે છે કે તને ભપકો કેમ પસંદ પડતો નથી ! "

" એવો એબિયલ ને અનીતિને ઉત્તેજન આપવા જેવો ભપકો શું કામનો ? જુઓ પ્રાણનાથ! સુધારો કરવાનો ચડસ સ્ત્રીઓમાં શું શું વધ્યો છે? માત્ર બુટ ને મોજાં પેહેરવામાં ! આંખે ચસ્મા ચઢાવવામાં ! વાદરિયા નકલ જેવાં માથાંના કેશના ગુચ્છા રાખવામાં ! બારીક અંગ વસ્ત્રો પેહેરવામાં ! પચરંગી પોલકાં અંગે ધારણ કરવામાં ! અને એકદરપણે ફેશનની શીશીયારી ફેલાવવામાંજ ! સુધારો આવીને આટલામાંજ અટક્યો છે! આનું નામ સુધારો તો નહીંજ, પણ અનીતિના અવળા ખરચો છે ! "

" તારૂં કહેવું શું એમજ છે કે બુટ, મોજાં ને પોલકાં સ્ત્રીઓએ વાપરવાં નહીં ? "

"વાપરવાંજ નહીં, એમ મારૂ કહેવુંજ નથી, પણ તેની સાથે જે ઠાલો ઠાઠ ઉમેરવામાં આવે છે તેજ નહીં કરવો. જેમકે આઠ ને દશ રૂપિયાનાં વિલાયતી બુટને બદલે રૂપિયા કે દોઢોડ રૂપિયાનાં દેશી સ્લીપરથી શુ નહિં ચાલે ? બુટ શા માટે પહેરવાં જોઇએ ? માત્ર પગના રક્ષણને માટેજ ! તો તેવા દેશી સ્લીપરથી શું પગનું રક્ષણ નહી થાય ? તેજ પ્રમાણે પોલકાની સીલાઇ પાછળ આજની ઉડાઉ યુવતિઓ પાચ-દશ-પદર-વીસ રૂપિયા ખરચી નાંખે છે ! તે શા માટે ? માત્ર મનમાં મનાયલો ભપકો કરવા માટેજ ! પોલકાં પણ શું સાધારણ ખરચની સીલાઇનાં થતાં નથી ? અને તેનાથી શુ અગ સચવાતું નથી ? એવીજ રીતે ખોટા ખરચો કરીને માત્ર ભપકાનોજ ચડસ ચાલુ થયો છે. અને તેવો અયોગ્ય ચડસ મને પસદ નથી ! મારા મત પ્રમાણે તો જેટલું જરૂરનુ છે તેટલુજ થવું જોઇએ; અને જે રીતસરનો ખરચ કરવો ઘટે તેજ કરવો જોઇએ, પણ બીજી રીતના ખોટા અને નીતિ વિરૂદ્ધ ખરચો કરી પૈસાના કાંકરાં કરવા જેવું તો થવું નહીજ જોઇએ ! દાખલા તરીકે કેટલાકો તો સ્ત્રીઓને કેળવણી આપવાનું પણ પસંદ કરતા નથી, તેમના મત સાથે હું મળતી નથી. સ્ત્રી કેળવણીની હિમાયતમાં હું છુ, પણ તે કેળવણીનો જે આડો ઉપયોગ થાય છે તે થવો નહીં જોઇએ, પણ તેનો સીધો ને સ્ત્રીના ધર્મને છાજતો ઉપયોગ થવો જોઇએ, અને તેમ થાય તોજ કેળવણીનું સાર્થક થાય. આજકાલની કેટલીક યુવતિઓ બે ચાર ચોપડીઓ ભણીને લગાર વાંચતાં લખતાં શીખી કે બસ જાણે પાર પડી ગઇ હોય તેવું ડોળ દેખાડીને છલકાઇ જાય છે ને બસ રોપ બજાવવાજ મંડી પડે છે ! તેમાં તેણીઓ પતિવ્રતાનો ધર્મ પણ ભુલી જઇ ગમે તેવાં અયોગ્ય આચરણો ચલાવે છે, એ શું કેળવણીનું

સાર્થક સમજવું કે? સ્ત્રીઓએ કેળવણી લઇને તેનો ઉપયોગ માત્ર પોતાનો ઘર સંસાર સુધારવામાં, પોતાના બાળ બચ્ચાંઓને સારી રીતે ઉછેરવામાં, અને પોતાના પતિની પરમ ભાવસહ પવિત્રપણે સેવા બજાવવામાંજ કરવો જોઇએ, તેવો ઉપયોગ હાલની યુવતિઓ શું કરે છે કે? અરે! હાલમાં તો ઘણી ખરી યુવતિઓ તેથી ઉલટુંજ વર્તન ચલાવી ઓર નાચણવેડા કરતાં પોતાના પતિને પજવવા જેવા નાટક ભજવે છે! તેવોજ નાટક મારી પાસે પણ આપ ભજવાવવાનું વાજબી વિચારતા હો તો ભલે! પણ તેનું પરિણામ સારૂ તો નજ આવે! તેમ છતાં જો આપ હઠજ પકડશો તો આપની આજ્ઞાને માન આપવાને ખાતર આપ જે ફરમાવશો તે પ્રમાણે કરવાને આપની આ તાબેદાર દાસી તૈયાર છે."

પ્રેમવંતિનુ આવું આખ્યાન સાંભળીને સુરતીલાલને બીજો કશો બોધ તો લાગ્યોજ નહીં, પણ તેણે એટલોજ વિચાર કીધો કે "હવે આને વધારે કહેવામાં સાર નથી. મને પોતાને ભપકો પસંદ છે, પણ આને તે પસંદ નથી તો હું હવે એને વધારે આગ્રહ નહીં કરતાં મારી બાળાનેજ ભપકો કરાવીને તેણીને ગાડીમાં સાથે લઇ રાતના ફરવા નીકળીશ." આમ વિચારી તેણે પ્રેમવંતિ પ્રત્યે જણાવ્યું "તારી લાંબી લાંબી વાતોનો સાર એજ છે કે તુ ભપકો પસંદ કરતી નથી ને મને તે પસંદ છે; પરંતુ હવે તને તારી મરજી ઉપરાંત તેમ કરવાને હું ચાહતો નથી. વળી આગળ જતાં જોઇ લેવાશે." આમ જણાવી સુરતીલાલ એકલોજ ગાડીમાં બેસીને ફરવા ગયો, અને બાળાને માટે ભપકાદાર ડ્રેસ બજારમાંથી વસાવીને તે તેણીને મકાને પોહોંચાડી પોતે સાયંકાળ થતાંજ પાછો પોતાને મકાને આવીને જમ્યો, અને પ્રેમવંતિને કહ્યું "હુ આજે નાટક જોવા

જનાર છું, માટે રાતના મોડો આવીશ." આમ કહીને તરતજ બાળાને ત્યાં ગયો.

બાળાએ તેને નિરખતાંજ પુછ્યું "આપ આ બધાં કપડાં ને સરસામન ઉપર મોકલીને બહારોબહારજ ચાલ્યા ગયા ને ઉપર કેમ ન આવ્યા વારૂ ?"

"જમવાનો વખત થઇ ગયો હતો, અને અત્યારે અહીં આવનાર હતો તેથી તે વખતે નહીં આવ્યો. વાહાલી ! પણ આ બધું તને પસંદ તો છે ને ?"

"મે ક્યાં ઉકેલીને જોયું છે ?! જેમ આવ્યું છે તેમનું તેમજ પડેલું છે."

"તો જો ! હું તને બતાવું" કહીને સુરતીલાલે તે બતાવવા માંડયુ "જો ! આ તારે માટે ફર્સ્ટ કલાસ બારીકમાં બારીક સાડી છે. એ પોણોસો રૂપીઆની છે !"

"હા આ સાડી તો મને બહુજ ગમે છે. તદ્દન નવી તરાહનીજ છે !"

"આ પોલકાંની સીલાઇનાજ માત્ર ચાળીશ રૂપીઆ આપ્યા છે, અને ખાસ યુરોપિયન ફેશન છે !"

"કેટલીક પારસણો પણ આવાંજ પોલકાં પેહેરે છે, અને મને એવાં પોલકાંની પણ ઘણીજ હોંસ હતી ! વાહલા ! એનો પણ ઘાટ બહુજ મઝાહનો છે !"

"વળી આ વિલાયતી બુટ પણ તદન જુદીજ જાતનાં લાવ્યો છું !"

"અલબત ! એના પંજાપરનાં ફુલ ઘણાંજ સરસ છે ! એ પણ મને પસંદ છે."

"અને આ ચસ્મા જોયાં કે ? સોનાની કમાનના કેવાં સોહામણાં લાગે છે વાહાલી !"

" પણ મારી આંખે પેહેરવાથી મને કેમ દેખાશે ? મારી આંખો તો સાફ છે, અને ચસ્માની મને કાંઇ જરૂર પડતી નથી તો એ ખર્ચ શા માટે કીધો ?

" એના કાચ સાફ છે તેથી કાંઇજ હરકત નહીં આવે, જે કોઇ પેહેરે તેનાથી દેખી શકાય. એ તો માત્ર શોભાને ખાતરજ લઇ આવ્યો છું. આ બધા ડ્રેસની સાથે આ ચસ્મા પેહેરશે તો તારો ચેહેરો બડો ફાંકડો ને ભપકાદાર દેખાશે ! અરે ! દુરથી તો જાણે કોઇ યુરોપીયન લેડીજ કેહેશે ! હવે સમજી ? "

" સમજી. આપના જેવા હોંસીલા તો મેં કોઇજ જોયા નહી જો !

" તું મારી અર્ધાંગના સમાન છે, તો તારે માટે મારે હોંસ ને ઉમેદ હોયજ. હવે આ બધો ડ્રેસ સજાવીને આજે મારે તને મારી સાથે નાટક જોવાને લઇ જવી છે. કેમ આવશેની ? "

" શા માટે નહી આવું ? આપ જ્યાં લઈ જાઓ ત્યાં આ-વવાને હું બંધાયલીજ છું; પણ આજે તો રવિવાર છે તે રાતનો નાટક કયો હશે વારૂ ?

" અરે હા ! બરાબર ! આજે તો રાતનો નાટક નહીજ હોય, માટે આજ તો ફકત ફરવા જઇશુ. અને નાટક જોવાને શનીવારે જઇશું. કેમ, ઠીક કેની ? "

" જેમ આપની ઇચ્છા. પેહેરૂ કપડાં ? કે હજી વાર છે ?

" તું કપડાં પેહેરવા માંડ, એટલામાં તૈયાર થતાં નવ વાગશે એટલે નીકળીશું. "

" બહુ સારૂં, " કહીને બાળાએ વસ્ત્રાલંકાર સજવા માંડયા.

નવ વાગતાંજ તેઓ બન્ને એક ભાડાની ગાડી મંગાવીને ફરવા ગયાં, અને ખુબ રખડીને રાતના છેક એક વાગતે પાછાં ફર્યાં, અને

તે પછી બાળાએ કોફી તૈયાર કરાવી, જે પીધા પછી અઢી વાગતાને સુમારે સુરતીલાલ પોતાને મકાને ગયો

"પ્રાણનાથ ! આપને આવતાં બહુ રાત ગઇ જો ! " પ્રેમવતીએ સુરતીલાલને જોતાંજ પુછ્યું.

"અઢી વાગ્યા છે, અને નાટક પૂરો થતાં એટલો વખત તો થાયજ."

"પણ આજે તો રવિવાર હોવાથી દાહડાનો નાટક થાય છે, પણ રાતનો થતો નથી ! "

"આજ ખાસ ખેલ હતો તેથી રાતના નાટક થયો હતો,"

"ઠીક ! હવે સમજી !" કહીને તેણીએ વળી બીજી વાત પુછી "વારૂ પ્રાણનાથ ! આ મહિને આપને વેપારમાં નફો છે કે નુકશાન છે ? "

"તું પણ કેવી મુરખ ! તારે એવી બાબતની પડપુછ કરવાની શી જરૂર ? "

"જરૂર બીજી કશી નહી, પણ એટલાજ માટે કે તમને લાભ થાય તો તે સાભળીને મને આનદ ઉપજે. તેને માટેજ પૂછુછુ પ્રાણનાથ ! "

"નહી ! એવી બાબતમાં તારે માથુ નાંખવુંજ નહીં." કહીને સુરતીલાલ પોતાની પ્રિયાની સાથે કાઇપણ વિશેષ ભાષણ નહીં કરતાં સૂઇજ ગયો.

બિચારી પ્રેમવંતિને નિંદ્રા નહીં આવી, તે પરિતાપ કરવા લાગી કે "કોઇ દાહડો નહી ને આજેજ એમણે મને વાત કરતાં તોડી પાડી, એ મને નવાઇ લાગે છે ! કદાચ સુધારાની વાત મેં આજે એમની સમક્ષ લંબાણુ કરી હતી તેથી એમને ખોટું લાગ્યું હશેજ; અને

તે કારણથીજ અત્યારે એમનાં મનમાં કંઇક રોષ જેવું લાગે છે ! માટે હવે તો પ્રભાત થતાંજ એ બાબતમાં એમની સાથે કેટલીક વાતચીત કરીશ તો એમના મનનો ભેદ સમજી શકાશે." આમ વિચાર કરીને તેણી પણ નિંદ્રાવશ થઇ.

પ્રભાતમાં ચા લીધા પછી આસ્તેથી સમય જોઇ પ્રેમવંતિએ કહ્યુ "પ્રાણનાથ ! આપની સાથે એકવાર તો મને નાટક જોવા લઇ જાઓ !"

"છટ, છટ ! તને સુધારો પસંદ નથી તો નાટક જોવાને પણ મારે શા માટે લઇ જવી જોઇએ ?!"

"હવે સમજી. આપને મારી ગઇ કાલની વાતો ઊપરથી ગુસ્સો લાગ્યો છે ! પણ આપે મારા પ્રત્યે એવો ગુસ્સો રાખવો તે મુનાસબ નથી. જે પણ કહેવું હોય યા ઠપકો દેવો હોય તો તે મને આપ તડ ને ફડ કહી દો, પણ ગુસ્સો તો મનમાં રાખી નહીંજ મુકો !"

"હવે એવી કટકટ તારી સાથે હું કરવા માંગતોજ નથી, અને તારે પણ મારી સાથે એવી પંચાત કરવી નહીં," કહીને તે દિવાનખાનામાં ચાલ્યો ગયો."

આથી પ્રેમવંતિને ઘણુંજ માઠું લાગ્યું. તેણી વિચારવા લાગી કે "હવે એમનાં મનમાં ભરાયલો ગુસ્સો કોઇપણ રીતે દુર તો કરવોજ જોઇએ; માટે હવે તો ભોજન કીધા પછી એમની સાથે શાંતપણે નરમાશથી વાતચીત કરીશ. હમણાં હવે વધારે છેડવામાં મઝાહ નહી." આમ મન વાળી તેણી પોતાના ઘરકામમાં ગુંથાઇ."

સુરતીલાલ દિવાનખાનામાં ગયો તે પહેલાં કેટલાક દલાલો તેની રાહ જોતાજ બેઠા હતા, અને તેને જોતાંજ દલાલોએ બજારના ભાવતાલ બબડવા માંડયા, અને સુરતીલાલે કેટલાક સોદા પણ કીધા.

"'સાહેબ! આ મહિનામાં અત્યાર સુધીના તમામ સોદા લેવાણુ અને વેચાણુ સરખા થઇ ગયા છે, અને આજે નવા સોદા કીધા છે તેજ સરખા કરવાના રહેસે. મુનીમે કહ્યું.

" હા. તે તો મારી ધ્યાનમાં છે; પણ અત્યાર સુધીમાં કેટલીક ખોટ લાગી હશે, તેનો કાંઇ અડસટો કહાડયો છે ખરો કે?"

" હાજી. આશરે વીશેક હઝારની ખોટ છે."

" વારૂ. હરકત નહીં હજી દાહડા ઘણા બાકી છે. વળી જોઇ લેવાશે."

" એ તો આજના સોદામાં જો પરમેશ્વર કરે ને સવળો પાસો પડે તો ખોટ નીકળી આવતાં શું વાર લાગે? અરે! ભગવાન કરે તો ઓર નફો થઇ જાય!"

" અંહ! થવાનું હશે તે થશે. એ તો રોજગાર છે. નફાએ મળે ને નકશાને જાય. એમજ ચાલે. બારે દહાડા કંઇ સરખા જાય છે કે? નરમ ગરમ થયાજ કરે." આમ કહીને સુરતીલાલ ભોજન કરવાને માટે અંદર ચાલ્યો ગયો.

" ભોજન કરતાં દરરોજ સુરતીલાલ તરેહવાર ગપાટા, ચલાવતો પણ આજે તો નીચું જોઇને ઝટપટ ખાઇને ઉઠી ગયો જેથી પ્રેમવતિ ને વળી વધારે દિલગીરી ઉપજી, અને ભોજન કરી રહ્યા પછી તેણીએ સુરતીલાલને પાનસોપારી આપ્યા પછી જાણીજોઇને પ્રફુલ્લિત ચેહેરો કરીને પૂછ્યું ".પ્રાણનાથ! આપને માટે એક નવી તરાહના બુટ ભરવાનાં છે, માટે મેહેતાની પાસે કેટલુંક રેશમ મંગાવવું છે તે મંગાવું કે?"

"કંઇજ જરૂર નથી. મને તેવાં બુટ પેહેરવાનો શોખજ નથી."

" પણ આતો તદ્દન નવીજ તરાહનાં થશે ને તે ઘણુંાંજ સારાં લાગશે. "

" પણ સારાં કે ગમે તેવાં–મને પસંદજ નથી તેનુ કેમ ? "

" પ્રાણનાથ ! જરૂર આપ ગુસ્સામા આમ બોલો છો ! કહેતાંજ તેણીની આંખોમાં આંસુ આવ્યાં અને તેણી બોલી મારા ઉપર આપ આમ ગુસ્સો રાખો છો તેથી મને ગઇ કાલનું ચેનજ પડતું નથી ! મારો કાઇ પણ અપરાધ થયો હોય તો તે માફ કરો, પણ કૃપા કરી ગુસ્સો રાખો નહીં. "

" તું તો ઘેલી છે, એમાં ગુસ્સો શાનો વળી ? કહી સુરતીલાલે વાત ઉડાવી !

" પણ ત્યારે આપ મારી સાથે ખુશાલીમાં કેમ બોલતા નથી?"

" આજકાલ મારો જીવ લગાર ધંધા રોજગારમાં વધારે ચોંટેલો રહે છે. તેથી ધધા રોજગાર વગરની બીજી કઇ પણ વાત-ઉપર મારૂ મન લાગતુ નથી, આજ મુખ્ય સબબ છે; માટે તારે ઓછું લાવવાનુ કઇજ કારણ નથી," કહીને સુરતીલાલે તેણીને જરાક શાંત કરી, અને પોતે દીવાનખાનામાં જઇ બેઠો,

" થોડીવારમાંજ બીજા દલાલો પણ આવ્યા, અને ભાવતાલ તેમની મારફતે જાણીને સુરતીલાલે વળી બીજા પણ કેટલાક સોદા કીધા અને તે પછી પોતે સૂતો.

" બપોરના ચા પીધા પછી એક જણો તેની સાસુને ત્યાંથી દોડતો આવીને સમાચાર લાવ્યો કે " નવીનબાઇને એકદમ તાવ ભરાઇ આવ્યો છે, અને આપને બોલાવે છે; આમ સાંભળતાંજ સુરતીલાલ તથા પ્રેમવંતિ ત્યાં ગયા, અને તાબડતોબ ડોકટરને બોલાવતાં ડોકટરે મરકીનો હુમલો થવાનું જણાવ્યાથી પ્રેમવંતિના તો હોંસકોસજ

ઉડી ગયા અને તેણી ગભરાઇ ગઇ. સુરતીલાલે તેણીને ધીરજ આપી અને પછી સામટા ચાર ડોકટરોને બોલાવી તેઓની સલાહ પ્રમાણે ઉપચારો કરવા માંડયા, પણ કંઇજ વળ્યું નહીં. આખરે ત્રીજે દિવસે નવીનબાઇનુ મરણ નીપજ્યુ, અને તેથી પ્રેમવંતિને અત્યત શોક વ્યાપ્યો ! તે પછી કેટલેક દાહાડે તેણીનો શોક સતાપ વખત વિતતાં શાત પડવા માંડયો.

" શનિવાર આવ્યો. આજે સુરતીલાલે બાળાને લઇને નાટક જોવાનો ઠરાવ રાખેલો હોવાથી નાટક જોવાને તો જવું જોઇએજ પણ પોતાની સાસુને મરી ગયાં ને હજી તો માત્ર છજ દિવસ થયેલા હોવાથી નાટક જોવાનુ કહેતાજ પ્રેમવતિને ખરાબ લાગે, માટે તેણે જુદુજ કારણ અડાવતાં કહ્યું, વાહાલી ! આજે તો મારે પેલા એક મારવાડી વેપારીને ત્યાં હરિકીર્તન સાંભળવા જવુ પડશે ને તેથી રાત્રે છેક મોડો આવીશ. "

" મારી માતુશ્રીના શોકમાં હરીકીર્તન સાંભળવા જવાય કે ?"

" તેમાં શું છે ? હરીનુ ભજન સાંભળવામાં કાંઇ શોક હોયજ નહીં ! "

" તે તો તમે જાણો. લોકમાં કોઇ ખરાબ નહીં કહે તો બસ."

" એમાં કોઇ ખરાબ કહેજ નહીં. વાહલી ! ભગવતનું ભજન સ્મર્ણ કરવું યા સાંભળવું, તે બાબતમાં શોકનો વાંધો આવેજ નહીં. જેના એકના એક દીકરા મરી જાય છે, તેઓ પણ ભગવતનાં ઉત્સવોમાં ભાગ લેવામાં તો હરકત ગણતાંજ નથી. "

તો ભલે ! મને કાંઇ તેને માટે ખાસ વાંધો નથી. "

" વાંધા જેવું છેજ નહીં " કહીને મુરતીલાલ તુરતજ બાળાને ત્યાં જવા નીકળ્યો.

રસ્તામાં ઘડીઆલ તરફ નજર કરતાં હજી માત્ર સાત વાગેલા હોવાથી મુરતીલાલ વિચાર કરવા લાગ્યો " બાળાને ત્યાં હજી જતાં વાર લાગશે તો હરકત નહીં; કેમકે હજી તો ઘણીવાર છે; માટે નાટકમાં જોવા જતાં સાથે બે પંખા જોઇશે, ને બીજી ચીજો પણ લેવી છે, માટે મારકેટમાંજ જાઉં. " આમ વિચાર કરીને તેણે મારકેટ તરફ ગાડી લેવડાવી, અને એક ભપકાદાર દુકાનમાં તે ચઢ્યો, ત્યા જરા આમ તેમ નજર નાખતાં તેણે દુકાનદારને હુકમ કીધો " આ પંખાની એક જોડ આપો. એક ડજન રૂમાલ આપો, સેંટની બાટલીઓ આપો, અને આ ટુવાલની જોડી એક આપો. " આટલી ચીજો લઇ માલનું બીલ ચુકવી તે મેવાવાળાની દુકાને ગયો, અને ખારેક, બદામ, પસ્તા વીગેરે લીધા, અને તે પછી બાળાને ત્યાં ગયો.

" ઓહો ! વળી આ શું બધું લઇ આવ્યા ? બાળાએ પૂછ્યું !"

" જો તો ખરી ! કેવી નમુનેદાર ચીજો લાવ્યો છું ! "

" અરે ! પણ આ પંખાનો ખરચ શા માટે કીધો ? પંખા તો મારે ત્યા ઘણાંએ પડેલા છે ! લગભગ અરધો ડજન હશે ! "

" તેને શું કરે ! તે તો કચરો ! નાટકમાં તે પંખા કંઇ શોભે કે ? આ પંખા તો સાત રૂપિયાની જોડી છે ! આનું નામ તે પંખા ! "

" અને આ સેંટની બાટલી લાવ્યા તે ઠીક કીધું; કેમકે સેંટનો તો મને ઘણોજ શોખ છે. મારે ત્યાં સેંટની તો ઘણીએ સીસીઓ છે, પરંતુ આવી તો નથીજ ! આ તો ઘણીજ ઉંચી જાતનું સેંટ લાગે છે ! અને તેથી કીંમત પણ ઘણી મોહોટીજ હશે ? !"

" અલબત ! પંદર રૂપીઆની એક બાટલી છે ! "

"ખરે ! તમે જે કાંઇ લાવો તે ઉચું અને પેહેલા નબરનુજ ! " કહીને તેણીએ બીજી ચીજો જોયા પછી પેલાં મેવાનાં પડીકાં તપાસીને કહ્યું " વળી આ બદામ વીગેરે શા માટે લાવ્યા ? તેની શી જરૂર હતી ? "

"એ તો નાટકમાં વીસામાનો ડ્રાપ પડે તે વખતે ખાવાને માટે" કહીને સુરતીલાલે જણાવ્યું " હવે તું કપડાં પેહેરીને તૈયાર થઇજા."

" મને કાંઇ વાર નહી લાગે. હું તો અઘઘડી તૈયાર થઇ જઇશ. આપે ટીકીટ તો લીધી છેની ? "

" ટીકીટ તો બપોરની રીઝર્વડ કરાવી છે, માટે અહીંથી પોણાનવ વાગે નીકળીશું તોપણ વખતસર પોહોંચી શકાશે, "

" અને હું તો તે પેહેલાં તૈયાર થઇ જઇશ. "

" જોજે ! બરાબર ભપકો કરજે ! જરાપણ ખામી નહીં આવે. મને કાંઇ પણ ખામીવાળું તો પસદજ નથી, એ મારી ટેવ તું જાણે છે."

" મારા વહાલા ! ખામી શા માટે રાખું ! આપ મને ખામી વગરની વસ્તુઓ લાવીને આપો છો તો પછી હું પણ ભપકો કરવામાં ખામી શા માટે રાખું ? " આમ કહીને તુરતજ તેણીએ વસ્ત્રાલંકાર સજવાં શરૂ કીધાં અને તે પછી બરાબર પોણાનવ વાગતાંજ તેઓ બન્ને ભાડાની વિક્ટોરિયામાં બેસીને કોટમાં નાટકશાળા તરફ ગયા. અને બરાબર વખતેજ નાટકશાળામાં દાખલ પણ થઇ ગયાં.

પ્રકરણ ૧૨ મું.

દોહરા

નાટક-ચેટક નિરખતાં, નામોશી ધરી નામ,
સુરતીલાલે શોખમાં, કીધું છે બદનામ;
ઢેડ ફજેતી થઇ અને, મળ્યો બધે ફિટકાર;
પોકળ આખર ફુટીયું; થુ થુ થયો અપાર !

નાટકની નસિહત અને મુશીબતનાં મોજાં.

બાળાનો ઠાઠ પણ ખુબ હતો! નાટકમાં નમુનેદાર નાટક તો બાળાનોજ બનેલો જોવામાં આવતો હતો! તેણીએ સજેલો શણગાર કોઇ પણ કામગ્ર પુરૂષનાં મનને ચળવચળ કરવાને સમર્થ હતો! આકાશની વીજળી ગમે તેવી વજ્ર વસ્તુને પણ ચીરી નાંખવાને મહા બળવાન હોય છે, તેવીજ રીતે બાળાનો ભવ્ય ભપકો નાટકની નિશામાં કોઇ પણ અચળ મનના મનુષ્યને પણ પોતાના રજોગુણુના રંગથી રંગી નાંખવાને ચુકે નહી તેવોજ હતો.

તેમાં તો શકજ નહીં ! બે કાનમાં બે એરીંગ, મસ્તકનાં કેશના અંબોડાપર સુગંધીદાર પુષ્પોની વેણી, કપાળમાં લાલ કુંકુમનો ગોળ ચાંદલો, હાથમાં સુવર્ણની નવીન તરાહની ચાર બંગડીઓ, કંઠને વિષે નમુનાદાર નેકલેસ, સુંદર સાડી, પ્રિયકર પોલકું, વિલાયતી હોલ બુટ, અને તે સર્વની સાથે તદ્દન નવીજ કાશમીરી શાલ અંગપર આચ્છાદન રૂપ મર્યાદમાં મનાયલી હતી. તેણીનો ઠાઠ નાયકણીને બદલે એક તવંગર ગૃહસ્થાણીની ઉપમાને યાદ કરાવવા છતાં નાયકણી તરીકેના તેણીના નખરા તો જેવા ને તેવાજ હોવાથી, તેણીએ ગૃહસ્થાણીમાં ગણાવાને ગમે તેટલું ડોળ ઘાલવાને પ્રયત્ન કરવા છતાં પણ ચોખ્ખીચટ નાયકણી તરીકેની તેણીની છાપ કાંઇ છાની રહી શકતી નહોતી ?

નાટયગૃહમાં તેઓ બને રોપબંધ પોતાની રીઝર્વડ કરેલી બેઠકોપર જઇને બેઠાં. નાટક કંપનીનો કાયદો હતો કે " વેશીયા સ્ત્રીઓને દાખલ કરવામાં આવશે નહીં. " આ કાયદો સુરતીલાલ સારી રીતે સમજતો હોવાથી બાળાને એક ગ્રહસ્થાણીમાં ખપાવવાને તેણે દરેક કોશિષ કરી હતી, અને તેણીની સાથેજ પોતે પણ હોવાથી પોતે પણ દક્ષણીમાં ખપાવવા માટે પગમાં દક્ષીણી જોડા અને દક્ષણી ફેંટો મસ્તકે મૂકયો હતો. વળી આંખે ચસ્મા ચઢાવી પોતે કોઇ મોહટો ઇગ્લીશ માસ્તર હોવાનો ફાંકો પણ બતાવતો હતો; જો કે તેનું ઇગ્રેજીનું જ્ઞાન તો માત્ર સાડા ત્રણ સ્ટાન્ડર્ડ જેટલુંજ હતું ! વળી તેણે કાનમાં ત્રણ મોતીની વાળી લટકાવી હતી, તેમજ આંગળીપર હીરાની કિંમતી વીંટી પણ પેહેરેલી હોવાથી જાણે કોઇ ધનવાનનો પુત્ર હોય, તેવો સજજડ સ્વાંગ કીધો હતો !

નાટકશાળામાં તેઓ પ્રવેશતાંજ ડોરકીપરને શક તો ગયોજ હતો કે " જરૂર, આ કોઇક વેશીયા સ્ત્રી છે ! " પણ કદાચ ગ્રહસ્થી

પણુ હોય ! ” આવા ડગમગાટથી ડોરકીપરે તત્કાળ વાંધો ઉઠાવવાની હીંમત કરી નહીં.

પણુ નાટકશાળામાં તે બનાવટી જોડું બિરાજમાન થતાંજ ત્યાં બેઠેલાઓના ડોળા ઉંચા નીચા થઇ ગયા, અને માંહોમાંહે ગુસપુસનો ગણુગણાટ ચાલુ થયો ! કોઇ આંગળી કરી ઓળખાવે ને કોઇ આંખોના અણુસારાથીજ તેમને બતાવે ! આ પ્રમાણે ઓરચેસ્ટ્રામાં મુંગો પણુ જોસબંધ સણુસણાટ ચાલવા માંડયો, અને તેટલામાંજ નાટકનો પ્રારંભ થવાથી હાલ તુરત તો કાંઇક શાંતિ થઇ ગઇ.

દરમ્યાન ડોરકીપરોનો વડો–મુકાદમ આવીને તે કલાસના દરવાજા આગળ રાખેલા ડોરકીપરને ઠપકો દેવા લાગ્યો “ તમે અહીં તપાસ કરો છો કે હજામત કરો છો ? વેશીયા સ્ત્રી ઓરચેસ્ટ્રામાં દાખલ થઇ છે તેનું પણુ તમને ભાન નથી ? ”

“ સાહેબ ! મને તો પ્રથમજ શક ગયો, પણુ મને તેણીને અટકાવતાં ધાસ્તી લાગી કે “ કદાચ ગ્રહસ્થી સ્ત્રી હોય તો પીડા થઇ પડે ને અપમાન લાગે ! ’ આવી ધાસ્તીથી હું અચકાઇ ગયો. તેણીનો દેખાવ તો તદ્દન ગ્રહસ્થની સ્ત્રીના જેવોજ લાગે છે ! હજી પણુ મને તો શકજ છે ! ”

“ શક શાનો ? આખી નાટકશાળામાં ચરચા ચાલી રહી છે ને ! ”

“ પણુ ત્યારે હવે કરવું શું ? ડ્રૉપ પડે તે વખતે વાત. ”

“ નહીં. હવે તો અખાડાજ કરવા. જાણે જાણુતાંજ નથી ! તેમ છતાં કોઈ ફરિયાદ કરશે તો તે વખતે જોઇ લેવાશે. ” કહીને મુકાદમ પસાર થઇ ગયો.

વાંચનાર ! હવે ફજેતી કેવી રીતે થઇ ? તેજ વખતે નાટકશા-

ચીત્રનં-૧૩) સુરતીલાલ અને નાચકણી નાટકમાં

વેસ્ચારથી ઓરચેસ્ટામં [illegible] ગઈછે.(પા.૨૪૨).

ળામાં સુરતીલાલની ન્યાતનોજ એક શખ્શ, જેનું નામ નટવરલાલ હતું તે પોતાની સ્ત્રી ગોમતી સંગે નાટક જોવાને આવ્યો હતો, તેણે પણ સુરતીલાલને જોયો હતો, અને ન્યાતમાં ચાલતી કેટલીક ખટપટના સંબંધમાં તેને સુરતીલાલની સાથે જબરૂં બિયા બારૂં ચાલતું હતું.

ગોમતીએ સુરતીલાલને નાટકમાં બાળાની સાથે પ્રવેશ કરતાંજ પોતાના પતિને કહ્યું "પ્રાણનાથ! આ તો આપણી ન્યાતનો પેલો સુરતીલાલ છે, અને તે વળી પોતાની સાથે કોઇ રાંડને લઇ આવ્યો છે જો!"

નટવરે તેની તરફ જોતાંજ તેણે પણ કહ્યું "હા! બરાબર! કોઇ રાંડનેજ પોતાની સાથે ઉપાડી લાવ્યો છે! વાહરે વાહ! એ પણ ખાસી!"

"નાટકશાળામાં આવી રીતે રાંડને લાવી શકાય કે?"

"કદી નહીં. નાટકવાળાઓનો તો કાયદોજ છે કે, વેશીયા સ્ત્રીને દાખલ કરવી નહીં; તેમ છતા ભુલચુકથીજ આ બાબત પસાર થઇ ગઇ છે! ઠીક છે હવે એની ફજેતી હું બરાબર કરાવું છું. લાગ તો બડો મઝાનો આવ્યો છે! ન્યાતમા તો બહુ બહુ સફાઇની વાતો કરે છે, પોતાને મોહોટામા ખપાવવા માટે તકીયે ટેકવીને બેસે છે, અને જેની તેની સાથે મિજાજથીજ વાતો કરે છે! આજ એનો મિજાજ કહાડવાનો આ લાગ બરાબર હાથમાં આવ્યો છે! પડદો પડે ત્યારે વાત."

"તમે કેવી રીતે એની ફજેતી કરશો? પ્રાણનાથ!"

"તું જો તો ખરી! બરાબર ફજેતી ઉડાવું છું ને ઉઠાડી મુકાવું છું!"

એટલામાંજ પડદો પડયો, અને નટવરે બાહાર નીકળી ડોરકીપરને કાનમાં કહ્યું " સાહેબ ! નાટકશાળામાં વેશ્યાને બેસાડવાનો કાયદો છે કે ? "

" ઓહ નો ! કદી નહીં. "

ત્યારે પેલી વેશીયા રાંડને લઇને પેલો બેઠો છે તેનું કેમ ? " નટવરે આંગળીથી બતાવીને કહ્યું.

" એ વેશીયા છે કે ગ્રહસ્થી સ્ત્રી છે ? "

" વેશીયા છે, અને એમને હુ બરાબર ઓળખુ છું. "

" તો મેહેરબાની કરીને જરા સબુર કરો " કહીને ડોરકીપર તરતજ મુકાદમને બોલાવી લાવ્યો, અને નટવરને મેળવી આપતાં નટવરે તેને તમામ વાત સમજાવી ખાત્રી આપી. અને તેથી મુકાદમને પણ હિમ્મત આવી. "

" વારૂ ઠીક છે ! તમે તમારી જગ્યા ઉપર બેસો. હુ એનો રસ્તો કરૂં છું. મેહેરબાની કરીને ગડબડ કરશો નહી. હું એને અબઘડીજ ઉઠાડવાની તજવીજ કરીશ. "

" ઠીક ! " કહીને નટવર મનમાં મલકાતો પોતાની જગ્યા ઉપર જઇને બેઠો.

પણ એટલામાં તો ખેલ પાછો શરૂ થયો, તેમ છતાં મુકાદમે અંદર જઇને સુરતીલાલને ઇસારતથી બહાર બોલાવીને પુછ્યુ " આ તમારી સાથે બાઇ છે તે કોણ છે ? "

મારી પોતાની સ્ત્રી છે. કેમ વારૂં ? તમારે પુછવાનું શું કારણ ?

" પુછવાનુ કારણ એજ કે, અહીં વેશીયા સ્ત્રીને દાખલ કરવાનો કાયદો નથી, અને એ સ્ત્રી વેશીયા છે એવી સખત ફરીઆદ આવી છે; માટેજ પુછવું પડે છે. જો એ સ્ત્રી ખચીતજ વે-

શીઆ કરશે તો તમારાપર નાટકશાળાના કાયદાનો ભગ કરવા માટે તમને તાબડતોબ પોલીસને સ્વાધિન કરવામાં આવશે, માટે જો વે-શીયાજ હોય તો મેહેરબાની કરી તેણીને બાહાર લાવી મુગે મોંઢે અહીંથી પસાર થઈ જાઓ। વધુ ગડબડ કરવામાં આબરૂ ગુમાવશો ને તમારા જેવા સારા માણસની ફજેતી થશે! અમને એક કરતાં વધુ રીતે ખાત્રી આપવામાં આવી છે કે એ વેશીયાજ છે, અને એ કયાં રહે છે તે તમામ બાતમી પણ અમને મળી છે, માટે જો ગુપચુપ પસાર થઇ જશો નહીં તો અમને મળેલા શાક્ષી તેમજ પુરાવાને આધારે અમે તેણીનો હાથ પકડીને બહાર કહાડી પોલીસને સ્વાધિન કરીશુ ને તેની સાથે તમને પણ પોલીસ આગળ રજુ કરીશુ। તો પછી તમારી શોભા શુ રહેશે? માટે મેહેરબાની કરીને સમજી વિચારી તેણીને લઇને અહીંથી રસ્તો માપી જાઓ તો સારી વાત છે।।"

આ સાંભળીને સુરતીલાલ તો ઠડોજ થઇ ગયો. અને તેનો ચેહેરો ઉતરી ગયો। આ જોઇ મુકાદમને વધારે જોર આવ્યુ, અને તે સમજીજ ગયો કે "આમાં કાળુજ છે!" આમ ખાત્રીથી માની લઈ તેણે વધારે દમામમા જણાવ્યુ "હવે કહ્યું તેમ કરો છો કે પોલીસને બોલાવુ? તમારો વિચાર ફજેતી કરાવવાનોજ છે? સીધી આબરૂમાં માની જાઓ, નહીતો આબરૂથી બેઆબરૂ થશો।"

સુરતીલાલ સડક થઇ ગયો ને તે ગગળી પડી બોલ્યો "સાહેબ! એ તો મારી ખાસ રાખેલી સ્ત્રી છે પણ કાંઇ રખડતી રાંડ નથી."

"હવે રાખેલી ને રખડતી! બધીએ ઠીક। છાનામાના કહ્યું તેમ કરો. અને વધારે ઢીલ કરશો તો મારે મારી સત્તા ચલાવવી પડશે!"

તરતજ સુરતીલાલે અંદર જઇને બાળાના કાનમાં કાંઇ કહ્યાથી તેણી ઉઠી અને તેઓ બન્ને બહાર નીકળતાંજ તમાશગીરોમાંથી

"હીસ--હીસ" થયું, તેમજ પેલા નટવરે તાળી ટીપવાની શરૂઆત કરતાંજ તાળીઓના અવાજ સાથે "હુરીયો! હુરીયો!!" ના અવાજથી પણ નાટકશાળા ગાજી રહી! છેવટે મુકાદમ વીગેરેએ મળીને "ઓર્ડર–ઓર્ડર" ના અવાજો કરી તમાશગીરોને ચુપ કીધાં.

સુરતીલાલ અને બાળા છેકજ નંખાયલા વદને બહાર નીકળીને ગાડીમાં બેસી ચાલતા થયા, રસ્તામાં બાળાએ પુછ્યુ "કેમ વારૂ? આપણે વેહેલા કેમ ઉઠી આવ્યા? હજી નાટક ખલાસ થવાને તો ઘણી વાર છે?"

"મારૂ માથુ દુખવા આવ્યાથી ઉઠવુ પડયુ" સુરતીલાલે ઓઠું ગોઠવ્યું! પણ, બાળા તો બધુ ભોપાળુ સમજીજ ગઇ હતી, અને તેથી તેણીએ તે વાતની વધારે ચોળાચોળ પણ નહીં કરી, એટલામાં તેણીનું મકાન આવતાંજ તેણીને ગાડીમાંથી ઉતારીને સુરતીલાલ પોતાને ઘેર ગયો, અને ઉદાસ થયલો હોવાથી તાકીદે સુઇ ગયો.

બીજે દિવસે પ્રભાતમાં ઊઠતાંજ પ્રેમવંતિએ પુછ્યુ "પ્રાણનાથ! રાત્રે હરિકીર્તનમા ગયા હતા ત્યાંથી કાંઇ પ્રસાદ તો લાવ્યા નહીં!"

"પ્રસાદ થોડોક હાથમાં આપ્યો હતો તે ત્યાં એક નાનો છોકરો બેઠો હતો તેને આપી દીધો. પડીયામા પ્રસાદ આપ્યો હોત તો અહીં લાવતે."

"એમ કેમ વારૂં? સત્યનારાયણની કથામાં પડીયા ભરીને પ્રસાદ આપવાનો રીવાજ છે ને હરિકીર્તનમાં શું તેવો રીવાજ નથી?"

"રીવાજની વાત નથી, પણ પોતાની ઉલટ ને ઉદારતાની વાત છે. આ તો મારવાડીભાઇ પડયા, એટલે કસર કરે. જો કે છે તો મોહોટો પૈસાવાળો, પણ જીવ કયાંથી લાવે?! એ લોકો ઘણું

કરીને કેસરીયાજ!" કહીને સુરતીલાલે જ્યાં ત્યાંથી વાત માંડી વાળીને કહ્યું "અત્યારે તો કોફી બનાવજે. રાતનો ઉજાગરો છે તેથી કોફી પીવાથી જીવને ઠીક લાગશે. વળી માથું પણ ભમતું બંધ પડશે."

"વારૂ પ્રાણનાથ!" કહીને તેણીએ કોફી બનાવવા માંડી.

સુરતીલાલ ન્યુસપેપર વાંચવામાં રોકાયો અને કોફી તૈયાર થતાંજ તે પીને તે દિવાનખાનામાં ગયો. સટ્ટાના દલાલો ત્યાં બેઠેલાજ હતા, જેઓ સુરતીલાલની આસપાસ વીંટળાઇ વળ્યા; અને ભાવતાલ તેમણે બડબડવા માંડયા, જે સાંભળીને સુરતીલાલ તો સડકજ થઇ ગયો, કેમકે તેને મોહોટી ખોટ હતી! તેમ છતાં હિમ્મતથી વધારે સોદા કીધા. અને મનમાં એટલોજ ઠરાવ કીધો કે "નુકશાન આવશે તો ક્યાં આપવાનું છે! હવે તો આ પાર કે પેલે પાર! જે થાય તે ખરૂ!" આમ '**દોરી લોટા**' ની દાનત રાખી, અને તેથી '**જેવી દાનત તેવી બરકત!**' એજ કેહેવત પ્રમાણે બને તેમાં શું નવાઇ!

મુનીમ પણ મનમાં ગભરાવા લાગ્યો કે "શેઠ આંખો મીંચીનેજ ડોહોળે છે, પણ પરિણામ સારૂં નહીં આવે!" આમ ચિંતા કરતો મૌન્ય રહ્યો.

પાછલા પોહોરના ચાર વાગતાને સુમારે સુરતીલાલ ગાડી જોડાવીને ફરવા ગયો, અને પ્રેમવંતિ મંદિરે દર્શન કરવા ગઇ. મંદિરમાં આજે ભારે ભીડ હતી, કેમકે એકાદશીનો પર્વ હતો. ત્યાં પ્રેમવંતિની ન્યાતની બીજી સ્ત્રીઓ પણ દર્શન માટે આવી હતી, જેમાં પેલી ગોમતી કે જે નાટકમાં પોતાના પતિ નટવર સંગે ગઇ હતી તેણી પણ હતી. તેણીએ ચાહીને અને રાતની વાત છછેડવાને પ્રેમવંતિને બોલાવી, અને પુછ્યું "કેમ બેહેન સારા તો છો ને ?!

"હા બેહેન અને તમે પણ ખુશીમાં તો છોની ?"

“ હા. ” કહીને ગોમતીએ પુછ્યું “ કેમ, રાતના તમે કાંઇ નાટકમાં નહોતા ?

“ નાટક ! નાટક કેવો વળી ?! શાનો નાટક ?! ”

“ કેમ તમને ખબર નથી ? ગઇ રાતના તમારા વર તો નાટકમાં આવ્યા હતા ! ”

“ આવ્યા હશે ! મને તો તે વાતની ખબરે નથી. એમના કોઇ દોસ્તદાર સાથે હશે ! ”

“ નારે ! તેમની સાથે તો કોઇ બાયડી હતી અને તેથી પ્રથમ તો હું છેતરાઇ કે જાણે તમેજ હશો. અને તેમ ધારીને હું તો મારી જગ્યા ઉપરથી તમને બોલાવવા માટે ઉઠતી હતી, પણ મારા વરે મને રોકી અને તેમણે કહ્યું કે એ કાંઇ સુરતીલાલની વહુ નથી, પણ કોઇ રાંડ છે ! આ સાંભળીને હું અચકાઇ ગઇ, અને એટલામાં તો તમારા વરને તેમજ તેમની સાથેની રાંડને ઉઠી ગયેલાં જોયાં ! તે ઉપરથી મેં મારા વરને પુછ્યુ કે ‘ આ લોકો કેમ ઊઠી ગયાં વારૂ ?!’ ત્યારે તેમણે મને ખુલાસો કીધો કે ‘ નાટકશાળામાં વેશીયા રાંડને દાખલ કરવાનો હુકમ નથી તેથી તેમને બહાર કહાડયાં. ’ પણ વળી મને નવાઇ લાગી કે તેઓ જ્યારે ઉઠીને બન્ને સાથે બહાર ગયા ત્યારે બધાં લોકો હસીને તાળી ટીપવા મડી પડયા ! મુંબઇનાં લોકો પણ જબરાં તીતાલી ને તીખલી તો ખરા જો ?! ”

આ વાત સાંભળીને પ્રેમવંતિ તો થડકીજ ગઇ, પણ બડી ઉસ્તાદીથી તેણીએ પોતાના પતિનું પાપ ઢાંકી દેવા માટે પૂછ્યું “ આ તમે કયારની વાત કરો છો ?

“ ગઇ રાતનીજ. કોટની નાટકશાળામાંજ આ બધુ બન્યું હતું ! ”

“ ત્યારે તો મારા વર નહીં હોય ! પણ બીજોજ કોઇ હશે ! ”

"અરે નારે ! તમારા વરજ હતા ને મારા વરે પણ તેમને જોયાં હતાં ! "

" તેમાં કંઇ ભૂલથાપ હશે ! " રાતનો વખત એટલે એમ થઇ પણ જાય !

" અરે ! પણ દીવાની મનમાંનતી લાઇટમાં ભૂલથાપ થાય તેમ નહોતું. "

" ગમે તેમ હોય, પણ હુ ખાત્રીથી કહુ છુ કે, જરૂર નજરચુક થઇ ગઇ હશે; કેમકે મારા વર તો બરાબર નવ વાગતાથી ઘરમાં આવ્યા હતા ને પાછા બાહાર નીકળ્યાજ નથી તો પછી નાટકશાળામાં તો તે હોયજ કયાંથી ?

" એમકે ?! ત્યારે તો કદાચ અમારીજ નજરચુક થઇ ગઇ હશે ! માફ કરજો બેહેન ! મે તો મારાં બોળાપણામાં તમને પુછયુ. "

" તેમાં કઇ નહીં ! એ તો ભલભલાથી નજરચુક થઇ જાય."

આમ વાતચીત કરીને તેણીઓ મદિર આગળથી છુટી પડી, અને ગોમતીએ ઉપલી વાત ઘેર જઇને પોતાના પતિને કહેતાંજ તે બોલ્યો " અરે ! નાટકમાં સુરતીલાલજ હતો તેમાં તો જરા પણ શક નહીં. એ તો તેની બાયડીએ તને ઉડાવી ! "

" હશે ! પણ તમે તમારે બીજા કાઇને મોઢે વાત કરતાજ નહી. ન્યાત જાતમાં નકામુ આપણે વેરાણ કરવાનુ શું કામ છે ?"

" મારે કોઇને વાત કરવાની શી મતલબ છે ? " કહીને વાત પડતી મૂકી.

પ્રેમવંતિનાં આખા અંગમાં જાણે લાહ્ય લાગી રહી ! ગોમતીની વાત સાંભળીને તેણીને અનહદ ખેદ થયો, તોપણ તે વાતનો વિશેષ

પાકો પુરાવો મજબુત કરવાના વિચારથી તેણે પોતાને મકાને ગયા પછી સાયંકાળે વાળુ પાણીથી પરવારીને સુરતીલાલને કહ્યું "અત્યારે આપ બહાર જવાના છો શું ?"

"હા. કેમ તારે કંઇ પૂછવું પડયું ? કામ છે શું ?"

"ના. મેં તો અમથુંજ પુછ્યું." કહીને પ્રેમવંતિએ વાત ઉડાવી દીધી, અને પછી સુરતીલાલ બહાર જવાને નીચે ઉતર્યો કે તરતજ પ્રેમવંતિએ પોતાના વિશ્વાસુ મુનીમને કહ્યુ "તમારા શેઠની પાછળ પાછળ ગુપચુપ જજો અને એ કયાં જાય છે, તે બરાબર તજવીજ કરીને તરત પાછા આવીને મને કહેજો."

"વારૂ," કહીને મુનીમ તાબડતોબ તેની પાછળ ગયો.

સુરતીલાલે રસ્તામાં ભાડાની ગાડી કીધાથી મુનીમે પણ પોતાને માટે ભાડાની બીજી ગાડી કરી, કેમકે પગે ચાલીને તો કંઇ તેની પાછળ પોહોંચાય નહી. બાદ સુરતીલાલ બાળાને ત્યાં ગયો, અને મુનીમ તે જોઇને તરતજ તેજ ગાડીમાં બેસીને પ્રેમવતિની પાસે પાછો વળ્યો.

"કેમ ? તમારા શેઠ કોને ત્યાં ગયા વારૂ ?"

"શું કહું ?! શેઠાણી ! મારે મોંઢે બોલતાં મને ઘણીજ શરમ લાગે છે !"

"શરમાઓ છો શા માટે ? મારા પૂછવાથી તમારે કહેવાનું છેની ?"

"તેઓને એક રાંડને ત્યાં જતા મેં જોયા !"

"મારે પણ તે વાતની ખાત્રીજ કરવી હતી ને તેથીજ મેં તમને મોકલ્યા હતા. મારા કાને સહેજ વાત આવી, પણ મને શક

લાગવાથી પૂરી ચોકસાઇ કરવાનેજ મેં તમને પાછળ જવાને કહ્યું હતું. હવે તો ખાત્રી થઇ ચુકી ! ”

" શેઠાણી ! આ તો બહુજ ખરાબ રસ્તો કહેવાય ! આવે અનીતિને માર્ગે જો તેઓ જાય તો પછી વેપાર રોજગારમાં પણ બરકત ક્યાંથી થાય ? આ મહિનો એવો તો ખરાબ બેઠો છે કે ચોગરદમથીજ ખોટ લાગી છે ! ”

અને આ મહિનાથીજ દરરોજ રાતના એમણે રખડવા પણ માંડ્યુ છે તો ! ”

“ તેમાંજ આ મહિને ખોટને ખોટજ આવે છે ! હજી પણ શેઠ સમજે તો સારૂં નહી તો ડુબી જવા જેવોજ વખત આવ્યો છે ! ”

“ આ મહીનામાં કેટલીક ખોટ આવી હશે વારૂ ? ! ”

“ આશરે ત્રીશથી પાત્રીશ હજારની ખોટ તો થઇ ચુકી છે, અને હવે પછી વળી જે થાય તે ખરૂં ! જો કે ચિન્હ તો ખરાબજ લાગે છે ! ”

“ આ સાંભળતાજ પ્રેમવંતિ નિશ્વાસ નાંખી બોલી, ઠીક ! જેવી ભગવાનની મરજી ! ધાર્યું તો તેનુજ થશે. પણ હાલ તુરત તો તમે આ બધી વાત મનમાંજ રાખજો ! ”

“ એ શું બોલ્યા ? તમે શુ મને નાદાન સમજો છો ? એવી વાત મારાથી મોંહ બહાર કઢાયજ નહીં; કહીને મુનીમ રાત્રી વધારે થવાથી પોતાને ઘેર ગયો.

“ પ્રેમવંતિ અત્યત શોક સતાપ કરતી ઘણીજ ગમગીનીમાં ઉંડાણુ વિચાર કરતી પોતાના પતિને કેવી રીતે પુછપરછ કરવી તેની ગોઠવણુ પોતાના મનમાંજ કરતી રહી ”

બરાબર સાડાદશ વાગતે સુરતીલાલ આવ્યો અને તેણે કપડાં

કહાડયા પછી પ્રેમવતિએ આસ્તે રડીને પુછ્યું “ પ્રાણનાથ અત્યારે ક્યાં ગયા હતા ? ”

“ એક ઠેકાણે કામ હતું ત્યાં ગયો હતો. ”

“ અને ગઇ કાલે રાતના તમે શું નાટક જોવાને ગયા હતા?”

સુરતીલાલ ચમકી ગયો ! તોપણ હિમ્મતથી બોલ્યો “ નાટક કેવો ! એ વળી શું તોપ ? ! હું તો હરીકિર્તનમાં ગયો હતો ! તને વળી નાટક ક્યાંથી યાદ આવ્યો ?! કાંઇ સ્વપ્નું આવ્યુ કે શું ? કેવી થડ પાયા વગરની વાત કરે છે, ! ”

“ હા પ્રાણનાથ ! મને સ્વપ્નુંજ આવ્યુ છે ! તે સ્વપ્નાની વાત તમે સાંભળો તો હુ બરાબર વિગતવાર કહી સભળાવુ ! ”

“ વિગતવાર નહીં તો તેની મતલબ તો કહી સભળાવ ? ”

“ જુઓ સાંભળો ! મને હમણાંજ એવું સ્વપ્નું આવ્યુ કે, જાણે તમે ગઇ કાલે કોઇ રાંડને લઇને નાટકમાં ગયા હતા અને ત્યાં નાટકવાળાઓએ તમને તેમજ તે રાંડને અપમાન કરીને નાટકશાળામાંથી બાહાર કહાડયાં ને તેજ વખતે લોકોએ તાળી પણ ટીપી હતી ! આવી રીતે સ્વપ્નું થયું. ”

“ હેં હેં હેં ! ” સુરતીલાલ હસીને બોલ્યો “ કેવુ થડ પાયા વગરનુ સ્વપ્નું ! ”

“ અરે ! વળી હાલની વાતનુ પણ સ્વપ્નું આવ્યું હતું તો ! ”

“ હં ! તે વળી શુ ? જોઉં, તારૂ સ્વપ્નું પણ સાંભળવાની ગમ્મત પડે છે ! ”

“ હમણાંની બાબતનુ એવું સ્વપ્નુ આવ્યું હતું કે, જાણે તમે હમણાંજ કોઇ રાંડને ત્યા જઇને આવ્યા છો ! આવુ સ્વપ્નુ આવ્યું !”

“ એ બધાં તારાં સ્વપ્નાં એવાજ પાયા વગરનાં ! ” કહીને સુરતીલાલ પોતાના મનમાં તો સમજીજ ગયો કે જરૂર કોઇએ આને

કાને વાત નાંખી છે ! ગમે તેની મારફતે પણ એને બરાબર બાતમી તો મળી જેજ; પણ મારે એને શા માટે પત્તો લાગવા દેવો જોઇએ ? અને તો ઉડાવેલીજ કામની !" કહીને તે બોલ્યો "ચાલ હવે સુઇજા; રાત ઘણી થવા આવી."

"પણ પ્રાણનાથ ! મારા સ્વપ્ના કદી ખોટાં તો પડતાંજ નથી જો !"

"ખોટા નહીં તો શું ખરાં ? મુરખ જેવી ! નકામું માથું ઝીકે છે !" કહીને સુરતીલાલ ચીડવાઇ જઇ બોલ્યો "તું પણ તદ્દનજ વેહેમનું ઝાડ છે તો ? !"

હવે પ્રેમવતિ પણ લગાર હિમ્મતથી બોલી. એમ બોલીને તમે મને ઉડાવો છો શા માટે ? તમે ગમે તેટલી ચોરી છુપાવવા જાઓ, પણ કહેવત છે કે '**ચોરી ને છીનાળી છુપી રહેજ નહીં !**' તમારાં પાપની બરાબર બાતમી મને મળી ચુકી છે, અને મે તે બાબનમાં પાકી તજવીજ પણ કરી છે. પ્રાણનાથ ! યાદ રાખજો કે તમે મુંબઇ આવીને ખરાબજ થઇ ગયા ! તમે નઠારાના સગમાં પડયા કે પછી તમારી મનોવૃત્તિજ બગડી. તમે નબળે રસ્તે ચઢયા છો, એ તો મારી ખાત્રીજ થઇ છે ! નાટકમાં રાડને લઇને તમે ગયા હતા, તેમજ ત્યાં તમારી જે ફજેતી થઇ હતી તે તથા અત્યારે પણ તમે રાંડને ત્યાંજ ગયા હતા તે તમામ વાતનુ મને સ્વપ્નુ આવ્યું નથી, પણ મેં ગમે તેની મારફતે બરાબર પત્તો મેળવ્યો છે, અને મજબુત આધારથીજ હું બધું તમને જણાવું છું. હું તમને કાંઇ કહેવા યોગ્ય તો નથીજ, તોપણ હાથ જોડીને અને નમ્રતાપૂર્વક આજીજીની સાથે અરજ કરૂં છું કે, આપે તદ્દનજ ખરાબમાં ખરાબ રસ્તો લીધો છે, અને એ રસ્તે કોઇ પણ સુખી થયું નથી તો તમે પણ શું સુખી

થશો કે ? અરે ! દરેક રીતે દુઃખીજ થવાનો એ રસ્તો છે ! પછી તો તમે મોહોટા છો ! તમને સારૂં લાગે તે ખરૂં ! "

" પણ એ વાતજ તદ્દન ખોટી છે તો ?! કેહેનારા જખ મારે ! "

" ભલે ! હવે મારે ખરાં પારખાં કરાવીને શું કામ છે ?! તેમ કરવા જાઉં તો મારી આબરૂ ઉઘાડી પડે, અને તેમાં મને પોતાનેજ પસ્તાવો થાય ! કેમકે તમારી આબરૂ જાય તે મારીજ જાય ! માટે તેવી નાદાની કરવાને હું ચાહતીજ નથી, પણ માત્ર આપને એટલીજ અરજ કરૂં છું કે, એ રસ્તો હજી પણ છોડશો તોજ સુખી થશો ! "

" પણ તને એવી વાત કહી કોણે ? "

" તે હાલ તુરત હું કહેવા માંગતીજ નથી. તેમ કહેવામાં પણ સાર નહીં ! "

" નહીં સાર તો હવે કટકટ નહીં કર. મને ઊંઘ આવે છે ! " કહીને સુરતીલાલ પલંગ ઉપર સુવાના નિમિત્તે પડયો, પણ ઊંઘ તો કયાંથીજ આવે !

પ્રેમવતિ તો ખુરસી ઉપરજ બારી આગળ પડી રહી, અને તે બિચારીએ આખી રાત્રિ તેવાં રૂદનમાંજ પસાર કરી !

પ્રભાત થઇ. પતિ પત્નિનાં મોં ઉપર ગ્લાનિ પથરાઇ રહી હતી. પ્રેમવતિ મોં ધોઇને રોજની માફક ચા બનાવવામાં રોકાઇ.

સુરતીલાલે મો ધોયા પહેલાંજ ગમગિનીમાં વિચાર કરવા માંડયો કે " રાંડની વાતની તો ઘરમાં ખબર પણ પડી ગઇ, અને આ મહિને સટ્ટામાં પણ મહાભારત નુકસાન છે, જેથી દેવાળુંજ આવશે ! કેમકે એટલા બધા રૂપિયા કંઇ સીલકમાં છે નહીં કે જેથી ખોટમાં પણ આપી શકાય ! માટે હવે તો મુંબઇ છોડવાનોજ વખત આવ્યો છે ! વળી સટ્ટાના સોદામાં ગયલી ખોટના રૂપિયા પણ આજ-

થી ચોથે દિવસે તો આપવાજ પડશે, અને તે દિવસે તો અહીંથી ભાગવુંજ પડશેની ! તેના કરતાં આજેજ ભાગીને ગમે તે ગામમાં જતો રહું તો વધારે સારૂ ! વળી ઘરમાં પણ બાયડીનો દાથરો ચઢયો છે, જેથી ઘરમાં રહેવામાં પણ મઝાહ નથી ? સારામાં સારો રસ્તો તો હવે પોબારા માપી જવાનોજ છે." આમ ઠરાવ કરીને તે ઉઠયો, અને કબાટમાંથી આશરે પાંચસો રૂપિયા હતા તે તમામ લઇને ખીસામાં નાંખ્યા, અને માથે માત્ર ટોપી મૂકી, તેમજ ડગલો પેહેરી હાથમાં છત્રી લઇ નીચે ઉતરી પડયો. અને તરતજ ભાડાની ગાડી કરીને ગ્રાંટરોડના સ્ટેશને ગયો: ત્યા ગયા પછી વિચાર કરવા લાગ્યો કે "હવે કયાં જવું ? સુરતમાં તો પગ મુકવાનુએ ઠેકાણું નથી, માટે હવે તો અહીંથી બોહારોબાહાર વડોદરેજ જવું સારૂં ' ત્યાં એક મિત્ર છે તેને ત્યાં ઉતરીશ, અને પછી વળી જેમ ઠીક લાગશે તેમ કરીશ ! " આમ વિચારી તેણે પ્રથમ તો વાંદરાના સ્ટેશનનીજ ટિકીટ લીધી, કેમકે વડોદરાની ગાડીનો વખત નહોતો. વાંદરે ગયો, અને ત્યાંથી રાત્રે મેલટ્રેનમાં બેસીને વડોદરે જવા ઉપડયો; જ્યા બીજે દીવસે પ્રભાતમા પહોંચી પોતાના એક મીત્રને ત્યા ગયો.

આણી તરફ પ્રેમવતિ રાહ જોતી બેઠી કે "હમણાં પ્રાણનાથ આવશે ! " આમ રાહ જોતાં જ્યારે દશ વાગ્યા ત્યારે તેણીની ચિંતા વધવા માંડી, અને બપોર થયા ત્યારે તો તેણી વળી વધારેજ ગભરાટમાં પડી ગઇ ! આમ તેમ તેણીએ માણસો દોડાવ્યા, અને ચોગરદમ શોધખોળ ચલાવી, પરંતુ પત્તો શાનો મળે ? ! એમ કરતાં છેક સાયંકાળ થઇ, ત્યારપછી તો તેણી તદ્દનજ નાહિમ્મતવાન થઇ ગઇ, અને બીજો એક ઉપાય નહીં દેખાયાથી છેવટે મોહનને બોલાવવાને માણસ મોકલ્યો, જેથી મોહન તો પોતાની લાયકી વાપરીને તુરતજ આવ્યો પણ ખરો!

" કેમ ભાભી ! કંઇ મને યાદ કરવો પડયો છે ? " .

" હા ભાઇ ! કાંઇ વાત કરવી છે " કહેતાંજ પ્રેમવંતીને રડવું આવી ગયુ.

મોહન તો આ જોઇને ગભરાયો, અને તેણીને ધીરી પાડી. બાદ ધીમે રહીને તમામ ખુલાસો પુછયો, જે ઉપરથી પ્રેમવંતિએ પણ તમામ વાત રાંડની તેમજ વેપારની કહી સભળાવી, જે સાંભળી મોહન અત્યત દિલગીર થઇને બોલ્યો; " આખરે મારૂ ભવિષ્ય ખરૂજ પડયુ ! પણ હમણાં તો તે વાત કરવાનો વખત નથી. અત્યારે તો તમે મારે ત્યાં ચાલો, અને પછી હુ ભાઇની ખબર કઢાવીશ. તમે ગભરાઓ નહીં. ગમે ત્યાંથી પણ પત્તો તો લાગશેજ. "

" પણ ભાઇ ! તેમનો પત્તો લાગ્યા વગર મારા જીવને શાતી થાય નહી તો !

" મારે ત્યાં ગયા પછી તેને માટેજ હું તજવીજ કરીશ. મારી વહુની સાથે તમે રેહેજો. અને હું તેની તજવીજ કરવા નીકળીશ. " આ વીગેરે સમજુતી આપી મોહન તેણીને પોતાને ત્યાં લઇ ગયો. અને તેણીના મકાનને બધ કરી તમામ બંદોબસ્ત કરી તાળુ દીધું. તેમજ સુરતીલાલના મુનીમને પણ પોતાની સાથેજ લીધો, અને તેઓ ત્રણે મોહનને ત્યાં ગયા.

બાદ મોહને બહાર નીકળીને ઘણી ઘણી તપાસ કરવા છતાં પણ સુરતીલાલનો કયાંય પણ પત્તો નહીં લાગવાથી તે નિરાશ થઇને પાછો ઘેર ગયો, અને તેની નિરાશા ભરેલી બીના સાંભળી પ્રેમવતિ પણ અત્યંત કકલાટ કરવા મડી, તોપણ મોહન તેણીને ઘણી ઘણી વાતે દિલાસો દેતો હતો.

પ્રકરણ ૧૩ મું.

દોહરા

મોહન મિત્ર પવિત્ર તે, સાહ્ય થયો ત્યાં ખાસ,
ઉગારવાને લાલને, આપી તેણે આશ.
જાની મિત્ર ભલો ખરો, મોહન જે દિલજાન;
આખર સાચો નીવડયો, થયું લાલને ભાન.

મોહન મળ્યો ને સુરતીલાલ તર્યો !

બીજે દિવસે પ્રભાતમાં સુરતીલાલે વડોદરે ઉતરતાંજ પોતાને ઘેર તાર મોકલ્યો કે " હું વડોદરે આવ્યો છું, ફીકર કરશો નહીં. પત્ર પોસ્ટમાં મોકલું છુ. "

સુરતીલાલને ઘેર મોહને તેના મુનીમને પ્રભાતમાંજ મોકલીને મકાન ખોલાવી બેસાડયો હતો તેથી ઉપલો તાર સુમારે નવ વાગતે સુરતીલાલને ત્યાં આવ્યો, જે વખતે મુનીમ ત્યાં હાજર હોવાથી મુનીમે સહી કરીને તાર લીધો, અને તરતજ તાર લઇને તેણે તે મોહનને ત્યાં જઇને આપ્યો. મોહને તાર વાંચતાંજ ગુણવંતિને કહ્યું " ભાભી. ગભરાશો નહીં. ભાઇ તો વડોદરે ગયા છે, એમ આ તારમાં લખ્યું છે, અને વિશેષ હકીકતનો કાગળ ટપાલમાં

આવતી કાલે આપણને મળશે, એવી મતલબ તારમાં લખેલી છે. ચાલો, હવે નિરાંત રાખો !"

"હા ! બસ ! હવે મારા જીવમાં જીવ આવ્યો !" પ્રેમવંતિ બોલી "હવે વળી આવતી કાલે કાગળ આવશે ત્યાર પછી તો જીવને વધારેજ ચેન પડશે !"

"હવે તો જરા પણ ગભરાવાનુ રહ્યુજ નથી !" કહીને મોહને તેણીને મનમાનતી ધીરજ આપી.

બીજે દિવસે ટપાલમાં નીચે પ્રમાણેનો કાગળ આવ્યો:—

"મારી વાહાલી પ્રેમવંતિ !

જત મારો તાર ગઇ કાલે તને મળ્યો હશે. હું વડોદરે આવ્યો છું, અને તને કહ્યા વગર ઘરમાંથી નીકળેલો હોવાથી તને ચિંતા થતી હશે તેથી મેં તાર કીધો હતો. અકસ્માત ઘરમાંથી નીકળવાનું કારણ તો તું બરાબર સમજીજ ગઇ હશે. ખચીતજ ! તારા જેવી મારી પતિવ્રતા પ્રિયાની સાથે મે મહાન વિશ્વાસઘાતજ કીધો છે ! તારી પ્રીતિ મારાપર પરિપૂર્ણ અને પવિત્ર હોવા છતાં મારો જીવ બાહાર ભટકાવી હું પરનારીના પ્યારમાં પડયો, અને તે રાંડની બાબતમાં તને જે પણ બાતમી મળી હતી તે તમામ સત્યજ હતી, પરંતુ મારૂં પાપ છુપાવવાને ખાતરજ મેં તારી વાતને ઉડાવીને ખોટી ઠરાવવાની તજવીજ કરી હતી; પણ હવે સત્યજ કહું છું કે હું તે બાબતમાં બેલાશક અપરાધીજ છું, અને તેમાં મેં મહા અઘોર પાપ કીધું છે, જેને માટે હવે મારે પસ્તાવો કરવા શિવાય અન્ય ઉપાયજ નથી ! તેવીજ રીતે થયલી તે ભૂલને માટે તારી પાસે ન્યાયની રીતે મારે મારી માફી માંગવીજ જોઇએ ! ! ! વળી વેપારની બાબતમાં પણ

તેનોજ પસ્તાવો થવા જોગ બન્યું છે ! મને સટ્ટામાં મોહોટી ખોટ આવી છે, અને તે ખોટ આપવાના પૈસા મારી પાસે નહીં હોવાથીજ મારે મારૂં કાળું મોંહ કરીને વડોદરે આવવું પડયું છે ! સટ્ટાના સંબંધમાં મારા માતપિતાએ, મારી સાસુએ, તેં પોતે, તેમજ મારા જુના મિત્ર મોહને મને ઘણી ઘણી શીખામણો આપી હતી, પણ તે મેં નહીં સાંભળવાથીજ આખરે હું આ દશાને પોહોંચ્યો છુ ! હવે મુંબઇમા શું મોંહ લઇને મારે આવવુ તે મને સમજાતું નથી ! કદાચ આવુ તો સટ્ટાના માંગનારાઓ મને કાયર કરે, અને તે મને ભારે થઇ પડે ! તેમજ મારો ખરો દિલજાન મિત્ર મોહન મને આ પ્રસંગે ઘણોજ ઉપયોગી થઇ પડત. પરંતુ તેની સાથે પણ મે સારૂ રાખ્યુ નથી. જેથી તેની સાહ્યતા પણ હું શુ મોહ લઇને માંગું ?! આ પ્રમાણે મુંબઇ આવવાને એકે રસ્તો મારે માટે ખુલ્લો નથી, અને તેથી અહીંના રાજ્યમાં કોઇ નોકરી મેળવવાનીજ તજવીજ કરીશ, જે પછી તને અંહ બોલાવી લઇશ. ઘરમાં રોકડા રૂપિયા હતા તે તો હુ મારી સાથે લાવ્યો છુ. અને હવે તને ખરચવાને માટે જોઇશે માટે એકાદ જણસ વેચીને હાલ તો ગાડુ ચલાવજે, તેટલામાં તો હુ કોઇ પણ નોકરીએ લાગીને તને તરતજ બોલાવી લઇશ. આ પત્રનો ઉત્તર તરતજ લખજે.

લી० શુભેચ્છક

સુરતીલાલના આશિર્વાદ.

મારૂ ઠેકાણુ—મી० મોતીલાલ મનોહરલાલને ત્યાં. માંડવી પાસે—વડોદરા.

ઉપલો પત્ર મળતાંજ પ્રેમવંતિએ તે વાંચીને પછી મોહનના હાથમાં આપ્યો. મોહને પણ તે વાંચી જોયો, અને પૂછ્યું "બોલો ભાભી ! આનો પ્રત્યુત્તર શી રીતે લખવો છે ?"

"તે સબધી મને કઇજ સમજ પડે નહી ! તમારી મરજીમાં આવે તેમ તમે લખો.'

' પણ ભાઇનો વિચાર તો હવે વડોદરામાં નોકરી મેળવી તમને ત્યા બોલાવવાનો છે જો ? ! તે બાબતમાં તમારો વિચાર શુ છે તે તો કઇ જણાવશોની ?"

"ભાઇ ! મને તો કશાએ સમજ પડતી નથી. મારી મતિ તો મુઝાઇજ ગઇ છે ! હુ જેટલી સુખી હતી તેટલીજ અત્યારે તો દુઃખી થઇ ગઇ છુ !" કહેતાંજ તેણી રડી પડી.

"ગભરાઓ નહીં; રડો છો શા માટે ? તમે દુઃખી નથી પણ સુખીજ છો; અને ઇશ્વર કરશે તો વળી વધારેજ સુખી થશો ! હું પોતેજ આ કાગળનો જવાબ લખીને તમને વચાવું છુ, જે સાંભળીને મને આશા છે કે તમે ખુશીજ થશો, માટે ધીરજ ધરો !" કહીને મોહને નીચે પ્રમાણેનો પત્ર લખ્યોઃ—

"પ્રિય સુરતીલાલ !

જત તમારો પત્ર તમારી પત્નિ ઉપરનો હતો તે વાંચી વિગત જાણી છે. તમારા જવા બાદ તમારા પત્નિને મારે ત્યાં લાવીને રાખ્યા છે. માટે તેમની બાબતમાં તો તમે કિંચિત પણ ચિંતા કરશોજ નહીં. તેમને તો કોઇપણ પ્રકારે અમે મુંઝાવા દેનારજ નથી. મારી વાઇફની સાથે તેઓ ખુશીમાં રહ્યા છે, અને સુખાનદમાં છે. માત્ર તમારો વિયોગજ તેમને દુઃખનાં ભવ્ય કારણ રૂપ છે, અને તે પરમાત્મા દુર કરે, એટલુંજ હુ ઇચ્છું છું. બીજું તમે વડોદરે ગયા તેના કરતાં મારી પાસેજ આવ્યા હોત તો તમારા પત્નિને આટલા બધા સંતાપમાં ઉતરવું પડતે નહીં, તેમ તમારે પોતાને પણ દુર જવાની જંજાળમાં ઉતરવું પડતે નહીંજ,

ખેર ! ભાવિ મિથ્યા થતું નથી, માટે હવે તે વિષે વધારે વિલાપ કરવો પણુ મિથ્યાજ છે. હવે શું કરવું તેજ વિચારવાનુ છે, અને તેને માટે હુ તમને એક સ્નેહી તરીકે એટલોજ આગ્રહ કરૂ છું કે, આ દેખત કાગળે તમારે મારે ત્યાં આવવું. તમારે કોઇ વાતે ગભરાવું નહીં. તમારે જે કાંઇ કરજ છે તે માત્ર સટ્ટાવાળાઓનુંજ છે; તો તેઓનો કોઇ પણુ રીતનો દાવો કે ફરિયાદ ફાંટો કોર્ટ મારફતે તો ચાલી શકનારજ નથી, તેમજ તેઓ તમને બીજું કશું કરી પણુ શકનાર નથીજ તોપછી ઘર છોડી જવાને કોઇ પણુ કારણુજ નથી. મુબઇમાં ભલભલા સટ્ટાવાળાઓને તમારી માફકજ વીતે છે, પણુ તેઓ તો તમારી માફક નાહાશભાગ નહીં કરતાં હિમતથી સ્વસ્થાને બેશીને માંગનારાઓને જવાબ આપી વીદાય કરે છે,,તેજ પ્રમાણે તમે આવો. માંગનારાઓને તમે કદાચ જવાબ નહી દઇ શકશો તો તમારી તરફથી હું પોતેજ જવાબ દઇને તેમને ખસતા કરીશ તે માટે તમારે જરા પણુ ગભરાવું નહીંજ. વળી તમે તમારી બદચાલ–અનીતિની બાબતમાં જે પસ્તાવો કરો છો તે તો યોગ્યજ છે, અને તેને માટે હવે એટલોજ નિશ્ચય તમારે કરવાનો છે કે, ભૂલ થઇ તે થઇ, પણુ હવે પછી તે ભૂલ થવી નહીંજ જોઇએ; આવો તમારા હૃદયનો મજબુત ઠરાવ જાણી તમને હવે સાહાયતા આપવાની પણુ મારી ફરજ એ પ્રકારે હું સમજું છું એક તો એ કે અનીતિનો માર્ગ તમને દેખાડનારો પ્રથમ હુંજ છું ! મેજ તમને તે ખરાબ રસ્તે દોરવ્યા હતા ! તેમા મારા ભલાં ભાગ્યે મે તે રસ્તો તદ્દન ત્યજી દીધો, અને તમને ઘણું કહેવા છતાં પણુ તમારાં કમનસીબે તમે તે છોડયો નહીં; તોપણુ તેનાં મુળ તરીકે માત્ર હુંજ દોષિત હોવાથી (તે ખરાબ રસ્તે તમને ચઢાવનાર પ્રથમ હુંજ હોવાથી) હવે સારે રસ્તે તમને મુકવાની

ફરજ પણ મારીજ છે. વળી બીજી ફરજ એક મિત્ર તરીકે પણ મારે બજાવવાની છે, અને તે ફરજ પ્રમાણે પણ મારે તમને સનમાર્ગે લગાડવાજ જોઇએ, અને તેથીજ મેં તમને મારી સાથે મારીજ ઓફીસમાં જોડવાનો ઠરાવ કીધો છે. મારી ઓફીસનો સાહેબ વિલાયત ગયો છે, અને તે પાછો આવનાર પણ નથી, પણ તે પોતાની ઓફીસનુ તમામ કામકાજ મારેજ સ્વાધિન કરી ગયો છે. નફા-નુકશાનનો ધણી પણ હુંજ છું. અર્થાત ઓફીસનો માલીક હુંજ થયો છું, જેથી તમારા આવ્યા બાદ આપણે બંને ભાગમાં ઓફીસ ચલાવીશું, અને તે રીતે તમો પણ સુખીજ થશો. તમારી અને મારી વચ્ચે વચમાં કાંઇક ઉંચો જીવ થયો હતો, પરંતુ તે વાત હવે આપણે કોઇએ મનમાં નહી રાખતાં પરસ્પર હળીમળીને ભાઇઓ તરીકે રહેવું, એવોજ મારો મજબુત ઠરાવ થયો છે, અને તેવોજ ઠરાવ તમે પોતે પણ દૃઢ કરશો તો તેથી આપણુ બન્નેનું પણ સારૂજ કહેવાશે. આ શિવાય કાગળમાં વધારે વિગત લખાય તેમ નથી; માટે ટુંકમાં લખવાનું એટલુજ કે આ પત્ર પોહોચતાંજ તમે તુરત અત્રે આવવા નીકળજો. ઇશ્વર સઉ સારૂજ કરશે.

લી૦ તમારો.

મોહન "

ઉપલો પત્ર લખીને **મોહને** **પ્રેમવંતિની** સમક્ષ વાંચી સંભળાવ્યો, અને તે પછી **મોહને** તેણીને કહ્યુ " આજ કાગળની સાથે તમો તમારા હસ્તાક્ષરથી એક જૂદો પત્ર લખો કે જેથી તેમની ખાત્રી થાય ને તેઓ તાબડતોબ અત્રે આવે. "

" બહુ સારૂં." કહીને **પ્રેમવંતિએ** પણ પોતાના પતિના ઉપર નીચે પ્રમાણેનો એક જુદો પત્ર લખ્યો:—

" પ્રાણપ્રિય પ્રાણનાથની સેવામાં:—

વિનંતિ કે, આ સાથેના આપના જુના મિત્ર મોહનલાલભાઇના પત્રથી આપ વાકેફ થશો અને તેમાં લખ્યા પ્રમાણે આપ તુર્તજ અત્રે પધારશો, હું એમને ત્યાંજ છું, અને એઓએ મને જે ધીરજ આપી સંભાળ લીધી છે તે વિષે આ પત્રમાં અધિક નહીં લખતાં ટુંકમાં એટલુજ લખું છું કે આપના એક સગા ભાઇથી પણ વિશેષ એઓ કરી બતાવે છે ! માટે આપ ત્વરતિ અત્રે પધારવા કૃપા કરશોજી, એજ વિનંતિ

લી૦ આજ્ઞાંકિત.
પ્રેમવંતિના પ્રણામ આપની
પવિત્ર સેવામાં સ્વિકારશોજી."

ઉપલો પત્ર પ્રેમવતિએ મોહનના હાથમાં આપ્યો, જે તેણે પોતાના પત્ર સાથે મુકી એક કવરમાં નાંખી તુરતજ પોસ્ટમાં રવાને કીધો.

" પણ મોહનભાઇ ! મારો લખેલો પત્ર તો તમે વાંચ્યો નહીં ? ! "

" તે મારે વાંચવો ઘટાર્થ ગણાય નહીં. ભાભી ! તે વાંચવાનો અધિકાર માત્ર તમારા પ્રાણનાથ શિવાય બીજાનો નથી. "

" પણ તમારાથી કંઇ ગુપ્ત નથી તો? તમારે તે વાંચવોજ હતો."

" તેની કંઇ ચિંતા નહી. હવે પત્ર વાંચીને ભાઇ આવે તો સારૂં ! "

" અને કદાચ નહી આવ્યા તો પછી શું કરીશું ? !

" તો હું પોતે એક રાત વડોદરે જઇને તેમને તેડી લાવીશ."

આ સાંભળતાંજ પ્રેમવંતિએ ડોકું હલાવતાં જણાવ્યું " મોહન લાલભાઇ, તમે આ વખતે એક મિત્ર તરીકે જે ઉત્તમ લાગણી

બતાવો છો તેવી આજના વખતમાં બીજો કોણ બતાવશે ? તમારી સાહ્યતા નહીં હોય તો અત્યારે મારી શી દશા થાત ? ! ”

“ એ તો ઇશ્વર કોઇ નહીં ને કોઇ મેળવીજ આપે છે. વળી મારા પત્રમાં મેં ભાઇને જણાવ્યું છે તેમ તેને ખરાબ રસ્તે ચઢાવવવાનો દોષ પ્રથમ તો મેંજ કીધો છે ! કેમકે તે રસ્તો બતાવનાર તો હુંજ છું, અને તેથી તેનું આ બુરૂં કરનાર તરીકેની બદનામી મનેજ લાગુ પડે છે ! માટે હવે તેનું ભલું કરનાર તરીકેની ભલાઇ લેવાની ફરજ પણ મારેજ બજાવવી જોઇએ, અને તે હું બજાવું છું; તો તેમાં કાંઇ નવાઇ કરતો નથી. તમને ખબર છે ? પ્રથમ તે રાંડને ત્યાં લઇ જનાર તો હુંજ હતો ! તેમાં પછી કેટલાક જુદા બનાવો બન્યા, અને મને કંઇ સારી મતિ સુઝી, તેથી મે તે બુરો માર્ગ તાબડતોબ ત્યજી દીધો, અને તેજ પ્રમાણે તેજ વખતે મેં ભાઇને પણ તે અનીતિનો માર્ગ ત્યજવાનો ઘણો ઘણો બોધ આપ્યો, પણ તે બિચારાનો દાહાડો નબળો તેથી તેનાથી તે ત્યજાયો નહીં, અને તેથી તે દુઃખી થઇ ગયો ! આ પ્રમાણે તેને નબળે રસ્તે દોરવનાર હુંજ હતો, તો મિત્ર તરીકે અને એક શુભેચ્છક તરીકે આ વખતે મારે તેને તેમાંથી ઉગારી લઇ તેનું ભલુ કરવાની ફરજ પણ બજાવવીજ જોઇએ. હવે તેઓ ડહાપણ વાપરીને અહીં પાછા આવે તો સારૂં થાય–હું ધારૂં છું કે મારો ને તમારો કાગળ વાંચીને આવશે તો ખરાજ. ”

“ મને પણ લાગે છે કે તેઓ તમારી હિમ્મતથી આવશેજ.”

“ અને નહીં તો પછી વડોદરે જઇને હું તેમને અત્રે લઇ આવીશ, એ તો ખાત્રીજ રાખજો. !

" આ પ્રમાણે મોહને અંતઃકરણપૂર્વક પ્રેમવતિને અત્યંત ધીરજ આપવાથી તેણીના જીવને હવે વધારે શાંતિ ઉપજી.

" બીજે દિવસે વડોદરામાં સુરતીલાલને તે બન્ને પત્રો મળ્યા તે તેણે વાંચ્યા. અને તે વાંચતાંજ તેને જબરી હીમ્મત આવી. તે પોતાના મનમાંજ બોલ્યો, વાહરે મોહન વાહ ! ધન્ય છે તારી સદ્દબુદ્ધિને ! મિત્ર મળો તો તારા જેવાજ મળજો ! આમ સ્વતઃ સંતોષ પામી તેજ રાતના તે વડોદરેથી નીકળ્યો. અને બીજે દિવસે મુંબઇ આવ્યો.

" પ્રભાત થઇ પ્રેમવતિએ પૂછ્યુ, મોહનભાઇ ! ગાડી આવવાને વખત થયો હશે કે હજી કઇક વાર હશે ? "

" હજી થોડીવાર છે. " મોહને કહ્યુ પણ તે આવે કે તુરત તમે તેમને કંઇ ઠપકો આપશોજ નહી; કેમકે દુઃખ પર ડહામ દેવો, એ ઠીક નહીં. હું પોતેજ તેમની સાથે શાંતપણે વાત કરીશ, અન મારે જે કહેવાનું છે તે કહીશ. "

" ભલે ! તમે છો એટલે મારે બોલવાની જરૂરે નથી. "

થોડીવારમાંજ સુરતીલાલ આવ્યો, અને બારીએથી મોહને તેને જોતાંજ તે નીચે ઉતરીને તેને પોતાની સાથે ઉપર લઇ આવ્યો. બને જણા એક કોચ ઉપર બેઠા, પ્રેમવતિ બાજુ ઉપર ઉભી રહી. તેણીને જોતાંજ સુરતીલાલ તો રડી પડયો, અને પ્રેમવંતિ-પણ રડી પડી ! એક મહાન શોકસાગર પથરાઇ રહયો !

મોહને ઉઠીને સુરતીલાલને શાંત કરતાં કહ્યું " હવે રૂદન કરવાની જરૂર નથી. તારે જરા પણ ગભરાવુંજ નહીં. તને દરેરેદરેક મદદ.આપવાને હું તનમનથી તૈયાર છુ. હુ તને કાંઇ ત્રાહિત તરીકે આનતોજ નથી, પણ મારા પોતાના સગા ભાઇ સમાન સમજું છું;

અને ભાઇ તરીકે તને દરેક પ્રકારે સાહ્યતા આપવાની મારી ફરજ પણ માનુ છું. માટે તારે જરા પણ ખચાવું નહીં."

"ભાઇ! મેં તારો મોહોટો ગુન્હો કીધો છે!" સુરતીલાલ રૂદન કરતાં બોલ્યો.

"હવે એવી ગઇ ગુજરી વાત સંભારવીજ નહી," કહીને મોહને વાત ફેરવી નાખવાના ઇરાદાથી અગત્યની વાત ઉપર આવતાં પૂછ્યું "બોલ ભાઇ! સટ્ટાવાળાઓ શિવાય તારે બીજું કાંઇ એવું કરજ છે કે જેની ફરિયાદી ચાલી શકે? ખરેખરી જે કાંઇ બિના હોય તે મારી આગળ દર્શાવવાને જરા પણ ખંચાતો નહીં!"

"ફક્ત એક મારવાડીના બે હઝાર રૂપિયા દેવા છે."

"વારૂ! તે ઉપરાંત ચિઠ્ઠી લખીને અથવા ખાતું પાડી આપીને બીજા કોઇની પાસેથી બીજી કોઇ પણ રકમ લીધી છે કે?"

"નહી ભાઇ! તે મારવાડી શિવાય બીજો કોઇ માંગનાર નથી!"

"તો તેને તો ગમે તેમ પતાવી દઇશું." કહીને મોહને જણાવ્યુ "મે જે ગોઠવણ કરવા ધારી છે તે મારા કાગળથી તેં જાણી તો હશેજ. મારી ઓફીસમાં આજથીજ તને અરધો ભાગીરદાર ગણીશ, અને ત્યાં આપણે સાથેજ કામકાજ કરીશું, ક્રમમાંક્રમ દર વર્ષે આપણા ભાગમાં દશ દશ હઝાર રૂપિયા કમાઇશું એવી મને આશા છે."

"પણ તમારો સાહેબ પોતાનુ નામ તમને સોંપી ગયો છે કે?"

"તે તો પોતાનો તમામ સંબંધ છોડીનેજ ગયો છે. માત્ર તેની ઓફીસનું નામ જુનું હોવાથીજ તે મેં તેની પાસેથી માંગી લીધું છે, અને તેનો હવે તે સાથે કશો સંબંધ નથી, એમ તેણે જાહેર પત્રો મારફતે પ્રગટ પણ કીધું હતું. નામ મેળવવાનું કારણ

એજ કે નવા નામથી જો હું ઓફીસ સ્થાપુ તો તે પ્રસિદ્ધિમાં આવતાં ઘણો વખત લાગે, અને આતો અત્રે તેમજ દેશાવરોમાં પણ સૂપ્રસિદ્ધ હોવાથી તાત્કાળિક લાભ પણ મળે !"

"સમજ્યો ! એ તો ઘણુંજ સારૂં થયુ ! સાહેબની તારાપર પુરેપુરી મેહેરબાની હોવાથીજ તેણે એટલો લાભ તને કરી આપ્યો જો !"

"અલબત ! મેહેરબાની વગર એમ બનેજ નહી !"

બાદ સુરતીલાલને કપડાં ઉતરાવીને દાતણ પાણી આપી તેને માટે કોફી તૈયાર કરાવી, અને તે પછી ભોજન કરીને તેઓ બને સાથેજ ઓફીસમાં ગયા, જ્યાં મોહને સુરતીલાલને તમામ કામ-કાજથી વાકેફ કીધા, અને પોતાની પાસેજ તેનુ ટેબલ પણ ગોઠ-વાવ્યું, જેથી બનેને સાથે મળીને કામકાજની સવળતા પણ મળી શકી.

સાંજે ઘેર આવ્યા. બનેએ સાથે વાળુ કીધું, અને પછી સુર-તીલાલે કહ્યુ "ભાઇ ! હવે અત્યારે તો અમે અમારે ઘેરજ જઇશું !"

"નહીં ! આજે નહી ! આવતી કાલે પ્રભાતમાં જજો."

"ઠીક. જેમ તારી ઇચ્છા ! પણ મારા ઘરમાં મેહેતાઓ છે તેમને મારે રજા આપવી જોઇએની ? ફોગટ પગારો ચઢાવીને શુ કામ છે ?"

"કાલે તેમને રજા આપજે અને તેમના પગાર પણ ચુકતા કરજે. તને રૂપિયાની જરૂર હોય તો બોલજે ભાઇ !"

"નહી, હાલ તુરત તો મારી પાસે છે. વળી જોઇશે તો માગી લઇશ."

"પણ પેલા મારવાડીને માટે શુ કરવા ધાર્યુ છે વારૂં ?"

"તેને હું અત્યારેજ બોલાવી મંગાવીને છુટકો કરૂં છુ. વધારે દાહડા ખેંચવામાં નુકશાન થશે; કેમકે જો વળી તે જાણશે કે તું

મારી સાથે ભાગીદાર થયો છે તો તે વળી છાપરે ચઢશે અને હુંકેથી પતશેજ નહી ! પણ તે આવે ત્યારે તું અંદર ભરાઇને બેસજે કે હું તેને જુદીજ રીતે ઠેકાણે લાવીશ."

"બહુ સારૂં."

તરતજ મોહને પોતાના માણસને તે મારવાડીને બોલાવવા મોકલ્યો, અને દાદર ઉપર તેનાં આવવાનો અવાજ થતાંજ સુરતીલાલ એકદમ દોડીને અદરના ઓરડામા ભરાઇ બેઠો.

આવો તલકાજી, આ ખુરસી ઉપર બિરાજો." કહીને મોહને તેને ખુરસી ઉપર આદરથી બેસાડીને પુછ્યુ "પેલા સુરતીલાલ પાસે તમારા કેટલાક રૂપિયા છે ?"

"બે હઝાર રૂપિયા છે, અને વ્યાજના જે હિસાબે થાય તે ખરા ! કેમ ! તેનો કંઇ પત્તો લાગ્યો કે ? ભાઇ સાહેબ ! તે તો કેથે ભાગી ગયો છે !"

"હા. શું કરે ! કરજ ઘણું થઇ ગયુ એટલે ભાગી ગયો !"

"પણ મારા રૂપિયા નીકળી આવે તો ઠીક ! તમારો તો દોસ્તદાર છે તેથી તમે જો ધારશો તો મારા રૂપિયા કઢાવી આપશો. ભાઇ ! મે તો કાંઇ તેનુ વ્યાજ પણ ખાધુએ નથી !"

"તમારા રૂપિયા બીજી રીતે નીકળે તેમ તો નથીજ, પણ મારા હાથમાં એક ઇલાજ છે; અને તે એ કે, હું પોતેજ તે વસુલ કરીશ, માટે તમારી પાસેની તેના હાથની ચિઠ્ઠી જો મને વેચાણ આપો તો અને તેમાં મને કાંઇ ફાયદા જેવું જણાય તો વળી જોખમ વેહું અને ખટપટ કરૂં ? !"

"ભલે ! બે હઝાર મને આપી દો. વ્યાજ મને નહીં જોઇએ !"

"એ તમે કોને સમજાવો છો ? વ્યાજના લોભને ખાતરજ

હું શું એ હઝારનાં જોખમમાં ઉતરૂ કે ? ! એ તો મુરખનુ કામ કેહેવાય ! બસો ચારસોમાં આપો તો વળી કાંઇ કમાવાની પણ આશા રહે !"

"એ તમે શુ બોલો છો ? ! રૂપિયાના ચાર આનાજ ? !"

"તો વળી બીજું શુ ? એટલા પણ પછી તો તમને નહીંજ મળે ! એ તો મારા હાથમાં તેની એક આટી છે તેથી મને આશા છે કે કંઇક મેળવી શકીશ."

આ પ્રમાણે વાતચીત કરતાં ઘણીક રકઝક પછી છેવટે સાતસો રૂપિયા આપવાના ઠરાવ્યા અને તુરતજ મારવાડી પોતાની દુકાને જઇને તે ચિઠ્ઠી લઇ આવ્યો, જે ઉપર મોહને પોતાના નામનુ વેચાણ લખાવી લઇને રૂ. ૭૦૦ રોકડા તેજ વખતે મોહને મારવાડીને ગણી આપ્યા, જે લઇને તે ચાલતો થયો; અને પછી સુરતીલાલ પણ તેથી ઘણોજ ખુશી થઇ ગયો.

બીજે દિવસે પ્રભાતમાંજ સુરતીલાલ પોતાની પત્નિ સાથે પોતાને ઘેર ગયો. મોહન પણ તેની સાથે ગયો અને મુનીમ તથા મેહેતાઓને તેમના પગાર ચુકવવા ઉપરાત એકેક મહિનાના પગાર વધારે આપી તેમને ખુશી કીધા.

એટલામાં મોહનની હાઝરીમાંજ સટ્ટાના કેટલાક દલાલો ચઢી આવ્યા, અને મોહનની સમજુતી મળવા છતાં તેઓ કેટલીક ટણપચ અને ધામધુમ કરવા મડયા, જે ઉપરથી મોહને તેમને આંખો ફેરવીને છેવટે જણાવ્યું કે "ખબરદાર ! વધારે ગરબડ કરશો તો પોલીસનેજ બોલાવીશ ! જાઓ ! તમારાથી થાય તે કરી લ્યો ! હુ હમણાંજ પોલીસ કમીશનરને તમારી બાબતમાં અરજી આપું છુ કે, અમુક સટ્ટાવાળાઓ અમારે ઘેર આવીને ધાંધલ કરે છે ! યાદ રાખજો કે

તમને પોલીસ કોર્ટમાં ઘસડાવીને સખતજ સજા કરાવીશ ! " આ વીગેરે ઘણીક રીતનો દમ આપવાથી તેઓ ગભરાયા, અને પોતાનાં લેહેણાં ઉપર પાણી મુકીને નિસાસા નાંખીને ત્યાંથી ચાલતા થયા, જેથી સુરતીલાલ પણ હવે તેમનાથી નિર્ભય થઇ ગયો.

" ભાઇ મોહન ! તે પણ તેમને જબરા ધુજાવી નાંખ્યા જો !"

" એમ નહી કરતે તો તેઓ દરરોજ આવીને તને સતાવ્યાજ કરતે ' હવે તો તેઓ તારે બારણે પગ મુકવાની પણ હિમ્મત કરશે-નહીજ ! " આમ જણાવી છેવટે મોહને આ તકે સુરતીલાલને બોધ આપતાં કહ્યુ " જો ભાઇ ! હવે તો તને પણ જબરી ઠોકર લાગી ચુકી છે, અને હવે તુ પણ તારા મનમાં સમજીજ ગયો હશે કે, જે માણસો નીતિભ્રષ્ટ થઇ નીતિનુ નસતાન વાળે છે, તે માણસો કદી પણ વિજયી નીવડતાજ નથી, અને દરેક પ્રકારે દુઃખીજ થાય છે. મારી પોતાનીજ બાબતનો પ્રત્યક્ષ પુરાવો મે અનુભવ્યો છે, અને તે પોતે પણ નિરખ્યુ છે કે, જ્યાંસુધી હુ અનીતિમાં આળોટતો હતો ત્યાંસુધી મારૂં મન સદા દુઃખીજ હતુ ને મારો ઉદય પણ નહોતોજ. તેવીજ તારી પોતાની બાબતમાં પણ તે જોઇ લીધુ છે કે તુ પણ અનીતિના મહા ઉંડા ગી ચડમે ચાલવાથીજ અનેક દુઃખમાં ડુબ્યો હતો. માટે આપણે કોઇ પણ પ્રકારે નીતિનો ભગ કરવોજ નહીં, એટલો તો પાકો નિશ્ચય કરવો જોઇએ. વળી વેપાર-ની બાબતમાં પણ આપણે મધ્યમપણાંથી વેપાર ચલાવવાની દઢતા રાખવી જોઇએ. ઉછાછળાપણાંથી કઇ પણ કામ નહી કરતાં શાંતપણે આજુબાજુનો વિચાર કરીને રીતસર વેપાર ખેડીશું, અને ધીમે ધીમે વધવાનું રાખીશુ તો આપણો જયજ થશે. પૈસાદાર થવું, એ તો ભાગ્યને આધિન છે, પણ પૈસાદાર એકદમ થવાના લોભમાં ઉછાછઇને

વગર વિચારે હદ ઉપરાંત અને આપણાં ગજાં ઉપરાત વેપારમાં ઝીં-પલાવવું, એજ વિનાશ થવાની નિશાની છે ! મતલબ એજ કે ધંધો રોજગાર પણ ડહાપણ ભરેલી રીતેજ ચલાવવો જોઇએ. તેમાં પણ બુરી ધાનતથી કાંઇજ કરવું નહીં; કહેવત છે કે 'ધાનત તેવીજ બરકત' આપણે જે પણ કામ સારી ધાનતથી કરીશું; તેમાંજ બરકત થશે, પણ બુરી ધાનતનાં કોઇ પણ કામમાં કદી પણ બરકતની આશા સ્વાભાવિકપણે તો રાખવીજ નહી. આજ મારી તને ખાસ ભલામણ છે, અને તે એક મારા ભાઇ તરીકેજ હું તને જણાવુ છુ. "

"ભાઇ મોહન ! તારૂં તમામ કહેવું સત્યજ છે. તેમ વળી એક ખરા મિત્ર તરીકેની ખરી લાયકી ને લાગણી તે મારા પ્રત્યે બતાવી છે. મે તો તારી સાથે ઘણી ઘણી રીતની નાલાયકી વાપરી છે, પણ તેના બદલામાં તું તો ઓર લાયકીજ બતાવે છે, અને એ રીતે તની સુજનતા પ્રમાણે મારા જેવા એક નગુણા ઉપર તુ તો ઓર ગુણનીજ બક્ષીસ કરે છે ! આ તારી સજ્જનતા પણ મારે માટે બોધ રૂપ છે ! તારો આ ગુણ મારાથી કેમ વિસરાશે ? ! અને તારા આ ઉપકારના બદલો પણ હુ કેવી રીતે વાળી શકીશ ? ! ખચીતજ ! તે મારાપર એટલુ તો એહશાન કીધુ છે કે તેનુ પ્રમાણ હુ મારા મુખથી વર્ણવી શકતોજ નથી ! પરમેશ્વર તારૂં ભલુ કરો ! ! ! "

"ભલા ભાઇ ! એવી વાત તો તું બોલજ નહી ! જેવી દશા તારી થઇ ને મે મારાથી બનતી મદદ તને આપી, તેવીજ દશા મારી થાય તો હુ પણ તારી તરફથી એવીજ મદદની આશા રાખી શકુ. એ સૌ પરસ્પરની ફરજજ છે. તેમાં કાંઇ કહેવાથી વિશેષ નથી, પણ આપણી આવી ફરજ આપણે મરતાં સુધી પણ ભુલવી નહી, એટલોજ સિદ્ધાંત આપણે બંનેએ અંતઃકરણમાં સમુળ રાખવાનો છે.

ચાલ, હવે હુ તો રજા લઉં છુ; તું પણ પરવારીને ઓફીસમાં આવજે " કહીને મોહન ગયો.

બાદ પ્રેમવતિ દિવાનખાનામા આવીને પોતાના પતિની પાસેનીજ ખુરશીપર બેસીને કહેવા લાગી કે " પ્રાણનાથ ! મોહનભાઇની ખરી ખુબીનો ખરો ખ્યાલ આપે કરવા યોગ્ય છે ! તે બિચારાએ આવા સંકટને સમયે આપનો હાથ પકડીને આપને અમુલ્ય આધાર આપ્યો છે ! પૈસાના સગાં તો સૌએ થાય ! અને પૈસા હોય તો સૌ કોઇ પગે પડતાં આવે. પણ નિર્ધનીયાની સામું જોનારા મોહન જેવા સગાં કહો કે મિત્ર કહો જે કહો તે તો થોડાંજ હશે ! આપ અત્રેથી અકસ્માત ગયા પછી એણેજ મને ધીરજ આપી હતી, અને એ જો નહીં હોત તો મારી શી દશા થાત તે તો હુ કહી શકતીજ નથી ! "

" તારૂં કહેવું સત્ય છે, વાહાલી ! મોહને પોતાની અનહદ લાયકી આ પ્રસંગે બતાવી છે, અને આપણાં ઉપર અગાધ ઉપકાર કીધો છે ! "

" પણ હવે આપની આગળ બે હાથ જોડીને હું એટલીજ અરજ કરૂં છું કે, હવે આપ સીધા ચાલજો, અને દરેક આડા રસ્તા છોડીજ દેશો; તોજ આપ સુખી પણ થશો. હુ આપને કહેવા યોગ્ય તો નથીજ, પણ જીવ રહેતો નથી તેથીજ બીહી બીહીને આટલી અરજ ગુજારૂં છુ ! મને માફ કરશો ! "

" વાહલી ! તારૂં કહેવુ ઉચિત છે, અને તું બરાબર ટાંકણું સરજ કહે છે. મારી અત્યાર સુધીની રીતિનીતિ દરેક પ્રકારે દોષનેજ પાત્ર છે અને હવે પછી મારી તે દોષિત રીતભાતમાં સુધારો થશે કે કેમ તે અનુભવ્યા શિવાય તો નહીંજ સમજાય. માણુસોને માટે સ્વાભાવિક કેહેવત છે કે, **પડેલી ટેવ કદી ટળે નહીં** અને તેથીજ

મારી કુટેવ સુધરશે કે કેમ? તે વિષે તને કે કોઇને પણ શંકાજ રહેશે, અને તેથી હવે મારી પેહેલી ફરજ એજ છે કે, મારે તને તેમજ મોહનને ખાત્રી કરી આપવી જોઇએ કે, હું સુધરી ગયો છું. આવી ખાત્રી કયારે થશે? કેટલાક મહિના અને વરસો વિત્યા પછી પણ જ્યારે હું મારી સદ્‌મતિથી સનમાર્ગમાં ગતિ કરતો રહીશ ત્યારેજ. એટલું તો મેં મારા મનમાં ચોક્કસજ કીધું છે કે, કોઇ પણ અધર્મ કરવો નહીં અને કોઇની ખરાબ સંગતે જવું પણ નહીં; માત્ર સીધી રીતે સંસારમાં રહી કામ ધંધો કરી દિવસ ગુજારવા ને ઇશ્વર જેમ રાખે તેમ રહેવું. આ મારો દ્દઢ ઠરાવ છે, અને પરમેશ્વર કરશે તો મારા આ ઠરાવમાં ખામી તો નહીજ આવવા દઇશ. ”

“ આ પ્રમાણે વાતો કીધા પછી પ્રેમવંતિએ રસોઇની તૈયારી કરી, જે પછી ભોજન કરીને સુરતીલાલ ઓફીસમાં ગયો.

“ ઓફીસમાં આજે મોહને કહ્યુ ” ભાઇ ! આપણા ભાગના સબંધમાં કાયદાસર લખત કરવું જોઇએ; કે જેથી ભવીષ્યમાં કઇ પણ વાંધો આવે નહીં. ”

“ ભાઇ ! વાંધો શેનો ? ! મને તારા ઉપર સંપુર્ણ વિશ્વાસ છે.”

“ તે ખરૂ ! પણ ચોખ્ખું કરવું, એ નીતિ છે. ” કહીને મોહને સોલીસીટરને ત્યાં જઇ લખત તૈયાર કરાવ્યું, અને તે ઉપર બંનેએ સહીઓ કરી,

આ પ્રમાણે કાયદેસર લખત કીધા પછી તેઓ હળીમળીને પોતાનો ધંધો ચલાવવા લાગ્યા અને ઇશ્વર કૃપાથી તેમનો ધંધો એવો તો સરસ ચાલ્યો કે, તેઓ જોતજોતામાં તેમાં ફાવી ગયા, અને માત્ર એક વર્ષમાંજ તેઓએ મુંબઇમાં વેપારી મંડળમાં ઘણું સારૂં નામ કહાડ્યું.

બીજેજ વરસે તેમણે રૂના વેપારમાં હાથ ઘાલ્યો, અને તેમાં મોહને રંગ જોઇને અને આજુબાજુના પ્રસંગો લક્ષમાં રાખીને ખુબ ખેડવા માંડ્યુ, અને તેથી બીજેજ વરસે તેમની કંપનીમા આશરે બે લાખ રૂપિયાનો ચોખ્ખો નફો થયો ! તે પછી તેમણે દરેકે એકેક ગાડી ઘોડા વસાવ્યો, વળી તેજ વરસે સુરતીલાલની સ્ત્રીને ગર્ભ પણ રહયો, જેનાં પરિણામમા ભલી, ભોળી, ને સુશ પતિવ્રત્તા પ્રેમવંતિને એક પુત્ર અવતર્યો; જેનું નામ પ્રગટલાલ રાખ્યુ. મોહનનો તેમજ તેની સ્ત્રી મંગળાનો પણ તે પુત્ર ઉપર અત્યંત ચાહ હતો, અને તેથી તે પુત્ર પુષ્કળ લાડ અને કોડમાં ઉછરવા માંડયો.

વાંચનાર ! માત્ર મોહનજ સંતતીની બાબતમાં કમનસીબ હતો !

તૈયાર છે. નવિન નોવેલ.

ગુર્જરી–મુંબાઇની શેઠાણી.

લેખક—મણીલાલ છબારામ ભટ.

આ નોવેલમાં પ્રથમ મુબાઇનું દીગદર્શન, રામચંદ્રશેઠને ત્યાં કેશવચંદ્રની સારવાર અને ત્યાં ગજરીના વિવાહ કરવા સબંધી વાતચીત, ચંદુલાલ અને ગુલાબનાં રીસામણાં મણામણાં, રામચંદ્રશેઠની આત્મકથા, બંગલે ચાહપાણી અને નાયકાનું ગાનતાન, ગુલાબ અને જેકોર શેઠાણીનો લગ્ન સંબંધી નીશ્ચય, પોતાને વતન જતાં એકાન્તમાં ગજરીનો પ્રથમા સમાગમ અને ત્યાં હાસ્ય વિનોદ. ચંદુલાલનું કાહિયાવાડમાં નોકરી જવું અને ત્યાં રજવાડી રહેણી ને ભેદી બનાવો, બગલાની બલા, છેવટે તે બલાથી ફસાઇ ચંદુલાલનું મરણતોલ માંદા થવું અને ત્યાં કેશવચંદ્રનું આવવું. મંદવાડને લીધે ગુલાબનુ પસ્તાવું અને નિરૂપાયે પોતાના વતન પાછા ફરવું, વિગેરે ચીતાર આપવામાં આવેલો છે. કીંમત રૂ. ૧–૪–૦. મળવાનું ઠેકાણું

ચુનીલાલ મગનલાલ બુકસેલર—લીમડાચોક–સુરત.

પ્રકરણ ૧૪ મું.

દોહરો.

પાંચ વર્ષનો પુત્ર તે, પ્રગટલાલ પ્રિય પ્રાણ;
ઉછરે નૌતમ લાડમાં, ચાહે સર્વ નિજ પ્રાણ.
મોહન ને વળી મંગળા, રાખે તેપર પ્યાર;
ગણી નિજ સંતાન સમ, માયા ધરે અપાર.

સુખસાગર કે વેદાંતનો ઉપદેશ.

સંતતીનું સુખ, આ સંસારનાં સુખોમાં ઉત્તમ સુખ તરીકે સસારીઓમાં સમજાય છે, અને તે પ્રમાણે સુરતીલાલ અને તેની પત્નિ પોતાનો પુત્ર એ મહાન સુખરૂપ સમજતાં હતાં; તેમાં વળી પૈસાનુ સુખ પણ સારૂં સંપ્રાપ્ત થયલું હોવાથી તેઓ પોતાને સર્વ વાતે સુખીજ સમજવા લાગ્યાં તેઓ પોતાના પ્રિય પુત્રને અનેક પ્રકારના લાડ અને કોડમા તેઓ ઉછેરતા હતાં. વળી મોહન તથા તેની સ્ત્રી મંગળા પણ પોતાના સ્નેહીના પુત્રને જોઇને ઘણોજ આનંદ માનતા હતા, અને તેઓ પણ તે બાળકને દરરોજ માણુસ ચાકર મારફતે પોતાને ત્યાં બોલાવી

તનમનમાં હેત સહ તેને રમાડતાં, ખીલવતા અને આનંદ માનતાં હતાં. એક પણ દિવસે જો તેઓ પ્રગટલાલને જુએ નહીં અથવા પોતાને ત્યાં બોલાવે નહીં તો, તેમના જીવને ચેન પડતું નહીં ! આવી અપરમપાર પ્રીતિ ત બાળક ઉપર તેઓ રાખતાં હતાં. એ તો સાધારણ નિયમજ છે કે, જેમને બાળ બચ્ચાં હોતાં નથી, તેઓ પોતાનાં સગાં સંબંધીઓનાં કે પોતાનાં પાડપાડોશીઓનાં બાળકોને જોઇને બહુજ આનંદ પામે છે, અને તે પારકાનાં બાળકો ઉપર પણ તેઓ અંતઃકરણની ચાહેના રાખે છે. તેમ વળી આ દુનીયામાં કેટલાક અજ્ઞાનીઓ એવા પણ હોય છે કે જેઓ પોતાને સંતતી નહીં હોવાથી બીજાઓનાં બાળકોને જોઇને બળે છે! આવા મુરખાઓ માત્ર અજ્ઞાનતામાંજ તેમ કરે છે, એમ કહેવું યોગ્ય ગણાશે.

મોહનલાલ તથા મંગળા તેવા મુરખ ને અજ્ઞાન નહોતા, અને તેઓ પ્રગટલાલને પોતાનાજ ફરઝંદ પ્રમાણે ગણી તેના ઉપર અત્યંત ભાવ રાખતા હતા. અને તેમનો તેવો અંતઃકરણનો ભાવ તે બાળક ઉપર હોવાથી તેના માતપિતા તેને મોહનને ત્યાં વારંવાર મોકલતાં તેમજ તેના વિશ્વાસ ઉપર તેઓ તે પુત્રને સોંપતા પણ હતાં.

એક દિવસે પ્રભાતમાંજ મંગળાએ પોતાના માણુસ મારફતે પ્રગટલાલને પોતાને ત્યાં તેડી મંગાવ્યો. પ્રભાતનો પહોર હોવાથી પ્રેમવંતિએ તેને સુંદર વસ્ત્રાલંકાર નહી પહેરાવતાં સાધારણ વસ્ત્રો પહેરાવીનેજ મોકલ્યો. આ જોઇ મંગળાએ પોતાના પતિને કહ્યું "પ્રાણનાથ! આ છોકરાના વેશ તો જુઓ! એનાં માબાપને કાંઇ કપડાં પણ પહેરાવવાનાં ભજે છે?! કેવા કંજુસ તેમના જીવ છે!"

"આ તારી ભૂલ છે." મોહને કહ્યું "એ બચ્ચું આપણુંજ છે તો આપણેજ એને જોઇતાં સુંદર વસ્ત્રાલંકાર પેહેરાવો. એનાં મા

બાપ કરાવે કે આપણે કરાવીએ, તે બધું સરખુંજ છે. આજે ને આજે ગાડી જોડાવીને તું જા, અને કપડાં, દાગીના વીગેરે જે પણ જોઇએ તે બજારમાંથી લઇ આવ, મુંબઇમાં તો જે જોઇએ તે તૈયાર મળે છે. ત્રિજોરીમાંથી જોઇએ તેટલા રૂપીઆ લઇ રાખ, અને છોકરાને પણ ગાડીમાં તારી સાથેજ લેતી જા. એનાં માબાપને એ બાબતમાં ટોકવા કરતાં, આમ કરવું એજ વધારે સારૂ છે ! બસ ! એજ સેહેલો અને સટ રસ્તો !"

"તો ભલે ! તેમજ કરૂ છું !" કહીને મંગળા તે છોકરાને લઇ ગાડીમાં બેસી, તાબડતોબ બજારમાં ગઇ, આ વખતે પ્રગટલાલની વય પાંચેક વર્ષની થયલી હોવાથી તે મોહનને ત્યાં અવારનવાર રાતના પણ ખુશીથી રહેતો હતો.

મંગળાએ પ્રથમ તો ક્રાફર્ડ મારકેટમાં જઇને પાંચ તરેહના ઈંગ્લીસ ફેશનના ડ્રેશ લીધા, તેમજ બીજા કેટલાક કિમતી કપડાં સીવડાવવાના ઓર્ડરો આપ્યા. બે જોડ વિલાયતી બુટ લીધાં, કેટલાંક કીમતી રમકડાં લીધા, અને તે પછી જાણીતા સોનીઓની દુકાનેથી ઇંગ્લીસ ફેશનના કેટલાક દાગીના પણ લીધા, અને તે પછી ગાડીમાંજ તેણીએ તે બાળકને કેટલાંક વસ્ત્રાલંકાર સજાવીને અચ્છો શણગારી દીધો. બાદ ઘેર જઇને મોહનને કહ્યું "પ્રાણનાથ ! જુઓ ! આજ તમારો બુચો હોય કે ? (તે છોકરાને બુચો કહેતા હતા) જુવો હવે એ કેવો લાગે છે ?"

તરતજ મોહને તેને પોતાના હાથમાં લઇને હરખભેર બચ્ચીઓ કરી, અને તેને ખુબ આનંદમાં રમાડવા માંડયો; પરંતુ બુચાને મોહન કરતાં પણ મંગળાની માયા વધારે હોવાથી તે તેણીની પાસે દોડીગયો, અને તે જોઇ મંગળા બોલી "જુઓ તમારી પાસેથી પણ મા

રીજ પાસે કેવો દોડી આવ્યો ! હા આસ ! મને બહુજ વ્હાલો લાગે છે ! " કહીને તેણીએ તે બાળકનાં કોમળ ગાલપર લાગલાગટ બચ્ચીઓ કરવા માંડી !

" અરે ! આ શું કરે છે ! " મોહને હસીને કહ્યું " બિચારાનો ગાલ પણ ફુલી જશે ! "

" ફીકર નહી. ફુલશે તો તેનો ઉપાય કરીશ ! " કહીને મંગળાએ વળી તે બાળકના બીજા ગાલ ઉપર બચ્ચીઓ કરતાં કહ્યું " ભાઇ બુચા ! આ તારા કાકાની પાસે હવે જતો નહી હોં ! દીકરા ! તુ મારીજ પાસે રેહેજે ! કેમ રહેશે કેની ? મારા વાહલા?

" હા. હું તો તમારી પાસેજ રહીશ, મોહટી બા. " (કેમકે તેણીને ' મોહટી બા ' કહીને બોલાવતો હતો, અને પોતાની માતાને માત્ર ' બા ' કહીનેજ બોલાવતો હતો; તેજ પ્રમાણે પોતાના પીતાને તે " બાપા " કહીને બોતો હતો જ્યારે મોહનને તે મોહટા " બાપા " કહીને બોલાવતો હતો.)

ઓફીસનો વખત થતાં પેહેલાંજ સુરતીલાલનો માણસ છોકરાને બોલાવવવા આવ્યો, પણ મંગળાએ તેને મોકલ્યો નહીં, અને તેથી તે માણસ જેમનો તેમજ પાછો ગયો, અને સુરતીલાલ તે પછી ઓફીસમાં ગયો

જમી ખાઇ પરવારીને પ્રેમવંતિનો જીવ પોતાના પુત્રમા ખેચાયાથી તેણી પોતેજ મંગળાની પાસે ગઇ, અને છોકરાને અગે નવીન વસ્ત્રાલકાર જોઇને તેણી બોલી " આ શું કહેવાય ! આ તો બધુ નવું નવું છે ! મોહટી બાએ અપાવ્યા કે બેટા ?

હા બા. જો ! મારી મોહટી બાએ મને કેવું મઝાનું અપાવ્યુ ?

" હવે તું તારી મેળે અહીંજ રહેજે, એને ત્યાં જતો નહી "

સીન-૧૪ મોહન અને મંજુળા

અરે! આ શુંકરેછે. મોહને હશીને કહ્યુ, (પા. ૨૭૮)

કહીને મંગળાએ પ્રેમવંતિ પ્રત્યે નિહાળીને કહ્યુ " પરમેશ્વરે આવો મઝાનો કહાન કુંવર જેવો છોકરો આપ્યો છે, પણ તમારો જીવ કેવો કન્જુસ છે ?! છોકરાના અંગપર દાગીના તો નહીં, પણ કપડાં પણ પુરાં પાધરાં નહીં ! બળ્યોરે તમારો જીવ ! પૈસા શું છાતીએ બાંધી જવાના છો કે ? "

" એ તો સહવારના પોહોરમા પથારીમાંથી ઉઠયો તેવોજ તમારો માણસ એને તેડવા આવ્યો, અને તમારા માણસને જોયો એટલે કપડાં બદલવા પણ નહીં થોભ્યો ! તરતજ માણસ પાસે દોડી ગયો, અને માણસ પણ તેવોજ ઉચકીને ચાલતો થયો ! "

" તો ભયે ! અમને કપડા ને દાગીના મળે છે. એનાથી અમને શું વધારે છે ?

પણ તે વાતની હું કયા ના પાડું છું ? તમારોજ છોકરો છેની ?

" અલબત અમારો છોકરો છે અમે એને અમારેજ ઘેર રાખીશુ. " બુચા તરફ જોઇને મંગળાએ પૂછ્યુ " કેમ દીકરા ! મારે ત્યા રહેશેની મા ? "

" હા હુ તો અહીંજ રહીશ, મોહોટી બા મારી બાને ત્યાં નહીં જાઉ. " બુચો બોલ્યો.

" ભલે અહીંજ રેહેજે. મારે તારૂં કામે નથી. " પ્રેમવંતિ હસીને બોલી.

" એ તો એમ મોંઢેથીજ બોલાય છે તો ! કોઇ રહેવાએ દે નહીં તો ! " મંગળાએ કહ્યું " સહવારનો આવ્યો છે તેથી કેવા વેહેલા વેહેલા છોકરાને માટે આવ્યા !

" હું તો તમને મળવા આવી છું " પ્રેમવંતિ હસીને બોલી.

" ખરી વાત ! કેહેવાનુંજ તો ! " કહીને મંગળાએ પછી બુચાની સાથે વધારે આનંદમાં આવીને તેને ખીલવવા માંડયો.

" થોડી વાર પછી પ્રેમવંતિ પોતાને ઘેર ગઇ. બુચાને મોકલવાનું કહેવાની તેણીની હિમ્મત ચાલી નહીં, પણ તેણી તેને મંગળાની પાસેજ રાખીને ગઇ.

" રાતના સુરતીલાલ ઘેર આવતાંજ વળી પોતાના માણુસને બુચાને બોલાવવાને મોકલ્યો પણ મંગળાએ તે માણુસને કહ્યું કે જા ! તારા શેઠને કેહેજે કે બુચો તો અહીંજ રહેવાનો છે. "

" આ સાંભળી માણુસ તો પાછો ગયો, પણ સુરતીલાલનો જીવ નહી રહેવાથી તે રાતના જમીને જાતે ને પોતે મોહનને ત્યાં આવ્યો, અને રાતના પોતાની સાથેજ બુચાને પોતાને ત્યાં લઇ ગયો. આથી મંગળાને જરાક માઠું લાગ્યું અને તેણી પોતાના પતિ પ્રત્યે બોલી " પ્રાણુનાથ ! જુઓ આખરે સુરતીલાલ પોતે આવીને પણ છોકરાને લઇ ગયો ! "

" હોય ! એમજ ચાલે ! માબાપના જીવ એવાજ હોય ! "

" ત્યારે તેને આપણી અધીરાઇજ આવી હશેની વારૂં ! "

" અધીરાઇની એ વાત નથી, પણ દરેક માબાપને પોતાનાં બચ્ચાં પોતાનાથી દુર રાખવાનું ગમેજ નહીં; કેમકે બચ્ચાંની માયા એવીજ છે, વહાલી ! "

" ત્યારે પરમેશ્વરે મનેજ છોકરૂં નહીં આપ્યું ! હુ પણ કેવી ભાગ્યહીન છું ! "

" અરે ભૂંડી ! મારૂં શું ને તારૂં શું ? છોકરાં કોનાં ને છૈયાં કોનાં ! એ તો માત્ર આ સંસારનો ખ્યાલ સ્વપ્નવત છે ? કંઇ સાથે આવવાનું નથી ? "

" પણ ઇશ્વર મને સંતતિનું સુખ કેમ આપતો નહીં વારૂ ? "

" મોહન સમજી ગયો કે અત્યારે આ છોકરાની ઇચ્છામાં ઉદાસિમાં આવશે ને તેથી એ ઘણીજ દિલગીર થશે, માટે હવે એને ધાર્મિકપણાના દાખલાથી એનાં મનને સંતોષ આપવો જોઇએ; આમ વિચારી તે બોલ્યો " એવો કોઇ અભાગિ જીવ હોવો જોઇએની કે જે તારાં ગર્ભસ્થાનને પાત્ર હોય ? "

" એટલે ? " મંગળા કંઇક ક્રોધમાં બોલી " મને સંતાન થાય તો તે અભાગી કે ? "

" તારે માટેજ હું નથી કહેતો, પરંતુ સામાન્યપણે મારૂ કહેવુંએ છે કે, આ જગતમાં જે જન્મ ધરે તે બધાએ અભાગીજ જાણવા. "

" એ વળી તમારૂ નવું ડહાપણ આજેજ સાંભળ્યું ! જગતમા જન્મ ધરનારા અભાગિ હોય, એમ આપ શા ઉપરથી કહો છો વારૂ ?! "

" કારણકે ગર્ભસ્થાનમાં રહ્યા વગર જીવનો જન્મ થતોજ નથી, અને તે સ્થાનમાં અભાગિ શિવાય દશ માસ સુધી કોઇ સુભાગિ મોક્ષ પામેલો જીવ તો રહેજ શાનો ? "

" આ તો તમે નવું તુત કહાડયું ! મને તો એમાં કાંઇ સમજ પડતી નથી ! "

" તો હું તને સમજાવવાને તૈયાર છું. જો સાંભળઃ—એક ધાર્મિક ગ્રંથમાં ગર્ભસ્થાનનો ઇતિહાસ આપતાં જણાવ્યું છે કે, સ્ત્રીનાં શરીરમાં જે ગર્ભસ્થાન છે, તે તેના નળાશય અને મુત્રાશય બંનેની વચમાં આવેલું હોય છે. તેમાં પ્રથમ માતા પિતાનાં વિર્યના મિશ્રણથી બનેલાનો, બુંદ રૂપે, અને થોડાક સમય પછી બુદ બુદ રૂપે, ગર્ભવાસ કરનાર જીવનો દેહ બધાય છે. પછી ઉત્તરોત્તર તેની માતા

(તે ગર્ભને ધારણ કરનારી) જે જે અન્નાદિક પદાર્થોનું પાન કરે છે, તેનો તેણીના ઉદરમાં રસ બન્યા પછી, તેમાંથી કેટલોક અંશ ગર્ભસ્થાનના નાળદ્વારા તે ગર્ભને પોહોંચે છે, જે વડે ગર્ભ વૃદ્ધિ પામતો જાય છે. જેમજેમ સમય વીતતો જાય છે, તેમતેમ ગર્ભ આકારવાળો બને છે; અને તે પછી સ્પષ્ટ અવયવવાળો બને છે; એટલે સુખ દુઃખાદિક, શિતોષ્ણાદિક ઉપદ્રવો તેને લાગે છે. આવે સમયે ગર્ભના પ્રાણી ઉંધે મસ્તકે સકડાશથી ભીચડાઇને રહે છે, એટલુંજ નહીં પણ તેની માતા વારંવાર સુવે, બેસે, ઉઠે, પાસું ફેરવે, વાંકી વળે, મ્હેનત કરે, હરેફરે, ત્યારેત્યારે તે ગર્ભને વારંવાર ભીચડાઇને, સકડાઇને, મરડાઇને, અને તે શિવાય અનેક પ્રકારે મહા મહા સંકટ સોશવું પડે છે ! વળી આસપાસ આવેલા મળમૂત્રના ખાડાઓમા રગડાવા ઉપરાંત તેના દેહની આસપાસ રૂધિર, માંસ, કફ, લાળ, પરૂ, અને એવા અનેક ગંધાતા પદાર્થો ભરેલા હોય છે. જેમ નર્કમાંનો કીડો નર્કમાથીજ ઉત્પન્ન થાય છે, એટલે તેનો દેહ નર્કથીજ બંધાયલો હોય છે, તેવીજ રીતે આ ગર્ભવાસમાંના જીવ પણ તેની આસપાસ રહેલા રૂધિર, માંસ, મળ મુત્રાદિકમાં રહેલા અને તે થકીજ ઉત્પન્ન થયલા હોવાને લીધે મળ, માંસ, રૂધિર વીગેરે રૂપજ છે. આવો ઘોર–મહા ઘોર–નર્કવાસ છતાં તેનુ શરીર નવીન બંધાયલું હોવાથી, અતિશય કોમળ હોય છે, અતિશય આળું હોય છે, કશુ પણ ખમી શકતું નથી, અને તેમ છતાં પણ તેની માતા વારવાર જે કાંઇ ખાટું, ખારૂ, તીખુ, કડવું, ભારે, ઉષ્ણ, ટાઢું વીગેરે ખાય છે, તે દરેક વેળા તે ગર્ભનાં કોમળ અંગને ઘણી ઘણી પિડાઓ થાય છે, જે તે સહન કરી શકતો નથી, પણ કહે કોને ? વળી તે જીવની માતા, અકસ્માત કોઇ જાતના ભયમાં આવી પડે, અથવા

કોઇ કારણસર તેનાં મનને ક્ષોભ કે ચિંતા અથવા શોક થઇ આવે, તો તે વખતે ગર્ભવાસી જીવ પણ ઘણી ઘણી રીતે રીબાય છે, અને દુઃખ પામે છે, એવાં નર્કવાસથી પણ હજાર ઘણા ઉપરાઉપરી અનેકઅનેક દુઃખોમાંથી ગર્ભવાસી જીવ, ઘણીકવાર મૂર્છાગત થઇ જાય છે. ચૈતન્ય રહિત થઇ જાય છે, અને કદાચ તે વાસથી વિખુટો પણ પડી જાય છે. વિખુંટા પડતા કદાચ દૈવેચ્છાથી બચ્યો તો એ દુઃખોથી બહુ બહુ અકળાય છે, અને છુટવા માટે ઘણા ઘણાં ફાંફાં પણ મારે છે, પણ છુટે કયાંથી ? ઉપરાચાપરી અનેક બંધનો—આવરણોની અંદર તે વિંટળાયલો હોય છે, અને ત્યાના તમામ દ્વાર બંધ હોય છે. આવે સમયે તે અતિશય અકળાઇને જ્યારે તે કોઇવાર મૂર્છા પામી દેહભાન ભુલી જવા જેવો થાય છે, ત્યારે તેને પુનઃ કાંઇક ભાન આવે છે કે, ‘ અરે ! હું કેવા મહા દુઃખમા છું ? અરે ! આ દુઃખનુ કારણ તો હુ પોતેજ છુ. મે પૂર્વ જન્મોમાં નિરંતર સ્ત્રી સંસર્ગાદિકથી સંસારવાસનાજ દૃઢ કરી, અને જગતનિયંતા પ્રભુને ભુલી ગયો તેનુજ આ ફળ છે. તેની પ્રાપ્તિને માટે મને મનુષ્ય દેહમાં સર્વ સાધનો અનુકુળ હતા, તોપણ મે દુષ્ટે તેની ઉપેક્ષા કરી. જેથી પુનઃ મારે કર્મ આ મહા કષ્ટમય નર્ક દુઃખ આવ્યુ છે. મારા સમાન કૃતઘ્ની કોણ ? મે જગદીશ્વરના સર્વ ઉપકારો ઉપર પાણી ફેરવીને હાથે કરીને આ દુઃખ વોહોરી લીધુ છે, હવે મને તે પ્રભુ આમાંથી કયારે છોડાવશે ? હવે તો હું આ સંકટ કદી નહીંજ ભુલુ ! જો હુ આ દુઃખમાંથી નીકળુ તો કેવળ ભગવત્ સ્મરણજ કરૂ, પણ સંસારને પડખે તો નહીજ ચડુ; એમ મનન કરી, વળી તે પ્રાણી પુનઃ મનોમય રીતે કૃપાળુ પ્રભુ શ્રીની અનેક પ્રકારે સ્તુતિ કરે છે, અને ક્ષમા માગે છે કે, ‘ હે દીનદયાળુ ! હે પરમાત્મા !, હે કરૂણાસાગર !

વારંવાર હું તારી અવગણુના કરીને તારા ઉપકારોને વિસરતો આ-વ્યો છું, છતાં મારી પ્રાર્થનાપર લક્ષ આપ ! તે મને આ પુર્વે અસખ્ય વેળા કૃપા કરીને આવાં દુઃખમાંથી છોડવ્યો છે. તોપણ હું દુષ્ટ પાછો તને ભુલતોજ આવ્યો છું તો હે નાથ ! મારા સરખો કૃતઘ્ની બીજો કોણ હશે ? પરંતુ હે નાથ ! તું તો દયાનો સાગર છે, અને મારી આ ભુલો, તારી દુસ્તર માયાને નહીં તરી શકવાને લીધેજ થાય છે, માટે હે જગત્રાતા ! ક્ષમા કર ! મારી દીનની આ છેલ્લી પ્રાર્થનાને લક્ષમાં લઇ માત્ર આ એકવારજ મને દુઃખમાંથી છોડવ, હવે હું તને કદી પણ ભૂલીશ નહીં ' આ પ્રમાણે ઘણી ઘણી પ્રાર્થના કરી ક્ષમા માગીને જીવ સંસારમાં નહીં લોભાતાં ભગવત્ સ્મરણ કરવાની પતિજ્ઞા લે છે, ત્યારે દીનબંધુ શ્રી હરી પુનઃ તેની ઉપર કૃપા કરીને તેને ગર્ભવાસના મહાન સંકટમાંથી છોડવે છે ! આવી રીતનાં ગર્ભ સંકટમાં પડવાને કયો જીવ—અને તે પણ કયો અભાગિ જીવ—તૈયાર થાય ? અને તેવા કોઇપણ અભાગિ જીવને પાત્ર—એટલે તેવુંજ અભાગિ તારૂં ગર્ભસ્થાન નથી, માટે તારા જેવી ભાગ્યવતિ બીજી કોણ? સંતતી—બચ્ચાં કચ્ચાંને શું કરવાં છે ? ગર્ભનું અને તેની પછી સુવાવડનું સંકટ શું જેવું તેવું છે ? કે તું વળી સંત-તીની દુઃખદાયક ઇચ્છા કરે છે ? ! "

" ત્યારે આ બીજાં બધાંઓ પણ સંતતીની ઉમેદ રાખે છે તે શું ગાંડાંજ ગણાય કે ? "

' સંસારની કેહેવાતી માયામાં જેઓ પણ મોહ પામે છે તે બધાંએજ ગાંડાં ! "

આ તો બધી તમારી વાતો વિચિત્ર છે ! જો એમજ હોય

તો પરમેશ્વરે સંસાર સૃજ્યો છે તે શા માટે? સંસારનું સુખ મેળવવાની તો સૌનેજ આશા રહે."

"આશા રહે તે ભલે! પણ તેમાં માલ કશોએ નથી! સંસારમાં સાર એટલોજ સમજવાનો છે કે, ઇશ્વર જેમ રાખે તેમ રહીને નીતિ રીતિમાં દિવસ નિર્ગમન કરવા. એ બધી વાતો ઘણીજ ઉંડાણ છે, માટે ટુંકમાં તારે એટલુંજ સમજવાનું છે, કે ભગવત્ સ્મરણમાં જીવ રાખી સદાએ સંતોષાનંદમાં દિવસો નિર્ગમન કરવા. છોકરાં કોનાં ને બચ્ચાં કોનાં? સૌ અલ્પ સ્વલ્પ સંસારનો નાટક છે! આમ સમજી સદા નિવૃત્તિ રાખવી."

આ પ્રમાણે વાતો કરતાં રાત વિશેષ થઇ જવાથી તેઓ પછી સૂતાં. સુતાં સુતાં મંગળાથી મનમાંજ બોલાઈ જવાનું કે આને "સુખસાગર કે વેદાંતનો ઉપદેશ."

રાતની વાત રાતેજ ગેપ થઇ ગઇ! પ્રભાત થતાંજ પુનઃ મંગળાએ પોતાના પતિને કહ્યું "બુચાને બોલાવી મંગાવું કે નહી? તેને મોકલવાને તેનાં માબાપ અચકાશે તો નહીંની?"

"અરે! નહીંરે! તેઓ કંઇ તેવા નાદાન નથી! તેમ આપણી કાંઇ તેમને અધિરાઇએ નથી! માટે બેલાશક બોલાવી મંગાવ. આખો દાહાડો અહીં રહેશે ને રાત્રે ત્યાં રહેશે."

"એવી રીતે થાય ત્યારે તો સારૂંજ તો." કહીને મંગળાએ તેને તેડવાને માણસ મોકલ્યો.

બુચો હજી ઉઠયો નહોતો, તેથી પ્રેમવંતિએ તે માણસને કહ્યું કે "હજી બુચો સૂતો છે."

આ સાંભળી માણસે પાછા વળીને તે સમાચાર મંગળા પ્રત્યે કહ્યાઃ જે ઉપરથી મંગળાએ પોતાના પતિને કહ્યું "જુઓ! બુચાને મોકલ્યો નહીં જો?!"

"પણ સુતો છે તેથી ઉઠાડીને નહી મોકલ્યો, તેમા શું થયું? જરાવાર રહીને તેડવા મોકલજે."

"ઠીક" કહીને મંગળાએ પોતાના પતિને ચાનો પ્યાલો મોકલ્યો, પરંતુ પોતે તો બુચો આવ્યા પછી તેને પાઇનેજ પીવાનુ રાખ્યુ, અને તેથી થોડીકવાર બાદ તેણીએ બુચાને તેડવાને માણસને પાછો મોકલ્યો."

કર્મ સંજોગે આજે બુચાનું શરીર જરા ગરમ લાગવાથી પ્રેમવંતિએ પોતાના પતિને કહ્યુ "પ્રાણનાથ! બાઇનુ શરીર મને ગરમ લાગે છે જો! જુઓ તો ખરા ? !

તરતજ સુરતીલાલે ઉઠીને તેનું શરીર તપાસતાંજ તે બોલ્યો "હા! એનાં દિલમા તાવ છે! ડાકટરને બોલાવવો જોઇએ." કહીને તાબડતોબ સુરતીલાલે પોતાના માણસને ડાકટર તરફ મોકલ્યો.

મુંબઇમા આ વખતે મરકીનુ કઇક જોર ચાલતું હોવાથી પ્રેમવતિ ગભરાઇ, અને તેણીની આંખોમાં પાણી આવતાંજ તેણી રડવા લાગી, જે જોઇ સુરતીલાલે કહ્યું "તું તો ઘેલી છે! એ તો સાધારણ તાવ છે, તેમાં રડે છે શા માટે ? હમણા ડાકટર આવીને દવા આપશે કે સારૂં થઇ જશે."

"પણ હમણાંનો વખત ખોટો છે તેથી મને ધાસ્તી તો લાગે છે. પ્રાણનાથ!"

"કાંઇ ધાસ્તી રાખવાનું કારણ નથી. ફોગટ ગભરાવું નહીં,"

એટલામાંજ મંગળાના માણસે આવીને કહ્યું "બાઇએ બુચાને બોલાવ્યો છે."

"બાઇને કહે કે એના જીવને સારૂં નથી, માટે નહી આવે." પ્રેમવંતિએ જણાવ્યું"

ચીત્રનં.૧૫ ખુચાની. માદગી.

પ્રાણનાથ, તાવ હવે તો ઉતરેલો લાગે છે (પા ૨.૯)

માણસે તે જુવાબ મંગળાને કહયો, અને તેણી તે સાંભળીને ગભરાઇ. મોહન પણ જરા ચમકયો અને તેઓ બન્ને તાબડતોબ મુરતીલાલને ત્યાં ગયા. આ વખતે ડાકટર પણ આવેલોજ હતો, અને તે બુચાને તપાસતો હતો. તેણે તપાસીને કહ્યુ "એકસોને બે ડીગ્રી તાવ છે, અને મને તો પ્લેગ જેવો કેસ લાગે છે !"

આ સાંભળી સર્વે ગભરાઇ ગયાં. અને રડારોળ કરવા મંડી પડયા ! ડાકટરે કહ્યું "ગભરાશો નહીં, હુ હમણાં દવા મોકલુ છુ. તે કલાકે કલાકે આપજો, ને બપોરે હકીકત કહાવજો," કહીને ડાકટર ગયો.

"સબુર કરો ! હું બીજા ડાકટરને બોલાવી લાવુ છુ" કહીને મોહન પોતાના જાણીતા એક બીજા ડોકટરને બોલાવવાને ગયો, અને થોડીવારમાં તેને પોતાની સાથેજ લઇ આવ્યો.

ડાકટરે બુચાને તપાસીને "કહ્યું ગભરાવા જેવુ કશું પણ નથી. ફકત સાધારણ તાવ છે. સાંજ સુધીમાં ઉતરી જશે. લ્યો આ દવા મારી સાથેજ લાવ્યો છું તે એને આપો." કહીને ડાકટર દવા પોતાને હાથેજ પાઇને ગયો, અને તે પછી કલાકેકમા તેને એક દસ્ત આવતાંજ તાવ નરમ પડયો.

"પ્રાણનાથ ! તાવ તો હવે ઉતરેલો લાગે છે !" પ્રેમવતિ બોલી.

મુરતીલાલે બુચાનાં શરીર ઉપર હાથ ફેરવીને કહ્યુ "હા. શરીર કંઇ વધારે ગરમ નથી.

મોહન અને મંગળા પણ બુચાનું શરીર જોઇને બોલ્યા "આટલું ગરમ તો જોઇએ."

બાદ બપોરે તેજ ડાકટરને પાછો બોલાવ્યો, જેણે આવીને બુચાને તપાસીને ખુશનુમા ચેહેરો કરી જણાવ્યુ "ઓહ ! હવે તો

સારૂં છે. બસ, હરકત નથી. એ તો આજકાલના કેટલાક ડાકટરો સેહેજ તાવ જણાવતાંજ પ્લેગ ઠોકી બેસાડે છે, અને નાહક વગર સમજવે ગભરાવે છે ! " કહીને ડાકટરે બીજી દવા આપીને કહ્યું આ દવાના ત્રણ ભાગ આપજો. પરમેશ્વર કરશે તો હવે પછી દવાની જરૂરજ નહીં પડે " આ પ્રમાણે કહીને ડાકટર વિદાયે થયો.

હવે સર્વના જીવને શાંતિ વળી, તોપણ મંગળા તથા મોહન તે રાતના ત્યાંજ રહ્યા. બાદ બીજે દીવસે પ્રભાતમાં બુચો બરાબર હુશીયાર હોવાથી તેઓ પોતાને મકાને ગયા.

" જોયું ! આ સંસારમાં કેટલી ઉપાધિ છે ? ! છોકરાને તાવ આવતાંજ બધાના જીવ ઉડી ગયા ! અરે વાહાલી ! સંસારનો લાહાવો સુખદાયક તો નથીજ, પણ દુઃખદાયકજ સમજી રાખજે ! કેટલાકને છોકરાં થાય છે, અને જીવતાં નથી ! કેટલાકનાં છોકરાં ઉછેરવા પછી થોડાં કે ઘણાં વરસોમાં મરી જાય છે ! અને કેટલાકો છેક વૃદ્ધાવસ્થામાં પોતાના એકનાએક છોકરાને ગુમાવી બેસે છે ! આવી રીતે થવાથી તે માબાપોના દુઃખની સીમાજ રેહેતી નથી ! સારાંશમાં એજ કે સસાર દુઃખદાયકજ છે ! "

" ખરૂં છે પ્રાણનાથ ! " કહીને મંગળા જરાવાર થોભીને બોલી " હવેથી બુચાને આપણે ઘેર બોલાવવો નહીં, પણ તેને ત્યાંજ રમાડવાને જવું. મને લાગે છે કે આપણે તેને સુંદર વસ્ત્રાલંકાર સજાવ્યાં હતાં તેથી તેને કદાચ નજર લાગી હશે ! અને તેનાં માબાપ પણ કદાચ વેહેમાયા હશે જો ?! "

" છટ ! તેઓ એવા વિચારનાં છેજ નહિ. બુચાના ઉપર આપણો અતઃકરણનો પ્યાર છે, એમ તેઓ સારી રીતે સમજે છે તેઓ કંઇ તેવાં મુર્ખ નથી તો ! "

"ત્યારે બુચાને તેડવા મોકલ્યું તો કંઇ વાંધો તો નહીંની ?"

"મુદ્દલજ નહીં; પણ હવે આજનો દાહાડો જવા દે. આવતી કાલે તેડવા મોકલજે." કહીને મોહને ભોજન કરી લીધુ, અને પછી ઓફીસમાં ગયો, અને જતી વખતે બુચાની ખબર લેતો ગયો.

તેજ દિવસે બપોરે મંગળા પણ પરવારીને ત્યાં ગઇ, અને જતાં વારજ બુચાને પોતાના ખોળામાં લઇ તેનું શરીર તપાસી બોલી "આજે તો હવે તાવ નથી."

"ના. આજે તો ઇશ્વર કૃપાથી સારૂં છે" પ્રેમવંતિએ જણાવ્યું.

"ગઇ કાલે મારો તો જીવજ ઉડી ગયો હતો. બેહેન ! મેં એને નવા વસ્ત્રાલંકાર પેહેરાવ્યા હતા તેથી મને તો એમજ લાગ્યું કે જરૂર છોકરો નજરાયો હશે ! એમ વિચારી મને તો ઘણોજ પસ્તાવો થયો !"

"એ તો તમારી ભુલ છે. એમાં પસ્તાવાનું કાંઇજ કારણ નથી. તમે કાંઇ એના દુશ્મન છો કે ? હું શું સમજતી નથી, કે તમે એને જીવ કરતાં પણ વધારે ચાહો છો ? ! એ છોકરો મારો નથી, પણ તમારોજ છે."

"તે તો છેજ." મંગળા ખુશાલીમાં આવીને બોલી "હવે એને માટે એક સરસ ટટ્ટુ લેવાનો મારો વિચાર છે. તે ઉપર બેસાડીને માણુસ સાથે દરરોજ દરિયા કિનારે એને ફરવા મોકલીશ.

"હજી વાર છે. જરા વધારે મોહટો થાય પછી વાત !"

"અરે તું જોજે તો ખરી ! એનાં તો મારે વિવાહ કરવા છે, અને પછી મોહટી ધામધુમથી લગ્ન કરીશ, પેહેલા નંબરનો માંડવો બંધાવીશ ! સરસ વરઘોડો કહાડીશ ! ઈંગ્રેજી વાજું મંગાવીશ ! અને મુંબઇમાં તમામ વાણીયાઓનું મહાજન જમાડીશ !

લગ્ન તો એવી રીતે કરીશ કે લોકો જોયાજ કરે ! આ મારા વાહલા ઉપર મને ઘણું હેત આવે છે ! ” કહીને મંગળાએ તેના ગાલપર બચ્ચીઓ કરી.

“ આજના વખતમાં હોંસ કરવીજ નહીં. બેહેન આપણું ધાર્યું શું થાય છે ? ”

“ હા બેહેન ! તે તો છેજ. ધાર્યું તો ભગવાનનુંજ થશે. ઇશ્વર મારા વાહલાને જીવતો રાખે, અને સો વરસનો કરે ! ” કહીને મંગળાએ તેને છાતી સાથે વહાલથી દાબ્યો, અને બોલી “ હવે હું જાઉં છું, અને હવે તો કાલે સહવારે ભાઇને તેડવાને માણસને મોકલીશ.” કહીને તેણી પોતાને મકાને ગઇ.

આ પ્રમાણે બુચા ઉપર સરવેનો અત્યંત પ્રેમ હતો, તેમજ તેને સારી કેળવણી આપવાની ઉમેદ પણ મોહનલાલ તથા સુરતીલાલને અત્યંત હોવાથી બુચાની વય છ વરસની થતાંજ તેને નિશાળે મુક્યો, અને ઘર આગળ અભ્યાસ કરાવવાને પણ ખાસ માસ્તર રાખ્યો. તે માસ્તરની સાથેજ બુચાને દરરોજ સાંજના દરિયા કિનારા ઉપર ફરવા મોકલતાં.

બુચો અગીયારમે વરસે ગુજરાતીની સાથેજ અંગ્રેજી શીખવા લાગ્યો, અને તે પછી સત્તરમે વરસે મેટ્રિકયુલેશનમાં પણ પાસ થયો. આ વખતે તેના વિચારો ઘણા ઉત્તમ હતા, અને તેણે વિલાયત અભ્યાસ કરવા જવાની ઇચ્છા જણાવી, તે વાતની સુરતીલાલ તેમજ મોહને તો સંમતિ આપી, પણ મંગળાએ તો સાફજ ના પાડી અને મેમવંતિએ જરા ઢચુપચુ મન જણાવ્યું. આ વખતે બુચો ઘણુંખરું મંગળાની પાસેજ રેહેતો હતો, અને તેણીનું માન તે વધારે સાચવતો હતો; કેમકે તે પોતાનાં મનમાં સમજતો હતો કે “ આ

મારી જનેતા નહિં હોવા છતાં મારા ઉપર મારી જનેતા જેટલુંજ હેત રાખે છે તો મારે પણ જેમ મારી જનેતાની આજ્ઞામાં રહેવું, તેવીજ રીતે આ મારી જનેતા સમાન માતુશ્રીની આજ્ઞામાં પણ રહેવુંજ જોઇએ." આવા સદ્‌વિચારથી બુચો તેણીની આજ્ઞાને પણ માન આપવામાં જરા પણ ન્યુનતા બતાવતો નહીં.

એક દિવસે તેણે મંગળા પ્રત્યે પુછ્યુ "મોહટી બા, મને વિલાયત મોકલવાને તમે શા માટે ના પાડો છો? ત્યાં જઇશ તો બેરિસ્ટર થઇ આવીશ."

"હવે તારે બેરિસ્ટર થઇને શું કજીયા લડવાને કોર્ટમા જવુ છે કે? તુ તારા વડીલોની ઓફીસ ચલાવશે તો બસ! તુ વિલાયત જાય તો તેમનો ધંધો પછી કોણ કરશે?"

"વિલાયત જઇ આવ્યા પછી હુ ઓફીસનું કામ પણ શીખીશ."

"નહીં. તારા વડીલો હવે વૃદ્ધ થવા આવ્યા છે, માટે હવે નિશાળ છોડી તારે તેમની સાથેજ કામકાજમાં જોડાવું, એવીજ મારી મરજી છે."

"તો ઠીક તમારી મરજીની વિરૂદ્ધ મારે ચાલવું પણ નથી." કહીને પ્રગટલાલ શાંત રહ્યો, તોપણ તેનાં મનને તો કંઇક ગ્લાનિજ લાગી.

સાયંકાળે મોહનલાલ આવતાંજ પ્રગટલાલે તેની સાથે એકાંતમાં વાત કરતાં કહ્યું "મુરબ્બીજી! વિલાયત જવાની મને અત્યંત હોંસ છે, પણ મોહટી બા ના પાડે છે!" આમ કહેતાંજ તેનાં આંખોમાં પાણી ભરાઇ આવ્યા.!

"બેટા! પ્રથમ મારો ને તારા પિતાનો વિચાર પણ તને વિલાયત મોકલવાનો તો હતોજ, પણ પાછળથી લાંબી નજર પોહોંચાડતાં અમને લાગ્યું કે, હવે અમારી વૃદ્ધાવસ્થા થવા આવી છે, માટે તને અમારી સાથે ઓફીસના કામકાજમાંજ માહિતગાર કરવો,

કે જેથી અમારી પછી તું ઓફીસ ચલાવવાને શક્તિવાન થાય. અમારો ધંધો ઘણોજ સારો છે. અમે જે લાખો રૂપીઆ પેદા કીધા છે તે તમામ એજ ધંધામાંથી મેળવ્યા છે, માટે તે તારે માટે એવું ઉત્તમ સાધન હાજર છતાં વિલાયત જવામાં તું શું લાભ વિચારે છે ?"

"મુખ્ય લાભ તો એજ કે ત્યાંની ઉત્તમ કેળવણી ને વિધવિધ વિદ્યાજ્ઞાન મેળવી શકાય, અને તે પછી ઓફીસનુ કામકાજ કરૂં તો તે હાલના કરતાં વધારેજ સારી રીતે થઇ શકે, આજ મારો ખાસ હેતુ છે."

"એ હેતુ પણ ઘણો સારો છે, પરંતુ અમારી વૃદ્ધાવસ્થા તારા તે હેતુને અટકાવે છે, માટે હવે સંતોષ રાખી વિદ્યાભ્યાસ પણ બંધ કરી ઓફીસના કામકાજમાંજ લક્ષ આપવું, એટલીજ મારી તને સલાહ છે."

"ઠીક જેવી આપની આજ્ઞા" કહીને પ્રગટલાલ મૌન્ય રહ્યો, તોપણ તેના મગજમાં વિલાયત જવાની ઉમેદ તો ઉછળ્યાજ કરતી હતી!

બાદ પ્રગટલાલે બીજેજ દિવસથી શાળા છોડી, અને પોતાના વડીલોની સાથે ઓફીસમાં કામકાજ કરવાનો પ્રારંભ કીધો.

હવે પ્રગટલાલનાં લગ્ન કરવાની સઘળાંને ઉતાવળ થઇ. લગ્ન તો કયારનાં થયાં હોત, પણ વિદ્યાભ્યાસ કરતો હોવાથી તે લગ્ન કરવાની સાફ ના પાડતો હતો, અને તેથી તેના લગ્ન અટકયાં હતાં; પણ હવે સારી કન્યાઓની શોધ કરતાં એક મનગમતી, કેળવાયલી અને રૂપાળી—રૂપ સુંદરી—મળી આવતાંજ તેણીની સાથે પ્રગટલાલનાં લગ્ન કરવાનો ઠરાવ થયો, અને તેને લગતી ધામધુમ પણ શરૂ થઇ ચુકી.

લગ્નને માટે વસંત પંચમીનું માંગ્લિક મુહુર્ત નિર્માણ થયું. મુંબઇમાં પ્રખ્યાત માધવબાગમાં લગ્નનો મંડપ પૂર ભપકાદાર બનાવ્યો, અને તેને દરેક રીતથી શોભાયમાન કરવામાં ખામી રાખી નહીં. બાદ ઘોડે બેસીને નહીં, પણ પગે ચાલીનેજ પરણવા જવાને પ્રગટલાલે

મમત કીધો તે વિચારીને મુરતીલાલે તેમજ મોહને તો સમ્મતિ આપી, પણ મંગળા તેમજ પ્રેમવંતિને તે વાત પસંદ નહીં હોવાથી તેણીઓએ સાફ કહ્યું કે " જોઇએ તેમ થાય, પણ ઘોડે તો બેસવુંજ જોઇએ. "

આ વાતની ભારે પચાતી જાગી ! પોતાનો મમત કરવા જતાં પોતાના માતુશ્રીને ખરાબ લાગે, તેથી પ્રગટલાલ ઘણોજ અચકાયો, અને માતુશ્રીને ઘણી ઘણી વાતે સમજુતી આપવા લાગ્યો, પરંતુ તેણીઓએ આખરે કંટાળીને એટલુંજ કહ્યુ કે જો " તુ અમારોજ દીકરો હોય તો તારે અમારૂં કહ્યું કરવુંજ જોઇએ, "

આ છેલ્લા પાટલાનાં વચનો સાંભળી પ્રગટલાલ તો સ્તબ્ધજ થઇ ગયો, અને તે પછી કાંઇ પણ આનાકાની વગર તે ઘોડે બેસીનેજ પરણવા ગયો. જેથી મંગળા અને પ્રેમવતિના મન અત્યંત પ્રસંન થઇ ગયાં, અને તેણીઓએ પ્રગટલાલને આનંદથી આશિર્વાદ આપ્યો. આ પ્રમાણે પ્રગટલાલનાં લગ્ન થયાં,

લગ્ન પ્રસંગે તમામ ખર્ચ મોહનલાલેજ કીધો હતો, અને લગ્નની ધામધુમો કરવા પાછળ કોઇ પણ પ્રકારની કસર કરવામાં આવી નહોતી. લગ્ન નિમિતે પ્રગટલાલે કોઇપણ ઉપયોગી કામમાં એક સારી રકમ આપવાની ઇચ્છા જણાવવાથી તેની સુચના પ્રમાણે મોહનલાલે રૂપિયા એક લાખની રકમ જુદી કહાડી, અને તેનાં વ્યાજમાંથી કોઇપણ હિંદીવાનને અમેરીકા, જાપાન કે વિલાયતમાં હુન્નર ઉદયોગની કેળવણી લેવાને મોકલવાનું ઠરાવ્યું.

આ પ્રમાણે લગ્નના શુભ પ્રસંગે ખરેખરૂં શુભ કામ થયું, અને તેથી તેની જ્ઞાતિના તેમજ તમામ સ્વદેશાભિમાની હિંદી જનોમાં અત્યાનંદ પ્રાપ્ત થયો.

પ્રકરણ ૧૫ મું.

દોહરો.

કાળ સર્વને ખાય છે, એ કુદરતનો ન્યાય;
પ્રેમવંતી ને મંગળા, લાલે થયા વિદાય !
મોહન પણ સ્વર્ગે ગયો, પ્રગટ થયો પ્રખ્યાત;
નામ દીપાવ્યું કુળમાં થયો વેપારે વિખ્યાત.

વડીલોનો અસ્ત અને પ્રગટલાલનો ઉદય.

પ્રગટલાલનાં લગ્ન થયા પછી તે પોતાની પત્નિ સહ મોહનલાલને ત્યાંજ વિશેષે કરીને નિવાસતો હતો તેમાં એવું બનતું કે, કોઇ દાહાડો સુરતીલાલને ત્યાં તો કોઇ દહાડો મોહનલાલને ત્યાં એમ અવારનવાર બન્નેનાં મન પ્રસન્ન કરવા માટે બંને સ્થળોમાં રહેતો હતો, અને તેમ કરવામાં પ્રગટલાલનું ડહાપણ વખણાતું પણ હતું. એકનેજ ત્યાં રહેવાથી બીજાને કદાચ ઓછું આવી જાય એવા વિચારથી તેણે આ રસ્તો

લીધો હતો અને તે બાબતમાં સુરતીલાલ, પ્રેમવંતિ, મોહનલાલ અને મંગળા, પણ પ્રગટલાલ પ્રત્યે રાજી રહેતાં હતાં તેમ છતાં એક દિવસે પ્રગટલાલે મોહનલાલને વિનંતિ કરી કહ્યું મુરબ્બીજી, મોહટા બાપાજી! મારા વિચાર પ્રમાણે તમે અને મારા પિતાજીનું રહેવાનું એકજ સ્થળે થાય તો સારૂં ખરૂં કેની ? ”

“ હા દીકરા, તારી એ વાત ઘણી વ્યાજબી છે, અને આજેજ ઓફીસમાં એ વિષે તારા પિતાની સાથે હું કેટલોક વિચાર કરવાનો ઈરાદો રાખું છુ, ”

“ ઓફીસમાં મોહને તે વિષે સુરતીલાલની સાથે કેટલોક વિચાર કીધા પછી છેવટે તેઓએ સાથેજ રહેવાનું નિર્માણ કીધું, અને તેવા નિવાસને યોગ્ય વાલકેશ્વરમાં એક સુંદર બગલાની તપાસ કરાવતાં એક ભવ્ય બંગલો મળી આવ્યો. જે તેઓએ સવાલાખ રૂપિયાની કીંમતે ખરીદી લીધો, અને તે પછી તેઓ સરવે તેજ બંગલામાં રહ્યા અને તે બગલાનું નામ “ ઐક્યગૃહ ” એવું આપ્યું; આ બંગલો દરેક પ્રકારે ઘણો અનુપમ સગવડતા ભરેલો તેમજ ભપકાદાર હતો. તેમાં જાત જાતનું ફરનીચર પ્રગટલાલની ઇચ્છાનુસાર વસાવવામાં આવ્યું, અને તે બગલાની આસપાસના કમ્પાઉન્ડમાં પ્રગટલાલે ખાસ માળીઓ રાખીને મનહર બગિચો બનાવી બંગલાની શોભા સુંદરતામાં ઘણોજ દિલપજીર વધારો કરી દીધો. તે ઉપરાંત બંગલાના, અંદરના ભાગમાં પણ જે કેટલીક ખોડ ખાંપણો હતી તે પણ મનગમતી રીતે સુધારી બંગલાને દરેક રીતે રોનકદાર અને રમણિય બનાવતાં તે બગલા પાછળ એકંદરે દોહોડ લાખ રૂપિયા થઇ ચુકયા.

પ્રગટલાલની પત્નિ જેણીની વય આશરે પંદરેક વર્ષની હતી, તેણી એક ઉઘરતી યુવતિ અને કેળવણી પામેલી સુજ્ઞ તેમજ

દરેક વાતે સદ્‌ગુણી છતાં તેણીનાં મગજમાં સુધારાનો કેટલોક ફાંકો ભરાઇ ગયો હતો; પરંતુ પ્રગટલાલ મધ્યમપણાના વિચારવાળો યુવાન હતો. તે હદ બાહારના કલંકરૂપ સુધારાને બિલકુલ પસદ કરતોજ નહોતો; તે તો માત્ર મધ્યમપણામાં રહી પોતાની પ્રતિષ્ઠાનું સરક્ષણ થાય, પોતાના વડીલોની આમન્યા જળવાયલી રહે, તેમજ જે સુધારા ભવિષ્યમાં લાભકારકજ થઇ શકે, તેવાજ સુધારાને ચાહતો હતો. કેટલીક વખતે તો તેની સ્ત્રી, જેણીનું નામ પ્રિયવંદા હતું, તેણી કાંઇક ફેશનની વાત કરતી તો તુરતજ પ્રગટલાલ તેણીની સુચના કે વાતને શાંતતાથી સાંભળી એવી તો સારી સમજુતી સાથે દાબી દેતો, કે જેથી તેણી પણ પોતાના પતિની ઇચ્છા વિરૂદ્ધ તેવા અયોગ્ય સુધારાને વશ થવાથી દુર રહેતી હતી તેમ છતાં વળી પ્રસંગોપાત તેણી લગાર આગળ પણ વધી જતી હતી, અને તેથી પ્રગટલાલને તેણીને ટોકવાની તેમજ રોકવાની ફરજ પણ પડતી હતી.

એક પ્રસંગે પ્રિયવંદાને એક વિચિત્ર ફેશનની બાબતમાં પ્રગટ-લાલે સેહેજ તતડાવતાં તેણીને ઘણુંજ માઠું લાગ્યું, અને તે ઉપરથી તેણી જરા ગુસ્સામાં આવી ગઇ! અને તેણી ફટકીને બોલી "તમે તો મને દરેક બાબતમાં રોકીજ રાખો છો ?! બીજા શેઠીઆઓનાં બૈરાંઓ કેવાં કેવાં પોલકાં, બુટ, ને નવી નવી ફેશનનાં વસ્ત્રો પેહેરી પુર ભપકામાં ફરવા નીકળે છે, જ્યારે મને તો તમે સાધારણપણામાં રહેવાનેજ આગ્રહ કરો છો ?! તમે પોતે ઇંગ્રેજી કેળવણી પામેલા છતાં તમારામાં હાલના સુધારાની ચચળતા કેમ ઉત્પન્ન થતી નથી તે મને નવાઇ લાગે છે ?! પરમેશ્વરે આપ્યું હોય તો ભપકો કર-વામાં શું ખોટું છે ?!"

"ખોટું શું ને ખરૂં શું ? તેજ સમજવાનું છે તો!" કહીને

પ્રગટલાલે જણાવ્યું “ સુધારો શું શું કરવો, કેવો કરવો, અને કેટલી હદ સુધી કરવો, તે તું જ્યારે સમજશે ત્યારેજ તારા વિચારો મારી સાથે મળતા થશે, અને તેથીજ તે સમજાવવાનું કામ મારે બજાવવુંજ પડશે. જો વાહાલી ! તું પણ કેળવણી પામેલી છે તેથી મારી વાતનો ટુંક સાર સહજમાંજ સમજી શકશે એવી મને આશા છે. હાલમાં આપણા દેશમાં સુધારાના નામનો પવન ચોગરદમ ફુંકાવા લાગ્યો છે, તે પવનની કેટલીક લેહેર મિઠાસ ભરેલી અને પસંદ કરવા યોગ્ય છે, જ્યારે કેટલેક પ્રકારે તે પવન ઝેરી અને અનાપસંદ કરવા યોગ્ય પણ છે. ત્યારે હવે આપણે શું કરવું જોઇએ ? જેમ ગમે તેટલું સુંદર ને ઉત્તમ અનાજ પણ જોઇ તપાસીને અથવા ચાળણીમાં ચાળીનેજ આપણે આરોગીએ છીએ, તેવીજ રીતે તે સુધારાના પવનને પણ આપણે જોઈ તપાસી તેમાં જે માત્ર ખરો સુધારો હોય તેજ ગ્રહણ કરીને બાકીના નિરર્થક અને નિંદાપાત્ર તેમજ તેમાં સમાયલા ઝેરી કુધારાને બાતલ કરી દેવા જોઇએ. દાખલા તરીકે ઉત્તમ પ્રકારનું દુધ ને ઘી હોય છે, તેને પણ ગાળવાની અને તેમ કરીને તેમાં જે પણ કચરો હોય છે તે કહાડી નાંખવાની આપણી ફરજ છે ? તેવીજ રીતે સુધારામાંથી કુધારાનો કચરો કહાડી નાંખીને પછીજ તે સુધારાનો સ્વિકાર કરવો જોઇએ. ”

“ પણ સુધારામાં કુધારો શુ શું છે અને તે કેવી રીતે ગાળી કહાય ? પ્રાણનાથ ! ”

“ તે આપણી અક્કલથી, દુનિયાના અનુભવથી અને જ્ઞાનીઓના વચનામૃતથીજ. એ ત્રણ મુખ્ય પ્રકારોની સાક્ષતાથીજ સુધારાને ગાળી કુધારાને ટાળવાનું બની શકે છે. વળી દેખાદેખીથી પણ સુધારાનો શુસવાટ શરૂ થયો છે. તેં જેમ બીજા શેઠીઆઓની સ્ત્રી-

ઓના ભપકાનો દાખલો આપ્યો, તેમ જે શેઠીઆઓની સ્ત્રીઓ ભપકો નહીં કરતાં માત્ર સાદાઇમાંજ પોતાની શોભા સમજે છે, તેણીઓનો દાખલો પણ શા માટે નહીંજ લેવો જોઇએ ? તે પણ લેવોજ જોઇએ, અને તે બનેનું મિશ્ર કરી તેમાંથી મધ્યમપણાનો, સુનીતી સૂચક, સૂશોભિત, સનમાર્ગિ, અને સભ્ય સુધારો તારવી કહાડી તે પ્રમાણે તેનુંજ ગ્રહણ કરવામાં યોગ્ય વિચારવું જોઇએ. ”

“ હવે સમજી પ્રાણનાથ ! ” કહીને પ્રિયવદા શાંત થઇ ગઇ, અને પોતાના પતિની સુચનાનો સપૂર્ણ પણે સ્વિકાર કરતાં બોલી “ આપનું કહેવું ઘણુંજ ડહાપણ ભરેલુ છે પ્રાણનાથ ! સુધારાને નામે કેટલીક સ્ત્રીઓ ફેશનની શીશીયારીમાં છકી જઇ તદ્દનજ નિલજતાને માર્ગે ચાલે છે તે શોભતુ નથીજ, માટે મધ્યમપણાનો માર્ગજ સ્તુત્ય ઠરે છે આમ કહી તેણી ચુપ રહી.

“ જો વાહાલી ! જેટલુ લક્ષ સુધારાના સપાટામાં તું રાખે છે, તેનાં કરતાં ધાર્મીક બાબતોપર તારે ખાસ કરીને વિશેષ લક્ષ રાખવુ જોઇએ, કે જેમાંથી સારૂં શીખવાનું મળી શકશે. ધર્મનું શિક્ષણ મેળવવાની ઘણીજ અગત્યતા છે. ‘ ધર્મો જય ’ એ મુળ સુત્ર છે. ધર્મના નિયમોમાં રહીનેજ સસાર સાગરમાંથી તરી નીકળવું, એજ મનુષ્ય માત્રની મુખ્ય ફરજ છે. અને તે ફરજ સમજ્યાથીજ સૂનીતીનું ઉત્તમ જ્ઞાન સંપાદન કરી શકાય છે. સ્ત્રીઓનો ખાસ મુખ્ય ધર્મ શું છે તેનુ જ્ઞાન યથાર્થ થવું જોઇએ. હાલની કેટલીક યુવતિઓ માત્ર શાળામાં વાંચવા લખવાનુંજ જ્ઞાન મેળવે છે, પણ તેની સાથે ધર્મની કેળવણી તેણીઓને આપવામાં આવતી નહીં હોવાથી તે બાબતમાં બેશક અંધારૂંજ વળે છે. શાળામાં કેળવણી લઇને યુવતિઓ માત્ર ન્યુસપેપરો અને સાધારણ વારતાઓ વાંચવાના

શોખે ચઢે છે. ધર્મનાં પુસ્તકો તેણીઓ વાંચી શકતી નહી હોવાથી અથવા તો તે વાંચવાનો ઉત્સાહ તેણીઓમાં પ્રગટ થતો નહીં હોવાથી ધર્મ–સ્વધર્મ સમજવાને તેણીઓથી બની શકતું નથી ! આટલા માટેજ ધર્મને લગતાં પુસ્તકો વાંચવાની અને તે સમજી તેવું વર્તન ચલાવવાની ટેવ તારે પણ રાખવી ઘટે છે. ”

“પણ તેવાં પુસ્તકો ગુજરાતી ભાષામાં છે ખરાં કે પ્રાણનાથ ? ”

“ હા. ઘણુંએ છે ! હાલના વખતમાં તો સંસ્કૃત પુસ્તકોનાં ભાષાંતરો પણ ગુજરાતીમાં ઘણુંએ થયાં છે. હુ તારે માટે હાલ તુરત એકાદ બે પુસ્તકો મગાવીશ. ”

“ પણ એ વાંચવાથી મને સમજણ પડે એવી સરળ ભાષામાં તે હોય તોજ ઠીક. ”

“ તેવી સરળ ભાષામાં પણ કેટલાક પુસ્તકો છે, અને તેમ છતાં તને જે નહી સમજ પડે તે હું તને સમજાવીશ; પરંતુ તે પુસ્તકો હમેશાં વાંચવાંનો નિયમ અવશ્ય રાખવો જોઇશે. ”

“તે તો હું વાંચીશ. પ્રાણનાથ ! વાંચવાનો તો મને શોખજ છે.”

“ ઘણીજ સારી વાત; એટલામાં પ્રગટલાલને નીચેથી એક માણસ બોલાવવા આવ્યાથી તે તરતજ નીચે ગયો, અને પ્રિયવંદા કબાટમાં ઠીકઠાક કરવાના કામમાં રોકાઇ.

પ્રગટલાલને નીચેથી કોણે બોલાવ્યો હતો ? તેના પિતા સુરતીલાલે, કારણકે, જ્યારે પ્રગટલાલ પોતાની પત્નિ સંગે ઉપલા દિવાનખાનામાં વાતો કરતો હતો, ત્યારે બગલાના માળીએ ખબર કરી કે “ સાહેબ ! ગઇ કાલે અને આજે મળીને બગલામાંથી સાત મુએલા ઉંદરો નીકળ્યાં ! ” અને તે ઉપરથીજ પ્રગટલાલને નીચે બોલાવી મંગાવ્યો. અને સુરતીલાલની રૂબરૂ મોહનલાલે

તેને કહ્યું. ભાઇ ! તું તારી વહુને લઇને આજે ને આજે પુને જા."

"કેમ વારૂં ? પુને જવાની શી જરૂર છે ? ત્યાં કાંઇ કામ છે કે શું ?"

"કામ શાનું ? પણ આપણા બગલામાં ગઇ કાલે અને આજે મળીને સામટા સાત ઉદરો નીકળ્યા ! માટે મરકી જરૂર બગલામાં દાખલ થઇ ચુકી ! એવા ભયમાં તને અમે અહી રાખવા માંગતા નથી. અમે બધાં અહી રહીશુ, અને તુ તારી સ્ત્રીને લઇને પુને જા."

"તમે બધા અહીં રહો અને અમે પુને જઇએ ? એતો નહીંજ બને."

"ભાઇ ! મ્હોટાભાઇ ઠીક કહે છે." સુરતીલાલે જણાવ્યું "મરકીના ભયમાં તારે અહી રહીને શુ કામ છે ? અમે કદાચ મરી જઇશું તોએ કાંઇ વાંધો નહી !"

"પિતાજી ! આપ એ શું બોલો છો ? તમો સરવેને મૂકીને હું અહીથી ખસવાનો નથી. મરણ જીવન કોઇનાજ હાથમાં નથી, પરંતુ ઇશ્વરની ઇચ્છાનુસાર થવાનું તેજ થશે, એમાં ગભરાવાની કઇજ જરૂર નથી. આયુષ્યનો અત આવી ગયો હશે તો જ્યાં જઇશું ત્યાં નિર્માણ કરેલે વખતે મૃત્યુ તો આવશેજ; માટે હું તો નહી જાઉં.

પ્રગટલાલની આવી હઠથી તેનાં વડીલોના જીવ ઉંચા થયા, અને તેમણે વિચાર કીધો કે "હવે આવતી કાલે એને સમજાવીને પુને મોકલીશું" આમ વિચાર કરી તેઓ મૌન્ય રહ્યા.

તેજ રાતના મગળાને જોસબંધ તાવ ચઢી આવ્યો, અને પ્રભાત થતાં તો મરકીની ગાંઠ પણ નીકળી ! ડાકટરોની દોડાદોડી શરૂ થઇ, અને ઉપચારો પણ ચાલુ થયા તેટલામાં તેજ બપોરના સુરતીલાલને પણ પ્લેગ થયો ! ડાકટરોએ તે બંગલો છોડી જવાની

પ્રગટલાલને ભલામણ કરી, પરતુ પોતાનાં પટકાયલાં વડીલોને છોડી જવાને તેનો જીવ કેમ હા ભણે ! એટલામાં ત્રિજેજ દિવસે તો પ્રેમવંતિને પણ પ્લેગ થયો ! આ પ્રમાણે ત્રણ જણાં પ્લેગમાં સપડાયાં. જેથી મોહનના તો હોંસકોસ ઉડી ગયા, તેણે પ્રગટલાલને બાહાર ચાલ્યા જવાને અનહદ આગ્રહ કીધો, પણ તે તો એકનો બે થાયજ નહી ! એમ કરતાં મંગળાનું મૃત્યુ થયુ, અને તેને બાળીને ઘેર આવતાંજ મોહન ઉપર પણ મરકીએ હુમલો કીધો ! તેને વળી 'બ્લેક પ્લેગ' થયલો હતો, અને તેથી તે તો બીજેજ દિવસે મરણ પામ્યો ! તેને અગ્નિ સંસ્કાર કરી આવ્યા પછી સુરતીલાલ તથા પ્રેમવંતિની સારવાર વિધવિધ ડાકટરોની મારફતે કરાવવામાં પ્રગટલાલે કાંઇજ કશર રાખી નહીં તેમ છતાં આયુષ્ય દોરી કોણ સાંધી શકે ? તે બંન્નેનાં મરણો પણ અરધા અરધા કલાકના અંતરે થયાં, અને તેથી તે બનેના સબની બે ઠાઠડીઓ એક્કી વખતે કહાડતાંજ આસપાસના નિવાસીઓમાં હાહાકાર વર્તી રહયો અને પ્રગટલાલ પણ જાણે 'હાફ મેડ' જેવોજ બની ગયો ! તેના મિત્રોએ તેને અસત દિલાસો આપ્યો, અને પછી તે બનેના અગ્નિસસ્કાર કરીને પ્રગટલાલને તેના મિત્રો બાહારોબાહાર પોતાના બંગલામાં લઇ ગયા, અને તેજ રાતના તેને અને તેની સ્ત્રીને પુને તેના મિત્રો લઇ ગયા. પુનામાં પ્રગટલાલ પોતાના વડીલોના અકસ્માત અસ્ત થવાથી મુંઝાઇ જશે અને ગમગિનીમાં કદાચ તેનું કાળજું પણ ફુટકી જશે, એવી ધાસ્તીથી તેનો એક દિલોજાન દોસ્ત લક્ષ્મીદાસ તેની સાથેજ પુનામાં રહ્યો, અને વારંવાર પ્રગટલાલને તે અનેક ઉપદેશોથી દિલાસો આપી શાંતિ પમાડતો હતો, જેમ કરતાં લગભગ બે માસ વીતી ગયા, અને પછી મુંબઇમાં મરકીનું જોર શાંત થયા પછી, તેઓ પુનઃ મુંબઇ આવીને

રહ્યાં, તે બાદ પ્રગટલાલે મુંબઇમાં પોતાનાં ચારે વડીલોનાં નિમિત્તની જમણવારો વીગેરે પાછળ ભારે ખરચ કર્યો અને તે ચારે-ના નામની જુદી જુદી રકમો પ્રજાપયોગી કામોમાં આપી, કે જે કુલ્લે એક લાખ રૂપીઆ જેટલી થવા ગઇ હતી.

હવે બંગલામાં પ્રગટલાલ અને તેની પત્નિ સ્વતંત્રપણેજ રહ્યા, અને ઓફીસનુ કામકાજ પણ પ્રગટલાલને એકલાનેજ માથે રહ્યું, જેથી તેણે ઓફીસમાં બીજા બે ગ્રેજ્યુએટોને નોકરીએ રાખ્યા, અને પોતાના વડીલોના મરણને પુરા બાર માસ પસાર થઇ ગયા પછી તેણે પોતાનો ધંધો વધારે વિસ્તારમાં ચલાવવા માડયો, તેમજ ઓફી-સનું કામકાજ પણ પોતાના બે વિશ્વાસુ માણસોને સોપી પોતે હિંદના પ્રવાસે સંચર્યો.

પ્રગટલાલે પ્રવાસ દરમ્યાન હિંદનાં કેટલાક ધર્મસ્થાનોની ખાસ મુલાકાત લેવાની સાથે કેટલાક નગરોમાં પોતાનો ધંધો વધારે ખીલ-વવાની ઉમેદથી આશરે એક ડઝન શાખા–બ્રાંચો જુદા જુદા શેહેરોમાં સ્થાપન કરી, અને તે કામ પુર્ણ કીધા પછી છેક આઠ મહિને પુનઃ મુંબાઇ આવ્યો, અને પોતાની ઑફીસ વધારવાના હેતુથી તેણે ઑફીસનું મહાન તાબડતોબ બદલી નાંખી એક નવીજ મોહટી જગા ભાડે રાખી અને તેની સાથેજ બીજા કલાર્કો વીગેરેમાં પણ વધારો કીધો અને એ રીતે પોતાના વડીલો કરતાં પણ તેણે વેપારમાં વધારો કર્યો, જેમાં તે ફાવ્યો પણ ખરો !

આટલું છતાં ધર્મ પ્રત્યે પણ તેની પ્રીતિ કાંઇ ઓછી નહોતી પરંતુ ઘણીજ સારી હતી તેમ તેની સ્ત્રી પણ તેવીજ ધર્મચુસ્ત અને સારી સમજ શક્તિવાળી થઇ હતી.

" એક સાંજના તેઓ બંગલાની અગાસીમાં બેઠા હતાં, જે વખતે

વિચાર કરતાં પ્રગટલાલે કહ્યું જો વહાલી, જ્યારથી તું ધર્મ જ્ઞાનનાં પુસ્તકો વાંચે છે, ત્યારથીજ તારી મતિ કેવી ધાર્મિક ને નિતિયુક્ત થતી ગઇ છે! ધાર્મિક પુસ્તકો વાંચવાની એજ ખુબી છે! પ્રથમ તો તું બીજીઓનું જોઇને ફેશનની ફીશીયારીનેજ વારંવાર યાદ કરતી હતી, અને હવે તો તેમાંનું કશુંએ યાદ પણ કરતી નથી? ! એજ "જ્ઞાન-ધર્મની તો બલિહારીજ" છે વાહાલી!"

"સત્ય છે સ્વામિનાથ! હવે તો તેવી નિર્થક મોજ શોખ પ્રત્યે મારો જીવ જતોજ નથી જો!"

"એજ અતિ આનંદની વાત છે! તારી વૃત્તિ ઘણી સારી છે, ને તેથીજ તારા ઉપર મને અંતઃકરણ પુર્વક પ્રીતી રહે છે. સ્ત્રીના ધર્મ શું, તે હવેજ તું સમજી શકે છે!"

"પ્રાણનાથ! ત્યારે નાટકો જોવાની બાબત આપ પસંદ કરો છો કે નહીં?"

"ધાર્મિક, સુનીતિના અને સદ્બોધક નાટકો જોવામાં કાંઇ ખોટું નથી, પણ આજકાલ તેવા નાટકોની ઘણી ખરી ખોટજ જોવામાં આવે છે. કેમ, તારી મરજી નાટક જોવાની થઇ છે કે શું?"

"આપ જો લઇ જાઓ, અને આપ રાજી હો તો મારી મરજી છે ખરી."

"વારૂ ઠીક છે. આવતા શનિવારે "હરિશ્ચંદ્ર" નો નાટક છે તે જોવાને આપણે જઇશું. તે નાટકની રચના જેમ ઘણી સારી છે, તેમ તેમાં સદ્બોધ પણ ઘણો સમાયલો છે, તેથી તે જોવામાં હરકત નથી," કહીને પ્રગટલાલ બીજી વાતચીતમાં પડયો.

બીજે દિવસે પ્રભાતમાં પ્રગટલાલે સ્નાન પૂજા કીધા! બાદ પ્રિયાને કહ્યું "આ જો! આ પુસ્તકમાં એક વાત ઘણીજ

જાણુવાજોગ છે. આમ જણાવી પ્રગટલાલે એક પુસ્તકમાંથી વાંચવા માંડયું:-" જેમ વસ્ત્ર રંગના સંગમાં રંગને આધિન થાય છે, તેમ જો મનુષ્ય સત્પુરૂષની સેવા કરે છે, તો તે સત્પુરૂષ જેવો થાય છે, જો દુર્જનની સેવા કરે છે તો તેના જેવો થાય છે, તપસ્વીની સેવા કરે છે તો તપસ્વીને આધીન થાય છે, અથવા જો ચોરની સેવા કરે છે તો તે ચોરને આધીન થાય છે. "

" આ ઉપરથી સાર શું સમજવો. પ્રાણુનાથ ? "

" સાર એજ કે ' જેવો સંગ તેવો રંગ ' અથવા ' સોબતે અસર ને તુકમે તાસીર ' એટલોજ બોધ આમાંથી લેવાનો છે, અને તારે તે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. "

" શું મને તેવો નબળો સંગ છે કે આપ ધ્યાન રાખવાને ખાસ સૂચવો છો ? "

" તને નાટકનું ચેટક લાગ્યુ છે! માટે તે ચેટકના સંગને માટે તને આ સંભળાવું છું "

" સમજી ! " પ્રિયવંદા હસીને બોલી " હવે મારે નાટક નથી જોવો ! ઉંધી ગયો નાટક. "

" કેમ વારૂ ? એટલામાંજ તું સમજી ગઇ કે ? "

" સમજું કેમ નહીં ? નાટકની સાથે ચેટક વળગે તો વળી મને પિડા થાયની ? !

" તો ઠીક ! આજ પ્રમાણે તું સમજતી રેહેશે તો તારાં જ્ઞાનની વૃદ્ધિ થતી જશે." કહીને પ્રગટલાલે તે વાત અટકાવીને કહ્યું " તને જોકે નાટક જોવાની હોંસ છે ખરી, તોપણ નાટક જોવાની જીજ્ઞાસા તો કરવાની જરૂરજ નથી. નાટક શું છે ? દુનીઆમાં

ચીત્રનં.૧૬)   મગટલાલ અને પ્રિયવદા

મારે નાટક જોવાની મરજી નથી'લો (પા. ૩૦૫)

બનતા બનાવોનો કેટલોક ચિતાર ! માત્ર તે જોવામાં વિશેષ શું છે ? જો તેવાજ બનાવો જોવા હોય તો દુનીઆના રંગ દરેકે દરેકને માટે જોવાને ખુલ્લાંજ છે. અરે ! નાટક જોવા જવાને માટે તો પૈસા પડે છે અને વળી રાતના ઉજાગરા પણ વેઠવાં પડે છે, જ્યારે દુનીઆનો રંગ તો વગર પૈસે ને વગર ઉજાગરે જોવાને બની શકે છે ! માટે એવા નાટકના ચેટકમાં કંઇજ સાર નથી. વાહાલી ! "

" મારે નાટક જોવાની મરજીજ હવેનથી તો." પ્રિયવદા હસીને બોલી " તમારી બોધ શકિત પણ અતિ અસરકારક છે, પ્રાણનાથ ! આપનો બોધ મારા મગજમાં તરતજ ઠસી જાય છે, વાહાલા ! "

" પણ વાહાલા ! તમે ધર્મમાં આવા ચુસ્ત હોવા છતાં મંદિરે દર્શન કરવાં જવા દેવાને કેમ ના પાડો છો ? ત્યાં જવામાં તો દેવનાં દર્શનથી મનમાં પવિત્રતાનો પ્રવેશ થાય છે. "

" પ્રિયા ! દેવનાં દર્શન પ્રત્યે મારો તિરઃસ્કાર નથી. દેવનાં દર્શન કરવાની ઇચ્છા અતિ ઉત્તમ છે, પણ મંદિરોમાં મોહોટે ભાગે સ્ત્રીઓના ધર્મ સચવાતા નથી. ઘણાંક મંદિરોમાં સ્ત્રીઓથી અને પુરૂષોની મિશ્રીત ભીડ થાય છે, અને તે ભીડાભીડમાં સ્ત્રી પુરૂષોનાં અંગ પરસ્પર અથડાવાથી ધર્મનો ભંગ થાય છે ! દેવ મંદિરમાંજ આ પ્રમાણે ધર્મની ભ્રષ્ટતા થાય તો તેવા સમુહમાં ધાર્મિક સ્ત્રી પુરૂષોએ જવું, એ મારા મનથી તો મુદ્દલજ સારૂં નથી. આવી રીતે જ્યાં સ્વધર્મ સચવાય નહીં ત્યાં મારા વિચાર પ્રમાણે ઇશ્વર્યતા પણ હોઇ શકેજ નહીં, કેમકે જ્યાં ધર્મનું બરાબર યથાવિધિ રક્ષણ થાય છે ને જ્યાં ઉત્તમ ધર્મ છે ત્યાંજ ઇશ્વર્યતાનો નિવાસ રહે છે; માટે એવા ધર્મ ભંગ થતાં સ્થાનમાં દર્શન કરવા જવા કરતાં પોતાનાજ મકાનમાં

દેવ દેવતાઓની છબિ સન્મુખ દેવનાં દર્શન કરી તેનામાંજ ચિત્ત રાખી તેનુંજ સ્મર્ણ કરવું, એ હું તો વધારે પસંદ કરૂં છું. કેટલાક દેવ મંદિરોની બાબતમાં મે સાંભળ્યું છે કે, ત્યાં સ્ત્રીઓ અને પુરૂષોની ભારે ભીચડા ભીચડીમાં સ્ત્રીઓની લાજ મર્યાદા પણ સચવાતી નથી, અને તેમાં પણ જો રાત્રિ થઇ, અને દર્શનનો પ્રસંગ રાત્રિનોજ હોય છે તો પછી જોઇ લ્યો ધર્મ ભ્રષ્ટતાનો ભવેડો! છી–છી–છી! તેનો ચિતાર વર્ણવતાં પણ મને શરમ લાગે છે! અરે કેટલાક કુચ્છંદિઓ તો દર્શન નિમિત્તે રાત્રિને સમયે તેવી ભીડમાં જાણી જોઇને અનેક અટકચાળાથી પોતાના પાપી હૃદયને તૃપ્ત કરવાને માટેજ ખાસ જાય છે! આવા મામલામાં શું ધાર્મિક સ્ત્રીઓએ જવું લાજમ છે કે નહી? કદી નહીં. તેના કરતાં તો ઘેર બેઠાં ભગવાનનું ભજન કરવું ભલું! એવા મામલામાં દેવ દર્શનનો લાભ તો ઘેર ગયો, પણ ઓર ધર્મ ભ્રષ્ટતાનો ગેરલાભ થાય છે! બોલ! હવે આવા પ્રકારનાં દર્શન તું પોતે પણ પસંદ કરશે કે?"

"ના, ના, ના! એવામાં તો હું પગ પણ નહીં મુકું! આપનું કહેવું યોગ્ય છે પ્રાણનાથ!

આ પ્રમાણે પ્રગટલાલે દર્શનની બાબતમાં પણ પ્રિયવંદાના મનનું મનમાનતી રીતે સમાધાન કીધા પછી તે ઓફીસનો સમય થતાંજ જમીને ત્યાં ગયો.

સાયંકાળે પ્રગટલાલ પાછો ફર્યા પછી વળી પ્રિયવંદાએ પુછ્યું, "પ્રાણનાથ! સુધારાને આપ પસંદ કરતા નથી ત્યારે મને સારા વસ્ત્રાલંકાર સજાવીને આપની સંગે ઉઘાડી ગાડીમાં ફરવાને લેઇ લઇ જાઓ છો?! ત્યારે એ શું સુધારો નહીં કે?!"

"ખચીતજ સુધારો ! જૂના વિચારવાળાઓ આવો સુધારો પસંદ કરતા નથી, પણ હું તો તે પસંદ કરૂં છું; કેમકે તેમાં મને વાંધા જેવું કશું પણ લાગતું નથી; કેમકે સ્ત્રીઓ ભપકો કરીને અને વસ્ત્રાલંકાર સજીને એકલી બહાર ભટકવા જાય તેને માટે જુના વિચારવાળાઓ વાંધો લેતા નથી, પરંતુ પોતાના પતિ સાથે જાય તો તેમને વાંધો નડે ! એ કેવી મુર્ખતા ! ખરી રીતે જોતાં ને શાસ્ત્રોક્ત વિચાર કરતાં તો પત્નિએ વસ્ત્રાલંકાર, સોળે શણગાર સજીને પોતાની શોભા સુંદરતા પતિનેજ બતાવીને પતિના મનનેજ રીઝવવાની ખરી નીતિ છે, તેણી તેવી શોભાસહ સ્વામિ સાથે નહીંજ ફરે ને જો એકલીજ ફરવા નીકળે તો તેણી પોતાની સુંદરતા—સોળે શણગાર સહ પોતાના પતિને બતાવવાને તો ભાગ્યવાન નહીંજ થાય, પણ રસ્તે ચાલતા પરપુરૂષોનેજ તે શોભા ને સુંદરતાના દર્શન કરાવે ! તેમાં શું સાર ? માટેજ પોતાના પતિ સાથે ગમે તેવો સભ્ય-ભપકો કરીને નીકળવામાં જરાપણ ખોટું નથી, પણ તે તો ઓર પતિવૃત્તપણાનું સારૂ લક્ષણજ છે."

"પ્રાણનાથ ! એ પણ આપની વાત બરાબર પાયાદાર છે" કહીને પ્રિયવંદાએ જણાવ્યું "આપના કહેવાનો સાર એજ છે કે યોગ્ય સુધારો તો કરવો એમજ કેની ?"

"અલબત ! એ તો હું પ્રારંભથીજ તને કેહેતો આવ્યો છું વાહાલી !"

"વારૂં ત્યારે પ્રાણનાથ ! સ્ત્રીઓએ જાહેર સભાઓમાં જવું કે નહીં ?"

"સ્ત્રીઓને ઉપયોગી બાબતોમાં તેણીઓ જો ભાગ લે તો કંઇ ખોટું નથી, પણ બનતાં સુધી પોતાના પતિ સંગેજ હોય તો તે

વિશેષ યોગ્ય ગણાય. ખાસ કરીને તો સ્ત્રીઓએ પોતાની સ્ત્રી સમાજોમાં ભાગ લઇ તેમાં પોતાના ઉપયોગના વિષયો ઉપર યોગ્ય વિવેચનો કરવાનો અને સાંભળવાનો સ્ત્રીઓનેશોખ હોવો જોઇએ. મુળ મતલબ એજ કે તેણીઓ જો પોતાનાં જ્ઞાન અને ધર્મને સાધક, એવી સમાજોમાં અધિકપણે ભાગ લે તો તેથી લાભજ થાય. એકંદરપણે સુનીતિ, સદ્જ્ઞાન અને સનમાર્ગનાં કોઇપણ કામમાં જો સ્ત્રીઓએ ભાગ લેવાની સારી રીતની જોગવાઇ હોય તો તેમ કરવામાં કાંઇ વાંધા જેવુ નથી. તેમ છતાં આજુબાજુના સંજોગો એવા તો હોવાજ જોઇએ કે જેથી તેણીઓના ધર્મ—ફરજ—ને કોઇપણ રીતે હાની પોહોંચે નહીં. "

" પ્રાણનાથ ! આપના વચનામૃતનો મુખ્ય સાર તો મને એમજ સમજાય છે કે, બનતાં સુધી સ્ત્રીઓએ પરપુરૂષના સગમાં આવવુંજ નહીં જોઇએ. એમજ કેનીં ? "

" તે પણ ખરૂજ છે. સ્ત્રીઓને પોતાના પતિનો સગ એજ ઉત્તમ છે. પરપુરૂષના સંગમાં નહીંજ આવવું, એ મારો મુખ્ય ઉદ્દેશ છે; કેમકે સંગ એજ સર્વમાં મુખ્ય કારણભૂત છે. તે બાબતમાં કહ્યું છે કે ' સંગ થકી કામ (રાગ) ઉત્પન્ન થાય છે; યદી કામ નામનો દુષ્ટાત્મા પુરૂપ, કે જે પંથિકોની સાથે મિત્રતા બાંધીને તેને અનેક પ્રકારની મિથ્યા લાલચો—ઇચ્છાઓ ઉત્પન્ન કરાવી બહેકાવે છે, અને પછી જીવની લાલચો પાર નહીં પડતાં, ક્રોધ નામના મિત્રને આલિંગન દે છે. તે ક્રોધ પછી પોતાનાજ સરખા મોહને લાવે છે, મોહ લોભને લાવે છે, લોભ માનને એટલે મદ અથવા ગર્વને લાવે છે, અને માન મત્સરને લાવે છે. એવી રીતે તેઓની એક આખી

મંડળી એકઠી થઇ જાય છે. પછી તેઓ, પોતાના પાસમાં ફસાયલા ભોળા પંથિકોની સંગે મિત્રરૂપે વર્તવાનું ડોળ કરીને પોતાના સ્વભાવ પ્રમાણે તેઓની પાસે મહા ઘોર પાપો કરાવે છે; એ પાપો યમલોક પોહોંચાડનારાં છે. પછી તે પાપો વડે તે પંથિકો નર્કે જાય છે; અર્થાત ત્યાં (તે માર્ગે) વારંવાર ફરતા યમદુતો તેઓને એવાં ઘોર પાપ કરતાં જોઇ, યમરાજના અપરાધી ગણીને, આજ્ઞા પ્રમાણે તેઓને (નર્કે) લઇ જાય છે.' આ પ્રમાણે સંગનું પરિણામ આવે છે, માટે સત્સંગ કરવાનોજ શોખ સ્ત્રીઓએ સદા રાખવો જોઇએ. વળી તે સત્સંગ માત્ર એક, બે, કે ચારવાર કરીને મુકી દેવો પણ નહી જોઇએ, પરંતુ તે સદા ચાલુજ રાખવો જોઇએ; જેમકે એક ઘડીઆળ છે, તેને ચાવી આપીએ છીએ તો તે ચાવીનું બળ જ્યાં સુધી રહે છે, ત્યાં સુધીજ તે ઘડીઆળ ચાલે છે, તેવીજ રીતે સત્સંગનો સમાગમ હોય છે ત્યાં સુધીજ તે સંગનો રંગ રહે છે, પણ તે બંધ થતાંજ તે રંગ ઉડી જાય છે, માટે સત્સંગનો સહવાસ સર્વદા નિયમાનુસાર ચાલુજ રાખવો, અને તેજ સંસારનાં સુખનાં સાધન સમાન પણ સમજવો જોઇએ, એજ મારા કહેવાનો મુળ ભાવાર્થ છે."

"સ્વામિનાથ! આપે યથાર્થ કહ્યુ. મારીજ બાબતમાં મેં અનુભવ્યુ છે કે, જ્યારથી હુ આપના સંગમાં આવી છુ, ત્યારથીજ મારા કેટલાક મનોવિકારો દુર થઇ મારૂ મન સનમાર્ગપર સંચરે છે, અને તે આપના સત્સંગથી સંપ્રાપ્ત થયલાં સદ્બોધનુજ પરિણામ છે.

આ પ્રમાણે પતિ પત્નિ સારી સારી વાતો કરતાં પોતાને મળેલાં સુખ અને વૈભવને યોગ્યતામાં ભોગવવા લાગ્યાં.

એટલામાં એક ધંધામાં પ્રગટલાલને આશરે બે લાખ રૂપિયાનું

નુકશાન લાગ્યું ! આ જોઇ પ્રગટલાલ ચેત્યો, અને તેણે વિચાર કીધો કે '**અતિ લોભ તે પાપનું મુળ છે**' એ વડીલોની વાણી યોગ્ય છે, અને તે પ્રમાણે હવે મારે વધારે લોભ રાખી વધારે વેપાર ડોહોળવા કરતાં બધું આટોપી માત્ર મધ્યમપણાનો ધંધો રોજગાર ચાલુ રાખવાનો રસ્તો લેવો જોઇએ " આમ વિચાર કરી તેણે તત્કાળ–ટુંક સમયમાંજ પોતાનું ઘણુંક કામકાજ આટોપી નાંખ્યુ, અને ઓફીસમાં પોતાનાં ખર્ચ જેટલી આવક થાય તેટલોજ વેપાર ચાલુ રાખ્યો. તે ઉપરાંત રૂપિયાનુ વ્યાજ, મકાનોનું ભાડું અને બીજી કેટલીક પરચુરણ આવકો પણ હતી તે સર્વ આવકની તેણે એવી વ્યવસ્થા કરી કે, અરધા ભાગની આવક ઉપર પોતાનો ખરચ નીભાવવો, પા ભાગની આવક સીલકમાં ઉમેરવી, અને બાકીના ભાગ જેટલી આવક રહી તે પ્રજાહિતનાં સાર્વજનિક તેમજ ધાર્મીક કામોમાં વાપરવી. આ પ્રકારે આવકની વેહેચણી કીધા પછી તે પોતાની જીંદગી સુખાનંદમાં ગુજારવા લાગ્યો. કહેવત છે કે "**સંતોષી નર સદા સુખી**" તેજ પ્રમાણે ટુંક વખત વિત્યા બાદ પ્રિયવંદાને એક પુત્રની પ્રાપ્તિ થઇ, કે જેનું નામ ચંદ્ર રાખ્યુ કેમકે તે તેવાંજ રૂપનો તે પુત્ર હતો.

પ્રગટલાલે હવે પોતાની જીંદગી કેવી રીતે ગુજારવા માંડી ? તે માત્ર એકજ કલાક ઓફીસમાં જતો હતો; કેમકે વેપાર રોજગાર માત્ર જુજજ રાખેલો હોવાથી ઓફીસમાં વધારે વાર રોકાવાની તેને જરૂર નહોતી. તે શિવાય પ્રભાતનો અને રાત્રિનો થોડો સમય તે ભગવતસ્મર્ણમાં નિર્ગમન કરતો હતો, અને બાકીનો ઘણો ખરો વખત પ્રજા સેવામાં તે કામે લાગેલો રહેતો હતો. કાંઇપણ પ્રજાપયોગી કાર્યમાં તે પુર્ણ ઉત્સાહપુર્વક ભાગ લેતો હતો, અને પ્રજા પ્રીત્યર્થમાં

પોતાનું તન, મન, અને ધન યોગ્ય પ્રમાણમાં વાપરવાને કદી પણ પાછી પાની તો કરતોજ નહીં. સારા સારા પુસ્તકો ખરીદવાં, વિદ્વાન ગ્રંથકર્તાઓને આશ્રય આપવો, નીતિ તેમજ સ્વદેશાભિમાનનાં ગ્રંથો લખાવવા ને પ્રગટ કરવા, અને એકંદરપણે સનમાર્ગપર લક્ષ રાખવું, આજ તેનો ખાસ હેતુ હતો. સ્વદેશાભિમાનનો સદ્‌ગુણ તો તેનામાં ઘણોજ ઉત્તમ હતો, અને તે માત્ર મોંઢાની બડાસ મારીનેજ બેસી રહેતો નહીં, પણ ખીસામાં હાથ નાંખીને સ્વદેશ અને સ્વદેશીનાં હીતે માટે પોતાના પૈસાનો પણ ઘણોજ સારો ઉપયોગ કરતો હતો. સંગનો રંગ તેની પત્નિ પ્રિયવંદાને પણ તેવાજ આકારમાં લાગ્યો હતો, અને તેથી તેણીની મનોવૃત્તિ પણ પરોપકાર પ્રત્યે અતિ અનુપમ હતી, જેથી તેણી પણ સ્તુતિને પાત્રજ હતી.

" કેટલાક શેઠીઆઓ પોતાના પૈસાનો ઉપયોગ સ્વાર્થ શિવાય પરાર્થપણામાં કરતા નથી અથવા પૈસાનો લોભ એટલો તો રાખે છે કે " **ચમડી તોડે, પણ દમડી તોડે નહીં** " એવા કંટક હોય છે. કેટલાકો પોતાના મનસ્વી મોજ શોખમાંજ પૈસા ઉડાવવાની ઉદારતા વાપરે છે, કેટલાકો ફેલફિતુરમાં પૈસાના કાંકરા કરે છે, કેટલાકો વ્યભિચાર કરી પૈસાને નર્કમાં નાંખે છે, અને કેટલાકો ગાડી ઘોડાના શોખીન થઇ તેમાંજ ઢગલાબંધ નાણાનુ નસતાન વાળે છે! આવી પ્રકૃતિમાં પ્રગટલાલ ડુબ્યો નહોતો, પણ તે તો પોતાના નાણાંનો ઉપયોગ સદા **સત્‌કૃત્યોમાંજ** કરતો હતો. અને તેથીજ તેની કીર્તિ જગેજગ પ્રકાશી રહી હતી.

" **ધનવાનોના ધર્મ શું** ? તે પ્રગટલાલ ઘણીજ સારી રીતે સમજવાની સાથે તે સમજણ પ્રમાણેજ પોતાનું વર્તન રાખતો હતો,

અને તેથીજ તે સર્વ પ્રકારના સુખમાં સદા સંતોષીપણે પોતાની જીંદગી નિર્ગમન કરી શકતો હતો.

" પ્રગટલાલને શ્રીમદ્ ભાગવત, ગીતા આદિ ધાર્મીક પુસ્તકોનો શોખ હોવાથી પોતાનાં મકાનમાં તે દર રાત્રિના એક વિદ્વાન અને પવિત્ર બ્રાહ્મણના મુખથી તેવાં અનુપમ પુસ્તકો શ્રવણનું કરતો હતો, અને તેની સાથેજ પ્રિયવંદા પણ શ્રવણ કરતી હોવાથી તેણી પણ પોતાના પતિની માફક ધર્મ ઉપર અત્યંત પ્રીતિ રાખતી હતી.

આ પ્રમાણે તે પતિ, પત્નિ અને તેમનો પુત્ર સદા સુખી રેહેતાં હતાં, અને તેઓનું કુટુબ દરેક પ્રકારે મુંબઇ શેહેરમાં સુખીજ ગણાતું હતું.

આ ઉપરથી સાર એટલોજ ગૃહણ કરવાનો છે કે, સંસારમાં અવતરી સનમાર્ગે રહી પોતાના ધર્માનુસાર વર્તન ચલાવવામાંજ દૃઢ રહે છે. તેઓ સદા સુખજ પામે છે.

કરો પાસ આ વાર્તા છે, ખુબ મેળવ્યો તાલ,
સજ્જન કરમાં શોભતો, સુંદીર સુરતીલાલ.
સોહ્યો સુરતીલાલ શુભ, સદ્ગુણ ખુબ ગ્રહીને;
કહે શેવક "ચુનીલાલ" શોભો સૌ ગુણવંતા થઇને.

સમાપ્ત.

પ્રભુપદ પામતાં.

ઉત્તમ મીત્રો

કવ્વાલી.

જગતમાં ધન્ય તે મિત્રો, ખરા જે સ્નેહ રાખે છે,
ખલકનાં અવ નવાં ચિત્રો, બદલતા રંગ દાખે છે,
ખીલી કરમાય છે કળિયો, ઉખડતી બંધ પાંખડીઓ,
જડેલી સાંકળે કડીઓ, જમાનો તોડી નાંખે છે.
ચણેલા મહેલને માળા, જડેલા પત્થરો કાળા,
અનેરા કાળના ચાળા, ભૂમિ સાથે સુવાડે છે.
જશે આ દીનને દુનિયાં, થશે બાજી ફના અહીયા,
છતાં એ મિત્રની માયા, સદા સચ્ચાઇ રાખે છે.
સમર્પિ પ્રાણ ને કાયા, નિભાવે સ્નેહની છાયા,
વિરલ એ વીરની માયા, ઘણાયે કષ્ટ સાંખે છે.
મરે નિજ મીત્રને માટે, અમી આકાશનું છાંટે,
પ્રબળથી પર્વતો ફાટે, ખરાં ફળ એજ ચાખે છે.
ઉપાધિ, આધિને વ્યાધિ, ઉડાવે શામટી બાંધી,
હૃદય સાથે હૃદય સાંધી, સુધારસ નિત્ય ચાખે છે.
વખત સાથે ન બદલાતા, હૃદય જુદાં નહીં થાતાં,
સદા સાથે વસી ખાતાં, સુમિત્રો એજ શાખે છે.
પ્રભુતા પાથરી પ્રેમે, રહે નીતિ ભર્યા નેમે,
જડેલા છે હૃદય હેમે, પ્રભુપદ એજ પામે છે.

શ્રીયુત વસંત.

અગાઉથી ગ્રહાક થનાર ગ્રહસ્થોનાં મુબારક નામ.

સુરત

નકલ		નામ	ઠેકાણું.
૧૦	રા. રા.	બુકસેલર ત્રીભોવનદાસ લલ્લુભાઇ માસ્તર	લીમડાચોક.
૧	,,	છગનલાલ ગોરધનદાસ પારેખ નવી દોલતવાળા	હરીપરા
૧	,,	મણીલાલ હીમતલાલ માસ્તર.	,,
૧	,,	સોમા નરોતમ	ગોપીપુરા.
૧	,,	જયશંકર ગોપાળજી મહીધરપરા	પીરછડી.
૧	,,	જેઠાભાઇ કલાણજી નાતાલી	સગ્રામપરા છાપગરની શેરી.
૧	,,	રંગીલદાસ લલ્લુભાઇ મીસ્ત્રી	રામપરા.
૧	,,	શા. રતનલાલ માણેકદાસ ફીનારીવાળા	કેળાપીઠ.
૧	,,	શા. વાડીલાલ બાલાભાઇ	બેગમપરા.
૧	,,	રાણા ગુલાબદાસ ગોપાળલદાસ	નવાપુરા.
૧	,,	મણીલાલ છબીલદાસ પસ્તાગીઆ	રાણીતળાવ.
૧	,,	જેઠાલાલ પરભુદાસ કાછીઆ	સૈયદપરા.
૧	,,	ઇબ્રાહીમ અહમદ જીવા.	,,
૧	,,	હરીલાલ લલ્લુભાઇ	નાણાવટ
૧	,,	મણીલાલ વિધાસંકર શુકલ	વાડીફલીઆ.
૧	,,	મીસ્ત્રી માણેકલાલ ઇચ્છારામ	કોટસફીલ નાં ૩૫૪.
૧	,,	ચતરભુજ હીરજી મહેતા.	,,
૧	,,	મગનલાલ રંગીલદાસ ચીતણીઆ	સ્ટોરની શેરી.
૧	,,	લલ્લુભાઇ કુંવરજી માંડવીવાળા	ચારાખાનાનો ચકલો.

૧ ,, સોની છોટાલાલ બાળમુંકદદાસ ,,
૧ ,, રાંદેર હીંદુ સમાજ, મોરા ભાગળ પાંચ હાટડી.

મુંબઇ

૧ રા. રા. ચુડગર એન્ડ કો ૩૨ એપોલોસ્ટ્રીટ.
૧ ,, ઓચ્છવલાલ છોટાલાલ ત્રીવેદી ભુશારી મોહલ્લો
૧ ,, પ્રભુદાસ ખુશાલદાસની કાં૦ દવાવાળા છીપીચાલ.
૧ ,, તુળસીદાસ રગીલદાસ મુબાઇ
૧ ,, છગનલાલ ભગવાનદાસ ન. ૧૨૭–૧૨૮ દાણાબદર.
૧ ,, શા૦ જીવણભાઇ ગુલાબદાસ ભુલેશ્વર નં. ૧૨૦–૧૨૨.
૧ ,, શા૦ છોટાલાલ ડાહ્યાભાઇ નવીવાડી.
૧ ,, શુકલ ગોરધન કુંવરજી, કોટ વોલેશસ્ટ્રીટ.
૧ ,, રતીલાલ વસંતરાય પોસ્ટબોક્ષ નાં. ૧૩૦
૧ ,, વ્રજલાલ પ્રાણજીવનદાસ મોતી બ્લીડીગ
૧ ,, મુશરજી રણછોડદાસ જુમામસજીદ સામે.
૧ ,, વલ્લભદાસ દામોરદાસ નં ૧૧૬ બનીઅનરોડ.
૧ ,, બુકશેલર્સ જટાશંકર હરીશંકર જોશી વઢવાણશેર.
૧ ,, અબ્દુલરહેમાન કાશમ શાહપુર કાઠીયાવાડ
૧ ,, ઇશાક ઇબ્રાહીમ પ્રભાશપાટણ ,,
૧ ,, જમાલ આમદ કુતીયાણા ,,
૧ ,, નશરવાનજી કાવશજી દારૂવાળા, માંડવી.
૧ ,, જાગીરદાર નહારસિંહ ખુશાલશીંગ મહીડા માંડવી.
૧ ,, મણીલાલ હરીલાલ મોદી વાડાપાડા ભરૂચ

૧ રા. રા. મગનલાલ ફકીરભાઇ મ્હેતા દેલાડ પોષ્ટ સાયણ.
૧ ,, મહેતાજી મોહનલાલ કાળીદાશ શાહ ડે. ઝીરફા ફીરોજપુર.
૧ ,, આહમદ નુરમહમદ વંથલી (સોરઠ)
૧ ,, શા. ઠાકોરલાલ સદાશીવદાસ દલાલ શરોફફળીયા નવાપુર
૧ ,, શા. ગોકળદાશ ભવાનીદાશ ,,
૧ ,, શા. જીવનદાસ વી. મોતીચંદ કોચીન (મલબાર)
૧ ,, ઠા. હીરજી શામજી કલીકટ. (મલબારકોષ)
૧ ,, નુરમહમદ અહમદ ૩૩ મુગલસ્ત્રીટ રંગુન.
૧ ,, સી. એમ. બી. ક્રાઉન એન્ડ કો, માંડલા
૧ ,, ભાવશાર ઘેલાભાઇ ધોરધન ગણદેવી.
૧ ,, રમણીકલાલ ગુલાબદાસ લખપતી, ગોધરા.
૧ શ્રીયુત્ રા. રા. હરગોવનદાશ હરજીવનદાસ, બુકશેલર્સ અમદાવાદ.
૧ રા. રા. મુશાજી અહમદ પટેલ એકલેરા.
૧ રા. રા. શોની માધવજી નાગરદાસ લાછપુર, સચીન.
૧ રા. રા. શોમા માવજી ગામ રાયમ તા. બારડોલી
૧ રા. રા. નાથુભાઇ છોટાલાલ ફી. સોનગઢ શિવાજી રાવપુરા.
૧ રા. રા. મણીલાલ ડાહયાભાઇ ત્રીવેદી, કપડવંજ.

આ શીવાય બીજાં કેટલાક ગ્રહસ્થોના નામ સ્થળ સંકોચને લીધે પ્રગટ કરી શકયા નથી. તો મહેરબાની કરી તેઓએ બુક તાકીદે મંગાવી લેવી, એજ વિનંતી.

લી૦ પ્રકાશક.

તમારા ચ્હેરાને ખુબસુરત કરવા માંગતા હોવ તો

કીનખાબવાળા ધીરજલાલ દેવચંદની

મનમોહક

પાઘડી વાપરો.

હમારા માનવંતા ઘરાકોની સગવડને ખાતર આ વરસથી બજાર સસ્તો માલ પણ રાખવામાં આવ્યો છે, જેની કીમત નીચે મુજબ રાખી છે:—

રેશમી.

પાઘડી નં૦ ૧ સાદી રેશમી કીંમત રૂ. ૬-૮-૦

પાઘડી નં૦ ૨ સાદી રેશમી કીંમત રૂ. ૬-૦-૦

પાઘડી નં૦ ૩ સાદી રેશમી કીંમત રૂ. ૩-૮-૦

સુતરાઉ.

પાઘડી નં૦ ૧ સાદી સુતરાઉ કીંમત રૂ. ૩-૪-૦

પાઘડી નં૦ ૨ સાદી સુતરાઉ કીંમત રૂ. ૨-૦-૦

મળવાનું ઠેકાણું.

કીનખાબવાળા ધીરજલાલ દેવચંદ.

ઠે૦ બેગમપુરા દુધારાશેરી—સુરત.

ઘર નંબર ૧૯૧.

વ્હેલો તે પહેલો   વ્હેલો તે પહેલો

અમુલ્ય સોનેરી તક !

શ્રીમાન્ મહારાજા ગાયકવાડ સરકારના કેળવણી ખાતાંએ
શાળા તથા લાયબ્રેરી અને ઈનામો માટે મંજુર
કરેલુ અને વિદ્વાનોમાં સન્માન પામેલું.

સુખ-કર

નામનું પુસ્તક આપે વાંચ્યુ છે ? ન વાચ્યુ હોય તો હમણાંજ **ચાર આનાની પોષ્ટ ટીકીટો** બીડી મગાવી લ્યો ! કારણ-સજ્જનો કહે છે કે **'સુખકર'** પ્રત્યેક ગૃહસ્થ **શ્રીમંતોની લાયબ્રેરીના આભુષણ** રૂપ છે. વળી તે ઉછરતાં **બાળકોને** એક ઉત્તમ **શિક્ષકની** ગરજ સારે છે, **યુવકોને** પોતાનુ કર્તવ્ય સુચવે છે અને **વૃદ્ધોને મોક્ષનો માર્ગ** બતાવે છે. આપ એક વખત વાંચશો તો અવશ્ય તેને સાચવીજ રાખશો. હવે ફક્ત થોડીજ પ્રતો શીલકમાં છે, માટે ઢીલ કરશો તો પસ્તાશો !

પુસ્તક મળવાનુ ઠેકાણું.

છગનલાલ મેતાપભાઇ ખંભાતી

વ્યવસ્થાપક **"બ્રહ્મભટ્ટ મિત્ર"**

આમલીરાન—**સુરત.**

જ્યોતિષ તત્વસાર અને ભવિષ્ય

ફળ દર્પણ.

દોહરો.

ચમત્કાર વિન વિશ્વમાં, નમસ્કાર નવ હોય
ભેદ ભવિષ્યનો ભાંગવા, આવો જન સહુ કોય.

શું તમારે જ્યોતિષ્ય વિદ્યાનો ચમત્કાર જોવો છે? જો જોવોજ હોય તો એક વખત અવસ્ય અમારી મુલાકાત લ્યો કાઇ પણ ફી લીધા વગર તમારા મનનું ધારેલુ પ્રશ્ન રૂબરૂમાં **મફત કહી આપીશું** ઉપરાંત હમો **જન્મોત્રિ, જન્માક્ષર, વર્ષફળ, ટપકા, પ્રશ્નોત્રી** તથા **જીંદગીનો વર્તારો** ગુજરાતીમાં કરી આપીશું. **ગૃહદોષ ભૂત બાધા** વીગેરે અનેક કારણોથી પીડાતા મનુષ્યોને ખાસ એક વખત અમારી મુલાકાત લેવા ચુકવું નહીં. સર્વ કામમાં વીજય મેળવવા તેમજ **અંગરક્ષક** તથા કોઇ પણ ભૂત બાધા નીવારણાર્થે યત્રો વીધીપુર્વક કરી આપીશું, તથા યોગ્ય સલાહ પણ બતાવીશું. હમો કેટલાં અનુભવી છીએ, તેની ખાત્રી માટે અમારા કદરદાન ગ્રાહકો તરફથી હજારો સર્ટીફીકેટ મળ્યાં છે. જોતિષ્ય સંબધી કંઇ પણ કામકાજ હોય તો નીચેને સરનામે લખો યા મળો.

તા૦ ક:—વધુ વીગત માટે અડધા આનાની પોષ્ટની ટીકીટ મોકલી અમારૂં **પ્રાઇસ લીસ્ટ** મંગાવો.

જ્યોતિષી રેવાશંકર ભવાનીશંકર

ઠે૦ છાપરીઆ શેરી—સુરત.

"સેન્ટનો રાજા"

ઓટો-મોહીની

"રજીસ્ટર્ડ" ચંબેલીના ફુલોનો બહાર

જેની ઉત્તમતા મધુર અને ટકાઉ ફ્રેંચફુલોની ખુસ્બો માટે હિંદુસ્તાનના જુદા જુદા પ્રદર્શનોમાંથી **પહેલા નંબરના સોના, રૂપાના ચાંદા મળ્યા છે,** તેમજ વળી એકઝી[illegible]- તેના અધીકારીઓએ અમારા [illegible]ત **સેંટ, ઓટો મોહીનીને "સંટનો શહેનશાહ"** તથા "**અત્તરોનો અધીપતી**" ની ઉપમાં આપેલ છે. **ઓટો—મોહીની** સેટના માત્ર ચારજ ટીપાં રૂમાલપર કેટલાક દિવસો સુધી તાજા ચંબેલીના ફુલોની ખુસ્બો આપે છે. વળી તેની ખુસ્બો ચાર દિવસ સુધી ટકતી નથી તેવું સાબીત કરનારને રૂ૦ ૧૦૦) નું ઈનામ **આપવાને બંધાઈએ છીએ.**

કિંમત—અર્ધા ઔંસની બાટલીના રૂ. ૨-૦-૦ ૧ ડ્રામની સુંદર ટયુબના રૂ. ૦—૧૨—૦.

કપડામાં રાખવાના સુગંધી કાર્ડો ૧૨ આને ડજન.

માત્ર નાની ટયુબ ખરીદી અજમાવી જુઓ ન પસંદ પડે તો પૈસા પાછા.

એકલા માલેક—ધી ઓરીએન્ટલ ડ્રગ એન્ડ કેમીકલ કાં૦

સોલ **એજન્ટ—મોહીની એજન્સી** જુમા મસજીદ સામે મુંબઈ